**णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स**

**आयओ गुरुबहु माणो**

# ઉપમિતિ ભવ પ્રપંચ કથા

## પ્રસ્તાવ-ત્રીજો

**(પ્રવચન ૯૧ થી ૧૦૦)**

**= કર્તા =**

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજા

**= સંકલન =**

રિતેશ સરવૈયા


**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ **– 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

વૈશાખ, સંવત ૨૦૭૬

ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ - ત્રીજો

બુધવાર

વ્યાખ્યાન - ૯૧ "પ્રવચન" 04 11 2020

વ્યાખ્યાન સ્થળ :- શ્રી આંબાવાડી જૈન સંઘ, અમદાવાદ

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, સમ્યક્ત્વના ઉદ્દીપન રૂપે, સદ્ગુરુ સંયોગ ના મહિમાનું વર્ણન કરે છે.

પતંગ ચગાવનાર એ કોઈ બીજો - શિષ્ય, સદ્ગુરુ, અને સંબંધ. પતંગ ને ઊંચેથી ઢીલ છોડવી, પતંગની કાપી લઈ જવી, જમાવી લઈ જવી, આ બધું જ ચગાવનાર નક્કી કરે. પતંગે કશું જ નક્કી કરવાનું ના હોય! શિષ્યએ ઉત્સર્ગ માં જવું, અપવાદ માં જવું, સ્વાધ્યાય કરવો, વૈયાવચ્ચ કરવી, વ્યાખ્યાન આપવું, ન આપવું, એ બધું જ સદ્ગુરુ નક્કી કરે. શિષ્યએ કશું પણ નક્કી કરવાનું હોતું નથી.

દર્દી હતો, ડોક્ટર પાસે ગયો, નંબર આવ્યો, કેબીન માં ગયો ડોક્ટરે કહ્યું કે સુઈ જાવ, દર્દીએ કહ્યું કે બેઠા બેઠા જ જોઈ લો ને! ડોક્ટર પેટ તપાસવા લાગ્યા, દર્દીએ કહ્યું આ બાજુ હાથ મુકો. ડોક્ટર થોડા ચમક્યા, તો દર્દીએ કહ્યું કે આ તો મને મારી ખબર હોય ને! ડોક્ટરે કહ્યું કે, આ INFECTION તાવ જેવું છે, દર્દીએ કહ્યું કે ના આ VIRAL તાવ છે. ડોક્ટર દવા લખી રહ્યા હતા, દર્દીની નજર બરાબર ત્યાં જ છે, દર્દીએ કહ્યું કે આ ફાર્મા કંપની ની આપજો, સારી આવે છે આ તો મને મારી ખબર હોય છે, એટલે કહું છું. બસ અઝાર ચોડા આ રીતે કરજો. ડોક્ટરથી હવે રહેવાયું નહિ, ડોક્ટર કહે કે તમને આટલી બધી ખબર છે તો, પછી તમે મારી પાસે આવ્યા શા માટે ? દર્દીએ કહ્યું કે ડોક્ટર વગર તો

classmate

કઈ રીતે શાંત થવાય ! આપણે બધું જ આપણું ચલાવવું છે, આપણું ધાર્યું જ કરવું છે ને સાથે ચિપૂડી વગાડવી છે કે ગુરુ વગર જ્ઞાન નથી ને ગુરુ વગર મોક્ષ નથી. ગુરુ તો જોઈશે જ, ગુરુ વગર ચાલે જ નહિ, પણ ગુરુનું આપણે માનવું નથી એનું શું ?

આપણા કરતા છે ને માટી સારી, જે ન કોઈને સલાહસુચન આપે, ન દલીલ કરે માટી ને એની કશી જ ખબર નથી, એ માટીની ખુબ જ સહનશીલતા છે. અને એના કારણે એમાંથી જેવા બનાવવા હોય એવા ઘાટ બનાવી શકાય, - આપણું કશું થઈ શકતું નથી.

પતંગ એ કશું જ નક્કી કરવાનું - નથી, એમ શિષ્યએ પણ કશું જ નક્કી કરવાનું નથી. પતંગ ચગાવનાર બીજાની પતંગો ને કાપવાનું કામ કરે, એની પરેવી કરે, એની મહેનત કરે, કપાઈ જાય એટલે ચિચિયારીઓ પાડે. સદ્ગુરુને પોતાના અને પારકાનો કોઈ ભેદ હોતો જ નથી. ચગાવનારની શક્તિ મર્યાદિત હોય છે, માંજાની પણ શક્તિ મર્યાદિત હોય છે. સદ્ગુરુ અને સમર્પણની જે શક્તિ હોય છે તે સીમાતીત હોય છે.

ગામના ધુળિયા રસ્તા ઉપર સદ્ગુરુ અને શિષ્ય ચાલી રહ્યા છે, ઉતરાણનો દિવસ છે ને પતંગો ચગી રહી છે, ને એ નિમિત્ત પામીને સદ્ગુરુ સંયમ ભુવનના, સાધના ભુવનના, અદ્ભુત સમીકરણો શિષ્યને શીખવી રહ્યા છે ને ચાલતા-ચાલતા ઉપાશ્રય આવી જાય છે. ઉપાશ્રયની યાત્રા પૂર્ણ થાય છે ને, મોક્ષની યાત્રા પુરપાટ શરૂ થાય છે.

મોહ વિલય ઉદ્યાનની અંદર આચાર્ય ભગવંત બેઠા છે,
પ્રતિબોધક આચાર્ય એમનું નામ છે. વિશાળ પર્ષદા,
રાજા, રાણી, રાજકુમાર, રાજકુમારી, નગરજનો,
સેનાપતિ, અનેકાનેક પ્રજાજનો, વ્યંતર COUPLE -
ગળગળું બનેલું COUPLE અને પાણી-પાણી થઈ
ગયેલું COUPLE, ભીનું ભીનું થઈ ગયેલું COUPLE,
એ COUPLE ની સામે ને આચાર્ય ભગવંત
સમગ્ર પર્ષદાને અને આપણને સુદ્ધાંને, મોક્ષમાર્ગ
ના સમીકરણો શીખવાડી રહ્યા છે.

केवलमस्या निर्दलने महामुद्गरायमानं प्रादुर्भूतं सम्यग्दर्शनम् ।

ભોગ-તૃષ્ણાતો તમારી આ ભવમાં નહીં રહે, પણ
તમને સમ્યક્ત્વ મળી ગયું, આ તમારું મોટું કામ
થઈ ગયું ને, સમ્યક્ત્વ એ મહાશસ્ત્ર છે જેની
એક ઘા પડે ને ભોગ-તૃષ્ણાના ભુક્કા બોલાઈ
જવાના છે. વ્યંતર COUPLE ની આશાનું કિરણ
બની છે, આચાર્ય ભગવંત સામે હાથ જોડીને, નમ્ર
મુખ મુદ્રા સાથે સાંભળી રહ્યા છે, પ્રતિબોધક આચાર્ય
આગળની વાત કરે છે,

तदुद्दीपनीयं पुनः पुनः सुगुरुसन्निकर्षेण ।

તમારે આની ફરી-ફરી, આ શસ્ત્રને ધારદાર બનાવવું,
આ શસ્ત્રની સાચવવું, એ ક્યાં બુઠ્ઠું ના થઈ જાય,
એ ક્યાંય પડી ના જાય, એને તમે છોડી ના દો,
એને ક્યાંક તમે ગુમાવી ના દો, ફરી ફરી સદ્ગુરુના
સંનીકર્ષ થી તમારે આ સમ્યક્ત્વ નું ઉદ્દીપન -
કરવું ! તમે ઈતિહાસ અને ભૂગોળ નો અભ્યાસ
કરો, જે ગુરુના વિચરણનું ક્ષેત્ર રહ્યું એ જ સમ્યક્ત્વનું
ક્ષેત્ર રહ્યું, જ્યાં સદ્ગુરુ વિચર્યા ત્યાં સમ્યક્ત્વ રહ્યું,
જ્યાં સદ્ગુરુ ના વિચરણો બંધ થયા, ત્યાંથી સમ્યક્ત્વ
ઓછુ થતું ગયું, ઝાંખુ થતુ ગયું, સમ્યક્ત્વ ત્યાંથી
ગાયબ થતું ગયું, ત્યાં બીજા મીઠા પાણી જતા રહ્યા,

એટલે ખારા પાણી ત્યાં આવી ગયા. જમીન સૂકી થઈ જાય, મીઠા પાણી બધા ખેંચી લેવામાં આવે, પછી ખારા પાણી ધસી આવે, જ્યાં સદ્‌ગુરૂનું વિચરણ બંધ થયું ત્યાં ધર્માંતરો થયા, ત્યાં ધર્મ શિથિલતા આવી, ત્યાં ધર્મ માં ફુપણો બાળ્યા, ત્યાં કોઈ બીજા ધર્મમાં, ત્રીજા ધર્મમાં, ચોથા ધર્મની અંદર દાખલ થઈ ગયા.

☆ "સદ્‌ગુરૂ એ સમ્યક્ત્વનું CHARGER છે." ☆
☆ "સદ્‌ગુરૂ એ સમ્યક્ત્વનો OXYGEN છે." ☆
☆ "સદ્‌ગુરૂ એ સમ્યક્ત્વનો આધાર છે." ☆
☆ "સમ્યક્ત્વ એ નવજાત બાળક છે, અને સદ્‌ગુરૂ એ મા છે." ☆
☆ "સમ્યક્ત્વ એ નવો પાંગરતો છોડ છે, અને સદ્‌ગુરૂ એ જળનું સિંચન છે." ☆
☆ "સમ્યક્ત્વ એ વરસાદ છે, સદ્‌ગુરૂ એ વાદળ છે." ☆
☆ "સમ્યક્ત્વ એ જ્યોતિ છે, સદ્‌ગુરૂ એ ઘી છે." ☆
☆ "સમ્યક્ત્વ એ યાત્રા છે, સદ્‌ગુરૂ એ માર્ગ છે." ☆
☆ "સમ્યક્ત્વ એ પ્રકાશ છે, સદ્‌ગુરૂ એ સૂરજ છે." ☆
☆ "સમ્યક્ત્વ એ બરની છે, સદ્‌ગુરૂ એ દરિયો છે." ☆
☆ "સમ્યક્ત્વ એ આરોગ્ય છે, સદ્‌ગુરૂ એ ઔષધ છે." ☆
☆ "સમ્યક્ત્વ એ સુવાસ છે, સદ્‌ગુરૂ એ પુષ્પ છે." ☆
☆ "સમ્યક્ત્વ એ હુંફ છે, સદ્‌ગુરૂ એ BLANKET છે." ☆

જીવનમાં જ્યારે જ્યારે તમારી શ્રદ્ધા, ડગમગી જાય ને, ત્યારે એક પ્રયાસ કરજો, સદ્‌ગુરૂની મુલાકાત, સદ્‌ગુરૂનું સાનિધ્ય, એના માટે પ્રયાસ કરજો. જેમ-જેમ સદ્‌ગુરૂથી દુર જશો, તેમ તેમ સમ્યક્ત્વ શિથિલ થશે. જેમ-જેમ સદ્‌ગુરૂની નજીક જશો, તેમ તેમ સમ્યક્ત્વ દ્રઢ થશે. બહુ જ સહેલું કામ, પાણી ને નીચે ઉતારી દેવું.

બહુ જ અઘરું કામ, પાણીને ઉપર ચઢાવવું !
અનંતાનંત ભવોની યાત્રા પછી, અનંતાનંત કર્મોના ભુક્કા બોલાયા પછી, ભવ સ્થિતિ નો પરિપાક થયા પછી, આજે બહુ જ સમીપમાં આવ્યા પછી, જીવ મહા મુશ્કેલી એ, "સમ્યક્ત્વ રત્ન" ને મેળવે છે, અને બહુ જ સહેલાઈથી કુનિમિત્તો માં, પ્રમાદમાં, પ્રવચન શ્રવણ ની આળસ, સદ્ગુરુ પાસે જવાની - પ્રમાદ, સદ્ નિમિત્તો ના સેવનનો અભાવ ! - કુ નિમિત્તો નું સેવન અને એના કારણે જીવ સમ્યક્-ત્વ ને ગુમાવી દે છે.

સિધ્ધર્ષિગણિ મહારાજ આપણને કહે છે,
તમારી બધી મૂડી હોય, તો એ સમ્યક્દર્શન છે. તમારી પાસે કરોડો રૂપિયા હોય, અબજો રૂપિયા - હોય, બધું જ તમે ગુમાવી દો, તમે રસ્તા ઉપર આવી જાવ, ફૂટપાથ પર તમારે રીતસર જીવવું પડે એ એટલી મોટી દુર્ઘટના નથી, જેટલી મોટી દુર્ઘટના એ છે કે મેળવેલું સમ્યક્દર્શન તમે - ગુમાવો ! પુષ્પમાલામાં મલધારી હેમચંદ્રસૂરી મહારાજ કહે છે,

मिच्छत्तभाविओ च्चिय जीवो भवसायरे अणाइम्मि ।

મિથ્યાત્વથી જીવ કેટલો ભાવિત થયો, કેટલો ભાવિત થયો, જેટલો ભાવિત થયો છે,

दढचित्तो वि छलिज्जइ तेण इमो णणु कुसंगेहिं ॥

ગમે તેવું દ્રઢ એનું ચિત્ત હોય, ગમે તેવા દ્રઢ સુશ્રાવક, ગમે તેવા દ્રઢ સુસાધુ, પણ અનાદિ નું મિથ્યાત્વ, અંદર આત્મામાં એવું ઓળઘોળ થયેલું હોય, એ તો એનો ઉપશમ થયો, સમ્યક્ત્વ મોહનીય નો ઉદય વર્તે, સારું નિમિત્ત, સારું વાતાવરણ, મોટે શ્રધ્ધા ટકે. એ વાતાવરણ જાય ને બીજું વાતાવરણ

આવી જાય, સમજુ લો ગયું સમ્યક્ત્વ !! ઊંધ-ધર્મ, ઊંધ દર્શન, ઊંધુ દ્રષ્ટિ જેના પ્રભાવમાં આવવું એ સમ્યક્ત્વ ઉપરનું જોખમ છે. ગૃહસ્થ ગુરૂ ઓના પરિચયમાં આવવું, જૈન ધર્મના પ્રવચનના નામે પ્રાગ એમને સાંભળવા, સમ્યક્ત્વ નું જોખમ છે. ગીતાર્થ ગુરૂઓ થી આગમોનો, નયવાદનો, દાર્શનિક ગ્રંથોનો, સ્યાદ્વાદ નો જેણે સાંગોપાંગ-અભ્યાસ કર્યો નથી, ભગવનના મુળ માર્ગ પ્રત્યે જેમને ઉપાદેય બુદ્ધિ નથી, જેને આ મોક્ષ માર્ગ છે એવી શ્રેષ્ઠ પ્રતિતી નથી, સંયમની ઝંખના નથી, જીવનમાં યથાશક્તિ વ્રત-નિયમ નથી, આકર્ષક રજુઆત છે, શબ્દો સારા છે, એમની પાસે સાંભળવા જવું, એટલે સમ્યક્ત્વ ગુમાવવા-જવું.

સભાનો પ્રશ્ન :- સદ્ગુરૂની ગેરહાજરી હોય ત્યારે સંભળાય કે નહિ ?

પૂજ્ય શ્રી નો ઉત્તર :- ધર્મબિંદુ ગ્રંથની અંદર પૂજ્ય, મુનિ ચંદ્રસૂરી મહારાજ એ ટીકામાં આ પ્રશ્નનો જવાબ આપ્યો છે,

शीतलोऽपि जलकूपः न सेव्यते चाण्डालवासस्थः।

જેનામાં સમ્યક્દર્શન છે કે નહિ એ સવાલ છે, જે સાધુની નિંદા કરી શકે, જે મુળ માર્ગને તોડી શકે, જે આજે દીક્ષા નથી આવું કહી શકે, જે વ્યવહાર નકામો છે એવું કહી શકે, જેમાં વ્યવહાર નો કોઈ ભાર જ ના હોય, જેને સાંભળનારા સામાયિક-પ્રતિક્રમણ વગેરે ને છોડી દે, પૂજા-છોડી દે, ઉપાશ્રયે જવાનું છોડી દે, ચતુર્વિધ સંઘનું સભ્યપણું છોડી દે, શુદ્ધ આલંબન છોડી દે, જેને સાંભળનારા ભગવાનના મુળ માર્ગથી

દુર જવા લાગે, મહાત્માઓ પ્રત્યે નો સદ્ભાવ ઓછો થઈ જાય. જીવનની અંદર સત્ક્રિયાઓ, સદાચરણો, ઓછા થઈ જાય. ચોવિહાર બિલકુલ ઉપાદેય ના રહે. પચ્ચક્ખાણ બિલકુલ ઉપાદેય ના રહે. એમને - સાંભળવા જવું, કારણકે એમની વાત સારી છે, સારી લાગે છે, મીઠી લાગે છે, LOGICAL લાગે છે, REASONABLE લાગે છે, ભાવે છે, ગમે છે, માટે સાંભળવા જવું, ધર્મબિંદુ ટીકામાં મુનિચંદ્રસૂરી મહારાજ કહે છે, આનો અર્થ એ છે, કે પાણી ઠંડુ છે, ભાવે એવું છે, તરસ છે, માટે ચંડાળના વાડાના કુવામાં પાણી પીવા જવું !

शीतलोऽपि जलकूपः न सेव्यते चाण्डालवाटस्थः।

ભલે એ પાણી ઠંડુ છે, ભલે એ પાણી મીઠુ છે, ભલે એ પાણી ભાવે છે, ચંડાળના વાડાનું પાણી - પીવાય તો નહિ, એમ એ વાડામાં જેમ જવાય પણ નહિ, બરાબર એ જ રીતે, જેનામાં ગુણ નથી, એની વાણી ના સંભળાય ! શાસ્ત્રકાર ભગવંતો ત્યાં સુધી કહે છે, સાધુ હોય પણ શિથિલાચારી હોય, વર્તમાન-કાળમાં પણ બિલકુલ ન ચાલે એવી શિથિલતાઓનો જે ભોગ બનેલા હોય, એમનું પણ પ્રવચન સંભળાય નહિ, તો પછી બીજા ગ્રહસ્થો જે શ્રદ્ધાહીન છે, જેઓ માર્ગ ને જ ભાંડે છે, જેઓ ઉત્સુત્ર બોલે છે, એમનું સાંભળવા કઈ રીતે જવાય !! યા પુરણપોળી ખવાય, યા રોટલી ખવાય, ઝેર કઈ રીતે ખવાય ? સદ્ગુરુ ની ગેરહાજરી પણ હોય, એનું નુકશાન ઓછું, સદ્ગુરુનું સ્થાન જેમને હરગીઝ ગુરુ ન માની શકાય, એ લઈ લે, એનું નુકશાન વધારે ! શાસ્ત્રની અંદર સમકિતિ આત્મા મિથ્યાત્વ પામી જાય, એની જુદી જુદી ઘટના બતાવી, બની એ ઘટનામાં સારભુત વસ્તુ શું ?

साहुविरहेणं असाहुदंसणेणं

સદ્‌ગુરુનો વિરહ હોય એનાથી જીવ સમ્યક્ત્વ થી ભ્રષ્ટ થઈ જાય, અસદ્‌ગુરુ, કુગુરુ, ગુરુ ન કહી શકાય એવી વ્યક્તિ, એના સંપર્ક થી જીવ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થાય છે.

૪૫ આગમમાં છઠ્ઠું આગમ જ્ઞાતા-ધર્મકથા સૂત્ર, એમાં શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીના મુખે, એક કથા કહેવાઈ છે, નંદ મણિયાર શ્રેષ્ઠી ની કથા, કે ભગવાન ના સમવસરણ માં ગયા, ભગવાન થી ધર્મ પામ્યા, ભગવાનના મુખે સમ્યક્ત્વ મૂલ, બાર વ્રત લીધા, ભગવાનનો વિહાર થયો, મહાત્માઓ આવતા હતા, જતા હતા, મહાત્માનો પણ વિરહ થયો, આ હતા નહિ, આ નંદમણિયાર પોતે ગયા નહિ, જ્ઞાતા-ધર્મકથા સૂત્ર ના શબ્દો છે,

तए णं से णंदे मणियारे अण्णया कयाइं साहूणं अदंसणेणं
अपज्जुवासणाए असुस्सुसणाए अणणुसासणाए

તે નંદમણિયાર શ્રેષ્ઠી પછી ક્યારે, સાધુ ઓના અદર્શન થી, સાધુઓની અપર્યુપાસના થી, સાધુઓની અસુશ્રુષા થી, સાધુ ઓના અનનુશાસન થી,

सम्मत्तपज्जवेहिं परिहायमाणेहिं मिच्छत्तपज्जवेहिं परिवड्ढमाणेहिं
मिच्छत्तं पडिवन्ने ।

ધીમે ધીમે એમના સમ્યક્ત્વ ના પર્યાયો ઓછા થતા ગયા, મિથ્યાત્વના પર્યાયો વધતા ગયા... વધતા ગયા.. વધતા ગયા... અને એટલા વધ્યા, કે એ નંદ-મણિયાર શ્રેષ્ઠી મિથ્યાત્વ પામી ગયા. એક વખતના શ્રાવક, એક વખતના ભગવાનના મુખે વ્રતો લેનાર, મિથ્યાત્વ પામ્યા, RESORT બનાવ્યો, GARDEN (બગીચા) બનાવ્યા, મોટું SWIMMING POOL (તરણહોજ) બનાવ્યું અને મરીને એ POOL ની અંદર, સરોવર ની અંદર, દેડકા તરીકે જન્મ પામ્યા.

જેના માથે સદ્ગુરુ નથી, અને સમ્યક્ત્વી હોવાની
જેઓ દાવો કરે છે, તો ફુટપાથ ઉપર કાઢેલા -
ઝુંપડામાં રહીને એ અબજોપતિ હોવાની દાવો કરે છે.
તેઓને ક્ષાયિક સમ્યક્ત્વની પદવીની જેરાત થતી
હોય, એ ક્ષાયિક સમકિત છે એવી પદવી તેમની
એનાયત થતી હોય, એ ભિખારીને પ્રધાનમંત્રીની
શપથ વિધિ કરાવવા બરાબર છે. એક ડંખ પણ હશે
મનમાં કે મારા માથે કોઈ નહિ ?. છે પાંચસો -
પાંચ હજાર, પચ્ચીસ હજાર, FOLLOWERS છે,
પુણ્યનો ઉદય છે, મારું આલંબન છે, ચાલે છે,
પૈસાના ઢગલા થાય છે. ઠીક છે પણ મારા માથે
કોઈ જ નહિ આવો હું !! હું નમાલો, નગુણો,
હરાયા ઢોર જેવો, આવો એ ડંખ હશે અંતરમાં,
અંતર બળતુ હશે, સદ્ગુરુની ઝંખના હશે, ઉત્સુત્ર
નો ભય હશે, શાસ્ત્રોનું પારતંત્ર્ય હશે. આગમો
પ્રત્યે આદર ભાવ હશે. અને વારંવાર એવું નીકળી
જાય, કે ભાઈ આ બધું ખોટું છું, પણ ખરો -
માર્ગ તો એ જ છે. જે પંચ મહાવ્રત ધારી
ગુરુ ભગવંતોનો માર્ગ છે, તમે ધર્મ પામો તો
દીક્ષા ત્યાં જ લેવા જેવી છે, એમનું જ પ્રવચન
સાંભળવા જેવું છે. એમની પાસે જ જવા જેવું છે,
આડા અવળા ભટકતા નહીં, હું દોષિત છું, સંસારમાં
બેઠો છું, ગુરુ કહેવાને લાયક નથી, હું કહું છું કે
મારા નામ સાથે ગુરુ તમે જોડતા નહિ, અનંતાનંત
ગુરુ ભગવંતોની એ આશાતના, અઢી દ્વીપના સર્વ
સાધુ ભગવંતોની આશાતના, ભુલે ચુકે આવું પાપ
મારાથી થઈ જાય એવું કરતા નહીં, મને ભગવાન
નહીં બનાવતા, મને ગુરુ નહીં બનાવતા, હું જે છું
એ મને ખબર છે. હું એક માણસ છું, શ્રાવક-
ના વ્રત-નિયમો પણ હું પાળતો નથી, કદાચ આ

બધો ઉપદેશ આપવાને પણ લાયક નથી, વહેલામાં
વહેલી નહિ, મને ગુરુ મળે, વહેલામાં વહેલી નહિ
તમને ગુરુ મળે, એવો પ્રયાસ આપણે કરવો છે.
એ આટલી પણ ભૂમિકા હશે ને તો ક્યારેક
ભવિષ્યમાં, સમ્યક્ત્વ મળવાની સંભાવના પણ રહેશે,
પણ એ આવી ભૂમિકા નથી, જે ખરેખર પોતાને
સદ્ગુરુ તરીકે માનવું છે, કહેવડાવવું છે, સાધુઓની
નિંદા કરવી છે, મૂળ માર્ગથી લોકો ફંટાય એવી -
પ્રવૃત્તિ જોર શોરથી ચાલુ હોય અને બધું આરાધના-
થી જ ભુંસવાનું હોય સંઘમાંથી, તો ત્યાં તો
અનંતકાળ પછી પણ, સમ્યક્દર્શનની કોઈ જ
સંભાવના નથી. આવશ્યક નિર્યુક્તિ આગમની -
અંદર, શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી મહારાજ, બહુ જ
સ્પષ્ટ શબ્દોમાં કહે છે,

ઉમ્મગ્ગદેસણાએ ચરણં નાસંતિ જિણવરિંદાણં ।

જે એકાંતની દેશના કરે, માત્ર નિશ્ચય, માત્ર -
અધ્યાત્મ, માત્ર આત્મા, માત્ર ધ્યાન, માત્ર સ્વાધ્યાય
માત્ર રાગ દ્વેષ છોડો, માત્ર ક્રિયાનો ભાવ, દેશવિરતિ,
સર્વવિરતિ, બાર વ્રત, ૧૪ નિયમ, પાંચ મહાવ્રત,
કશું ન આવે, આવે તો ગૌણ રીતે કહેવા પુરતું
કહી દેવું, એની કોઈ દ્રષ્ટિ નહીં, એની કોઈ ઈચ્છા
નહિ, ઉમ્મગ્ગદેસણાએ ચરણં નાસંતિ જિણવરિંદાણં ।

વાવન્નદંસણા ખલુ ન હુ લબ્ભા તારિસા દટ્ઠું ॥

આ રીતે ઉન્માર્ગ દેશનાથી જે જિનેશ્વર ભગવંતો
એ અનંત તીર્થંકરો એ પ્રરૂપેલા, ચારિત્રના માર્ગને
તોડે છે, એનો નાશ કરે છે.

વાવન્નદંસણા ખલુ

યા તો એ પહેલાથી મિથ્યાત્વી હોય છે યા કદાચ
એમને સમ્યક્ત્વ પહેલા મળ્યું પણ હોય, આવી
પ્રવૃત્તિથી તેઓ અવશ્ય પણે, સમ્યક્ત્વથી ભ્રષ્ટ

પધેલા હોય છે,

ण हु कब्मा नारिसा दहूं ॥

તમે ત્યાં ભવ, એમને સાંભળો, એમને ગુરૂ માનો, એમને સાંભળતા જ રહો, એ બહુ જ દુરની વાત છે. શ્રુત કેવલી ભદ્રબાહુ સ્વામી મહારાજ, ચૌદપૂર્વ ધર, દ્વાદશાંગીના જ્ઞાતા, સ્થુત્રાર્થ થી અંતિમ ચૌદપૂર્વ ધર, સ્થુલભદ્ર સ્વામી ના વિદ્યાગુરૂ, ભગવાનની પાટ પરંપરામાં આવેલા. ભગવાનની નજીક ના સમય માં થયેલા, સ્પષ્ટ કહે છે, વ્યાખ્યાન સાંભળવા જવું, ગુરૂ માનવા એ બહુ દુર ની વાત છે. તેવા એનું મોઢું પણ જોવું, ન જોઈએ. એમનું મોઢું જોવામાં પણ પાપ લાગે.

ण हु कब्मा नारिसा दहूं ॥

तदुद्दीपनीयं सम्यक् पुनः पुनः सुगुरु सन्निकर्षेण।

જેમ જેમ તમે સદ્ગુરૂની નજીક આવશો સમ્યક્ત્વ - વિશુધ્ધ થશે, અતિ શુધ્ધ થશે, સુવિશુધ્ધ થશે, વિશુધ્ધત્તર ... વિશુધ્ધત્તર ... વિશુધ્ધત્તર થશે. જેમ - જેમ સદ્ગુરૂ થી દુર જશો, યા સંસારમાં ખોવાઈ જશો, યા આવા આધ્યાત્મિક સંસારમાં ખોવાઈ જશો. તો સમ્યક્ત્વ ગુમાવી બેસશો.

સભાનો પ્રશ્ન :- ભગવંત ! ખબર કેવી રીતે પડે કે આ સદ્ગુરૂ છે કે નહિ ? એના લક્ષણ શું ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- આગમની અંદર, શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુ સ્વામી મહારાજએ, વંદન નિર્યુક્તિ માં આનો જવાબ આપેલો છે,

आलएणा विहारेणा भासा चंकमणेणा य । सक्को सुविहिओ नाउं ॥

મહાત્મા છે, સુવિહિત છે કે નહી, ગુરૂ છે કે નહિ, - સદ્ગુરૂ છે કે નહિ, એ કેવી રીતે ખબર પડે ?

आलएण विहारेण

તમે મકાનમાં પગ મુકો ને ખબર પડે, અથવા તો એમના મકાનથી ખબર પડે, પૂર્વના કાળની અંદર, આવા ઉપાશ્રયો ને એમાં જ ઉતરવાનું આવુ નહી, ગામમાં આવ્યા નિર્દોષ વસ્તી, નિર્દોષ મકાન, સંયમ યોગ્ય મકાન, અને એમાં ઉતરવાનું હોય. એક શ્રાવક આવ્યા ને જોયું કે મહાત્મા અહીંયા ઉતર્યા છે, એની બાજુમાં તો વેશ્યાઓ રહે છે. સામે તો બધુ કતલખાનું ચાલે છે, મચ્છી માર્કેટ છે, અહીંયા આવી ગયા. આ તો ખબર છે અહીં, આમ એકદમ બધું ખુલ્લું છે, આખો દિવસ - એટલા બધા સ્ત્રી-પુરુષો, આમ અહીંયાથી અવર-જવર કરતા હોય, અહીંયા ઉતર્યા એટલે સમકુ-શ્રાવક સમજે કે આ મહાત્મા બરાબર નથી. આ ભય, પહેલો મુદ્દો!

વર્તમાન ના સંદર્ભમાં મકાનની સ્થિતિ, અંદરનું વાતાવરણ એનાથી ખબર પડે, બીજા નંબરમાં

विहारेण

વિહાર નો મતલબ છે, મુનિ ચર્યા, ચર્યાથી ખબર પડે, આચાર થી ખબર પડે, ત્રીજા નંબરનો મુદ્દો મુક્યો, ભાષા! એમના બોલવાથી ખબર પડે, એ શાની વાત કરે છે, શાસ્ત્રો ને સમર્પિત છે, શાસન ને વફાદાર છે, ભગવાનની આજ્ઞા મુજબની વાત છે, કે કાંઈક બીજુ-ત્રીજુ ન સમજાય એવી વાત છે. ચોથા નંબર નો મુદ્દો મુક્યો,

चंकमणेण

મહાત્મા બહાર નીકળ્યા હોય, ગોચરી આવ્યા, બહિર્ભૂમિ જઈ રહ્યા છે, એમના આચાર, આંખે ઉડીને વળગી ને એનાથી ખબર પડે, કે મહાત્મા સુવિહિત છે કે નહિ! એક ગ્રંથ છે, "ગુરૂ તત્વ સિદ્ધિ" એક

મન એવો છે જેણે એટલી બધી આગ હોય દષ્ટિ ભરેલા ચશ્મા પહેર્યા છે. બસ આ સાધુ નહિ, આ સાધુ નહિં, આ સાધુ નહિ, આ સાધુ નહિ, આ સાધુ નહિ ---- બસ થોડા જ મુકી જાય, એવા મતની પૂર્વપક્ષ તરીકે મુકી ને, MINIMUM ગુરૂમાં શું હોવું જોઈએ, ને એટલું આજે પણ છે ને માટે આજે પણ ગુરૂ તત્ત્વ - સદ્ગુરૂનું અસ્તિત્વ છે જ, એવું આ ગ્રંથની અંદર સિધ્ધ કર્યું છે. એકાંત દોષ દ્રષ્ટિ અતિ પણ નુકશાનકારક છે, ગમે તેટલો એકાંત શિથિલાચાર - હોય તો પણ એમાં ગુણદ્રષ્ટિ જ રાખવી ને એમની જ પૂજવા, શિથિલાચાર પોષવો, એમને સુધારવા નહિ, એ શક્ય હોય તો ને એ શક્ય નથી તો ત્યાંથી દુર ન રહેવું, આ પણ જણાવ્યું છે.

જ્યાં શ્રમણ વેષ નથી, પંચ મહાવ્રત નથી, સાંસારિક જ જીવન છે, બધી સાંસારિક પ્રવૃત્તિ છે, અને માત્ર સુત્રવાણી સારી વાતો છે, ત્યારે ત્યાં જવું એટલે જેમ સમ્યક્ત્વ થી ભ્રષ્ટ થવું પડે, બરાબર એ જ રીતે જ્યાં વેષ જ છે પણ મહાવ્રતો નથી, આચાર શુધ્ધિ નથી, ત્યાં વળગવા જવું, એનાથી પણ સમ્યક્ત્વ થી ભ્રષ્ટ થવાય છે.

સદ્ગુરૂ કઈ રીતે ઓળખવા ? પ્રશ્નનો જવાબ, પંચાશક ગ્રંથમાં હરીભદ્રસૂરી મહારાજે એ આપ્યો છે.

ગુરુગુણરહિઓ ઉ ગુરૂ, ણ એસો સુસામિયં વ ણ મુહુત્તા !

જેમ તમારે વેપાર કરવો છે, નોકરી કરવી છે, કોઈ શેઠ સારા હોય, એકદમ મજબુત હોય, તમારું બધું જ સાચવી લે, એને જેમ ન છોડવા. વેમ, સદ્ગુરૂને ન છોડવા. પ્રશ્ન પુછ્યો હરીભદ્રસૂરી મહારાજ ને કે ભાઈ, સદ્ગુરૂને ઓળખવા કઈ રીતે ? એને હરીભદ્રસૂરી મહારાજ એક જ શબ્દમાં ઓળખાણ

આપે છે.

गुरुगुणजुत्तो उ गुरु।

જેમનામાં, મહાવ્રતો ની સ્થિરતા છે, એ સદ્ગુરુ! ઉત્તરગુણો ઓછાવત્તા હોય શકે, પ્રમાદ, કાળદોષ, ભેરન ક્ષેત્ર, છેવટું સંઘયણ, પુદ્ગલ, કર્મદોષ, ઉત્તર ગુણોની અંદર, મુહપત્તિ નો ઉપયોગ ઓછો-વત્તો છે, એટલા માત્રથી તમે એમ નહિ સમજી લેતા કે, એ શિથિલાચારી ને સદ્ગુરુ ના જ હોય શકે. ઈર્યા સમિતિ નો ઉપયોગ કંઈક અશુદ્ધિ થઈ, પિંડ વિશુદ્ધિ, કંઈક અશુદ્ધિ થઈ. કદાચ - એમને દિવસે સુવુ પડતું હોય, કદાચ થોડો પ્રમાદ હોય, કદાચ થોડાક કષાયો હોય, એટલા - માત્રથી તમે એમને સદ્ગુરુ તરીકે બાકાત નહીં કરતા, મહાવ્રતો ની સ્થિરતા જેમની અંદર છે, જેઓ મહાવ્રતો ની અંદર દ્રઢ છે, મહાવ્રતો નું પ્રામા-ણિક પણે પાલન કરે છે, એમને તમે નક્કી સદ્ગુરુ સમજજો.

ધર્માચાર્ય બહુમાનકુલક ની અંદર કહ્યું છે,

हवइ मणागं प्रमायसीले वि।

કદાચ એ થોડા પ્રમાદશીલ પણ હોય, કદાચ - એમનાથી થોડો પ્રમાદ પણ થઈ જતો હોય, કદાચ એમને ગુસ્સો આવે, કષાય આવે,

अप्पसुय वि सुहेसी।

કદાચ, બહુ ભણેલા પણ ના હોય, કદાચ સુખશીલ હોય,

तह वि हु आणा सीसे सीसेहिं तस्स धरियव्वा।

તો એ એમની આજ્ઞા ને શિષ્યો એ માથે ધારણ કરવી, કારણકે એ મહાવ્રતો માં સ્થિર છે. ગુરુતત્ત્વ વિનિશ્ચય ગ્રંથની અંદર મહોપાધ્યાય

યશોવિજયજી મહારાજ, છેલ્લી વાત કરે છે, કહાય. કોઈ એવી વ્યક્તિ હોય, કે એમનામાં એવા વ્રતો, મહાવ્રતો, વગેરે ના પણ હોય, છેલ્લા અપવાદની વાત, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

ગુરુતત્તવિણિચ્છઓ પુણ ઇત્તો ઇક્કાઇગુણવિહીણો વિ ।
આ સુદ્ધમગ્ગકહણો ।

એમ આટલા બધા સદ્‌ગુરુના ગુણો કહ્યા એમાંથી, કોઈ એક ઓછો છે, કોઈ સદ્‌ગુરુ બે ઓછા છે, કોઈ સદ્‌ ગુરુ ત્રણ ઓછા છે, કોઈ સદ્‌ગુરુ ... આમ ક્યાં સુધી જવું, તો એક અપેક્ષાએ જ્યાં મહાવ્રતો સ્વીકૃત છે, ત્યાં સુધી જવું. આપણે માનીએ આ મારા કલ્યાણ મિત્ર છે, આ મારા ગુરુ છે, હોય શ્રાવક, છતાં આપણે કહીએ મારા ગુરુ છે, એ મને - દહેરાસર લાવ્યા, એ મને ઉપાશ્રય લાવ્યા, મને કોઈ પ્રશ્ન હતો એનો એમણે મને સાચો જવાબ - આપ્યો, એ મારા માનેલા ગુરુ ! ત્યાં એમને - ગુરુદેવ તરીકે જાહેર ન કરવાના હોય, ગુરુ માનો - એમાં સાવ ખોટું પણ નથી પણ અપેક્ષા એની CLEAR હોય કે આ એક અપેક્ષાએ મારા ગુરુ છે. બાકી તો પંચ મહાવ્રત ધારી એ જ મારા સદ્‌ગુરુ ! એમને જ ગુરુ કહેવાય, આમને ગુરુ ના કહેવાય, પણ આમણે મારો હાથ પકડ્યો એ મને અહીં સુધી લાવ્યા, એમણે મને સામાયિક, પૌષધ કરતો કર્યો, એમણે મને પૂજા કરતો કર્યો, માટે મારા ગુરુ તરીકે હું એમને માનું, એ વાત જુદી, એની મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

આ સુદ્ધમગ્ગકહણો ।

છેલ્લી યોગ્યતા સદ્‌ગુરુની, સુત્ર માર્ગની પ્રરૂપણા ! જે શુધ્ધ માર્ગને પ્રરૂપે, એ સદ્‌ગુરુ, આ છેલ્લી DEFINITION ! શુધ્ધ ને પ્રરૂપવા માટે,

૪૫ આગમ નો અભ્યાસ, ગીતાર્થતા, બહુશ્રુતતા, સ્યાદ્વાદજ્ઞતા, વગેરે ગુણો એઈજે, એઈજે ને એઈજે, અને મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, હજુ આગળની વાત કરે છે કે, તમે આત્માં-નાચવા નહી મંડતા કે, મહાવ્રતો ના હોય તો ચાલે. આ તો એવો RARE કિસ્સો, કદાચ બની જાય, ગીતાર્થ મહાત્મા છે, આચાર છોડયા, પણ પ્રરૂપણા શુદ્ધિ ટકાવી રાખી. બાકી હકીકતમાં MAJORITY સાચે એવું થવાનું,

ओसन्नचरणकरणो सच्चववहारिया उ दुसद्दहया ।

જે શિથિલાચારી છે, એ સત્ય પ્રરૂપણા કરે, શુદ્ધ પ્રરૂપણા કરે, યથાવત્ મોક્ષ માર્ગ બતાડે, એ બહુ જ અઘરી વાત છે,

चरणकरणं जहंतो सुद्धपरूवणं पि जहे ॥

જે ચરણ કરણ ને છોડે છે, જે શુદ્ધ આચારોને છોડે છે, એ જ શુદ્ધ પ્રરૂપણા ને પણ છોડે એ જ MAJORITY POSSIBLE છે. તમે ચોવિયાર કરતાં જ નથી, તમે ચોવિયાર નો પક્ષ કેટલો રાખશો, તમે બચાવ કરવા લાગશો, તમે કહેવા લાગશો, આવુ છે ને, ઓફિસની ટાઈમ નથી સચવાતો, શરીરની સ્થિતિ આવી છે, મારે રાતે વાપરવું પડે છે, કોઈક કહે, પણ આપણે ધર્મ કરીએ છીએ, રાતે ખાઈએ એટલે નરકમાં જ જવું પડે એવું કાંઈ નથી. આપણે બોલશું ? લાખો એવો માણસ જે બોલે છે કે હું રાતે ખાવ છું, હું નરકમાં જવાનો છું, હું પાપી છું, હું અધમ છું. પ્રાય: કરીને માણસ જે રાતે ખાય છે, તો એનો બચાવ કરવાનો, જે રાતે ખાવાનું એણે છોડ્યું છે, તો એ કહેશે કે ભાઈ રાતે ખાવ તો નરકમાં જવાય ! જે જ આચારો છોડયા હશે ને તમે

મારી પાસે ખુલાસો માંગવા આવશો કે તમે શા માટે આવી રીતે કરો છો, હું તમને સાચું કહી શકીશ કે ભાઈ હું પાપી છું, અધમ છું, નીચ છું, જિન-આજ્ઞા નો વિરોધક છું, સંસાર વધારવા જઈ રહ્યો છું, કે પછી હું બચાવ કરીશ, કે આવું આવું છે, એટલે મારે આવુ-આવુ કરવુ જ પડે ને, શું થાય કળા જ એવો છે, હું તો એ જ બોલીશ કે કાળ જવાબ છે. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

ચરણકરણં જહંતો સુદ્ધપરૂવણં પિ જહે ॥

જેણે આચાર છોડ્યા એ પ્રાયઃ કરીને પ્રરૂપણા છોડવાના, એટલે જ્ઞાની અને આચાર સંપન્ન, એમની જ પાસે પ્રવચન સાંભળવું, એમની પાસે જવું. - એમને ગુરુ માનવા, આવું શાસ્ત્રમાં ભારપૂર્વક કહ્યું. દસવૈકાલિક આગમમાં શ્રુત કેવલી સ્વયંભવ સ્વામી-મહારાજ કહે છે,

પવેયએ અજ્જપયં મહામુણી ।

જે મહામુનિ હોય, એ વ્યાખ્યાન આપે. પ્રશ્ન કર્યો કે આવું શા માટે કહો છો, મહાજ્ઞાની હોય એ વ્યાખ્યાન આપે એવું બોલો ને, મહાજ્ઞાની આપે, જે બહુ જ ચુસ્ત હોય, અતિશુધ્ધ ચારિત્રી હોય, ઉચ્ચ ચારિત્રી હોય, એવા વ્યાખ્યાન આપે, એમાં ચારિત્રનું તો વ્યાખ્યાન આપવાનું છે. હું તમને પુછુ કે સંઘની અંદર ચોમાસું લાવવાના છો, બે OPTION છે, એક નું વ્યાખ્યાન HI-FI છે, પણ આચાર નથી, ને બીજા આચારમાં બહુ જ ચુસ્ત છે. પણ પ્રવચન સાદુ છે, તમારી CHOICE ? સાધુઓની શિથિલતાઓની ફરીયાદો, ચર્ચાઓ, નિંદાઓ, કરો છો ને તમે જ સાધુને શિથિલ થવા પ્રેરો છો, તમે એમને સંદેશ આપો છો કે

બુધવાર

DATE 04 11 2020

ભાઈ, અમને VALUE તમારા HI-FI વ્યાખ્યાનની છે, આચાર જે પાળવા હોય તે પાળશે, આચાર-ની અમને કોઈ VALUE નથી. વાત બરાબર! હું તમને પુછુ, દમરૂની સભા ગજવનાર, એમનું મુલ્ય તમને વધારે કે ખુણામાં બેસીને મેલા કપડા પહેરીને, સાધનાની ધુણી ધખાવનાર, - અંતર્મુખ, નિઃસ્પૃહ, નિઃસંગ, એવા મહાત્મા ની તમને VALUE વધારે ?

આચાર શુદ્ધિ, એ સુપંત વ્યાખ્યાન છે.

જેને આચાર શુદ્ધિ હોય એ બે શબ્દ સાદા પણ બોલે, એની વધારે અસર થશે. એ મહાત્મા ગોચરી જાવે એ પણ વ્યાખ્યાન છે. રસ્તામાં જતા હતા, તમે એમને જોયા એમનું એ ચિત્ર, એમનું સંયમ, એમની ઈર્યાસમિતિ, એમની નિઃસ્પૃહતા, એમનો વૈરાગ્ય, હું તમને પુછુ કે આનાથી મોટુ વ્યાખ્યાન બીજું કયું હોય શકે ?

દસવૈકાલિક આગમમાં કહ્યું, મહામુનિ પ્રવચન - આપે ને પ્રશ્ન કર્યો, કે આવું શા માટે કહો છો? અને હરીભદ્રસૂરી મહારાજ એ દસવૈકાલિક આગમ ની ટીકા ની અંદર, આ પ્રશ્નનો જવાબ આપ્યો,

જ્ઞાતાऽपि तत्त्वतोऽयमेव।

મહામુનિ વ્યાખ્યાન આપવાના અધિકારી છે, કારણકે તાત્વિક દ્રષ્ટિ એ જ્ઞાતા પણ એ જ છે, કારણકે જે કરે છે એ સમજ્યા છે, જે આચરે છે એ જ્ઞાની છે, જ્ઞાનનું ખરું સ્વરૂપ આચરણ છે, જ્ઞાનનું નૈશ્ચયિક સ્વરૂપ આચરણ છે. જ્યાં આચરણ છે ત્યાં જ્ઞાન છે, જ્યાં થોથા ના થોથા ભણી ગયા, જ્ઞાનના પોપટ પાઠો બોલે, ગમે તેટલા પાઠો બોલે, આચરણ નથી, જ્ઞાનીઓની

દ્રષ્ટિમાં જે ઘોર અજ્ઞાન છે. સદ્ગુરૂની જરૂર છે. નિર્મળ આચાર! અને નિર્મળ વિચાર! જે સંવિગ્ન હોય, ભવભીરૂ હોય, યથાશક્તિ, કાળોચીત, આચારો ને પાળનારા હોય, પહેલી શરત! અને બીજુ શરત, જે બહુશ્રુત હોય, ગીતાર્થ હોય, આવા જે સંવીગ્ન, ગીતાર્થ ગુરૂ ભગવંત, એમને સદ્ગુરૂ કહેવાય! આજે સમય થયો છે, આજે આટલું રાખીએ!

---

ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

ગુરુવાર

## વ્યાખ્યાન નંબર- 62

DATE 05 11 2020

## વ્યાખ્યાન સ્થળ :- શ્રી આંબાવાડી જૈન સંઘ, અમદાવાદ

ગઈકાલનો પ્રશ્ન મારી પાસે આવેલો, સદ્ગુરુના સંદર્ભમાં. પહેલો પ્રશ્ન કે જ્યાં મહાત્મા છે જ નહિ, એવી વિદેશની ધરતી હોય, અને ત્યાં પંડિતજી બેઠા હોય, જે તત્ત્વ સમજાવતા હોય, મહાત્મા છે નહિ, આવવાના નથી, કોઈ સંભાવના નથી, તો એવી જગ્યાએ પંડિતજી પાસેથી જ્ઞાન લેવું, એમાં શું ખોટું ?

પહેલો જવાબ એ છે કે એવી જગ્યાએ રહેવું જ ના જોઈએ, કે જ્યાં મહાત્મા હોય નહી અને આવવાની શક્યતા પણ ના હોય, બીજા નંબરમાં જો ત્યાં રહ્યા જ હો, અને જ્ઞાનના સ્ત્રોત તરીકે એવા પંડિતજી હોય, જે પંચ મહાવ્રત ધારી નથી, તો શું એવું ન જ ચાલે ? જ્ઞાન ન લેવું સારું ? એમને ન સાંભળવા સારા ? જિનશાસન સ્યાદવાદ મય છે, એકાંત ન જ હોય શકે કે ન સાંભળવું અને સાંભળવું જ એવો પણ એકાંત ન હોય શકે. તો આના સંદર્ભમાં સમજવાની વસ્તુ એ છે, કે જેની પણ પાસે, સાંભળીએ, એ શાસનને સમર્પિત હોવા જોઈએ, આગમોને સમર્પિત હોવા જોઈએ, એની પાસે ગુરુગમ પૂર્વકનો શાસ્ત્રાભ્યાસ હોવો જોઈએ, એ શ્રદ્ધાળુ હોવા જોઈએ એ દીક્ષાની ભાવનાવાળા હોવા જોઈએ. જેને દીક્ષાની ભાવના નથી, એ શાસ્ત્રીય દ્રષ્ટિએ જૈન જ નથી. હરિભદ્રસૂરી મહારાજ, લલિત વિસ્તરા ગ્રંથની અંદર સાધુધર્મ અને શ્રાવક ધર્મની વ્યાખ્યા કરી છે, મહાવ્રત જેમની અંદર છે અને સકલ જીવો પ્રત્યેનો મૈત્રી-ભાવ જેમનામાં છે, એનું નામ સાધુ ધર્મ !

० सर्वसत्त्वहिताशयामृताऽऽत्मपरिणामः साधुधर्मः।

અને શ્રાવક ધર્મની વ્યાખ્યા કરી,

० साधुधर्माभिलाषातिशयस्वरूप आत्मपरिणामः श्रावकधर्मः।

જેની અંદર અત્યંત સંયમ પામવાની ઝંખના છે, સાધુ ધર્મ પામવાની ઝંખના છે, એને શ્રાવક ધર્મ કહેવાય, એટલે જેને સાધુ બનવાની ઈચ્છા નથી, એને શ્રાવક જ ના કહેવાય. ઉત્સુત્ર ના હોવું જોઈએ, શાસ્ત્રનું પારતંત્ર્ય હોવું જોઈએ, પોતાની અપણી માન્યતા ન હોવી જોઈએ, આવા આવા જે પંડિતજીની અંદર-ગુણો હોવા જોઈએ, તમે કહો કે હવે આટલી બધી અમને ખબર પડતી નથી, હવે અમે કોણ એમને માપનારા ને બધું જોવાના, એમણે ગુરૂગમથી ભણ્યું ના ભણ્યું, ઉત્સુત્ર આવે છે કે નથી આવતું અમને કેમ ખબર પડે. બહુ SHORT માં તમને-એની પારાશીશી આપું, જેમની પાસે સાંભળતા... સાંભળતા ... તમને નિશ્ચય અને વ્યવહારનો સમન્વય મળે, જેમની પાસે સાંભળતા, સાંભળતા, તમારી દીક્ષા લેવાની ભાવના તીવ્ર બનતી જાય, જેમની - પાસે સાંભળતા - સાંભળતા, સર્વ વિરતી પામવાની, સંસાર ના આરંભ- સમારંભ છોડવાની, તમારી તમન્ના વધતી જાય, જેમની પાસે સાંભળતા- સાંભળતા, તમને ષદ્કાયની હિંસાનો ત્રાસ અસહ્ય... અસહ્ય.. અસહ્ય... અસહ્ય.... અસહ્ય... અસહ્ય... અને અસહ્ય બનતો જાય, જેમની પાસે સાંભળતા ... સાંભળતા તમારા અંતર દોષો દુર થતા જાય, જેમની પાસે સાંભળતા .... સાંભળતા, તારક તત્વો પ્રત્યે નો-બહુમાન ભાવ વધતો જાય, જેમની પાસે સાંભળતા પુજા ન કરતા હો તો ચાલુ થાય, પ્રતિક્રમણ ન કરતા હો તો ચાલુ થાય, સામાયિક ન કરતા હો તો ચાલુ થાય, ચતુર્વિધ સંઘ પ્રત્યેનો આદર

વધતો ભય, જેમની પાસે સાંભળતા ... સાંભળતા સાધુ-સાધ્વીજી ભગવંતો પ્રત્યે તમારા હૃદયમાં જે બહુમાન ભાવ હોય એના ગુણાકારો થયા વગર રહે નહિ. આવી આવી અસરો તમારા ઉપર થાય, તો તમે સમજજો કે તમે સાચી વ્યક્તિ પાસે-સાંભળી રહ્યા છો. અને એનાથી વિપરીત અસરો થાય, જે વ્યક્તિ પોતે જ તમારા ગુરુ બનવા લાગે, પંચ મહાવ્રત ધારી બનવાની જરૂર ના લાગે, સંયમની થોડી ઉપાદેય બુદ્ધિ મનમાં હોય, એ ઘસાવા લાગે. સંસારમાં તમે બરાબર છો એવું લાગે, સંસારની ષટ્કાય ની હિંસાઓ, અઢાર-પાપસ્થાનક,ના કતલખાના એમાં કંઈક વાંધાજનક ના લાગે, તો સમજજો કે તમે ખોટી જગ્યાએ સાંભળી રહ્યા છો.

પહેલા નંબરમાં જ્યાં ગુરુ ભગવંતનો યોગ છે ત્યાં જ રહેવું, બીજા નંબરમાં, એવી જ વ્યક્તિ પાસે સાંભળવું, જે ગુરુ ભગવંતનો યોગ જે સમીપ લાવી દે, સંયમની ભાવના સમીપ લાવી દે, દોષો દૂર કરે, અને શાસનના દરેક અંગો ઉપર તાત્વિક બહુમાન જગાડે.

બીજો પ્રશ્ન તમારી પાસેથી આવ્યો છે કે, સદ્ગુરુ ની તમે વ્યાખ્યા કરી કે, આવા ... આવા ... આવા સદ્ગુરુ હોય, ચાલો સદ્ગુરુ તો આપણે એવા એક કર્યા, માની રાખ્યા, સ્વીકાર્યા, સમર્પણ ભાવ રાખ્યો, બધું કર્યું, પણ વિહારો ચાલુ હોય, નવા નવા મહાત્માઓ આવતા જાય, આપણે જઈએ પણ ખરા, વંદન કરીએ પણ ખરા, પણ હવે આચાર શિથિલતા વધી રહી છે, તો શું કરવું ? મુંઝવણ અનુભવાય કે આ કઈ બનતું છે, મુંઝવણ અનુભવાય કે અમુક બાબત બહુ સારી

હોય છે, અને અમુક બાબતમાં બહુ જ એમ લાગે કે
આ, શું થઈ રહ્યું છે! ત્યારે કરવું શું ? બહુ
પ્રેમથી તમને જવાબ આપું કે, એમનું શું કરવું એ
તો તમારો વિષય હોતો નથી. તમારી પહોંચ નથી,
તમારો અધિકાર છે કે નથી ખબર નથી પણ ચાલતો
નથી, તમે કંઈ કરી શકો, સુધારી શકો એ તો
બધી દૂર ની વાત છે. અને તમે કદાચ સુધારી શકો
ને ત્યાં તમે સીધી ખુલ્લામેડી કરવા જાવ તો એનું
વિપરીત પરીણામ આવે, શ્રાદ્ધવિધિ વગેરે ગ્રંથોના
આધારે કહું, તો આપક મહાત્માઓના મા-બાપ છો.
તમારી ફરજ તમે ચૂકી છો, તમારા જે એક અપેક્ષા
એ, સંતાન કહેવાય, એમનું EDUCATION (ભણતર)
એમનું સંસ્કરણ, એમનું ઘડતર, એની ફરજ.
બજાવવામાં લગભગ તમે નિષ્ફળ ગયા છો, તમારી
આ ફરજ છે જ નહિ, એવું વર્તો છો, અને
પછી જ્યારે સંતાન મોટું થઈ ગયું, ને EDUCATION
નો પણ સમય ગયો, અને એ સંતાનનું કોઈ
ગેરવર્તન છે ત્યારે, તમે કહો કે આ તો કેવું, એ
ક્યાંનો ન્યાય ?

મારે તમને તમારી ભૂલ બતાવવી
છે. તમારી પાસે એવું કોઈ આયોજન ખરું, કે જે
નુતન દીક્ષિત હોય, એમના મુમુક્ષુપણાથી કે દીક્ષા
લીધી ત્યારથી, પાંચ વરસ સુધી એમનું સઘન
ઘડતર થાય, એમનું SOLID EDUCATION થાય
અને એક પ્રૌઢ સાધુ તરીકે, એ મહાત્મા તૈયાર
થાય, એવું કાંઈક હોવું જોઈએ ને આપણે એવું
કંઈક કરવું જ જોઈએ. આવી કોઈ વ્યવસ્થા ?
એક સાધ્વીજી ભગવંત છે, દીક્ષા ના એમને પચીસ
વર્ષ થયા છે, ત્રીસ, પાંત્રીસ, ચાલીસ થયા છે,
એમને પ્રાયોગ્ય જે આગમો છે, એમને જે અધિકાર છે,

એ હજુ સુધી એમના ભણાયા નથી, સંસ્કૃત એમનું થયું નથી, શાસ્ત્રો પણ એમના બીજા ભણાયા નથી, એ ગોચરીઓ કરે છે, માળા ગણે છે, ક્રિયા કરે છે, એનાથી આગળ એ વધ્યા નથી. હું કહું કે એના માટે તમે જવાબદાર ખરા કે નહિ? મને જવાબ જોઈએ છે. તમારા સંઘની મર્યાદામાં - તમારા સંઘની હદમાં, પાંચ-સાત ઉપાશ્રયો હોય એની અંદર સાધ્વીજી ભગવંતો હોય, એ સાધ્વીજી ભગવંતના યોગક્ષેમ, એમનો અભ્યાસ, એમની ગાથા, એમનું આધ્યાત્મિક ઘડતર, એમનો સંયમનો વિકાસ, એમની પરિણતિનો વિકાસ, એ રીતે રીતે આગળ વધવો જ જોઈએ. હું તમને પુછું કે એની જવાબદારી તમારી ખરી કે નહિ?

તમે મને ચોમાસું લાવ્યા, તમે મને વ્યાખ્યાન માટે વિનંતી કરી, તમે મને પાટ ઉપર બેસાડ્યો, પાટ પર બેસાડતાં પહેલા, સાહેબ તમારો અભ્યાસ કેટલો છે એ તમારે મને પુછવું જોઈએ કે ના પુછવું જોઈએ? મને તમારો જવાબ જોઈએ છે.

સભાનો ઉત્તર :- સાહેબ અમે તો ભણેલા ના હોઈએ ને અમે આપને પ્રશ્ન કરીએ એ યોગ્ય ન કહેવાય!

પૂજ્યશ્રીનો પ્રતિભાવ :- તમે ભણવાની જોબ પણ લીધી નથી, તમે અમારા મા-બાપ બનવાની જોબ લીધી છે. તમારું ઓછું ભણાયું હોય એ તમારો ગુનો નહિ, તમે મને કંઈ પુછો નહિ. જે યોગ્ય શ્રાવક છે, પીઢ શ્રાવક છે, કરુણા અને વાત્સલ્ય હૃદયમાં ભરેલા,

મહાત્માના અંગત જે મા-બાપ જેવા કહેવાય, એવા શ્રાવક છે. દરેકે દરેક શ્રાવકો મનમતના હોય, સારા એ હોય ને, દોષ દ્રષ્ટિ વાળા એ હોય, જેને કશી જ લેવાદેવા નહિ, મહાત્મા માંદા પડેલા એ કે ચાર મહિના માં ડોકવાના સુધ્ધા નથી, એવા શ્રાવકોની વાત નથી.

જે શ્રાવકો તમે ભક્તિ કરો છો, મા-બાપ જેવા છો, પીઢ છો, પરિણત છો, તમારો અભ્યાસ ઓછો હોય, એનો મતલબ એ નથી કે તમને કોઈ પુછવાનો અધિકાર નથી. આગમો ભણવાનો તમને અધિકાર જ નથી, તો ભણો તો ગુનો છે, સીધી એવી ચોપડી લઈને બેસો, ગુરુ મુખે સાંભળવાનો અધિકાર છે, મુળ રૂપે ભણવાનો શ્રાવકો ને અધિકાર નથી. યોગોદ્વહન થાય પછી અધિકાર મળે. યોગોદ્વહન સંયમ માં જ થાય !

મા C.A. થઈ હોય કે ના થઈ હોય દીકરાની C.A ની EXAM ચાલતી હોય ત્યારે મા દીકરાને ભણવાનું કહે, દીકરો એમ ના કહી શકે, તું તો ભણી નથી, તુ તો S.S.C. ભણી છે, તુ તો S.S.C. FAIL છે, ને મને C.A. નું ભણવાનું કહે છે. દીકરો એમ કહી શકે ?

મને કહેનાર ભણ્યા છે કે નથી ભણ્યા એ સવાલ પુછવાનો મને અધિકાર નથી. આજે બધી મતની ભક્તિ અમારી થાય છે, અમારા પરિણતિ ના ઘડતર, અમારા જ્ઞાનના વિકાસ, અમારા આગમો ના અભ્યાસ, અમારા શાસ્ત્રોના અભ્યાસ, અમારી આંતરયાત્રા એ ક્યાં પહોંચી, એ કેટલે પહોંચી, અમારા આટલા વર્ષો ગયા, અમે કેટલે પહોંચ્યા, આ પુછનાર અમારી પાસે કોઈ છે નહિ, આ અમારી બહુ મોટી કમનસીબી છે.

સભાનો પ્રશ્ન :- પણ સાહેબ, ગુરુ તો હોય ને આ બધું જોવા માટે !

પૂજ્યશ્રી નો ઉત્તર :- હું તમને કહું કે ગુરૂની પણ એક જવાબદારીનો ROLE હોય છે, ને શ્રાવક ની જવાબદારીનો ROLE પણ શાસ્ત્રમાં બતાડ્યો. ગુરૂ એમની જવાબદારી નિભાવતા હોય છે, શક્ય હોય એટલી નિભાવે, ક્યારેક ગુરૂની પણ મર્યાદા આવે, એવું એ બને ને એ શ્રાવક ની મર્યાદાનો વિષય બને એવું પણ બને. યોગ્ય શ્રાવક હોવા જોઈએ. તમને ક્યાંય બાહ્ય શિથિલાચાર દેખાય, અમુક ગુંજવણ થાય, તમને થાય કે આ શું ? આવું શા માટે ? હું તમને પુછું કે તમને તાત્કાલિક એના પ્રશ્ન થાય છે, તમને મુળમાં જઈને પ્રશ્ન કેમ થતા નથી ?

જે ઉલ્લાસ થી એક મહાત્મા દિક્ષા લે, જે ઉલ્લાસ થી સંસાર ના એમના બધા જ સ્વજનો સાથે, બધાને મનાવી ને, OVER TAKE કરીને, બધી રીતે પ્રયાસ કરીને દિક્ષાની સંમતિ મેળવી છે, ઉછળતા ઉલ્લાસ થી દિક્ષા લે છે, મોક્ષ માર્ગ ઉપર દોડવું છે, ભુક્કો બોલાવવો છે કર્મો નો, જીતવું છે આ મોહસંગ્રામમાં, એ ઉલ્લાસ સાથે દિક્ષા લેનાર મહાત્મા અહીંયા દિન પ્રતિદિન આગળ વધવા જોઈએ, એમનો ઉલ્લાસ કુદકે ને ભુસકે વધવો જોઈએ, એના બદલે એમનો ઉલ્લાસ તૂટતો હોય, મહાત્મા એ વધારે ને વધારે પાછા પડતા હોય, તો આપણે ગંભીર ચિંતન કરવાની જરૂર નથી. જરૂરી નથી બધા ધાછા પડે, હું તમને કહું છું, કે આગળ વધનારા એ છે, કુદકે ને

ભૂસકે આગળ વધનારા છે, દીક્ષા વખતે જે ઉલ્લાસ હતો એના કરતા સો ગણો ઉલ્લાસ વધારનારા મહાત્મા પણ છે. પણ બધી બાજુ હોય શકે, અને જે બાજુએ એવો ઉલ્લાસ થતો નથી, તૂટે છે, અને શિથિલાચાર આવે છે. તેમને કહું છું આના માટે માત્ર ગુરુ વ્યવહાર એ મહાત્મા જવાબદાર કે આપણે પણ જવાબદાર ?

આજે દુનિયાનો વિચાર કરીએ તો, તો ખાડામાં જઈ રહી છે, સંઘનો પણ એમ - વિચાર કરીએ... કરીએ... કરીએ... કરીએ.. કરીએ તો છેવટે આમ મગજ બેર મારી જાય. સંઘ ઉપર આચાર્ય ભગવંતો કે ગચ્છાધિપતિઓનું વર્ચસ્વ નહિ, સંઘમાં બરોબરનું જેમનું વર્ચસ્વ છે, એમને સંઘ માટે કેટલી લાગણી ? કેટલો એના ઉત્કર્ષ નો ભાવ ? હું ભારતભરના અને દુનિયાભરના સંઘોની વાત - કરુ છું; એ ભાઇ રૂપિયાનો પ્રશ્ન ? વહિવટ થઈ ગયો, ઉપજ આવી ગઈ, ન છુટકે કરવાના ખર્ચા નીકળી ગયા, અને જવાબદારી પુરી થઈ ગઈ, આવી મનોવૃત્તિ ! યુવન એટલે TIGHT, એટલી બધી સંઘર્ષ ભરી FIGHT, સ્કૂલ, TUTION, ધંધા, નોકરી, સાંસારીક પ્રલોભનો, આધુનિક TECHNOLO-GY ના સાધનો, ભયંકર બહાર નો માહોલ, અને આ બધાનો વિચાર કરતા. કરતા છેલ્લે - આમ નિરાશામાં સરી પડાય, એવી આજની પરિસ્થિતિ !

એમ આ બધાનો વિચાર કરીએ ત્યારે એમ થાય કે, ફક્ત સાધુ- સાધ્વીજી ભગવંતો પણ બચી જાય તો, તો એ ઘણું ! અંગચુલિકા - નામનું આગમ કહે છે, કે જ્યારે જ્યારે સાધુ- સાધ્વીજી ભગવંતો ની સામાચારી એ ઢીલી પડે છે

ત્યારે, આખી દુનિયાની અંદર ઉપાધિઓ ખડી થાય છે.
સાધુ- સાધ્વીજી ભગવંતો, જે આચારમાં ચુસ્ત બને,
જિનાજ્ઞા ની અંદર સ્થિર બને, ત્યારે આખી દુનિયાની
અંદર પણ આનંદ- મંગલ થાય છે.

સંસારી ઓની વાત જુદી છે, જ્ઞાન નથી,
લક્ષ્ય નથી, ઈચ્છા નથી, તમન્ના નથી. જીવને
અહીંયા પગ જ મુક્યો નથી, એને આરાધનામાં રસ
જ નથી, એમની ચિંતા કરવા કરતા, જેમ થઈ જાય
કે જે આરાધના માટે જ આવ્યા, આરાધના ખાતર
જેમણે સંસાર છોડીયો, આરાધના ની તમન્નાથી આ
ભેખ ધર્યો, એમની આરાધનામાં ખોટ આવે, એ
તો કઈ રીતે ચાલે? અને એના માટે કોઈ કાળજી
ના લેવાતી હોય, એ ય કઈ રીતે ચાલે?

બહુ ઉંડાણમાં જવું પડશે, આડેધડ
આપણને હોશિયારપણ કરતા, નિંદા કરતા, આવડે છે.
મુળમાં જઈને ઉકેલ લાવતા આવડતો નથી, અને
આવી કોઈ આપણને ઈચ્છા સુધ્ધા પણ હોતી નથી.
તમારો વંઠી જતો છોકરો, બગડી જતો દીકરો,
એના મુળમાં તમે જશો ને એ ક્યાં ક્યાં હતો,
મમ્મી કહેતી હતી તપોવનમાં મુકવો છે, દીકરાએ ના
પાડી, પપ્પા એ છોકરાનું ઉપરાણું લીધું, પપ્પા
ભડક્યા, મારો છોકરો અહીંયા જ રહેશે, આમ છે ને
તેમ છે, પછી એ જ મા-બાપ આખી જિંદગી
રડે છે. આપણે એને એમાં મુક્યો નહિ, કેમકે
એ વંઠી ગયો. વંઠી ગએલો, બગડી ગએલો,
દારૂની લતે સુધ્ધા ચડી ગએલો, ડ્રગ્સ સુધી -
પહોંચી ગયેલો, રાતના બે-ત્રણ-ચાર વાગે,
ઘરે આવતો કે કોઈ એને ઉંચકી ને ઘરે મુકી
જાય, પણ એનામાં લાયકાત હતી સુસાધુ -
બનવાની, સુશ્રાવક બનવાની, ચુસ્ત શ્રાવક -

બનવાની, શાસન પ્રેમી બનવાની, ઉચ્ચ સંસ્કારી બનવાની, એને માહોલ એવો અપાયો નહિ, એને વાતાવરણ, આલંબન, નિમિત્તો એવા અપાયા નહિ, અને સાવ ગયો.

છોકરો ખરાબ ન હતો, નિમિત્તો ખરાબ હતા, વાતાવરણ ખરાબ હતું, પિતાએ જે ઉપેક્ષા કરી, એ ખરાબ હતી. બરાબર એ જ રીતે, તમારી દ્રષ્ટિએ શિથિલ થઈ ગયેલા જે મહાત્મા, એમના પણ એવી યોગ્યતા હતી, કે એ સારામાં સારા સાધુ બને. એમને વાતાવરણ એવું મળ્યું, એમને માહોલ એવો મળ્યો, એમને નિમિત્તો એવા મળ્યા, એમને જે ઘડતર જોઈતું હતું એ ઘડતર ના મળ્યું, પછી આ થઈ ગયું.

બહુ પ્રેમથી તમને કડવું સત્ય કહું, ખોટે રસ્તે ચડીને, ઘણું.. ઘણું.. ઘણું.. ઘણું.... વર્ષો સુધી ચાલીને ત્યાંથી પાછું ફરવું એ બહુ જ અઘરું હોય છે, એ છોકરો હવે વધી ગયો, પચ્ચીસ વર્ષનો છે, બધી જ રીતે MINUS માં છે, કશું સાંભળતો નથી, સાંભળવા તૈયાર નથી, તમે પુછો સાહેબ શું થઈ શકે, કદાચ મારે કહેવું પડશે કે હવે સમય ગયો, પણ આજે જે છોકરો ચાર વર્ષનો છે પાંચ વર્ષનો છે, ત્રણ વરસનો છે, એના માટે તમારા શું પ્રયાસ છે?, તો તમે એને એજ રસ્તે આગળ મોકલી રહ્યા છો, ના ના સાહેબ, સ્કુલ નું તો કરવું પડે, સાહેબ હવે તપોવન બહુ SET થાય એમ નથી. સાહેબ છે, INTERNATIONAL SCHOOL સારી છે, ફી પણ ચાર લાખની છે, સાહેબ, બહુ સારા ઘરના છોકરાને સારું EDUCATION છે, એટલે મારે હાથ જોડવા પડશે કે તમે એને એનો ભાઈ જ બનાવી રહ્યા છો.

બરાબર એ જ રીતે, વર્ષો ખોટા રસ્તે નીકળી

ગુરુવાર
DATE 05 11 2020

ગયા, હવે ત્યાંથી પાછા ફરવું અઘરું, આજે જે
મુમુક્ષુ છે, આજે જે નુતન દીક્ષીત છે, જે
જોરા રસ્તે થઈ જ નહિ, એવું આપણે કરી શકીએ
એમ છીએ, પણ આપણે નક્કી નથી કરી રહ્યા,
ખરી હીનારત જણાયા થઈ રહી છે.

સંઘમાં એક વ્યક્તિ એવી હોવી
જોઈએ, જે આવી એ REGISTER લઈને પહોંચે
સાહેબ કેટલો અભ્યાસ થયો? સાહેબ તપ શું ચાલે
છે, જ્ઞાન માં શું ચાલે છે, સાહેબ ગુરુની સેવા,
મહાત્માઓની વૈયાવચ્ચ, સાહેબ કેટલા ગ્રંથો થયા,
કેટલા બાકી, આગમો કેટલા થયા, ગાથાઓ કેટલી
ઉપસ્થિત, ગઈ કાલે રાતે કેટલો રાત્રિ સ્વાધ્યાય કર્યો,
હું કહું છું છોડી દો મોટા મહાત્માઓને વાંધો નથી,
એવા મા-બાપ જેવા એક શ્રાવક ના હોય આખા
સંઘમાં.

સાહેબ, અમારે તમને આચાર્ય બનાવવા છે,
અમારે તમને ગચ્છાધિપતિ બનાવવા છે, સાહેબ
અમારે તમને શાસનના સિતારા બનાવવા છે,
સાહેબ અમે માત્ર ગોચરી વહોરાવીને, જપ પુછીને,
દવાનું પુછીને, શાતાનું પુછીને રવાના થઈ જઈએ
તો સાહેબ, અમે અમારી ફરજમાં ઊણા ઉતર્યા-
કહેવાઈએ! આપણે ત્યાં એવા આચાર્ય ભગવંત
થઈ ગયા છે, બાળ મુનિ ભણ્યા ના હોય તો,
બીજા દિવસે વ્યાખ્યાન માં સંઘ સમક્ષ, એ
મહાત્મા નો અંગુઠા પકડીને, આખું વ્યાખ્યાન
ઊભા રહેવાનું! આપણે ત્યાં એવા આચાર્ય-
ભગવંત થઈ ગયા છે, ઘડો ઉંચકવો હોય તો, ઘડાના
દોરા આવે, ઘડા દોરા હોય, તો શિષ્ય ભણે નહિ તો
એ દોરાથી ફટકારી ફટકારી ને પણ એમને ભણાવે.
સોટી વાગે ચમ-ચમ, વિદ્યા આવે ધમ-ધમ

આજે અમારી આગળ સામગ્રીઓના ઢગલા થાય છે,
આજે સોટી નો ઘોર દુકાળ પડ્યો છે. સામગ્રી પણ ઉપકરણ હોય, સંયમ યાત્રામાં ટેકા સ્વરૂપે હોય, સામગ્રી નો વિરોધ નથી, પણ સોટી હોય જ નહીં ને માત્ર સામગ્રી હોય, ત્યાં સંયમનું થાય શું ?

સ્કુલ પ્રવચન કરવા હું ગયો હતો ને, શિક્ષકે મારી આગળ વરાળ કાઢી, કે આ,
સોટી વાગે ચમ-ચમ, વિદ્યા આવે ધમ-ધમ આ જમાના હવે ગયા. હવે કાયદો એવો છે, એક છોકરાને ટપલી મારી હોય તો અમને ત્રણ મહિનાની જેલ થઈ શકે. પછી અમે ય વિચારીએ છીએ છોડો ને બધું, જેને ભણવું હોય તે ભણે, અમારે શું છે! તમારા-દીકરાને તમે કહી શકો એમ નથી, મારી શકો એમ નથી, એ ખોટું કરતો હોય છતાં એ ટાબરિયો તમારો બાપ થઈ ગયો હોય આવી તમારી સ્થિતિ.
હું કહું છું, તમારે ત્યાં જે હોય તે હોય, અહીંયા પણ જો એવું થઈ ગયું તો વાત બધી પુરી થઈ જશે. હવે નિમિત્તો નથી, આલંબનો નથી, ઘડતર ઓછું-વત્તું સંઘની ઘોર ઉપેક્ષા આ બધી બાબતમાં, અને છતા મહાત્મા પોતાના વૈરાગ્યથી આયંબિલો કરવા, ઓળીઓ કરવી, તપસ્યા કરવી, ભણવું. મેં એવા મહાત્મા જોય છે, દિવસ ની ૫, ૭, ૮ કિલોમીટરની UP DOWNS ભણવા માટે કરી છે. તમન્ના હોય છે, ભાવના હોય છે.
સમજી લો મેં મારી જિંદગીમાં એક પણ મહાત્મા એવા નથી જોય જેમણે વૈરાગ્ય થી દીક્ષા ન લીધી, મેં મારી જિંદગીમાં એક પણ મહાત્મા એવા નથી જોયા, જેમની મોક્ષની તમન્ના ના હોય, અને જે પ્રામાણિક પણે પુરુષાર્થ ન કરતા હોય, એવા મહાત્મા પણ મુંબઈ જાય, આડે રસ્તે ચડી જાય, એવા મહાત્માનું પણ વર્ષો પછી નું

સ્વરૂપ આખું બદલાઈ જાય, હું તમને કહું છું કે એના માટે આપણી કોઈ જ જવાબદારી નથી, ને આપણે જવાબદાર નહીં ? આપણો ગુનો - નહિ ? આપણો અપરાધ નહીં ?

જિનદાસ શ્રાવક પ્રતિક્રમણ કરવા ગયા છે. હાર બાજુમાં મુક્યો છે, બીજા શ્રાવક બાજુમાં બેઠા છે, પ્રતિક્રમણ પુરું થયું, હાર દેખાતો નથી, સો ટકા ખબર આ શ્રાવકે હાર લીધો છે, - ધુમાધુમ નહીં, પકડવાનું નહિ, ઝઘડો નહિ, એ પકડું ને કબુલ કરાવું, શરમ નથી આવતી, કોઈ જ વસ્તુ નહિ, જિનદાસ શ્રાવક આચાર્ય ભગવંત પાસે બીજા દિવસે જાય છે, ખોળામાં માથુ મુકીને ધ્રુસકે ને ધ્રુસકે રડે છે, આચાર્ય ભગવંત - આશ્વાસન આપે છે, શ્રાવક સ્વસ્થ થાય છે, ગુરુદેવ એમની સામે જુએ છે, શું થયું ? શા માટે રડો છો ? પ્રશ્ન આંખમાં તરવરે છે ને શ્રાવક કહે છે, પ્રાયશ્ચિત કરવું છે, કોને કરવું છે, પોતે હાર ચોર્યો એની વાત નથી, જેમની ચોરાયો એમની વાત છે. સાહેબ પ્રાયશ્ચિત લેવું છે, અને જિનદાસ શ્રાવક આ શબ્દો બોલે છે, ને આચાર્ય ભગવંતે કહ્યું શાનું પ્રાયશ્ચિત ? અને જિનદાસ શ્રાવક કહે છે કે, સાહેબ, સીદાતા સાધર્મિક નું ધ્યાન ન રાખ્યું, એનું પ્રાયશ્ચિત ! મારો સાધર્મિક જે આટલી તકલીફમાં આવી ગયો, કે એને આટલું નીચે ઉતરવું પડ્યું, ત્યાં સુધી મેં ધ્યાન રાખ્યું નહિ. હું તમને કહું કે મારે તમને ઉપેક્ષા નું પાપ સમજાવવું છે. તમને આમાં કંઈ પાપ લાગે ? પેલાને પાપ લાગે કે તમને પાપ લાગે ? કહો ને અમે હોઈએ તો એને ઘસડી જઈએ પ્રાયશ્ચિત અપાવવા !

ગુરૂવાર

DATE 05 11 2020

આપી પ્રાયશ્ચિત આપને, આવું કામ કર્યું છે !!
એક સાધુની શિથિલાચાર જોઈને તમારી આંખો ઊભરાય
આવે ને તમને પ્રાયશ્ચિત લેવાનું મન થાય, તો
સમજ્જો કે તમે RIGHT TRACK (સાચો રસ્તે)
ઉપર છો.

એક શ્રાવક ઊંધે રસ્તે ગયો, શ્રાવકની દીકરી
ઊંધે રસ્તે ગયો, સંઘની અંદર કંઈ પણ અજુગતું
થયું, એમાં તમને તમારી ભુલ લાગે, સંઘને ઘડવામાં,
આ નવી પેઢીને ઘડવામાં, ધર્મ કરવામાં, હું ઔચિત્ય
સમજ્યો નથી, મેં ધ્યાન રાખ્યું નથી, મેં પણ
ઉપેક્ષા કરી છે, મારી ઉપેક્ષા નું પરિણામ છે કે મારા
સંઘની દીકરી આવું પહેરે, મારી ભુલ થઈ ગઈ છે,
ગુરૂદેવ મને પ્રાયશ્ચિત આપો, ગુરૂદેવ... ગુરૂદેવ -
ધર્મના નામે લાખો ને કરોડો રૂપિયા મેં ખર્ચી નાખ્યા
છે, પણ ગુરૂદેવ આ સંઘને સંસ્કરણ આપવું, સંઘને
ઘડતર આપવું, સાધુ- સાધ્વીજી ભગવંતોની ભાવ કાળજી
લેવી, આધ્યાત્મિક કાળજી. ગુરૂદેવ સંઘનો એક એક
દીકરો, અમુક પાઠશાળા આવતો જ હોવો જોઈએ,
ગુરૂદેવ સંઘનો દીકરો પચ્ચીસ વર્ષનો થઈ ગયો એને
ગુરૂવંદન આવડતું નથી, ગુરૂદેવ ઘોર પાપનો ભાગીદાર
હું થઈ ગયો, કેટલા વર્ષો એના જીવનના ગયા, મે
એનું ધ્યાન રાખ્યું નહી, ગુરૂદેવ મારી બહુ મોટી
ભુલ થઈ ગઈ, હું તમને પુછુ આ FEELINGS -
તમારી પાસે ખરી ?

એક વર્ગ એવો છે જેને ગુરૂવંદન
આવડતું નથી, શીખવું નથી, કંઈ લેવાદેવા નથી,
એક વર્ગ એવો છે જેને ગુરૂવંદન આવડે છે એની
બહુ જ આનંદ છે, એને ચૈત્યવંદન આવડે, એને
પ્રતિક્રમણ આવડે, એને પાક્ષિક પ્રતિક્રમણ પણ
આવડે, એને અતિચાર પણ આવડે, એ કૃતાર્થ થઈ

classmate

ગયા, પણ બીજાને નથી આવડતું એનું પાપ એક અપેક્ષાએ તમારા માથે પણ છે. આ વસ્તુ તમને ખબર જ નથી. ભણેલા- ગણેલા શ્રાવકો હોય, ભણેલા ગણેલા શ્રાવિકા બહેનો હોય, એમને એ થાય નહીં કે મેં રોજ દસ-પંદર જણાને ગાથા નથી આપી, તો મારા સમ્યક્દર્શનની અંદર કોઈક અતિચાર લાગે, કારણકે મને મારા સંઘ પ્રત્યે - વાત્સલ્ય નથી.

ઉવવૂહ થિરીકરણે વચ્છલ્લ પભાવણે અટ્ઠ।

સમ્યક્દર્શનના આઠ આચારો ની જગ્યાએ આઠ - અતિચારો ભરેલા હોય, પછી સમ્યક્દર્શનની - નિર્મળતા ક્યાંથી હોય ! જીવ નું જે થવું હોય તે થાય, મારી આરાધના થઈ ગઈ મારો મોક્ષ થઈ જવાનો, આવું એ આપણે માનીએ છીએ તો આપણને ખબર નથી કે, ઉપેક્ષા એ પણ એક પ્રકારનું પાપ છે.

સીદાતા સાધર્મિક નું ધ્યાન ન રાખ્યું, એ શ્રાવક પ્રાયશ્ચિત લેવા જાય, હું તમને કહું, સીદાવું બે રીતે હોય છે, દ્રવ્યથી અને ભાવથી. તમારા સંઘના અજમે પણ શ્રાવક હોય, જેમને સંવત્સરી પ્રતિક્રમણ કરવાની જરૂર ન અનુભવાતી હોય, અહીંયા પણ ભુક્તા ન હોય, એવા શ્રાવકને અત્યંત સીદાતા સાધર્મિક કહેવાય, જેમનું ધ્યાન રાખવાની આપણી ફરજ હોય છે.

★ દ્રવ્ય થકી દુખીયા ની જે દયા,
ધર્મ હીણાંનો ભાવ... સુગુણ નર,
ચોથું લક્ષણ એ અનુકંપા,
નિજ શક્તે મન લાવ... સુગુણ નર...

સમ્યક્દર્શન એ ખરેખર આપણને પ્રગટ્યું હોય તો, તો આ હું જે જે કહું છું તે, ઔચિત્ય, કર્તવ્ય,

આ બધું જ સહજ થઈ જાય. આ બધું કહેવું ના પડે. એક મહાત્મા જેની આચાર મર્યાદા ની કંઈક બહાર ગયા, એના મૂળમાં આપણી પણ ક્યાંક હોય છે, એ ક્યાંક શોધવાનો પ્રયાસ કરવો, એ ક્યાંક સુધારવાનો પ્રયાસ કરવો, એવો કંઈક પ્રયત્ન કરવો કે, જેનાથી આ પરિસ્થિતિ, સર્જાય જ નહિ, ખાસ કરીને, સંઘની અપેક્ષા એ કહીએ તો, આના બાળકો. શ્રમણ સંસ્થા ની અપેક્ષા એ કહીએ તો, નુતન દીક્ષિતો, આમના પર ખુબ... ખુબ... ખુબ ધ્યાન અપાવા લાગે, તો થોડા વર્ષોની અંદર, સમગ્ર ચતુર્વિધ સંઘની કાયાપલટ થઈ જાય.

મોહવિલય ઉદ્યાનની અંદર, પ્રતિબોધક આચાર્યના મુખે, સિદ્ધર્ષિ ગણિ મહારાજ, મોક્ષ માર્ગના એક પછી એક સમીકરણો રજુ કરે છે,

તદુદ્દીપનીયં પુનઃ પુનઃ સુગુરુસન્નિકર્ષેણ।

તમને મળેલું સમ્યક્‌દર્શન, એને ફરી ફરી સદ્‌ગુરુના સાનિધ્ય થી, તમને ઉદ્દીપીત કરજો, સિદ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે,

નાચરણીયમસ્યા ભોગતૃષ્ણાયા અનુકૂલત્વમ્ ।

આ ભોગ તૃષ્ણા છે એને તમે બિલકુલ અનુકૂળ વર્તન નહીં કરતા, તમે નીકળશો અહીંયા થી, ત્યાં ઉભી છે ભોગ તૃષ્ણા, સીધી ઘુસવાની તમારા શરીરની અંદર, તમને ભોગ-તૃષ્ણા જાગશે, પણ તમે એટલું નક્કી રાખજો, તમારે ભોગ-તૃષ્ણા ને અનુકૂળ વર્તન - હરગીઝ કરવાનું નથી!

T.V. ની ઉટપટાંગ ચૅનલો એવી આ ભોગતૃષ્ણાને અનુકૂળ વર્તન છે.

INTERNET ની માયા જાળમાં ફસાઈ ને ભાતભાતની WEB SITES, ભાત ભાત ના MESSAGES, વગેરે વગેરે, કરવું એ ભોગતૃષ્ણા ને અનુકૂળ વર્તવા

બરાબર છે.
☆ છાપા જોઈને બેસવું, ન વાંચવાનું વાંચવું, ન જોવાનું જોવું ભોગ-તૃષ્ણા ની અનુકૂળ પ્રવૃત્તિ,
☆ ન જવા જેવી જગ્યા એ જવું, ભોગ-તૃષ્ણા ની અનુકૂળ પ્રવૃત્તિ!

એમાં જે-જે ભોગ તૃષ્ણાને અનુકૂળ પ્રવૃત્તિ એનો ત્યાગ કરવો એટલું જ નહિ, એની સામે થવું એટલું જ નહિ, એનાથી બને એટલું દૂર જવું ને આપણી શક્તિ લગાડીને, એના ઉપર તૂટી પડવું.

વ્યવહાર નયની દ્રષ્ટિ એ જે ભોગ-તૃષ્ણા ની અનુકૂળ પ્રવૃત્તિ કરે એ ચારિત્ર મોહનીય કર્મો નો બંધ કરે છે. નિશ્ચય દ્રષ્ટિ એ જે ભોગ-તૃષ્ણા ની અનુકૂળ પ્રવૃત્તિ કરે, તે મીથ્યાત્વ મોહનીય કર્મનો બંધ કરે છે. વ્યવહાર નય ની દ્રષ્ટિ એ, સમ્યક્તિ આત્મા, એ ભોગ-તૃષ્ણાની અનુકૂળ પ્રવૃત્તિ કદાચ કર્મ વશ થઈને કરે પણ ખરો, પણ એનું અંતર રડતું હોય, એનું અંતર ડંખતું હોય, એ ત્રાસ પામતો હોય, એનાથી છુટવા મથતો હોય, જે એકાગ્ર ભોગ-તૃષ્ણાની પ્રવૃત્તિ કરે, એની તો વ્યવહાર નયની દ્રષ્ટિ એ પણ સમ્યક્દર્શન ની સંભાવના નથી. ઈન્દ્રિય પરાજ્ય શતક કહે છે,

चरित्तसारं डहिज्ज कत्थिं पि।

એક શ્રાવક હોય કે સાધુ હોય, એની ભોગ-તૃષ્ણા ભભુકી ઉઠી, અને એ આગ એવી ફેલાઈ... એવી ફેલાઈ... એવી ફેલાઈ... આખી જિંદગી તમે સામાયિક કર્યા હોય, પૌષધ કર્યા હોય, આંશિક પણ સંયમ પાળ્યું હોય, થોડ નિયમો લીધા હોય, બાર વ્રતો લીધા હોય, તમે વ્રતો ઉપધાન

કર્યા હોય. તમે આખી જિંદગીમાં કેટલી તપસ્યાઓ
કરી, આ બધાં જ ચારિત્ર ની સાર, ભભૂકી ઉઠેલી
વિષય-તૃષ્ણા, ભભૂકી ઉઠેલી ભોગ-તૃષ્ણા,
ડહિજ્જ કસિણં પિ
બાળી ને ખાખ કરી નાખે,
સમ્મત્તં પિ વિરાહિય
એ સમ્યક્દર્શન ની પણ વિરાધના કરે,
અણંતસંસારિયં કુજ્જા
અને જીવને અનંત સંસારી બનાવી દે. ભોગ તૃષ્ણા ને
અનુકૂળ ચાલવું એટલે આપણા જીવ ને અનુકૂળ ચાલવું.
ભોગ-તૃષ્ણાનું સ્વાગત કરવું, એટલે જે આપણા-
ઘરમાં ઉઠાઉ મુકવા આવ્યો છે એનું સ્વાગત-
કરવું. ભોગ તૃષ્ણા આવી છે ને એની સરભરા-
કરવી, એટલે આપણા ઘરની અંદર આવી ચડેલા ભુખ્યા
વરુ ની સરભરા કરવી. આ કર્યું એ પોષાય એવું
નથી તો ભોગ-તૃષ્ણા પ્રત્યે અનુકૂળ ચાલવું એ ય
પોષાય એમ નથી. ચારિત્ર અને સમ્યક્ત્વ આ
બંનેથી કોઈ ભ્રષ્ટ કરનાર તત્ત્વ હોય તો, એનું
નામ છે "ભોગ-તૃષ્ણા"!
દિવાળી ની સફાઈ કરતા ઈંડુ પડ્યું,
ફૂટી ગયું આની અંદર આપણને પાપ દેખાય છે.
અંતર ની અંદર ભોગ-તૃષ્ણા જાગૃત થઈ, વિષય તૃષ્ણા
જાગૃત થઈ, ભોગ સારા લાગ્યા, માણવા જેવા લાગ્યા,
આ આપણને પાપ લાગે ખરું ?! વિષય તૃષ્ણા - ભોગ
તૃષ્ણા એ દાહક છે, સંયમ અને સમ્યક્ત્વ આ
બંને દાહ્ય છે. જે બાળે એને દાહક કહેવાય, જે
બળી જાય એને દાહ્ય કહેવાય. વિષયો એ જ સંસાર
છે, ભોગ-તૃષ્ણા એ જ ભવભ્રમણ છે, કારણ કે
ભવભ્રમણ થી બચવા માટે બે જ ઉપાય છે, એક
સંયમ અને બીજું સમ્યક્ત્વ. અને ભોગતૃષ્ણા આ બે

ગુરુવાર
DATE 05 11 2020

ની જ જુદી બોલાવી દે છે. જેને ભોગનું હોય કે હું બહું ભણેલો છું, હું બહુ સમજેલો છું, ભોગ-તૃષ્ણા મારુ કશું જ બગાડી શકે એમ નથી, જે હકીકતમાં કશું જ સમજ્યા નથી. ભોગ-તૃષ્ણા નો પ્રવેશ થાય ને શ્રુત-જ્ઞાન પણ ગોબરું થઈ જાય, અને ભોગ-તૃષ્ણા નો પ્રવેશ એ જ નૈશ્ચયિક દ્રષ્ટિ એ પતન છે. ઈન્દ્રિય પરાજય શતક કહે છે,

ભીસણભવકંતારે વિસમા જીવાણ વિસયતહ્હાઓ ।

ભયાનક છે આ ભવ જંગલ, જેની અંદર જીવોને આ ભોગ તૃષ્ણા બહુ જ વિષમ,

જાઇ નડિયા ચઉદ્દસપુવ્વી વિ રુલંતિ હુ નિગોએ ॥

એ વિષય-તૃષ્ણા ની અડફેટ માં આવી ગયેલા ચૌદ પૂર્વધર હોય, શ્રુતકેવલી ઓ હોય, તેઓ પણ અત્યારે નિગોધ ની અંદર છે. મહાવીર સ્વામીને પ્રશ્ન કર્યો, ભગવાન આવું બની શકે ? ભગવાન શું આવું બન્યું છે, શું નિગોધમાં - અત્યારે એવા એક પણ ચૌદપૂર્વી છે ? જેમણે ચૌદપૂર્વ ભણ્યા ને એનું જ્ઞાન મેળવ્યું, ને હવે નિગોદમાં, નિગોદ ની અંદર, વર્તમાનમાં એવો કોઈ જીવ છે, જે ભૂતકાળમાં ચૌદપૂર્વ ભણ્યો હોય, અને ભગવાન કહે છે કે, એકની વાત ક્યાં કરો છો, વર્તમાન કાળે હું બોલી રહ્યો છું, તમે સાંભળી રહ્યા છો, એ સમયે નિગોદની અંદર એવા અનંતા જીવો છે, જેઓ ભૂતકાળમાં ચૌદ પૂર્વ ધર હતા ! જેનાથી આગળ કોઈ શ્રુતજ્ઞાન નથી, પરાકાષ્ઠાનું જ્ઞાન, એટલું ભણે એ અવશ્ય સમ્યક્ દ્રષ્ટિ હોય, મિથ્યાત્વી હોય એ સાડા નવ પૂર્વથી આગળ કદી વધી ના શકે, દસમું શ્રુત આવ્યું, દસમું ભણાયું, એ અવશ્ય સમ્ય

ગુરુવાર

DATE 05 11 2020

ઓ કે સમ્યક્દ્રષ્ટિ ! જેવા ચૌદ પૂર્વ ધરો, જે સંયમી હતા, સમ્યક્ત્વી હતા, આચારયુક્ત હતા, બધું જ હતું, પણ આજ ભોગ-તૃષ્ણા, એમણે એમને પણ પાડ્યા, પાડીને ગુણસ્થાનક થી પાડ્યા, સમ્યક્ત્વ થી પાડ્યા, સંયમથી પાડ્યા, પહેલા ગુણસ્થાનકે લઈ ગયા, અને ઠેઠ નિગોદ સુધી ઢસડી ગયા.

જે-જે રસ્તે ભોગ-તૃષ્ણા આવતી હોય, તે તે રસ્તાની નાકાબંધી કરવી, ભોગ તૃષ્ણાને બિલકુલ અનુકૂળ ના થાવવું, અને પ્રતિકૂળ વર્તન કરવું. સિદ્ધર્ષિગણિ મહારાજ, કઈ રીતે આંતર સંગ્રામમાં - જુવવું, એના અદ્ભુત સમીકરણો સમજવી રહ્યા છે. આગે સમય થયો છે, આજે આટલું રાખીએ !!

—x—x—x—x—

# ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

શુક્રવાર

## વ્યાખ્યાન નંબર - 63

DATE 06 11 2020

વ્યાખ્યાન સ્થળ :- શ્રી આંબાવાડી જૈન સંઘ, અમદાવાદ

પરમ કારૂણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, ભોગ-તૃષ્ણાના એક પછી એક સમીકરણો રજુ કરી રહ્યા છે.

નાચરણીયમસ્યા ભોગતૃષ્ણાયા અનુકૂલત્વમ્ ।

સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે કે જો તમારે ભોગ-તૃષ્ણા ને ખરેખર જીતવી છે, તો તમે એટલું નક્કી કરો કે મારે કદી પણ ભોગ-તૃષ્ણાને અનુકૂળ પ્રવૃત્તિ કરવી નથી. જે જે ઉપાયે, જે જે રસ્તે ભોગ તૃષ્ણાની વૃદ્ધિ થતી હોય, એ રસ્તે મારે કદી પણ જવું નહિ. એ રસ્તાનું નામ લેવું નહિ, એટલું જ નહિ, ઉપરથી ભોગ-તૃષ્ણાને જે રીતે પ્રતિકૂળ થાય એવા રસ્તા વધારે ને વધારે અપનાવવા, ને એવા રસ્તે મારે ચાલવું, એટલું જ નહીં ઉપરથી ભોગ-તૃષ્ણા ખતમ થઈ જાય એવો મારે ATTACK કરવો, આવું તમે નક્કી કરો ને, એનો અમલ કરો, તો જ તમે ભોગ-તૃષ્ણા ઉપર વિજય મેળવી શકશો.

તમે જોઈ રહ્યા છો તમે જ્યારે જ્યારે T.V. જુઓ છો ને ભોગ-તૃષ્ણા વધે છે, આ T.V. છે જે એવું માધ્યમ છે જેનાથી અંદરની ભોગતૃષ્ણા સળગે છે, ઉછળ-કુદ કરે છે, ન કરવાના કાર્યો કરાવે છે, મનમાં ન કરવાના વિચારો કરાવે છે, આપણે જોયું કે આ નિમિત્તથી ભોગ-તૃષ્ણા વધી રહી છે, તમે એને ઘરમાં સ્થાન આપો, એને રહેવા દો, એને ચાલુ કરો, એને જુઓ, એની સામે ગોઠવાઈ જાવ, કલાકો સુધી

તમે એને ભેગા કરો, એ ભોગ તૃષ્ણાને અનુકૂળ પ્રવૃત્તિ થઈ. તમારે ભોગ-તૃષ્ણા ને તોડવી છે તો તમે પહેલું કામ એ કરો, તોડી ફોડી નાખો એ T.V. ને, કાઢી નાખો એ T.V. ને, એની જગ્યાએ ભગવાનની એક ગોખલી બનાવી દો, એને પ્રભુભક્તિનું સ્થાન બનાવી દો, આનો અર્થ થયો કે ભોગ-તૃષ્ણા ને પ્રતિકૂળ વર્તવું.

મન તમારું ચકળવકળ થયું છે ને આજે તમને મન થયું છે કોઈ ખોટું કામ કરવાનું, કંઈક ખરાબ કામ કરવાનું, દુરાચાર કરવાનું, તમને મન થયું છે ને તમે ચેતી જાવ પહેલાથી, ને દોડી જાવ ઉપાશ્રયમાં, મહાત્મા પાસેથી વૈરાગ્યની ઉર્મિ મેળવો અને રાતનો સમય થાય એ પહેલા તમે ઉપાશ્રયમાં આવી ને, પૌષધ લઈને બેસી જાવ, આનો અર્થ છે ભોગ-તૃષ્ણા ને પ્રતિકૂળ વર્તવું.

નવી હોટલ તમારા એરિયામાં ખુલી છે, બધે એની વાત થઈ રહી છે, મિત્રોમાં પણ એની જ વાત છે. આજુબાજુ વાળા બધા જઈ આવ્યા છે ને એના ખુબ જ વખાણ કરે છે. રવિવારની સવારે તમારી ડાગળી ચસકી ગઈ છે, ને તમે ત્યાં સાંજે જવાનો PLAN બનાવી રહ્યા છો, પહેલાથી તમે ચેતી જાવ ને ભોગ-તૃષ્ણાને પ્રતિકૂળ વર્તવા માટે - કટિબદ્ધ બની જાવ, દોડી જાવ ઉપાશ્રયમાં ગુરુભગવંત પાસે, આયંબિલ નું પચ્ચક્ખાણ તમે લઈ લો, આનું નામ છે, ભોગ તૃષ્ણા ને પ્રતિકૂળ વર્તવું !

તમે જોઈ રહ્યા છો કે તમારા ખીસ્સામાં રહેલો SMART PHONE, દુનિયાભરની ગંદકી - એની અંદર છે ને તમે ગમે તેટલું મનને રોકવા પ્રયાસ કરો, તમે એને રોકી શકતા નથી, તમે ફોનને કાઢો છો, બે-ચાર બટન ફેરવો છો,

ન જોવાનું જોયા છે. જેમાં ન જોવા જેવું જોવા મળે,
ન સાંભળવા જેવું સાંભળવા મળે, ન વાંચવા જેવું
વાંચવા મળે, ગમે તે વ્યક્તિ દુનિયા ગમે તે
ગંદકી, ગમે તે સમયે તમને મોકલી શકે. તમારા
મન ઉપર કાબુ રાખવો, સંયમિત બુધ્ધિને સાચવી
રાખવી, તમારી માટે અશક્ય બની ગયને તમે
જ્યારે સ્પષ્ટ પણે જોઈ રહ્યા છો, ત્યારે SMART
PHONE નો ત્યાગ કરી દોને ચાલુ રાખવું તમે રાખી
હો, આનું નામ ભોગ તૃષ્ણા ને પ્રતિકૂળ વર્તવું.

દિવાળી ના દિવસો આવી જ રહ્યા
છે ને ઘરના બધા સભ્યોની ઈચ્છા છે કે આ
વખતે તો વિદેશ જવું જ છે, અહીંયા તો ઘણી
જગ્યાએ જઈ આવ્યા ને ઘણું જોઈ લીધું, હવે
વિદેશ જવું છે. વિદેશનું જ્યાં નામ પડ્યું, ને
તમને ખબર છે કે ત્યાં ગયા પછી શું મનની
સ્થિતિ થાય છે, અંદર ના કીડાઓ કેવા ઉછળ-
કુદ કરે છે, આત્માની કેટલી બરબાદી થઈ જાય
છે, બધી જ ખબર છે, અને PLAN બની
રહ્યા છે, મિત્રો ના ગ્રુપમાં, સગા ના ગ્રુપમાં,
ઘરની અંદર, અડોશ પડોશ ની અંદર, ચાલો -
બે - ત્રણ FAMILY ઉપડી જઈએ વિદેશ, અને
તમે તપાસ કરો, કે ઉપધાન ક્યાં બેસવાના છે,
ઉપધાન નું ફોર્મ તમે ભરી દો, જેને વિદેશ જવું
હોય તે જાય, તમે ઉપધાન ની અંદર બેસી
જાવ, આનો અર્થ છે, ભોગ તૃષ્ણાને પ્રતિકૂળ વર્તવું.

नाचरणीयमस्या भोगतृष्णाया अनुकूलत्वम्।

સિધ્ધર્ષિગણિ મહારાજ કહે છે તમારે જો તમારા
આત્માનું હિત જોઈતું હોય, દુર્ગતિના દ્વાર જો
તમારે બંધ કરી દેવા છે, નરકમાં તમારે જો કદી
જવું જ નથી, પહેલું કામ તમે આ કરો, ભોગ

શુક્રવાર

DATE 06 11 2020

ત્યાગને કોઈ પણ અનુકૂળ વર્તવું નહિ. જે રીતે એને પ્રતિકૂળ પડે એ રીતે કર્યા કરવું, તો તમે એક અંદરના યુદ્ધની અંદર જીતી જશો.

તમે જોઈ રહ્યા છો, કે આ રોજ-રોજ છાપુ ઘરમાં આવે છે, બાળકોની સામે ખોલીને જોઈ ના શકાય, એવું છાપુ. એના ચિત્રો, એની કોલમો, એના લખાણો, એના CONTENT, એની ગંદકી, આત્મસાક્ષી એ તમે આત્માને પુછો કે આ શું મારા આત્મા માટે હિતકર છે ? શું આના વગર હું જીવી શકું એમ નથી. રસોડું ચલાવવાની જરૂર છે, ધંધો ચલાવવાની જરૂર છે, શરીર ચલાવવાની જરૂર છે, પરિવાર ચલાવવાની જરૂર છે, આ છાપાની શું જરૂર છે ?

દુનિયા-ભરની ગંદકી રોજકથા, દેશકથા, ભક્તકથા, સ્ત્રી કથા, છીછરામાં છીછરી, ગંદામાં ગંદી વાતો એ આની અંદર આવે છે, એ વસ્તુ તો મારા ઘરમાં ન જ આવવી જોઈએ. બેલ વાગે છે, છાપા વાળો માણસ આવ્યો છે, તમને છાપુ આપે છે, તમે એને આજ સુધીનો હિસાબ આપી દો છો, છાપુ પાછુ આપી દો છો, અને કહી દો છો કે કાલથી મને આની જરૂર નથી, આનો અર્થ ભોગ-ત્યાગોને પ્રતિકૂળ વર્તવું !

## ભોગ-ત્યાગ એ જ આત્માનો સાચો દુશ્મન છે.

આપણે બહારના દુશ્મનો સાથે બાધીએ છીએ, ખાર રાખીએ છીએ, ઉકળી જઈએ છીએ, જે મારી નિંદા કરે, જે મારો ટાંટિયો ખેંચે, જે મને હેરાન કરે છે, સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે, હજુ તું કંઈ સમજ્યો જ નથી. તારો ખરો દુશ્મન હોય તો

classmate

એ ભોગ-તૃષ્ણા છે. અને અંદરના અને બહારના બધા દુશ્મનો ઉભા થાય છે એનું કારણ ભોગ-તૃષ્ણા સિવાય બીજું કશું જ નથી. ઝઘડો-કરવો હોય તો એની સાથે કર, દાજ રાખવી હોય તો એના ઉપર રાખ, યુધ્ધ કરવું હોય તો એની સાથે કર; એ જ ખરાબ છે એની સિવાય બીજું કોઈ જ ખરાબ નથી. ભોગ-તૃષ્ણા એ જ આત્માનો ખરો શત્રુ છે, એ જ દુશ્મન છે, એ જ પ્રતિકૂળ કરનાર છે, એ જ દુર્ગતિ છે, એ જ નરક છે, એ જ નિગોદ છે, એ જ ભવભ્રમણ છે. સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે કે તુ એને છોડી દે, એટલે તારું કામ થઈ ગયું.

જેની સાથે લડવાનું છે, ઝઘડવાનું છે, એની સામે પડવાનું છે, ધક્કા મારીને જેને જિંદગી માંથી કાઢી નાખવાના છે, એને જ તારે પંપાળવા છે, રાખવા છે, સાચવવા છે. એ જ તારી બહુ મોટી કમનસીબી છે. સમાધિતંત્રમાં પૂજ્યપાદ સ્વામી કહે છે,

मूढात्मा यत्र विश्वस्त- स्ततो नान्यद् भयास्पदम् ।

મૂઢ જીવને જે ગમે છે, સારા લાગે છે, વ્હાલા લાગે છે, મને આનાથી સુખ મળશે, એવું લાગે છે,

यतो भीतस्ततो नान्य- दभयस्थानमात्मनः ॥

અને મૂઢ જીવ જેનાથી ડરેલો છે, એ જ એના માટે અભય સ્થાન છે. એ છે દેવ, એ છે ગુરુ, એ છે શાસ્ત્ર. જે ભોગ તૃષ્ણા ને અનુકૂળ વર્તે છે એ નરકના રસ્તા ને અનુકૂળ વર્તે છે. ભોગ-તૃષ્ણા ને અનુકૂળ વર્તે છે એ નિગોદમાં જવાની પહેરવી કરે છે. ભોગ-તૃષ્ણા ને અનુકૂળ વર્તે છે, એ પોતાના આત્માનું ધનોત- પનોત કરે છે, આજે એટલું કામ કરી,

શુક્રવાર

DATE 06 11 2020

કાગળ લઈને બેસો, એક LIST બનાવો, કયા કયા નિમિત્તો છે જેનાથી ભોગ-તૃષ્ણા વધે છે. એક પછી એક એ દરેક નિમિત્ત ને, જીવનમાંથી - બહાર કાઢો.

બીજું બધું જ સહન થશે, દુઃખો - સહન થશે, કષ્ટો સહન થશે, ગમે તેવી તકલીફો હશે, રોગ હશે, હું કહું છું, એનાથી તમારું એટલું નુકશાન નથી, જેટલું ભોગ-તૃષ્ણાને ઉભા કરનારા નિમિત્તો થી છે! શાસ્ત્રકાર ભગવંતો એ જે મોક્ષ નો માર્ગ બતાડ્યો, જે મોક્ષ નો ઉપાય - બતાડ્યો, જે દિન ચર્યા બતાડી, એની અંદર એક વિધાન એ કર્યું,

મણોહરં ચિત્તહરં મલ્લધુવેણ વાસિયં।

વિહાર કરતા- કરતા મહાત્મા ક્યાંક પહોંચ્યા છે, અને જે મકાન છે એ કેવું છે, તો બહુ જ LUXURIOUS (વૈભવી) છે. એના ની સાથે આનંદ થઈ જાય, ગલગલિયા થઈ જાય, આંખ ચોંટી જાય, એવી સરસ મજાની TILES, એવું સરસ મજાનું FLORING સરસ મજાનો કલર, સરસ મજાના ઝરૂખા, બારી, પડદા, આખ્ખું રાજમહેલ જેવું લાગે એવું મકાન છે, એમાં પાછી બધી ફુલોની માળાઓ લગાડેલી છે. એમાં પાછો ધુપ પેટાવ્યો છે, એટલી સુગંધ... સુગંધ... સુગંધ....

સકવાડં પંડુરુલ્લોવં મણસા વિ ણ પત્થએ ॥

એના બારણા HI - CLASS છે, એમાં ચંદરવા છે, એની અંદર પડદા છે, આવું જે મકાન હોય, ત્યાં રહેવું કે ના રહેવું ? પ્રશ્ન કર્યો એનો ઉત્તરાધ્યયન સુત્ર જવાબ આપે છે,

મણસા વિ ણ પત્થએ ।

ત્યાં રહેવાની વાત દુર છે, એને જોવાની વાત દુર છે,

મનથી પણ તમે એમાં રહેવાની ઈચ્છા સુધ્ધા કરતા
નહિ ! પ્રશ્ન કર્યો કે ભાઈ વાંધો શું છે ?
સાધુને શું પડી છે. સાધુએ ક્યાં પડદાને લેવા
જવું છે, કશું કરવું નથી. સાધુ તો અંદર રહીને
સ્વાધ્યાય કરવાના, ગોચરી વાપરવાના, આરામ -
કરવાના, ક્રિયા કરવાના, પ્રતિક્રમણ કરવાના, પછી
શું વાંધો છે ? એની ઉત્તરાધ્યયન સૂત્રની
અંદર ત્યાં જવાબ આપ્યો,

इंदियाइं उ भिक्खुस्स तारिसम्मि उवस्सए ।

સાધુ જો એવા ઉપાશ્રયમાં રહેશે તો એમની -
ઈન્દ્રિયો ચંચળ-વંચળ થશે,

दुक्कराइं निवारेउं कामरागविवड्ढणे ॥

ત્યાં કામ રાગની વૃધ્ધિ થશે, અને ઈન્દ્રિયો ને
રોકવી બહુ જ અઘરી પડશે. જે ઉપાશ્રયની
અંદર T.V. નથી, જે ઉપાશ્રય ની અંદર -
SMART- PHONE નથી, જે ઉપાશ્રયની અંદર
કોઈ થિયેટર નથી, કોઈ મોટી તમારી SCREEN
નથી, એવા કોઈ જ સાધનો વર્તમાન કાળના
નથી, જે અંદર કોઈજ વિભનીય નથી, એક
ડાન હેવી સુધ્ધા નથી, માત્ર LUXURIOUS
મકાન છે. આગમ કહે છે કે તમારે તમારા
મન ને વૈરાગ્ય માં રાખવું હોય ને, તમારે
તમારા આત્માનું ધિનૌત- પનૌત ન કાઢવું હોય,
તો તમે એવા મકાન માં રહેતા નહી.

સભાનો પ્રશ્ન :- શ્રાવક પોતાની વસ્તિ આપે,
એ તો જે પોતાની જગ્યા હોય
એ આપે, તો એમાં શું કરવું ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- જે હોય એ આપે,

એ શ્રાવક નો પણ. આગમિક મર્યાદા મુજબ ચાલે તો એમાં ઉતરવું, એ સાધુ નો પણ! આત્ર કેવા મકાનમાં ઉતરવું કે ન ઉતરવું એ માટે - હજારો શ્લોક પ્રમાણ સાહિત્ય આજે જિનશાસન માં ઉપલબ્ધ છે. એક બાજુ આગમિક મર્યાદાઓ - મૂકીએ, કાળજી મૂકીએ, ભગવાને કહેલી મોક્ષાર્થી આત્માની કાળજી કે તમે આમ કરશો તો તમારો વૈરાગ્ય સ્થિર રહેશે.

બીજી બાજુ સંસારી જીવનમાં, ગૃહસ્થ જીવનમાં, જે મર્યાદાના લીરે લીરા આપણે આપણા હાથે ઉડાડી દેતા હોઈએ, અને પછી આપણી ફરિયાદ કરીએ કે સાહેબ ભોગ તૃષ્ણા સતાવે, સાહેબ રાગ બહુ સતાવે છે, મોહ બહુ સતાવે છે, વ્યાખ્યાનમાં વૈરાગ્ય જાગે છે, ઘરે જઈને ટકતો જ નથી. શાસ્ત્રકાર ભગવંતો કહે છે ન જ ટકે! તમે કહો કે સાહેબ અમે ઘરમાં ઉપાશ્રય બનાવી એ તો કેવું લાગે, બધા હસે. હું તમને કહું છું ઘરમાં લગભગ અશક્ય છે. ઘરે જો મોક્ષ યાત્રા થઈ શકતી હોત, ઘરે જો મોક્ષ સાધના થઈ શકતી હોત, ઘરેથી જો મોક્ષ મળી શકતો હોત, તો અનંતા-તીર્થંકરો એ ઘર-બાર છોડ્યા ન હોત, ને ઘર-બાર છોડવાનો ઉપદેશ ન આપ્યો હોત! આચારાંગ-ચૂલિકા ની અંદર સ્પષ્ટ કહ્યું છે.

विओसिरे विण्णू अगारबंधणं।

તમારામાં બુદ્ધિ હોય, જ્ઞાન હોય, સમજદારી હોય, તો પહેલું કામ તમે ઘર છોડવાનું કરો. તમે ઘર નહીં છોડો ત્યાં સુધી તમારો ઉદ્ધાર થવાનો નથી!

नाचरणीयमस्या भोगतृष्णाया अनुकूलत्वम्।

મોહવિજય ઉદ્યાનની અંદર પ્રતિબોધક આચાર્ય, ચેતન COUPLE (જોડા) ને સામે રાજાને, સમગ્ર પર્ષદાને,

આપણને બધાને ઉપદેશ આપી રહ્યા છે, આ ભવની અંદર તમે કદાચ ભોગ-તૃષ્ણા ન જ છોડી શકો, તો એટલું કરજો, તમને મળેલું જે સમ્યક્દર્શન એને સાચવજો. વારંવાર સદ્ગુરુનું સાંનિધ્ય તમે માંગતા રહેજો, સદ્ગુરુના સાનિધ્ય દ્વારા, મળેલ સમ્યક્દર્શન ને તમે વધુને વધુ નિર્મળ કરતા રહેજો. આગળ વધીને તમે ભોગ-તૃષ્ણાને અનુકૂળ પ્રવૃત્તિ બિલકુલ કરતા નહીં.

ભોજન ની અંદર તમે ગયા છો, એક પછી એક COUNTERS છે, ત્યાં ૩૦-૪૦-૫૦ વાનગીઓ છે, તમને જે ભાવતી વાનગી, ગઈકાલ સુધી પહેલી એ તમે લેતા હતા, જવાય એટલી ખાતા હતા, હવે નક્કી કરો કે ભાવે એ તો હરગીઝ નહિ લેવાનું! જે ગમે એ કપડા પહેરી લેવાના નહિ. ઘરેણા ની જે ડિઝાઈન મનમાં રાગ ઉપજાવે એ DESIGN નો ત્યાગ કરવો. જે વસ્તુનો કલર આપણને ગમે છે, એ વસ્તુ વાપરવી જ પડે તો એ કલર ની તો ન જ વાપરવી. અને એટલી જીવનમાં સાદગી, અને એટલો વૈરાગ્ય, અને એટલો અધ્યાત્મ, ઘરનો માહોલ રાગ જનક નહીં, પણ ભગવાન પ્રત્યે અહોભાવ જનક, ભગવાનની મુર્તિ, ભગવાનનો ફોટો, તીર્થનું ચિત્ર, દેરાસરનું ચિત્ર, ઘરનો માહોલ અવિરતિ જનક નહીં પણ, આમ જુઓ ને ઓઘો દેખાય, આમ જુઓ ને પાત્રા દેખાય, આમ જુઓ ને કામળી દેખાય, ચારિત્ર નો મનોરથ દિવસમાં ૨૫-૫૦-૧૦૦ વાર થયા વગર ન રહે, એવો ઘરનો માહોલ! મારા જીવનની અંદર એવી એક-પણ વસ્તુ ન જોઈએ, જે મારી ભોગ-તૃષ્ણાને

ફરીફરી, મારા જીવનની અંદર એવી જ વસ્તુ જોઈએ
જે આવેલી ભોગતૃષ્ણાને શમાવ્યા વગર, જનમ કર્યા
વગર રહે નહિ!

મોહવિજય ઉદ્યાનમાં પ્રતિબોધક આચાર્ય,
મોક્ષ માર્ગના સમીકરણોની શ્રેણીમાં આગળ વધે છે,

कथयितव्यो मनसि विवर्तमानोऽस्याः सम्बन्धा विकारः।

જ્યારે જ્યારે તમારા મનમાં ભોગ તૃષ્ણા જાગે, તમારો
પ્રશ્ન છે કઈ રીતે જીતવું? બહુ જ સહેલો ઉપાય
છે એના ઉપર વિજય મેળવવાનો. તમે માત્ર એને
જુઓ. માણસ આંખ થી જુએ છે. એ આંખથી
જોઈ શકો છો જે વસ્તુ ને મનથી જોઈ શકો છો,
એ મનથી જે આંખ ને જોઈ શકો છો, આંખની
પ્રવૃત્તિ ને જોઈ શકો છો, એના સુક્ષ્મ મનથી જોઈ
શકો છો. અને એ સુક્ષ્મ મન ઉપર આત્મા -
પોતાની દ્રષ્ટિ કેન્દ્રિત કરી શકે છે. પછાત જીવો
હોય છે, અજ્ઞ અને અબુઝ જીવો હોય છે, એ
પહેલી દ્રષ્ટિ થી આગળ વધી શકતા નથી, દ્રષ્ટિ
જોવે છે. એક આંતર દ્રષ્ટિ છે, જે બાહ્ય દ્રષ્ટિને
જોઈ શકે છે. એક સુક્ષ્મ આંતર દ્રષ્ટિ છે,
જે આંતર દ્રષ્ટિ ને જોઈ શકે છે. એના -
સર્વોપરિ સત્તા આત્માની છે જે સુક્ષ્મ આંતર
દ્રષ્ટિ ને પણ જોઈ શકે છે. તમે કેટલા સ્તરે
પહોંચ્યા છો એ બતાવે છે કે તમે મોક્ષ માર્ગમાં ક્યાં
સુધી પહોંચ્યા છો. તમે દ્રષ્ટિ માં જ અટકી ગયા, જોયું
જે દેખાડ્યું વાત બધી જ પતી ગઈ, આની વધુ જોવાની
તમારી કોઈ તેવડ જ નથી, તો મોક્ષ યાત્રામાં તમે
ઘણા પાછળ છો. તમે દ્રષ્ટિ ને જોઈ શકો છો તો
તમે થોડા આગળ છો, તમે દ્રષ્ટિ ને જોનારી દ્રષ્ટિને
જોઈ શકો છો, તમે હજુ આગળ છો ને એને જોનારા
આત્મા ઉપર પણ તમારો ઉપયોગ છે, તો તમે

મોક્ષ માર્ગમાં ઘણા આગળ છો. પ્રતિબોધક આચાર્ય કહે છે,

लक्षयितव्यो मनसि विवर्तमानो (स्या: सम्बन्धी विकार: ।

મનમાં જાગતા, ઉઠતા, સળવળતા, ઉછળ-કૂદ કરતા, ભોગ-તૃષ્ણા સંબંધી જે વિકાર, ભોગ-તૃષ્ણા નો વિકાર, એને તમારે પરખવો, એને જોવો એનું નિરીક્ષણ કરવું. ખુલ્લી આંખે દુનિયાનો એક પણ દોષ સેવી શકાતો નથી. દુનિયાના બધા જ દોષ, બંધ આંખે જ સેવી શકાય છે. આંખ ખુલે છે ને દોષ બંધ થઈ જાય છે. આંખ બંધ થાય છે ને દોષો ખુલી જાય છે.

સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે, તમે જોવો! આચારાંગ સુત્ર કહે છે,

सुत्ता अमुणी सिया मुणिणो सुत्ता वि जागरा हुंति ।

જે સુઈ ગયા છે, ઉંઘી ગયા છે, એ અમુનિ છે, એ સાધુ નથી. સાચો સાધુ એ છે, સાચા - સાધક એ છે, જે સુતેલા હોવા છતા, નિદ્રાધીન હોવા છતા, જાગૃત છે.

માછલી છે ને સુતી હોય તો એ એની આંખો ખુલ્લી જ હોય. માછલી ઉંઘી જાય તો એ એની આંખો બંધ ન થાય. પણ સુતેલી અવસ્થામાં માછલી ને કશું દેખાતું નથી હોતું. એ અપેક્ષા એ જોઈએ, તો માછલી છે ને એ ખુલ્લી આંખે પણ ઉંઘતી હોય, એને દેખાતું ન હોય એ અપેક્ષા એ એની આંખો તો બંધ જ હોય છે!

દોષ સેવન બંધ આંખે જ શક્ય છે, ગુણ સેવન ખુલ્લી આંખે જ શક્ય છે.

सुत्ता अमुणी सिया ।

જે સુતેલા છે, એ સાધક નથી.

मुणिणो सुत्ता वि जागरा हुंति ।

मुनिवरो सुई भय, साधक सुई भय, तोय भगता होय छे. घरनी अंदर चोर आवे ने तमे पोलीसने बोलावो, ए पछीनी वात छे. बुमाबुम करो ए पण पछीनी वात छे. तमे भगी गया ए ज चोरने जवा माटे पुरतुं होय छे. ऋषिभाषित आगम-सुत्र कहे छे,

जागरह णरा णिच्चं ।

तमारे जो पामवुं छे, तमारे जो तमारी संपत्ति टकाववी छे, तमारे जो तमारा घरने लुंटावा नथी देवुं, तो तमे हंमेशा भगता रहो.

मा मे धम्मकम्मपमत्तस्स ।

तमारुं आ कर्तव्य, एमां जो तमे प्रमादी रह्या,

काहिंति बहु चोरा दुग्गइमग्गे हिडाकम्मं ।

तमे सुई भव छो, त्यारे बधा ज चोरो तमारा उपर तूटी पडे छे. तमे भगी छो त्यारे बधा ज चोरो ऊली पुंछडीए भागी भय छे. ऋषिभाषित-आगम सुत्र कहे छे,

जग्गाहि मा सुयाहि ।

तमे भगो, तमे सुई ना भओ !

* सिनेमाघरमां बेठा छो, एटले तमे सुई रह्या छो ने चोरो तमारुं बधुं ज लुंटी रह्या छे.
* INTERNET उपर तमे ONLINE छो एटले, समजु लो तमे घसघसाट सुई गया छो, तमारुं घर छे एनुं बधुं ज लुंटाई रह्युं छे.

भोगतृष्णा ने वधारनारा जेटला-जेटला निमित्तो छे, ए आत्मा ने घसघसाट उंघाडी देनारा निमित्तो छे. आत्मा ने लुंटावनारा निमित्तो छे. चोरो ने आमंत्रण आपनारा निमित्तो छे. आसन्न भव्य होय छे, ए भतो होय छे.

દુર્ભવ્ય હોય છે એ સુતો હોય છે. અને અભવ્ય હોય છે એ આંધળો હોય છે. આસન્ન ભવ્ય એ સતત જાગૃત, સતત જાગેલો, તાકાત નથી કોઈ ચોરની એનું ઘર લુંટવા આવી શકે. દુર્ભવ્ય સુતો હોય છે, એની ABILITY (ક્ષમતા) USE (ઉપયોગ) નથી કરતો ને એનું ઘર બેફામ લુંટાઈ રહ્યું હોય છે. અભવ્ય આંધળો હોય છે, નથી એ જોતો, નથી એનામાં જોવાની ABILITY એ જોઈ જ શકવાનો નથી, એ સતત લુંટાતો જ રહે છે, અથવા લુંટવા જેવું એની પાસે કંઈ હોતું જ નથી.

આંતર શત્રુઓ ને જીતવાનો શ્રેષ્ઠ ઉપાય છે, જોવું! જે ઉઠે છે એ જીતે છે. જે જાગે છે એ જુએ છે. જે સુઈ જાય છે એ જોઈ નથી શકતો. એકદમ નાનો પર્વત અને એનો સાંકડો રસ્તો, એકદમ સાંકડો, એક સાથે એક પગ જ મુકી શકાય, એટલો સાંકડો રસ્તો, બે ય બાજુ ઊંડી ખીણ, એવા રસ્તે જોયા વગર ચાલવું, અને જીવનમાં પળે-પળે જાગૃતિ ન રાખવી, આ બંને નો અર્થ એક જ છે આપઘાત! જે આળસ પડશે, ટીચાશે, કુટાશે, ઘુંઘાશે, એના છોતરે છોતરા ઉડી જશે, જે એવા રસ્તે જોયા વગર ચાલશે, બરાબર એ જ રીતે, જીવનમાં જેની પળે-પળે જાગૃતિ નથી, એની પણ એજ દશા થવાની.

(વ્યવહાર નય કહે છે, ચાલવું એ મોક્ષ યાત્રા છે. નિશ્ચય નય કહે છે જોવું એ મોક્ષયાત્રા છે. જિનશાસન કહે છે, બંનેને - ચાલવું એ મોક્ષ યાત્રા છે. એકલું ચાલવામાં - પણ જોખમ છે, એકલું જોવામાં પણ જોખમ છે,

આવશ્યક નિર્યુક્તિ આગમની અંદર શ્રુત કેવલી - ભદ્રબાહુ સ્વામી મહારાજ કહે છે,

पासंतो पंगुलो दड्ढो

અડાબીડ જંગલ છે ને જંગલની અંદર આગ લાગી ગઈ, દાવાનળ ફાટી નીકળ્યો, જંગલની અંદર બે વ્યક્તિ છે, એક પાંગળો છે ને એક આંધળો છે, પાંગળો છે એના પગ નથી, પગ સારા નથી, જુએ છે, રસ્તો છે અહીંયા થી આગળ વધી શકાય, આ માર્ગ છે... આ માર્ગ છે... આ માર્ગ છે... આ માર્ગ છે ---- બધી જાતની માહિતી આમથી જઈ શકાય, પાંગળો જુએ છે છતાં એ બળીને ભડથું - થઈ જાય છે, કારણકે એક પગલું પણ એ ચાલી શકતો નથી. એક આંધળો છે એના પગ સાબુત છે, શરીરમાં શક્તિ છે. આગ - લાગી ગઈ, ઝળ લાગી છે, ખ્યાલ આવી ગયો, ને દોડે છે, આંધળો દોટ એવી મુકી છે. એ પણ બળી ને ભડથું થઈ જાય છે. કારણકે ક્યાંથી જવું કેવી રીતે જવું, એ જોઈ શકતો નથી.
એકનું ચાલવામાં પણ જોખમ, એકનું જોવામાં પણ જોખમ, જિનશાસન કહે છે, જોતા રહો અને ચાલતા રહો, નિશ્ચય પણ જોશે, વ્યવહાર પણ જોશે, જે માંથી એક પણ ગયા, શ્રુત કેવલી - ભદ્રબાહુ સ્વામી કહે છે,

पासंतो पंगुलो दड्ढो

જે જ્ઞાન ની અંદર ક્રિયા નથી, એ જ્ઞાન પણ ગયું, જે ક્રિયાની અંદર જ્ઞાન નથી, એ પણ ગઈ.

हयं णाणं कियाहीणं, हया अण्णाणओ किया।

જ્ઞાન વગરની ક્રિયા પણ નકામી છે ને ક્રિયા - વગરનું જ્ઞાન પણ નકામું છે. જ્યારે આપણી સ્વરૂપ દર્શન કરીએ છીએ, અગતી ભોગ-તૃષ્ણાને

જોઈએ છીએ, ત્યારે આપણો એક અપેક્ષાએ દ્રષ્ટિ વિષ સર્પ બની જઈએ છીએ, એને કરડવાનું ના હોય એને માત્ર જોવાનું હોય, એને જોવે ખલાસ થઈ જાય. સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે, હોય ને જો તમારે જીતવા છે તો, તમે આટલું કામ કરો, દોષ ને જોવો! તમે જોશો ને એ ખલાસ થઈ જશે.

लक्षयितव्यो मनसि विवर्तमानो ऽस्याः सम्बन्धी विकारः।

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે.
બીજા યાત્રા નું આગળ નું સમીકરણ.

સભાનો પ્રશ્ન :- આપણો સાચું કરીએ છીએ કે દંભ કરીએ છીએ એનું પ્રમાણ શું?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- એક ઘટના થી પ્રશ્ન નો જવાબ આપું. અમારા એક મહાત્મા, અત્યંત વૃધ્ધ, બિમાર, પથારીવશ, શાતા પુછવા ગયો હતો ને મારી આગળ આત્મ-નિંદા કરતા હતા, કે હું તો આર્તધ્યાન કરું છું. હું તો જ્યારે જાઉ ત્યારે એમને પોરસ ચડાવું, તમે તો આત્મભાવમાં, પરમ સમાધિમાં, આત્માની અંદર લયલીન આવું... આવું હું કહું, એટલે એમણે મને બીજા છેડા ની વાત કરી કે હું તો આર્ત ધ્યાન કરું છું. એટલે મેં એમને જવાબ આપ્યો કે તમે આર્ત ધ્યાન કરો છો, જો આવું ખરેખર હોય ને તો તમને એવું ન લાગે કે તમે આર્ત ધ્યાન કરો છો. તમારી હવે આત્મ જાગૃતિ છે, આત્મ દ્રષ્ટિ છે તમે એમાંથી બહાર નીકળીને એને જોઈ શકો છો, માટે તમે કહો છો કે તમે આર્ત ધ્યાન કરો છો, તો એનો અર્થ એ છે કે તમે આત્મ દ્રષ્ટિની

શુક્રવાર

DATE 06 11 2020

આત્મ પ્રતીતિમાં છો. પ્રશ્નની હવે નક્કી આવું. આપણે સાચું કરીએ છીએ કે દંભ કરીએ છીએ, એનું પ્રમાણ શું ? એની સાબિતી શું ? આપણને ખબર કેમ પડે ? ઉપદેશમાલામાં ધર્મદાસ ગણિ મહારાજે આ પ્રશ્ન નો જવાબ આપ્યો છે.

अप्पा जाणइ अप्पा जहट्ठिओ।

આત્મા, આત્માની વાત બરાબર જાણે છે. આત્મા સાચો છે કે દંભી, આત્મા ચોર છે કે શાહુકાર છે, આત્મા નાટક કરે છે કે સાચું કરે છે, એ આત્મા જ જાણે ! સમાન ક્રિયા હોય, જોનારને બંને સાચા લાગે, ભલે એક જ સાચો હોય, પણ જે સાચો છે એને ખબર છે કે હું સાચો છું. ખોટો છે એને ખબર છે કે હું ખોટો છું. ભલે જાહેર ના કરે, ભલે કબુલ ના કરે, એને બધી ખબર છે, કે હું કેટલામાં છું.

अप्पसक्खिओ धम्मो।

ધર્મ, આત્મસાક્ષીએ છે ! માત્ર દીક્ષાને લેવામાં નહિ, પૂજામાં, પ્રતિક્રમણ માં, સામાયિક માં, દાનમાં, પ્રવચન શ્રવણમાં, ગુરુવંદનમાં, આપણે આપણને ઓળખીએ છીએ, કે આપણે કેટલું સાચું કરીએ છીએ, કેટલું ખોટું કરીએ છીએ, કેટલું નાટક કરીએ છીએ કેટલો દંભ કરીએ છીએ, ને કેટલું ખરેખર કરીએ છીએ ! મનની જેટલી ચોરી છે એને આત્મા સમજી શકે છે, એને આત્મ સાક્ષીએ નિર્ણય કરી શકે છે, કે હું કેટલો PLUS માં છુ, કેટલો MINUS માં છુ.

સભાનો પ્રશ્ન :- ધર્મ કરું છું એ મારી જાણી છે કે ખુલી છે એ કઈ રીતે નક્કી કરવું ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- એક અપેક્ષાએ જોઈએ તો ભગવત ગીતામાં આ પ્રશ્ન નો જેવો

જવાબ આપ્યો છે,

नायं लोको न परो न सुखं संशयात्मनः।

એક વ્યક્તિ એવી છે જેને ધર્મ ગમતો જ નથી, લેવા-દેવા જ નથી, જાણી છે ધર્મ બધો જોયો, ફ્રોડ હાયક, ફુ.જ હાયક! એક વર્ગ એવો પણ છે. બીજો વર્ગ એવો પણ છે. ધર્મને બરાબર સમજ્યા, બરાબર રીતે અનુસરવાનો, ધર્મ ઉપર અથાગ-શ્રદ્ધા અને પોતે જે ધર્મ કરી રહ્યા છે એ એનાં ટકા ફળવાનો, આવો અડગ વિશ્વાસ! આ બે છેડાની વચ્ચેનો એક વર્ગ એવો છે, જેને એકદમ અવિશ્વાસ પણ નથી ને એકદમ વિશ્વાસ પણ નથી. કરે છે પણ DOUBT રહ્યા કરે છે, કે કરીએ તો છીએ પણ આમાં બધુ બરાબર થશે કે નહિ, છે કે નહિ, - આનાથી શું વળશે શું મળશે?, સમ્યક્દર્શન ના અતિચારો ની અંદર શંકા, કાંક્ષા, વિચિકિત્સા, આ જે અતિચાર બતાડ્યા, એની અંદર તેઓ વર્તતા હોય છે. શંકા એટલે આ સાચું હશે કે નહિ. કાંક્ષા એટલે પરદર્શનની ઈચ્છા થઈ જાય. હાલો ને ભાઈ આમાં જઈ આવીએ, નવું નીકળ્યું છે, બહુ સારું ચાલ્યું છે, બધા વખાણ કરે છે ને ફાયદો થાય છે આનું નામ કાંક્ષા! અને વિચિકિત્સા એટલે ફળ સંશય કે આ બધું કરું છું, પણ આનું ફળ મળશે કે નહિ! ભગવદ્ ગીતા કહે છે કે જે સંશય આત્મા છે, જે DOUBT જ કર્યા કરે છે, એનો આ લોક પણ નષ્ટ થાય છે, પરલોક પણ નષ્ટ થાય છે, અને એની સુખ પણ નથી થતું. ભગવદ્ ગીતા કહે છે,

अज्ञश्चाश्रद्दधानश्च संशयानो विनश्यति।

ત્રણ પ્રકાર ના આત્મા જેનો નાશ થઈ જાય છે, પહેલા નંબરમાં જે અજ્ઞાન છે, બીજા નંબરની અંદર જેને શ્રદ્ધા જ નથી થતી, જે આત્મા જ નહિ - ધર્મના TOUCH માં, જે લાઈન બીજુ બાકુ રહ્યા, તેઓ અજ્ઞાની. જેઓ આવ્યા, બેઠા, વ્યાખ્યાન - સાંભળ્યું, ભગવાનની વાણી સાંભળી પણ શ્રદ્ધા જ ન થઈ, એમનો નાશ થવાનો, અને ત્રીજા નંબરમાં, જેને શ્રદ્ધા પણ કંઈક થઈ પણ સંશય થયા કરે છે, એમનો પણ નાશ થવાનો.

મહાકવિ કાલિદાસે બહુ માર્મિક વાત કરી છે.

प्रमाणमन्तःकरणप्रवृत्तयः ।

જે વસ્તુ ના બાહ્ય લક્ષણો નથી, બહાર નિશ્ચિત આપણે ના કરી શકીએ, કે આ છે, આના કારણે આ છે, આના કારણે આ છે, આના કારણે, એવી વસ્તુની અંદર છેવટે માણસ નું અંતઃકરણ, એ જ પ્રમાણ હોય છે.

શાસ્ત્રો છે, જિનવાણી છે, માહોલ છે, સંઘ છે, છતાં માણસને પ્રશ્ન રહે કે મને પ્રતીતી કઈ રીતે થાય, કે આ જ સાચું ?. કેટલાક ને એવું થાય છે, દેવતા વગેરે આવી જાય, એવું કોઈ અતિન્દ્રિય જે અત્યારે નથી દેખાતું, એવું આવી જાય ને આપણને દેખાય જાય ને પછી સંતોષ થઈ જાય કે બધું બરાબર છે. હવે આપણે ભુલીએ છીએ, ભગવાનની હાજરી છે, સાક્ષાત તીર્થંકર છે, અસંખ્ય દેવતાઓ, આકાશ માંથી દર્શન આવી રહ્યા છે, ભગવાન દેખાડે છે આ ધર્મનું ફળ છે. સ્વર્ગ નું અસ્તિત્વ છે, ધર્મ નું અસ્તિત્વ છે પુણ્ય-પાપ નું અસ્તિત્વ છે, તો એ ઘણા જીવો - એવા હોય છે જેમને શ્રદ્ધા થતી નથી.

प्रमाणमन्तःकरणप्रवृत्तयः ।

આત્મા ના અસ્તિત્વ માટે, આત્મા દેખાય, આત્મા છે, આત્મા જરૂર પડે એના માટે બહાર ગમે તેટલા ફાંફાં મારીએ, કેવળજ્ઞાન સુધી આત્માનો સાક્ષાત્કાર શક્ય જ નથી. આત્મા અરૂપી છે ને કેવળજ્ઞાની જ આત્મા ને જોઈ શકે, બીજુ કોઈ આત્મા ને જોઈ શકે એ શક્ય જ નથી. તો જ્યારે ધર્મનો BASE જ આટલો પરોક્ષ છે તો ધર્મ કઈ રીતે કરીએ ને શાસ્ત્રમાં એ જવાબ - આપ્યો, કે

आत्माऽपि अहमिति स्वसंवेदनेन प्रत्यक्ष एव ।

આ તો ઇન્દ્રિય છે, ઇન્દ્રિય કંઈ જોવા જેવી વસ્તુ જ નથી. ઇન્દ્રિય રૂપી છે, આત્મા અરૂપી છે - કેવળજ્ઞાનમાં દેખાય એ વાત પણ સાચી, પણ તમે જ તમારા મનથી, તમારા અંતઃકરણથી તમારા સ્વશક્ય ધનથી, તમે આત્માને અનુભવી શકો છો. આત્માનું સાક્ષાત કરણ, પ્રત્યક્ષી કરણ, એ પણ આત્મા નો સાક્ષાત્કાર જ છે.

પ્રશ્નની વધારે નજીક આવું, હું ધર્મ કરું એ મારી જાગી છે કે ખુલી છે એ કઈ રીતે નક્કી કરવું ?, આપણો જીવનનાં બધા જ વ્યવહારો કઈ રીતે કરતા હોઈએ - શીખો, નાના હતા, બાળક હતા, કશી જ ખબર પડતી ન હતી, આપણે જોયું કે મમ્મી ને પપ્પા એ કહ્યું કે ગ્લાસ આપજે, ને મમ્મી એ આ વસ્તુ આપી ને આપણો અંદર DATA FEEDING ચાલુ કર્યું કે આ વસ્તુ ચકચકાય-માન છે, આવો આનો કલર છે, આવી આની SIZE છે, એમાં પાણી લવાય, એને ગ્લાસ કહેવાય, એ વાત આપણે અંદર નાખી. એવી રીતે એક પછી એક DATA ને

આપણી અંદર નાખતા ગયા ___ નાખતા ગયા ___ નાખતા ગયા ___ નાખતા ગયા ___ નાખતા ગયા, આજે બધી જ DATA અંદર FEED થયેલી છે, આને આ કહેવાય આને આ કહેવાય ___ આને આ કહેવાય ___ આને આ કહેવાય ___ આનું આમ ___ આનું આમ ___ આનું આમ ___ આ બધી જ DETAILS આપણે ભેગી કરી. અને બધી જ ભેગી કર્યા પછી, હવે આપણે જ્યારે જે કરવાનું આવે, એ બધું માહિતી ના આધારે, આપણે માત્ર માહિતી ઉપર નથી જતા, આપણે – ARTIFICIAL INTELLIGENCE કે ROBOT જેવા આપણે નથી, આપણે આપણો અનુભવ ભેળવીએ છીએ ને પછી આપણે આપણો નિર્ણય લઈએ છીએ.

સ્વ સંવેદન, બુદ્ધિ, પ્રતિભા, વર્તમાન વાતાવરણ, વર્તમાન જરૂરિયાત, એ બધું ભેગું કરીને જૂની DATA, એ-નો USE કરી ને આપણને જે યોગ્ય લાગે એ નિર્ણય લઈએ છીએ, બરાબર એ જ રીતે આપણે વાંચેલા પુસ્તકો, આપણે સાંભળેલા વ્યાખ્યાનો, આપણે લીધેલી હિતશિક્ષાઓ, આપણે સમજેલો ધર્મ, એ બધી માહિતી ના આધારે, અંત:કરણ પ્રત્યક્ષથી, સ્વસંવેદન-થી, આપણે સમજુ શકીએ કે ભાઈ આ જે હું કરું છું, આ સાચી છે કે જુઠી છે! જેની પાસે કોઈ DATABASE જ નથી, કોઈ માહિતી જ નથી, મન ફાવે એમ ધર્મ કરી ને પોતાની સાચી ને પણ જુઠી માને, માટે જ ભગવાને પહેલું પગથિયું જ્ઞાનનું મુક્યું,

पढमं णाणं तओ दया।

પછી બધા દયા વગેરે ધર્મ, પહેલા તો જ્ઞાન હોય, પછી કોઈ પણ ક્રિયા હોય. જ્ઞાન તમને DATA આપે છે, ક્રિયા તમને આવડત આપે છે, અને અંત:કરણ છે એ ન્યાયાધીશ બનીને તમને નિર્ણય આપે છે,

કે તમે આમા સાચા છો કે આમા તમે ખોટા છો. ભોગ- તૃષ્ણા ને દુર કરવામાં, એક પછી એક સમીકરણો રજુ થઈ રહ્યા છે, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

x x x

ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

શનિવાર

વ્યાખ્યાન નંબર - ૬૪ DATE 07 11 2020

વ્યાખ્યાન સ્થળ :- શ્રી આંબાવાડી જૈન સંઘ, અમદાવાદ

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, મોહવિલય ઉદ્યાનમાં પ્રતિબોધક આચાર્યના મુખે, ભોગ-તૃષ્ણા ની ગુસ્તાના સમીકરણો રજુ કરી રહ્યા છે.

नाचरणीयमस्या भोगतृष्णाया अनुकूलत्वम् ।

ભોગ-તૃષ્ણા ને જે અનુકૂળ હોય એનું આચરણ તમે કરતા નહિ. ભોગ તૃષ્ણા જે કહે એનું ઉંધુ કરજો, એની સામે પડજો, એના વિરુદ્ધ પડજો, એની સામની કરજો, એનો પ્રતિકાર કરજો. એના સેવક નહિ થતા, એના દાસ નહિ થતા, એના આજ્ઞાંકિત નહિ થતા, અંદરની ભોગ-તૃષ્ણા જે કહે એનું ઉંધુ કરજો. ઘરે આવેલા મહેમાન સાથે તમે ઝગડાઈ કરશો તો એ ક્યાં સુધી ઉભા રહેશે, તો રોકવાનો સવાલ જ ક્યાં છે ! ભોગ-તૃષ્ણા ભગે એ પણ પરાધિનતા હોય શકે છે, ભોગ તૃષ્ણા રહે, ભોગ તૃષ્ણા વધે, એની અંદર આપણી મુર્ખતા સિવાય બીજું કોઈ જ કારણ નથી.. સિદ્ધર્ષિ-ગણિ મહારાજ આગળ વધે છે.

कक्षयितव्यो मनसि विवर्तमानोऽस्याः सम्बन्धी विकारः ।

ભીતર ની અંદર ભોગ તૃષ્ણા જાગી છે, એના વિકાર ને તમે જુઓ,

निराकरणीयोऽसौ प्रतिपक्षभावनया ॥

એના સંબંધી વિકાર ને તમે જુવો, જાણો, ઓળખો, એને તમે ઓળખ્યો, એને તમે જોયો, પછી શું કરવું છે, તો પ્રતિપક્ષ ભાવનાથી એનું નિરાકરણ કરવું. બહુ જ દુષ્કર, બહુ જ અઘરું કામ, - કામની ગુસ્તાગી ! સિદ્ધર્ષિગણિ મહારાજ આપણને

એવી FORMULA એવી TECHNIQUE આપવા - માંગે છે, જેનાથી આ કામ એકદમ સહેલું થઈ જાય. સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે જુઓ એ ક્યાંથી ઉભો થાય છે, બીજું કશું નથી એ તમારો વિચાર છે. તમારા મનનો સંકલ્પ છે વિમર્શ છે. પરિણામ છે, જેના કારણે કામ ઉભો થાય છે.

काम ! जानामि ते मूलं, सङ्कल्पात् किल जायसे ।

શાસ્ત્રકાર ભગવંતો, કામદેવને ઉદ્દેશીને કહે છે કે હે કામ ! હું જાણું છું કે તારું મુળ શું છે, તુ સંકલ્પ માંથી જન્મ પામે છે.

अतस्त्वं न करिष्यामि, अतो मे न भविष्यसि ।

તો હું સંકલ્પ જ નહિ કરું હું વિચાર જ નહિ કરું, હું એવો અધ્યવસાય જ નહીં કરું કે જેનાથી - કામ ઉભો થાય. તો પછી તું મને સતાવી જ નહીં શકે, તું મારા મનમાં આવી જ નહિ શકે. શબ્દ શાસ્ત્રો ની અંદર, શબ્દકોષ ની અંદર, કામના સમાનાર્થી નામો ગણાવ્યા છે મદન, વસંતસખા, પુષ્પકેતુ, પંચસાયક, વગેરે વગેરે કામના સમાનાર્થી નામો ! એમાં એમાં એક સમાનાર્થી નામ ગણાવ્યું છે, સંકલ્પ યોની ! સંકલ્પ એટલે વિચાર જ છે જેનું ઉત્પત્તિ સ્થાન, જેનું જન્મ સ્થાન, જેનો જન્મ હેતુ, જેના જન્મનું કારણ, એનું નામ સંકલ્પ યોની !

યોગશાસ્ત્ર માં કલિકાલ સર્વજ્ઞ - હેમચંદ્રાચાર્ય કહે છે,

सङ्कल्पयोनिनाऽनेन, हहा विश्वं विडम्बितम् ।

એ એક સંકલ્પયોની કામ છે જે માત્ર વિચારમાંથી પેદા થાય છે, અને આખી દુનિયાને એણે બાનમાં લીધી છે, આખી દુનિયાને ભરડામાં લીધી

છે, આખી દુનિયાને હેરાન પરેશાન કરી દીધી છે.

~~तदुत्त्वनामि सदनकमां मुकमस्योति चिन्तयेत् ।~~

અડધી રાતે શ્રાવક જાગી ગયા હોય તો, મનની - અંદર કોઈ નબળો વિચાર આવે, તો ત્યારે શ્રાવકે શું વિચાર કરવા એનું વર્ણન કલિકાલ સર્વજ્ઞે એ, યોગ શાસ્ત્રમાં કર્યું,

निद्राछेदे योषिदङ्ग - सतत्त्वं परिचिन्तयेत् ।

જે અડધી રાત્રે ઊંઘ તુટી તો મનની અંદર નબળો - વિચાર આવ્યો, તો જે અંગ, જે શરીર, જે રાગ ઉપ- જવે છે, એના સ્વરૂપ નું ચિંતન કરે, એ કેવું છે એનો વિચાર કરે,

स्थूलभद्रादिसाधूनां, तन्निवृत्तिं परामृशन् ॥

સ્થુલભદ્ર સ્વામી વગેરે મહાપુરુષો જેમણે, એમના અંગી થી નિવૃત્તિ લીધી, એના વિચારથી નિવૃત્તિ લીધી, એના રાગથી નિવૃત્તિ લીધી, એ મહાપુરુષો ફાવી ગયા, એ ન્યાલ થઈ ગયા, એ તરી ગયા ને, જો હું એના વિચારોમાં અટવાયો તો હું મરી જઈશ.

यकृच्छकृन्मलश्लेष्म - मज्जास्थिपरिपुरिताः ।

જેની અંદર જઠર છે, જેની અંદર વિષ્ટા છે, જેની અંદર મળ છે, જેની અંદર મુત્ર છે,, જેની અંદર હાડકાં છે,

स्नायुस्यूता बहीरम्याः, स्त्रियश्चर्मप्रसेविकाः ॥

માત્ર સ્નાયુઓથી એક થેલી ની રચના કરી છે, સીવાઈ ગયા છે સ્નાયુઓ, માત્ર બહારથી રમણીય લાગે,

स्त्रियश्चर्मप्रसेविकाः ।

વિજાતીય નું શરીર કેવું છે, માત્ર ચામડાની કોથળી જેવું છે. જેની અંદર ગંદકી સીવાય કશું જ ભર્યું નથી.

स्त्रीशस्त्रेणापि चेत् कामो, जगदेतज् जिगीषति ।

જો કામ, સ્ત્રીના આ શરીર રૂપી શસ્ત્ર થી દુનિયાને જીતવા માંગે છે,

तुच्छपिच्छमयं शस्त्रं किं नादत्ते स मूढधीः?
તો પછી એ તુચ્છ પીંછામય, એવું જ શસ્ત્ર શા માટે નથી રાખતો.

यो यः स्याद् बाधको दोषः तस्य तस्य प्रतिक्रियाम्।
જે વાત સિદ્ધર્ષિગણિ મહારાજ કહે છે એ જ વાત યોગશાસ્ત્રમાં, કલિકાલ સર્વજ્ઞ પણ કહે છે, કે જે જે દોષ તમને સતાવે છે એની પ્રતિપક્ષ ભાવનાથી તમે ભાવિત થશો. વિજાતીય નું શરીર રમણીય લાગે છે, તો ભાવિત કરો અંદર અશુચિ ભાવના, બિભત્સ છે, જુગુપ્સનીય છે, દુર્ગંધી છે, એ... એ અડવા જેવું તો નથી, એ જોવા જેવું સુધ્ધા નથી, એનો વિચાર કરવા જેવો સુધ્ધા નથી, ગંધાતી ગટર હોય ને અંદર કેટલી બધી ગંધકી હોય, માંથું ફાટી જાય એવી દુર્ગંધ મારતી હોય, એવી ગટરનો શ્રી વિચાર પણ કરતા નથી તો, આ શરીર પણ એવી જ ગટર છે.

चिन्तयेद् दोषमुक्तेषु प्रमोदं यतिषु व्रजन्।
શ્રાવક આ રીતે પોતાના આત્માને પ્રતિપક્ષ - ભાવના થી ભાવિત કરે. પ્રતિસંકલ્પ નો જન્મ થાય છે, ત્યારે સંકલ્પ નું મૃત્યુ થઈ જાય છે. યા સંકલ્પ હોય શકે યા પ્રતિસંકલ્પ હોય શકે, બંને કઈ રીતે હોય શકે ?

મહાસત્વશાળી જીવો હોય છે, જેઓ અસંકલ્પ ના બળથી, કામ ને જન્મવા જ નથી દેતા. અસંકલ્પ ! આપણે સંકલ્પ કરીએ, આપણે હાથે કરીને ઢાળ ઉતરી જઈએ, આપણે હાથે કરીને વિચાર કરીએ. તો કામનો પ્રવેશ થાય, મહાસત્વશાળી જીવો સંકલ્પ થી જ દૂર રહે, સ્પષ્ટ વિચાર એનાથી જ દૂર રહે, અને કામને - જન્મવા જ ન દે ! સત્વશાળી જીવો

હોય, કામ જાગી ગયો, સંકલ્પ થઈ ગયો, એ જન્મેલા સંકલ્પ ને પ્રતિસંકલ્પ દ્વારા, ખલાસ કરી દે, નિ:સત્વ બનાવી દે, એ જાગેલા સંકલ્પ ને, પુષ્ટ કરી કરી ને કામને વધુ ને વધુ બળવાન બનાવે. જાગેલા કામને પ્રતિસંકલ્પ દ્વારા નષ્ટ કરવો જોઈએ. પ્રતિસંકલ્પ એટલે કે પ્રતિપક્ષી ભાવના, એ કામની સંહાર કરવાનું શસ્ત્ર છે. પ્રતિસંકલ્પ એ જાગેલા કામ ઉપર ગોળીબાર છે. પ્રતિસંકલ્પ એ જાગેલા કામ ઉપર BOMBARDING છે. પ્રતિસંકલ્પ એ જાગેલા કામનું MURDER (ખુન) છે. આગમ નો એક સિધ્ધાંત છે,

जुगवं णत्थि दो उवओगा।

એક સાથે, એક સમયે, બે ઉપયોગી ના હોય શકે, સંકલ્પ નું મૃત્યુ ન થાય તો, પ્રતિસંકલ્પ નો જન્મ જ ન થઈ શકે. પ્રતિસંકલ્પ જાગ્યો, પ્રતિપક્ષ ભાવના જાગી, એ જ સંકલ્પ ના મૃત્યુ નું પ્રમાણપત્ર છે. કામનું નિરાકરણ બહુ જ અઘરું છે, પણ આટલી જ FORMULA થી એ બહુ જ સહેલું થઈ જાય છે, તો શું આપણે આટલું પણ નહિ કરી શકીએ. ?

પિતા એ પુત્ર ને પોસ્ટ માં નકશો મોકલી બતાવ્યો કે તુ આ રસ્તે આવજે. જગ્યા નવી છે, રસ્તો ખુબ જ ખતરનાક છે, નકશા નું સતત ધ્યાન રાખજે, નકશા થી એક સેકેન્ડ માટે પણ તુ ચુકતો નહી, બરાબર નકશો છે એ જ રીતે તુ DRIVE કરજે, એ રીતે મારા સુધી પહોંચી જજે. પોસ્ટ માં નકશો આવી ગયો, છોકરા એ જોઈ લીધો, પિતા પાસે જવા માટે છોકરો નીકળી ગયો છે, DRIVING ચાલુ છે, નકશા ને જુએ છે, DRIVING કરે છે

ઘરથી રસ્તો ચુકે છે, આટીઘુંટી... આંટીઘુંટી...
આટીઘુંટી... ઝુંઝવાડા... ભુલાભુલ... ને ક્યાં ની
ક્યાં થઈ જાય છે, આઘો નીકળી જાય છે,
ગોથા જાઈ જાઈને ... જાઈ જાઈને,
માંડ ત્યાં પહોંચે છે અને પિતાને ખ્યાલ આવી
ગયો કે આટલું મોડું થયું એટલે, સો ટકા
કંઈક ગરબડ થઈ છે ને, પિતા એ કહ્યું કે તે
બરાબર નકશાનું અનુસરણ ન હતું કર્યું ને?,
છોકરા એ કીધું, એકદમ અનુસરણ કર્યું હતું,
ACCURATE અનુસરણ કર્યું હતું, બરાબર કર્યું
હતું, માત્ર એક મિનિટ માટે મેં નકશાનું -
અનુસરણ છોડી દીધું હતું ! પિતાની સલાહ
હતી એક સેકન્ડ માટે પણ છોડતો નહિ, એક
વાર તુ રસ્તેથી ફંટાયો પાછો રસ્તે આવે એ
બહુ જ અઘરી વાત, એક મિનિટ ની ક્યાં
વાત કરે છે, એક સેકન્ડ માટે પણ નકશાનું
અનુસરણ છોડવું ના જોઈએ, તો શા માટે છોડયું.
ગણિત માં એક ભુલ થાય પછી આગળ આગળ
બધી ભુલ જ થવાની છે તું ચુકી ગયો
પછી લખ્યું હતું કે ઉત્તરમાં જાય પછી તુ ક્યાંથી
ઉત્તરમાં જાય, ત્યાં પછી તુ પહોંચે, તો પછી
નકશાનો શું અર્થ ? છોકરા ને આત્મસંતોષ
હતો કે મોટા ભાગનો સમય તો મેં નકશાનું
અનુસરણ કર્યું જ છે.

આપણને પણ આત્મસંતોષ હોય છે
કે, આપણે પણ થોડું-ઘણું જિનવચન નું
અનુસરણ કરીએ છીએ. મહત્વ એની નથી કે
આપણે કેટલો સમય જિનવચનનું અનુસરણ
કર્યું, તમે પૂજા કરી લીધી, વ્યાખ્યાન સાંભળી
લીધું, આપણને સંતોષ છે. મહત્વ એની છે કે

આપણે એક સેકન્ડ માટે પણ, જિનવચનનું અનુસરણ ન છોડ્યું હોય, આપણે સતત અનુસરણ કર્યું હોય, આપણે સતત વળગીને રહ્યા હોય. ચોવીસ કલાક હરેક હરેક મિનિટ, હરેક હરેક સેકન્ડ, હરેક હરેક સમય, જિનવચનનું અનુસરણ ચાલુ ને ચાલુ હોય, મહત્તા એની છે!

શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

प्रमादो मृत्यु: ।

પ્રમાદ એ જ મૃત્યુ છે, તમે જિનવચનની નજરથી છોડ્યો, આનું જ નામ મૃત્યુ! શાસ્ત્રકાર ભગવંતો કહે છે, સાધક કોને કહેવાય? મહોપાધ્યાયજી ના શબ્દો છે,

અપ્રમત્ત જે નિત્ય રહે!

આપણી પાસે એક કલાક ધર્મ કર્યાનો આત્મ-સંતોષ છે, શાસ્ત્રકાર ભગવંતો કહે છે આનાથી-તમારો મોક્ષ નહિ થાય. તમે એક કલાક પણ અધર્મ માં ના હો, એક મિનિટ પણ પ્રમાદમાં ના હો, એક સેકન્ડ પણ ના હો, એક સમય પણ ના હો, જરી ~~જરૂર~~ એની છે. શાસ્ત્રકાર ભગવંતો કહે છે, ઉત્તરાધ્યયન સૂત્રના શબ્દો છે,

आयाणुरक्खी चरमप्पमत्तो ।

તું અપ્રમત્ત પણે તારા આત્માનું રક્ષણ કરતા સંચર. શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

समयं गोयम! मा पमायए ।

તું એક સમય નો પણ પ્રમાદ ના કર! જિનવચનનું અનુસરણ, એક સેકન્ડ માટે પણ ન થાય એ આત્મા માટે ખતરો છે! આત્મા માટે જોખમ છે! બહુ મોટું RISK છે, જેને આપણે સમજી શકતા નથી. પુર પાટ દોડતી ગાડી, એના ડ્રાઈવર ને ઝોકું આવી જાય, તો ACCIDENT (અકસ્માત)

શનિવાર

DATE 07 11 2020

પઈ જાય એ પછી ની વાત છે. હકીકતમાં તો એને જે ~~...~~ મોડું સમજાયું એ જ ACCIDENT હોય છે. સતત જિનવચનનું - અનુસરણ કરતો આત્મા, એને એ આત્માને, પ્રમાદ આવી જાય એનું જ નામ ACCIDENT. એને કામ ભગે, એને સંકલ્પનો પ્રવેશ થાય, એનું જ નામ ACCIDENT. એ સંકલ્પને વધુ મજબુત કરવામાં આવે, એનું નામ - ACCIDENT ના ગુનેગાર.

જિનવચન એ મોક્ષ માર્ગનો રસ્તો છે, મોક્ષ નો ROAD-MAP છે. શાસ્ત્રકાર ભગવંતો નું હાર્દ આ છે કે તમે એક સેકન્ડ માટે પણ, આ નકશાને નીચે ના મુકો. તમે એક ક્ષણ માટે પણ, એની ઉપેક્ષા ન કરો. આ ROAD-MAP છે મોક્ષનો, એનો ત્યાગ એ મોક્ષ માર્ગનો જ ત્યાગ છે. જ્યારે આ ROAD MAP નો તમે છોડો છો, નકશાને છોડો છો, જિનવચનના અનુસરણ ને છોડો છો, ત્યારે હકીકતમાં, તમે મોક્ષ માર્ગને જ છોડો છો. એક સેકન્ડ માટે પણ છોડો, તમને ભલે લાગે કે, તમે સાધુ છો, તમે શ્રાવક છો, તમે સ્થિર છો, તમે સુસ્થિર છો નિશ્ચય દ્રષ્ટિ એ તો નકશા પરથી નજર ગઈને ત્યારે જ માણસ ફેંટાઈ ગયો હોય છે, પછી એણે કેટલા ગોથા ખાધા કેટલી ભુલભુલામણીમાં ભટક્યો, કેટલો સમય બગાડ્યો, કેટલી શક્તિ બગાડી, કેટલું આનુ નુકશાન વેઠ્યું, કેટલા દુઃખો વેઠ્યા, એ માત્ર પછી પછીની પ્રક્રિયાઓ હોય છે. એણે નકશો છોડ્યો, એ જ મોટું ભયાનક પગલું હતું, એ જ મોટી એની ભુલ

શનિવાર
DATE 07 11 2020

હવે.

સભાનો પ્રશ્ન :- આપણું મન જો બીજે ક્યાંય ભમ, તો એ પણ નક્કી છોડ્યો કહેવાય?

પૂજ્યશ્રીનો ઉત્તર :- અધ્યાત્મ કલ્પદ્રુમમાં મુનિસુંદર સૂરી મહારાજે આ સવાલનો જવાબ આપ્યો છે.

स्वाध्याययोगैश्चरणक्रियासु, व्यापारणैर्द्वादशभावनाभिः।

સ્વાધ્યાય યોગ, ચારિત્રની ક્રિયા, સદાચાર, સદ્‌ક્રિયાઓ, બાર ભાવના,

सुधीस्त्रियोगी सदसत्प्रवृत्ति-फलोपयोगैश्च मनो निरुन्ध्यात्॥

બુદ્ધિશાળી વ્યક્તિ, શાસ્ત્રોક્ત - સત - અસત પ્રવૃત્તિ એના ફળના ઉપયોગથી, મનનો નિરોધ કરે છે. મનના વિચાર આવી ગયા એવું નથી હોતું. આપણે એના આવવાના દરવાજા ખુલ્લા મુક્યા હોય છે. આપણે એને WELCOME (આવકાર) કર્યો. આપણે એના માટે ઓફરકારી એવી, આવવું હોય તો આવે. તમે કહો રાત્રે ઘરે ચોરી થઈ ગઈ, આમ થઈ ગયું તેમ થઈ ગયું, કેવી રીતે થયું?, કે આપણે કોઈ ચોરને કહેવા ન હતા ગયા, આમંત્રણ આપ્યું ન હતું, આપણે કોઈ પ્રયાસ ન હતો કર્યો, ચોર આવે એનો, આપણે ફક્ત દરવાજો ખુલ્લો રાખ્યો હતો. તો તમે દરવાજો ખુલ્લો મુકો છો એ આમંત્રણ આપવા જ બરાબર છે. મુનિસુંદર સૂરિ મહારાજ કહે છે તમે એનો એટલો સઘન સ્વાધ્યાય કરો, તમે બાર ભાવના ઓનું એટલું ભાવન કરો, તમે નવરા ન પડો, તમે મનને મોકળું ના મુકો, તમે એને છુટ્ટો દોર ના આપો, તમે એટલા બધા વ્યસ્ત રહો કે, વિચારો આવવાની કોઈ અવકાશ જ ના

શનિવાર

DATE 07 11 2020

રોજે કોઈ ને નવકારવાળી ગણતા એક મિનિટ થાય, કોઈને દસ મિનિટ થાય, કોઈને અડધો કલાક થાય, કોઈ ને કલાક થાય, કોની નવકારવાળી સાચી ? એનું કોઈ માપદંડ નથી, હકિકતમાં જની શકે કે અડધો કલાક લગાડે ને એને એટલા બધા જોહર-વજોહર વિચારો કર્યા છે, એનો નવકારવાળી ગણવાનો સમય તો પાંચ જ મિનિટ છે, પચ્ચીસ મિનિટ, એની જોહર વિચારવામાં લાગી છે, મનને જીતવું બહુ જ અઘરું છે, મનને બાંધવું બહુ જ સહેલું છે. અને ભગવાન કહે છે કે મનને બાંધીને જ જીતી શકાય છે, તમારે એ છુટું મુકવું છે તો અનંત ભવોમાં પણ તમે મનને જીતી નહી શકો. જીન વચનની બકરી માણસની નજર સામે થી ગયો, આ જ માણસનું ડૂબવા પણું છે, આ જ ભુલા પડવા પણું છે, આ જ એના માટે હોનારત છે, આ જ એના માટે એવી ઘટના છે કે, જેમાં એની આગળની બધી જ મહેનત WASTE જતી રહે છે અને પાછળ-પાછળ જે થાય છે એ પ્રક્રિયા માત્ર હોય છે. આપણને પ્રક્રિયા માત્ર નું મુલ્ય છે, પણ પ્રક્રિયા જેનાથી થઈ, એનું મુલ્ય નથી.

અષાઢાભુતિ પાછા સંસારમાં ગયા, સંસારી બની ગયા, એ તો માત્ર પ્રક્રિયા હતી, અષાઢાભુતિ એ પોતે જીનવચનનું અનુસરણ છોડયું,

सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ।

આ જ બધું ફરાવાનું હતું. અષાઢાભુતિ એ સમજ્યુ શકયા હોત, કે ભગવાને કહ્યું છે કે આ કામભોગો શલ્ય છે, વિષ છે, ઝેર છે,

कामे य पत्थेमाणा, अकामा जंति दुग्गइं ॥

classmate

શનિવાર

DATE 07 11 2020

ભોગવી તો મને મળશે કે નહિ મળે પણ એ ભોગવવાની ભૂતાવળથી મને દુર્ગતિ જરૂર મળશે. આટલું જે અષાઢાભૂતિ એ વિચાર્યું હોત તો એમનું પતન ના થાત. પતન થયું, વ્યવહાર દ્રષ્ટિએ સંસારમાં ગયા, ઓઘો છોડ્યો, વેશ છોડ્યો, ત્યારે પતન થયું છે. નિશ્ચય દ્રષ્ટિ એ જીનવચનનું અનુસરણ મુક્યું ત્યારે જ એમનું પતન થઈ ગયું હતું.

અરણિક મુનિ સંસારમાં ગયા, શીયાળો એ ત્યાં સંસારમાં, વાઘા પહેરી ને બેસી ગયા એ માત્ર પછી ની પ્રક્રિયા હતી. અરણિક મુનિએ જ્યારે આ જીનવચનનું અનુસરણ છોડ્યું,

देहदुक्खं महाफलं ।

શરીર ને દુઃખ આપવું એ બહુ જ મોટા ફળ વાળું થાય છે. અને જ્યારે એમણે આ જીનવચન નું અનુસરણ છોડી દીધું, ત્યારે જ તેમનું હકીકતમાં પતન થઈ ચુક્યું હતું.

કંડરીક મુનિ સંસાર માં પાછા ગયા, રાજા બન્યા, રાજાનો વેશ પહેર્યો. હજાર વર્ષ નું સંયમ, હજાર વર્ષનો પર્યાય, હજાર વર્ષની તપસ્યા, આ બધા ઉપર પાણી ફેરવી દીધું, એ સંસારમાં ગયા ને આપણને થયું પતન થયું. નિશ્ચય નય કહે છે જ્યારે એમણે ભગવાન ના વચનનું અનુસરણ છોડ્યું,

रसा पगामं ण णिसेवियव्वा ।

ભલે રાજા છે, મારો ભાઈ છે, ભલે એ મારી ગમે તેટલી ભક્તિ કરે, ભલે મારા રોગો માટે કરે, ભલે મારી ચિકિત્સા માટે કરે, ભલે મને સામે કરવા કરે પણ, જેમાં હું પાગલ બની ને બેઠો,

पायं रसा दित्तिकरा णराणं ।

એનો મેં આહાર કર્યો, આ બહુ જ મેં ખોટું કર્યું, આ મારે કરી જ ના શકાય, કરવા જતા હોય ત્યારે

શનિવાર

DATE 07 11 2020

જિનવચનના RED SIGNAL થી પોતાની જાતને જો એમણે રોકી લીધી હોત,

रसा पगामं ण णिसेवियव्वा ।

આ વિગઈઓ ને બહુ જ માપમાં, ન છૂટકે, ગુમડા પર ના* મલમ જેટલું, બહુ જ પ્રમાણસર, એક ઓળખ સાથે વાપરવાનું છે. બેફામ નથી બનવાનું. આ જિનવચનનું અનુસરણ છોડ્યું, ત્યારે નિશ્ચય-દ્રષ્ટિ એ કંડરિક મુનિનું પતન થઈ ચૂક્યું હતું. રહનેમિજી - એ અનુચિત માંગણી કરી એ તો પછી ની પ્રક્રિયા માત્ર હતી. ભગવાનના વચનનું, અનુસરણ છોડ્યું,

भक्खरं पिव दट्ठूणं दिट्ठिं पडिसमाहरे ।

વિજાતીય સામે આવી પણ જાય, તો જેમ ભર બપોરે સૂરજ સામે ભૂલથી જોવાઈ ગયું હોય, તેવી રીતે નજરને માણસ ખેંચી લે, બરાબર એ જ રીતે વિજાતીય પર પડી ગયેલી, વિજાતીય પર BY-CHANCE પડી ગયેલી નજરને ખેંચી લેવી જોઈએ. આ જિનવચનનું અનુસરણ ના કર્યું, એ જ એમનું પતન હતું!

માત્ર કામ જ નહીં, દરેકે દરેક દોષ એની પ્રતિપક્ષી ભાવના થી દૂર કરી શકાય છે.
પ્રતિપક્ષી ભાવના થી ક્રોધ દૂર થઈ શકે છે,
પ્રતિપક્ષી ભાવનાથી અહમ દૂર થઈ શકે છે,
પ્રતિપક્ષી ભાવનાથી લોભ દૂર થઈ શકે છે.
પ્રતિપક્ષી ભાવનાથી માયા દૂર થઈ શકે,
રાગ-દ્વેષ દૂર થઈ શકે, સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

निराकरणीयोऽसौ प्रतिपक्षभावनया ।

મોહવિલય ઉદ્યાન છે. સમસ્ત પર્ષદા સાંભળી રહી છે, આચાર્ય ભગવંત ભોગ તૃષ્ણા પર વિજય

મેળવવાના સમીકરણો શરૂ કરતા કરતા, આગળ વધી છે,
ततः प्रतिक्षणं तनुतां गच्छन्ती न भविष्यत्येषा भवतोर्बाधिका।
પ્રત્યેક ક્ષણે તમે જો આ રીતે પ્રતિસંકલ્પ, પ્રતિપક્ષ ભાવના, વગેરે વગેરે સમીકરણો થી, ભોગ તૃષ્ણાની તોડવાનો પ્રયાસ કરશો, તો એ સતત નાની..નાની.. નાની.. નાની.. નાની.. નાની થતી જશે, પતળી થતી જશે, દુબળી થતી જશે, અને હોવા છતાં એ તમને નડી નહી શકે, દેવની ભેંસ જેમાં એનો સંપૂર્ણ ત્યાગ શક્ય નથી પણ તમે જો આટલું કર્યું, તો એ તમને નડી નહી શકે,
भवान्तरे पुनरस्याः सर्वथा त्यागसमर्थो भविष्यतः।
અને ભવાંતરની અંદર, તમે સર્વથા, એનો ત્યાગ કરવા માટે સમર્થ થશો, સિદ્ધર્ષિ ગણિ મહારાજ, પ્રતિબોધક આચાર્ય ના મુખે, આગમ ના ગુઢ રહસ્યો ની છતા કરી રહ્યા છે, આજી પર્ષદા ભાવિત થઈ ને, આ દેશના નું શ્રવણ કરી રહી છે, એ સમયે વ્યંતર મિથુન, એમનું હૃદય ભીનું - ભીનું બન્યું છે, અત્યંત પસ્તાવો છે, સમ્યક્ત્વ મળ્યું એનો આનંદ પણ છે. રાજા વિચારે કે મેં આ જોયું, મારા દીકરા વહુ DOUBLE થઈ ગયા, હું સમજુ ના શક્યો કે આ દિવ્ય માયા છે, દેવ-દેવીએ રૂપ લીધું છે, ને મેં જોઈ એનો બધો ઉત્સવ કર્યો ને, હું જોઈ જોઈ ખુશખુશાલ થઈ ગયો. કેવો મારો મોહ! કેવું ગાંડપણ! કેવી ભ્રમણા! મુગ્ધ રાજકુમાર વિચારે છે કે, આ કેવું થઈ ગયું. કે પરસ્ત્રી ગમન નું પાપ સપનામાં એ ના કરાય, મારું ખાનદાન કુળ, નિર્મળ કુળ, અભાગણા એ પણ મેં, આ દેવી જે મારી પત્નીનું રૂપ લીધું ને મેં પરસ્ત્રી ગમનનું પાપ કરી લીધું. અકુટિલા - વિચારે છે, રાજકુમારની પત્ની.

શનિવાર

DATE 07 11 2020

બત સઞ્જાતં મમ શીલખણ્ડનમ્ ।

ત્યારે મને ખબર ન હતી, હું એમ માનતી કે આ મારા પતિ છે, પતિ નું બીજું રૂપ છે, પતિ એ બે રૂપ લીધા છે, એમાંથી એક દેવ છે ને આ રીતે મારા શીલનું ખંડન થઈ ગયું ! ચેતન કાલક્ષ, ચેતરી ચિત્રકળા, મુગ્ધ - રાજકુમાર, અંકુરીલા રાજકુમારી, ચારે છે, પોતાના પાપનો પસ્તાવો કરે છે... પસ્તાવો કરે છે... એને એ સમયે ચારે ના શરીર- માંથી, એક સફેદ રંગનું બાળક બહાર - નીકળે છે, શ્વેત પરમાણુ, તેજસ્વી, હસતું, હસમુખુ, ઝીલઝીલાટ હસતુ એ બાળક, એ બહાર નીકળી છે ને બોલે છે

मया रक्षितानि यूयं मया रक्षितानि यूयं ।

મેં તમને બચાવ્યા.. મેં તમને બચાવ્યા.... મેં તમને બચાવ્યા.. આખી સભા આમ એ આંખો ખોલી ને જોઈ રહી છે, વિસ્મિત થઈ ગઈ છે, શું થઈ ગયું આ કોણ નીકળ્યું એ શરીરમાંથી, એ વિચાર કરે છે ત્યાં તો એના શરીરમાંથી નાનું કાળુ બીજુ બાળક નીકળે છે. એ બાળકના શરીર માંથી એક ત્રીજું બાળક નીકળે છે, કાળુ ! એ બાળક બિહામણું હસીને વધવા લાગે છે... વધવા લાગે છે... વધવા લાગે છે.... એનું શરીર ઓર મોટું.... ઓર મોટું.... ઓર મોટું થાય છે. એને પહેલું જે સફેદ બાળક નીકળ્યું હતું, એની મુઠ્ઠી ની ભેરથી એના ઉપર પ્રહાર કરે છે, અને એનાથી એ પાછુ નાનુ.. નાનુ... નાનુ.. નાનુ.. નાનુ.. નાનુ થવા લાગે છે, અને એકદમ નાનું થઈ, રીસાઈ જાય છે. આખી

સત્યા આ દ્રશ્ય જોઈ રહી છે. રોમ પુછે છે કે ભગવંત આ કોણ છે ? અને પ્રતિબોધક - આચાર્ય જવાબ આપે છે, કે આનું નામ આર્જવ છે. આર્જવ એટલે સરળતા, આર્જવ એટલે પારદર્શકતા, આર્જવ એટલે અકુટિલતા, અવક્રતા, ઋજુતા, એ બાળક નું નામ છે આર્જવ. ભગવંત આ બીજું બાળક એ કયું હતું ? પ્રતિબોધક આચાર્ય જવાબ આપે છે, બીજા બાળક નું નામ છે અજ્ઞાન. રોમ કહે છે એમાં થી જે નીકળ્યું ત્રીજું બાળક, એનું નામ શું ? અને જવાબ આપે છે, એનું નામ છે પાપ !

અજ્ઞાન માંથી પાપનો જન્મ થાય છે, એ પાપને રોકવામાં ન આવે તો એ પાપ વધતું જાય છે... વધતું જાય છે... વધતું જાય છે... પણ જો જીવમાં સરળતા છે, તો એ આલોચના કરશે, પ્રાયશ્ચિત કરશે, આડાઈ નહીં કરે.

સિગારેટ પી ને છોકરો આવ્યો છે, પપ્પા એ કહ્યું બોલ તો સિગારેટ પીધી, હા પપ્પા ભુલ થઈ ગઈ, મેં સિગારેટ પીધી, તો એનું પાપ વધશે નહિ, નાનું થશે, નાબુદ થશે. પણ જો વાંકો હશે, મેં કાંઈ કર્યું નથી, કોણે કીધું પીધી; હું કાંઈ સિગારેટ પીતો નથી, તો એનું પાપ વધશે. આર્જવ એટલે સરળતા, આર્જવ એટલે જેવું બન્યું એવું કહી દેવું, એથી નિખાલસતા ! આર્જવ એટલે પારદર્શકતા, આર્જવ એટલે જ્યાં કશું છુપાવવાનું નથી, જે છે એ દેખાડી દેવાનું છે, અને માયા એટલે જે છે એ છુપાવવાનું છે, અને જે નથી એ દેખાડવાનું છે. પાપનો બચાવ કરવો છે, ભુલનો બચાવ કરવો છે તો માયાથી તો પાપની વૃદ્ધિ જ થવાની ! માયાથી એ

એક એવા દર્દી જોયો છે, જે ડૉક્ટર ને કહે છે, ડૉક્ટર સાહેબ જે કંઈક કરવું હોય તે કરો ગળું એકદમ સારું છે, ગળામાં કંઈ જ થતા નહિ, અને દર્દીને મનમાં એવો ભાવ છે કે ગળામાં જે કેન્સરની ગાંઠ છે ને એને ડૉક્ટર ખોળજી ના લે ! ડૉક્ટર ના હાથમાં ના આવી જાય, ડૉક્ટરને ખબર ના પડી જાય. માથાથી અનંતવાર મરવા તૈયાર છે, પણ પોતાના સાચા ભાવને પ્રગટ કરવા તૈયાર નથી.

રાજકુમાર, અને રાજકુમારી, એ - પોતાના દોષના ટોપલા ને વ્યંતર ઉપર નાખ્યો - નહિ કે, આ રીતે રેપ કરીને જાવે પછી અમને શું ખબર પડે, અમારો કોઈ દોષ નથી એમનો જ દોષ છે. આવું કશું જ ના કર્યું એ આ એમની સરળતા.

વ્યંતર દેવ અને વ્યંતર દેવી, ભોગ-તૃષ્ણા નું વ્યાખ્યાન સાંભળીને એમના પાપને કોઈ જ જાણતું નથી, છતાં પોતે સભા સમક્ષ પોતાના પાપની કબુલાત કરી, આલોચના કરી, એ એમની સરળતા !

શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

सोही उ उज्जुभूयस्स।

જે સરળ છે, ઋજુ છે, એની આત્મ શુદ્ધિ - થાય છે.

धम्मो सुद्धस्स चिट्ठइ।

અને જે શુદ્ધ છે, એનો જ ધર્મ ટકી રહે છે. આત્મ શુદ્ધિ ના ત્રણ તબક્કા છે. પહેલો - તબક્કો, સભાનતા, આપણામાં કચરો છે એનું ભાન આપણને હોવું જોઈએ, પહેલા નંબરમાં સભાનતા ! બીજા નંબરમાં કચરો છે, કચરાને

પ્રગટ કરવો, આલોચના કરવી. જે છે એ કહી દેવું.
બીજો નંબરકો સરળતા! ત્રીજો નંબરકો,
સદ્ગુરુ જે પ્રાયશ્ચિત આપે, એ પ્રાયશ્ચિત ને
વહન કરવા માટેની સજ્જતા! એ સભાનતા છે
તો આપણી શુદ્ધ થઈશું, એ સરળતા છે તો
આપણી શુદ્ધ થઈશું, એ સજ્જતા છે તો આપણી
શુદ્ધ થઈશું. સભાનતા શુદ્ધતા નથી, દોષને ગુણ
તરીકે જોયા છે, પોતાની હોશિયારી મારવી છે,
પોતાને ગુણવાન સમજવા છે, અહમ છોડવો નથી,
હું જ મહાન, આ મગજની રાઈ જતી નથી તો,
આપણામાં પહેલું STEP જ નથી, સભાનતા-
શુદ્ધતા નથી.

સભાનતા છે, ખબર છે આટલા-આટલા
જીવનમાં પાપો કર્યા, આટલા-આટલા દોષો છે,
આટલા-આટલા ન કરવાના કામો કર્યા, બધી જ
સભાનતા હોવા છતા, શુદ્ધ આલોચના કરવાની
સરળતા નથી, તો એ આપણી શુદ્ધિ નહીં થાય.
આલોચન કરી, ને પ્રાયશ્ચિત મળ્યું આટલા-
આયંબિલ, આટલા ઉપવાસ, આટલા એકાસણા,
T.V. ત્યાગ કરવું ને આ કરવું ને તે કરવું.
કશું કરવું નથી, બસ થઈ ગઈ આલોચના,
કાલે કરશું, પરમ દિવસે કરશું, એમાં આયુષ્ય
પુરુ થઈ જશે એની ચિંતા નથી. પ્રાયશ્ચિત
બાકી રહી જશે સજ્જતા નથી, તો ય આપણા
આત્મા નું શુદ્ધિકરણ નથી થવાનું.

પોતાના જીવનના છેલ્લા માં છેલ્લી
કક્ષા ના પાપ, જે તીવ્ર સંવેગ સાથે, અત્યંત
સરળતાથી, કરી શકે, એનો મોક્ષ વહેલા માં
વહેલો થવાનો. OPERATION TABLE ઉપર
શરમ ને નેવે રહે- દઈ કરીને, જીવનને જ

પ્રાધાન્ય આપવામાં આવે છે, જો અનંત જીવન જીવવું હોય તો, અનંત મૃત્યુ થી બચવું હોય, જો અનંત ભાવપ્રાણ ને મેળવવા હોય, જો અનંત સુખની પ્રાપ્તિ કરવી હોય, તો યથાવત પાપોની આલોચના કરવા શરમને છોડવા, સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી. યથાવતનો અર્થ સમજવા જેવો છે, જે પાપ જે ભાવથી કર્યા, એ પાપની એ ભાવના નિર્દેશપૂર્વક, સદ્‌ગુરુ પાસે આલોચના કરવી.

કેટલાક પ્રકારના પાપો હોય, એના સૂક્ષ્મ વર્ણનો, એ બોલવા, સાંભળવા, લખવા કે વાંચવા લાયક નથી હોતા. તમે આ પાપ કર્યું એની આ ભાવથી કર્યું, આટલી તમે આલોચના કરો પછી એના સૂક્ષ્મ વર્ણનો કરવા, એ ઉચિત નથી ને તમે એ ના કરો તો એને માયા ના કહેવાય! એના સ્થુલ નિવેદનો, જેમાં આપણો છુપાવાનો ભાવ નથી પણ મર્યાદાનો ભાવ છે એ સ્થુલ નિવેદનો થી આલોચના કર્યા પછી, આપણે પણ એને ભુલી જવું જોઈએ. દુષ્કૃત ગર્હા માં બાકી બીજા બધા પાપો એની હજુ સ્મૃતિ કરાય, કે મેં આટલી હિંસા કરી, આટલી ચોરી કરી, આટલો પરિગ્રહ રાખ્યો, આટલા કષાયો કર્યા, ગુસ્સા કર્યા, નિંદા કરી, આની દુષ્કૃત ગર્હા કરાય, પણ મેં આવા આવા દુરાચારો કર્યા, આની દુષ્કૃત ગર્હા રૂપે પણ સ્મૃતિ ના કરાય. બ્રહ્મચર્ય ની નવ વાડ માંથી એક વાડ એ બતાવી, પુર્વ ક્રિડાની સ્મૃતિનો ત્યાગ, એની દુષ્કૃત ગર્હા ના માધ્યમે પણ

પૂર્વ ક્રિડાની સ્મૃતિ થઈ જાય, જેનાથી વ્રતમાં અતિચાર લાગે, જેનાથી નવું પાપ લાગે, માટે એવું ના કરાય.

[સિધ્ધર્ષિ ગણિ મહારાજ, ત્રણ બાળકો ના માધ્યમે, ઉપમિતિ ભવ પ્રપંચ કથાના એક નવા CHAPTER ની અંદર, આપણાને પ્રવેશ કરી રહ્યા છે, કરાવી રહ્યા છે. અદ્ભુત ઉપમા, ત્રણ બાળક, ને આ ત્રણની જે પ્રવૃત્તિ ત્રણ ની જે સ્વભાવ, ત્રણ નો જે પ્રભાવ, એની આપણા જીવન પર અસર, આત્મા પર અસર, ભવભ્રમણ પર અસર, ને મોક્ષ ઉપર અસર, કઈ રીતે શું થાય છે! આજે સમય થયો છે, આજે આટલું રાખીએ!

X X X X

ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

ગુરુવાર

## વ્યાખ્યાન નંબર - ૯૫

DATE 10 12 2020

આજથી લગભગ એક હજારને ત્રણ વર્ષ પહેલા પરમ કારુણિક એક મહાપુરુષ, વિશ્વના જીવોની સ્થિતિ જોઈને કરુણાથી આર્દ્ર એમનું હૃદય બન્યું અને વિશ્વના જીવો ને, સમસ્ત સંસારનું અંતરંગ-સ્વરૂપ; સમસ્ત સંસારનો પર્દાફાશ, સમસ્ત સંસારનું વાસ્તવિક દર્શન, પોતાનો ઈતિહાસ, પોતાનું વાસ્તવિક દર્શન, એ કરવામાટે એમણે એક ગ્રંથની રચના કરી.

એ મહાપુરુષ એટલે "સિધ્ધર્ષિ ગણિ મહારાજ". એ ગ્રંથ એટલે "ઉપમિતિ ભવ પ્રપંચ કથા." ઉપમિતિ એટલે ઉપમા, ભવ એટલે સંસાર, પ્રપંચ એટલે વિસ્તાર, ઉપમા દ્વારા સમસ્ત સંસારનું વાસ્તવિક-દર્શન, આ મહાપુરુષે આ ગ્રંથમાં કરાવ્યું. યોગદ્રષ્ટિ સમુચ્ચય ગ્રંથની અંદર, હરીભદ્રસૂરી મહારાજ કહે છે.

प्रथमं यद् गुणस्थानं सामान्येनोपवर्णितम्।

મોક્ષ યાત્રાનું અંતરંગ સ્વરૂપ ગુણસ્થાનક ઉપર આરોહણ કરવા સ્વરૂપ છે. એ યાત્રા પહેલા ગુણસ્થાનકથી શરૂ થાય, વિશ્વના મોટા ભાગના જીવો પહેલા-ગુણસ્થાનકે હોય છે, મોટા ભાગના પશુ-પંખીઓ પહેલા ગુણસ્થાનકે, મોટા ભાગના એકેન્દ્રિયાદિ જીવો પહેલા ગુણસ્થાનકે, હરીભદ્રસૂરી મહારાજ કહે છે આ પણ વ્યહવારની વાત છે. તાત્વિક દ્રષ્ટિએ જોઈએ નૈશ્ચયિક દ્રષ્ટિએ જો જોઈએ, તો પહેલા ગુણસ્થાનકે પણ મોટા ભાગના જીવો પહોંચ્યા જ નથી કારણકે જે એકાંત દોષો માં રહેલા છે, જે ગાઢ મિથ્યાત્વમાં રહેલા છે, જે અપુનર્બંધક-અવસ્થામાં નથી આવ્યા, જે માર્ગાનુસારીતા માં નથી આવ્યા, જેમના પાયાના સદ્ગુણો શુધ્ધ નથી, એનું પહેલું ગુણસ્થાનક એ પણ કઈ રીતે કહી શકાય.

प्रथमं यद् गुणस्थानं सामान्येनोपवर्णितम्।

સ્થળ :- શ્રી વિતરાગ જૈન સંઘ- પાલડી
ગુરૂવાર

DATE 10 12 2020

સામાન્યથી અમે પહેલા ગુણસ્થાનકની શાસ્ત્રોમાં વાત કરી છે તે તમે સમજી લો, મુખ્ય પહેલું ગુણસ્થાનક, નૈશ્ચયિક પહેલું ગુણ સ્થાનક, તાત્વિક પહેલું ગુણસ્થાનક, હોય તો એ ક્યાં છે ? એ ક્યાં છે ? એ પહેલી દ્રષ્ટિ વગેરે ની અંદર થી આવે ત્યારે છે, જ્યારે યોગદ્રષ્ટિ નો ઉઘાડ થાય, ત્યારે ખરા અર્થમાં એને પહેલું - ગુણસ્થાનક મળતું હોય છે, એના વગરનો પહેલું ગુણસ્થાનક સુધ્ધા નથી.

વ્યવહાર અને નિશ્ચય દ્રષ્ટિ એ ઈન્દ્રિયો નો વિચાર કરીએ, ઈન્દ્રિયજનીત જીવોની વ્યવસ્થા એનો વિચાર કરીએ, એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય, સંગ્નિ પંચેન્દ્રિય, અસંગ્નિ પંચેન્દ્રિય વગેરે જે જીવોના પ્રકાર બતાવ્યા, જીવોની અંદર પણ વ્યવહાર અને નિશ્ચય નો વિચાર કરીએ તો, નિશ્ચયથી એકેન્દ્રિય જીવ એને કહેવાય, જેને ઉપમિતિ નો સ્પર્શ થયો છે. નિશ્ચય થી બેઈન્દ્રિય જીવ એને કહેવાય, જેણે ઉપમિતિ નો રસાસ્વાદ માણ્યો છે, નિશ્ચયથી તેઈન્દ્રિય જીવ એને કહેવાય, જેણે ઉપમિતિની સુવાસને અનુભવવાનો પ્રયાસ કર્યો છે ને, પ્રયાસ માં એ સફળ થયો છે. નિશ્ચય થી ચૌરેન્દ્રિય જીવ એને કહેવાય, જેની ઉપમિતિ એ અંજન શલાકા કરી છે, ને જે અનાદિ નો અંધાપો ગુમાવી ને હવે દેખતો થયો છે. નિશ્ચય થી પંચેન્દ્રિય જીવ એને કહેવાય, જે આ ઉપમિતિ, ૪૫ આગમો નો સાર, સર્વ શાસ્ત્રો નો સાર, અનંતા તીર્થંકરો ની દેશના નો સાર, એને સાંભળ્યો છે, એને સમજ્યો છે. નિશ્ચય થી સાંભળવા નો અર્થ જ સમજવું હોય છે.

ઉપમિતિ નથી ભણી
એણે કશું નથી ભણ્યું.
ઉપમિતિ નથી ભણી કહી શકાય,
કે હજુ એ ગર્ભમાંથી બહાર નીકળ્યો નથી.

classmate

ગુરુવાર

DATE 10 12 2020

* ઉપમિતિ નથી ભણી એ કશું સમજતો જ નથી, સાંભળતો નથી, જોતો નથી, સુંઘતો નથી, ચાખતો નથી, જાણતો નથી, અડતો/ સ્પર્શતો કશું જ નથી.
* ઉપમિતિ સમજાય ત્યારે નૈશ્ચયિક સંજ્ઞિપણું મળે છે.
* ઉપમિતિ નથી સમજાય ત્યાં સુધી આપણે નૈશ્ચયિક દ્રષ્ટિ એ અસંજ્ઞિ હોઈએ છીએ.

આપણે માનવ થયા, વ્યવહારીક રીતે સંજ્ઞિ પંચેન્દ્રિય મનુષ્યના ભવમાં આવ્યા, આપણે મોટા થયા, આપણે સમજણા થયા, આપણી દ્રષ્ટિ એ આપણે ગમે તેટલા હોશિયાર હોઈએ, ગમે તેટલા જોરાવર હોઈએ, ગમે તેવા બુદ્ધિના બાદશાહ હોઈએ, કદાચ પૈસાની આપણી પાસે છુટ હોય, કદાચ આપણી પાસે માન-પાન હોય, કદાચ આપણી પાસે સત્તા હોય, કદાચ આપણી પાસે પરીવાર હોય, કદાચ આપણે મોભી ગણાતા હોઈએ, કદાચ આપણે વડીલ ગણાતા હોઈએ, કદાચ આપણે બહુ સમજદાર ગણાતા હોઈએ, - સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને INDIRECTLY (પરોક્ષરીતે) કહેવા માંગે છે, જિનશાસનનો સાર એ આપણને મળ્યો નથી, જો જિનશાસનનું તત્ત્વ એ આપણે સ્પર્શ્યા નથી, એ આ જિનશાસનનું તત્ત્વ આપણા અંતરમાં પરીણમ્યું નથી, તો હકિકતમાં આપણે નિગોદમાં જ છીએ, બહાર-આવવાનો કોઈ અર્થ જ નથી. કદાચ બહાર આવી પણ ગયા, પણ આ બધું એ નથી મળ્યું, તો આપણે એકેન્દ્રિય સુધ્ધા નથી, નિશ્ચય દ્રષ્ટિ કહે છે, આપણી પાસે એક પણ ઈન્દ્રિય નથી, આપણી પાસે મન નથી, આપણી પાસે સંજ્ઞા નથી, આપણી પાસે અસ્તિત્વ નથી, એક પત્થર છે,

જે ધુળ છે, એક કાંટો છે, એક કાંકરો છે રસ્તાનો કશી જ એને ખબર પડતી નથી, તાત્વિક રીતે આપણને પણ કશી જ ખબર નથી.

સિધ્ધર્ષિ ગણિ મહારાજ, એક બહુ જ કપરી કામગીરી, આખું મોટું જિનશાસન, આટલા આગમો, આટલા શાસ્ત્રો, એનો એક ગ્રંથની અંદર સંગ્રહ કરી દેવો, સમગ્ર મોક્ષ માર્ગ મુકી દેવાનો જે એક આવડે એટલે બધું જ આવડે એમ કહી શકાય તે જે કામગીરી એમણે બજાવી છે આપણા પ્રત્યેની કરુણાથી.

ઉપમિતિ ના પ્રવચનો ની શ્રેણી લગભગ છઠી-સાત વરસથી, આંતરે -- આંતરે ચાલુ છે, આપણા શ્રી સંઘની અંદર આ શ્રેણી શરૂ થઈ રહી છે, જ્યાં શ્રેણી પહોંચી છે ત્યાંથી આગળ વધશે, છતાં બધાને સમજાય એ માટે ઉપમિતિ ગ્રંથ નો અધ્યયન કરવાનો પ્રયાસ કરશું, વધારે આનંદ આવશે, આપણે આગળ વધીએ !

મોહવિલય નામનું ઉદ્યાન છે, પ્રતિબોધક આચાર્ય, પાટે પીઠ ઉપર બીરાજમાન છે, રાજા છે, રાણી છે, રાજકુમાર છે એની પત્ની છે, વિશાળ સભા છે, વ્યંતર COUPLE છે, ઘરના ઘરી છે, પાપ થઈ ગયું છે, પારાવાર પસ્તાવો છે, વ્યંતર દેવ-દેવી આચાર્ય ભગવંત સમક્ષ પોતાનું પાપ કબુલ કરે છે. ભગવંત ! ભોગ-તૃષ્ણાને આધીન થઈને, અમે આટલી છેતરપીંડી કરી, અમે આટલું માયા-પ્રપંચ કર્યું, આટલું અમે પરસ્ત્રીગમન કર્યું, આટલું અમે પરપુરુષ ગમન કર્યું, અમે ઘોર પાપ કર્યું. ભગવંત શું થશે અમારું ! આખી સભા સ્તબ્ધ છે ને આચાર્ય ભગવંત કહે છે, દોષ તમારો નથી, દોષ બીજાનો છે. વ્યંતર COUPLE

કહે છે, ભગવંત કોનો દોષ છે. વાત ચાલી રહી છે ને એના શરીરમાંથી એક બાળક બહાર નીકળે છે, એ ધોળા રંગનું બાળક, સરસ હસતું બાળક, સ્મિત કરતું બાળક, મીઠું હસતું બાળક, બધા જોઈ રહ્યા છે ત્યાં તો બીજું બાળક નીકળે છે, કાળુ- કાળુ બાળક, બધા વિસ્મય માં છે વિચારમાં છે, ત્યાં ત્રીજું બાળક નીકળે છે, ને એ બીજા બાળકની અંદર નીકળે છે, એ પણ કાળુ કાળુ ને વધવા લાગે છે, ને પેલું ધોળું બાળક એને એક મુઠ્ઠી મારે છે, અને એ નાનું થઈ જાય છે.

સંત્રસ્ત સભા વિસ્મય સાથે આ દ્રશ્યને જોઈ રહી છે, આ ઘટનાને જોઈ રહી છે કે આ થયું શું ?, ચિંતર કપલ પુછે છે ભગવંતને કે હે આચાર્ય ભગવંત, આ બધું શું થઈ ગયું ?, અને આચાર્ય ભગવંતે કહ્યું કે જે પહેલું બાળક નીકળ્યું, એનું નામ છે, "આર્જવ", એનું નામ છે સરળતા, એનું નામ છે, ઋજુતા. બીજું બાળક નીકળ્યું એનું નામ છે, "અજ્ઞાન", એમાંથી ત્રીજુ બાળક નીકળ્યું એનું નામ છે "પાપ".

અજ્ઞાનના કારણે જીવ પાપ કરે છે, અજ્ઞાન-માંથી પાપનો જન્મ થાય છે, પણ તમારી જે સરળતા, એ સરળતા એ પાપ ઉપર પ્રહાર કર્યો ને જેને જે પાપ વધતું હતું, એની અસરે પાપ નાનું થઈ ગયું. ઉપમા ના દ્વારા અંતરંગ વિશ્વના અકળ રહસ્યોને સિધ્ધર્ષિગણિ મહારાજ છતા કરી રહ્યા છે, જે કોઈ પણ ન જાણતું હતું એ પાપ ચિંતર COUPLE, એમણે કબુલ કર્યું, આ એમની સરળતા હતી. રાજકુમાર અને રાજકુમારી એનાથી BY CHANCE પાપ થઈ ગયું છે પણ તેઓએ પાપનો ટોપલો દેવ-દેવી પર ના નાખ્યો, પોતાના માથે લઈ લીધો કે, અમારી ભુલ થઈ, આ એમની સરળતા !

ગુરુવાર

DATE 10 12 2020

ઉપાશ્રય ની અંદર સદ્‌ગુરૂ બેઠા છે, સવારનો સમય છે, દહેરાસર થી આવ્યા છે, પાટ ઉપર બિરાજમાન થયા છે. સ્વાધ્યાયમાં લીન થવા જઈ જ રહ્યા છે ને એ સમયે એક શ્રાવક આવે છે. શ્રાવક આવીને સદ્‌ગુરૂને વંદન કરે છે, હાથ જોડે છે ને ગળગળા થઈ જાય છે, ને દડ દડ એમની આંખમાંથી આંસુ વહેવા લાગે છે. સદ્‌ગુરૂ મૌન છે પણ એમની આધ્યાત્મિક ઉપસ્થિતિ, શ્રાવક ને આશ્વાસન આપી રહી છે. સદ્‌ગુરૂ, સ્થિર છે, બિલકુલ હલતા નથી, પણ એમનો - આધ્યાત્મિક હાથ શ્રાવકની પીઠ ફરી રહ્યો છે, એને હુંફ આપી રહ્યો છે.

સદ્‌ગુરૂની આ જ વિશેષતા હોય છે, કર્યા વગર પણ કરી શકે, એનું નામ સદ્‌ગુરૂ! કરવામાં આયાસ હોય છે, કર્યા વગર કરવામાં - અનાયાસ હોય છે. કરવામાં કર્તા ભાવ આવી જાય છે કર્યા વગર કરવામાં અકર્તા ભાવ આવે છે. કરવામાં ઘણું - બધું અટપટું છે, કર્યા વગર કરવામાં બધું જ સહજ - સરળ છે.

"સદ્‌ગુરૂ એ વિશ્વનું સર્વોત્કૃષ્ટ આશ્ચર્ય છે."

ઇષ્ટોપદેશ ની અંદર બહુ મઝાની વાત કરી, ગુરૂ માટે, પૂજ્યપાદ સ્વામી ના શબ્દો છે,

ब्रुवन्नपि हि न ब्रूते, गच्छन्नपि न गच्छति।

સદ્‌ગુરૂ બોલતા હોય તો પણ નથી બોલતા હોતા, સદ્‌ગુરૂ જતા હોય તો પણ નથી જતા હોતા, સદ્‌ગુરૂ બોલવા છતા, મૌન હોય છે. સદ્‌ગુરૂ જવા છતા સ્થિર હોય છે.

स्थिरीकृतात्मतत्त्वस्तु, पश्यन्नपि न पश्यति॥

સદ્‌ગુરૂ જોતા છતાં, નથી જોતા હોતા. સદ્‌ગુરૂની આંખો ખુલ્લી હોય, તો એ એમની આંખો મીંચાયેલી હોય છે. કારણકે એમણે આત્મ તત્વને સ્થિર કર્યું હોય છે.

વિશ્વનું સર્વોત્કૃષ્ટ આશ્ચર્ય હોવાનો જો સદ્ગુરુનું !
જે બોલવા છતા બોલતા નથી હોતા. અને ન બોલવા
છતા બોલતા હોય છે. જે બોલવા છતા ન બોલતા
હોય એ જ ન બોલવા છતા બોલી શકે. જે
બોલતા જ હોય, એ કદી બોલી જ શકતા નથી.
શુધ્ધી નું ખરું સ્વરૂપ એમનો ધોધાર હોય છે.
બોલતી વ્યક્તિ તો દુનિયામાં માત્ર એક ને એક જ છે,
સદ્ગુરુ ! આગમમાં એક પદાર્થ છે કે જે
અગીતાર્થ હોય ને, એમને વ્યાખ્યાન આપવાનો,
ઉપદેશ આપવાનો, વાચના આપવાનો, હિતશીક્ષા -
આપવાનો એનો તો અધિકાર નથી જ, એમને
બોલવાનો પણ અધિકાર નથી. મહાનિશિથ સુત્રના
શબ્દો છે,

સાવજ્જણવજ્જાણં વયણાણં જો ણ જાણઇ વિસેસં ।

જેને સાવદ્ય અને નિરવદ્ય એનો ફરક પણ ખબર
નથી, જેની પાસે વિવેક નથી, ક્યું પાપ વાળુ
વચન, આગમના ઊંડા અભ્યાસ વગર એ ખબર જ
ના પડે, જેને ખબર જ નથી,

વોત્તું પિ તસ્સ ણ ખમં

એનું બોલવું પણ ઉચિત નથી

કિમંગ પુણ દેસણં કાઉં ?

તો પછી દેશના આપવાની તો વાત જ ક્યાં છે !
બૃહદ્કલ્પ આગમ સુત્ર કહે છે,

સંસારદુક્ખમહણો વિબોહઓ ભવિયપુંડરીયાણં ।

જે સંસારના દુઃખને મસળી નાખે, ખલાસ કરી નાખે,
ખતમ કરી નાખે, જે ભવ્ય રૂપી કમળો નો વિકાસ
કરે,

ધમ્મો જિણપણ્ણત્તો

એવો જિનેશ્વર ભગવંતે એ કહેલો ધર્મ,

पकप्पजइणा कहेयव्वो ।
જે ગીતાર્થ, બહુશ્રુત એવા મહાત્મા હોય, એમણે એ ધર્મની કથા, ધર્મનું પ્રવચન, એમણે વ્યાખ્યાન કરવું. દસ વૈકાલિક આગમ ની અંદર શ્રુતકેવલી સ્વયંભવસૂરી મહારાજ કહે છે.

पवेयए अज्जपयं महामुणी ।
જે ~~મહા~~ મહામુનિ હોય એ આર્યપદનો ઉપદેશ કરે. એ શાસ્ત્રો ની દેશના આપે. હરીભદ્રસૂરી મહારાજ ષ્રુધ્ધિ ની અંદર લખે છે.

ज्ञाताऽपि तत्त्वतोऽयमेव ।
જે મહામુનિ છે, જે શુધ્ધ ચારિત્ર છે, જે નિર્મળ સંયમી છે, એ જ ખરા અર્થમાં જ્ઞાતા છે. કારણકે નિશ્ચય નયની પરિભાષામાં, જ્ઞાનનો અર્થ જ શુધ્ધ સંયમ છે તો આગમો નો અભિપ્રાય છે કે અગીતાર્થ એ બોલશે તો એ, એ ચુપ જ રહેશે, તો બહેતર છે કે એ ચુપ જ રહે. માત્ર ને માત્ર સદ્ગુરૂ જ બોલે. સદ્ગુરૂને બોલવા દો, આપણે માત્ર સાંભળતા રહીએ. જે સદ્ગુરૂ ને સાંભળતા રહે છે એ સદ્ગુરૂ બની શકે છે. જેઓ બોલવા માય છે એ સદ્ગુરૂ ને સાંભળી શકતા નથી. બોલવું અને સાંભળવું એક સમયે શક્ય જ નથી. જેમને બોલવાનો બહુ અભરખો હોય ને, એ ન બોલતા હોય ત્યારે પણ બોલતા હોય. એ ન બોલતા હોય ત્યારે પણ એમનો અહંકાર બોલતો હોય, અને એ ઘોંઘાટની અંદર સદ્ગુરૂના શબ્દો બધા દબાઈ જાય, અને કશું જ સાંભળી ના શકે. જેમને બોલવાનો અભરખો છે, એ સદ્ગુરૂ હોતા પણ નથી, અને સદ્ગુરૂ બની શકતા પણ નથી.

શ્રાવકની આંખમાંથી દડ દડ આંસુઓ જાય છે. સદ્ગુરૂની અસ્મિતા એમને આશ્વાસન આપી છે. શ્રાવક જરા સ્વસ્થ થાય છે, આંસુ લુછી ને,

હાથ જોડીને સદ્‌ગુરુને કહે છે કે, ગુરુદેવ આપ જ્ઞાનથી બધું જ જાણો છો, છતાં પણ હું આપને કહું છું, જાતિસ્મરણ જ્ઞાન મને થયેલું છે, પાછલા ઘણા ભવોની સ્મૃતિ મને છે. મારા છેલ્લા ઘણા ભવો મને યાદ આવ્યા છે. એ ભવોમાં કરેલી ઘણી બધી આરાધના, મેં પામેલું જિનશાસન મેં કરેલી તપસ્યા, મેં ઘંટાવેલી જ્ઞાનની ધુણી, મેં કરેલો સ્વાધ્યાય નો યજ્ઞ, મેં કરેલી ક્રિયા, મેં આપેલા દાન, બધી જ આરાધના મને યાદ આવી છે અને દેખાઈ રહી છે. છતાં પણ મારો મોક્ષ શા માટે ન થયો ?

શ્રાવકની આંખમાં અશ્રુ છે ચહેરા ઉપર દર્દ છે જેનું રોમ-રોમ પોકારી રહ્યું છે, આટલું કર્યું છતાં મારું ઠેકાણું ન પડયું. શ્રાવક સદ્‌ગુરુને પુછે કે હું ક્યાં અટક્યો, ક્યાં બાકી રહી ગયું, જાણે હાથી નીકળી ગયો હોય ને પુછડું રહી ગયું હોય, એવું મને પ્રતિત થાય છે, મારામાં કઈ ખામી રહી, મારે શું કરવાનું બાકી રહ્યું જેના કારણે મારો મોક્ષ ના થયો ? સદ્‌ગુરુ આંખો બંધ કરે છે, સદ્‌ગુરુ ઉપયોગ મુકે છે, અને સદ્‌ગુરુ શ્રાવક ને કહે છે, તમે અનેક વિધ આરાધના કરી, દેશવિરતિ ની, સર્વવિરતિ ની, દાન, શીલ, તપ તમે કશું બાકી રાખ્યું નથી. તમારામાં સરળતા ન હતી માટે તમારો મોક્ષ થયો નથી.

કલ્યાણો આપણા ઘરના દરવાજે જ લાઈન લગાડી ને ઉભા છે, એ દરવાજાનું નામ છે સરળતા, એ સરળતાનાં દરવાજો ખોલી નાખીએ, તો કલ્યાણો આપણા ઘરમાં આવી જાય

એમ છે. આપણે તપની દરવાજે જોઈએ છીએ, આપણે જ્ઞાનની દરવાજે જોઈએ છીએ, આપણે આરાધના ની દરવાજે જોઈએ છીએ, આપણે ક્રિયાની દરવાજે જોઈએ છીએ, સરળતા ની દરવાજો આપણો બંધ હોય છે ને માટે કલ્યાણ આપણા ઘરની અંદર આવતા નથી.

સરળતા નો દરવાજો બંધ હોય ને પછી આપણે, જ્ઞાન, દાન, તપ, ક્રિયા વગેરે દરવાજાઓ જોઈએ તો પણ કલ્યાણ ના આવે આ સ્થૂલ દ્રષ્ટિની વાત છે. સૂક્ષ્મ દ્રષ્ટિ એ તો જ્યારે સરળતા નો દરવાજો બંધ હોય છે, ત્યારે જ્ઞાન, તપ, ક્રિયા, વગેરે ના દરવાજાઓ પણ તાત્વિક દ્રષ્ટિએ તો બંધ જ હોય છે. અધ્યાત્મ સારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

दम्भो शल्यु क्रियाविधौ ।

દંભ એ શલ્ય છે જે ક્રિયાના ધર્મમાં ગ્રહણ કરી દે છે. તમે ગમે તેટલી ક્રિયા કરો, જો તમે દંભી છો તમારી બધી જ ક્રિયા ફોગટ છે. અધ્યાત્મ સારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

दम्भो ज्ञानाद्रिदम्भोलिः ।

જ્ઞાન એક પર્વત છે ને એના પર વજ્ર ના પ્રહાર કરી ને, એનો ચુરેચુરો કરી દેનાર કોઈ તત્ત્વ હોય, એવો કોઈ દોષ હોય તો એનું નામ છે દંભ! જેનાથી જ્ઞાનના ટુકડે-ટુકડા જોવાઈ જાય છે. અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

किं व्रतेन तपोभिर्वा दम्भश्चेन्न निराकृतः ।

જો તમે તમારા દંભનું નિરાકરણ નથી કર્યું, તો પછી વ્રતોથી શું ? તપો થી શું ?

किमादर्शेन किं दीपैर्यद्यान्ध्यं न दृशोर्गतम् ।

જો આંખનું આંધળાપણું જ ગયું નથી તો અરીસાથી પણ શું ! અને દીવડાઓ પ્રગટાવવાથી પણ શું ?

ગુરૂવાર

DATE 10 12 2020

સરળતા એ દ્રષ્ટિ છે. જ્ઞાન, તપ, ક્રિયા, દાન આ બધા દિવડાઓ છે. દ્રષ્ટિ વિના દીવડાઓ વ્યર્થ હોય છે. આવશ્યક નિર્યુક્તિ ગ્રંથની અંદર શ્રુત કેવલી ભદ્રબાહુ સ્વામી મહારાજ કહે છે,

તમે એક દીવડો કરો, દસ કરો, સો કરો, હજાર કરો, લાખ કરો, કરોડો કે અબજો દીવા કરો, પણ જે આંધળો જ છે, એને દીવાઓ શું કામ લાગશે. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે તમારામાં જો સરળતા નથી તો તમે કરેલી આરાધના, તપસ્યા, દાન વગેરે, તમારા આત્માને કામ નહીં લાગે, એ બધું જ દીવા છે. જે દ્રષ્ટિ વગર વ્યર્થ છે.

સરળતા એ દ્રષ્ટિ છે, અને બીજુ બધી જ આરાધના, એ દીવા છે. પહેલું કામ આ કરવા જેવું છે, સરળ બનો. હોશિયારી જેવી ગુલામી બીજુ કોઈ જ હોતી નથી.

છગનની દીકરી હતી ને એના દાદી પાસે ગઈ, દાદી ને પુછે કે દાદી -- દાદી તમે આજ ACTING (અભિનય) નો કોઈ કોર્સ કર્યો છે, દાદી કહે ના એવું કોઈ નથી કર્યું. તમે બહુ સારા કોઈ અભિનેત્રી છો, દાદી કહે કે ના હું કોઈ અભિનેત્રી નથી. દીકરી મુંઝાઈ, દીકરી એ ફરીથી પુછ્યું દાદી, તમારા સારી અભિનય કળાનો હશો જ, દાદી કહે ના એવું બધું કર્યું નથી, તું કેમ આવું પુછે છે છગનની દીકરી એ કહ્યું કે દાદી એમા વાત એવી હતી ને મારી મમ્મી કહેતી હતી કે તારા દાદી જાણી ગયા ને હવે દાદીના નાટક ચાલુ થશે.

તમારો વરસીતપ ચાલુ છે કે નથી ચાલુ જો

ગુરૂવાર

DATE 10 12 2020

બીજા નંબરની વાત હોય છે, તમે સરળ છો કે નહિ એ પહેલા નંબરની વાત હોય છે. તમે કેટલી જ્ઞાન શિબિરો ભરી એ બીજા નંબરની વાત હોય છે, તમે સરળ છો કે નહિ એ પહેલા નંબરની વાત હોય છે. તમે દાનમાં પેટી આપી કે બોક્સુ આપ્યુ એ બીજા - નંબરની વાત હોય છે, તમે સરળ છો કે નહિ એ પહેલા નંબરની વાત હોય છે. મનોમંથન કરીએ કે આપણે સરળ છીએ કે નહિ. આપણામાં સરળતા છે કે નહિ.

સમાજનું ચિત્ર જોઈએ તો, આપણી SOCIETY, સમાજ, અડોશ પડોશના લોકો, મોટાભાગ ના લોકોને મોટાભાગના લોકો ની કંઈ કિંમત હોતી નથી, કારણકે તેમને ખબર હોય છે, કે મોટા ભાગે તેઓ સરળ હોતા નથી.

સભાનો પ્રશ્ન :- સાહેબ મહાપુરૂષોએ, નવપદ, દિવાળી, પર્યુષણ વગેરેના પ્રવચનો ની અંદર, જે તે વિષય ચાલતો હોય એ વિષય ઉપર વધારે ભાર મુકતા હોય, આજે આ ગ્રંથકાર મહર્ષિ સરળતા ઉપર ભાર મુકે છે, તો જિનશાસનના આટલા બધા ગુણોમાંથી કયા ગુણ પર ફોકસ કરીને કઈ રીતે શું મેળવવું ?

પૂજ્ય શ્રી નો ઉત્તર :- ઉત્તરાધ્યયન સુત્રની અંદર, આ સવાલ નો જવાબ આપ્યો છે, વાત તમારી સાચી જિનશાસનની અંદર અનેકાનેક ગુણો, પણ જે ગુણ વગર બધું જ વ્યર્થ ને જે ગુણ હોય તો બધું જ સફળ થઈ જાય, ઉત્તરા - ધ્યયન સુત્ર કહે છે,

સોહી ૩ ઉજ્જુભૂયસ્સ, ધમ્મો સુદ્ધસ્સ ચિટ્ઠઇ।

classmate

ધર્મ નો ઉપદેશ છે, આત્મ શુદ્ધિ, મોક્ષમાર્ગ નો હાર્દ છે આત્મ- શુધ્ધિ, બધા શાસ્ત્રો નો સાર છે, આત્મ શુદ્ધિ, આપણું ULTIMATE (અંતિમ) લક્ષ્ય હોય તો એ આત્મ શુદ્ધિ ને, આત્મ શુદ્ધિ શેનાથી થાય, ઉત્તરાધ્યયન સુત્ર કહે છે, જે ઋજુ છે, જે સરળ છે, એની જ આત્મ શુદ્ધિ થાય, આગળ વધી ને કહ્યું,

ધમ્મો સુદ્ધસ્સ ચિટ્ઠઇ।

જે શુદ્ધ થયો એનો ધર્મ જ ટકી શકે. આગળ વધીને કહ્યું,

નિવ્વાણં પરમં જાઇ।

અને પરમ નિર્વાણ કોઈને મળે, તો આ શુદ્ધ જીવ, સરળ જીવ, એને જ ધર્મથી નિર્વાણ મળી શકે અને માટે સરળતા એ પાયાનો ગુણ છે.

કુટિલ જીવ દીક્ષા લઈ લે છે, દીક્ષા પાળે છે, તપ પણ કરે છે, જ્ઞાન પણ ભણે છે પણ એનો મોક્ષ થતો નથી. સરળ જીવ, ચિલાતી પુત્ર હોય, દ્રઢપ્રહારી હોય, ઘોર પાપી પણ સરળતા છે, એનું ઉત્થાન, અને એનું કલ્યાણ થઈ જાય છે. સાચું બોલો તમને હું પુછુ, તમારી પડોશમાં કોઈ બાઈ રહે છે, ચાતુર્માસમાં જે પણ તપ છે એ કરે, બધો હોય તો એ કરે, એકાંતરા ઉપવાસ પણ કરે, છઠ, અઠ્ઠમ વાળો એ કરે, શત્રુંજય તપ પણ કરે, સિદ્ધિ તપ એ કરે, શ્રેણિ તપ એ કરે, માસક્ષમણ એમના જીવન માં ત્રણ વાર થઈ ગયું હોય, ચાર વાર વરસીતપ થઈ ગયો હોય, ઘોર તપસ્વી ને મુકુ મોટું નામ કહી હોય જ નહિ, ઓછામાં ઓછુ બેસણા નું પચ્ચક્ખાણ હોય, અને બીજુ પણ અનેક વિધ આરાધનાઓ એમના

ભુવનમાં હોય, પણ તમને ખબર છે કે એ કેવી છે, સાચું બોલો તમને એમના માટે સદ્‌ભાવ થાય ? આપણો અનુભવ સુધ્ધા કહે છે, કે સરળતા નથી તો કશું જ નથી. કદાચ કોઈ ધર્મ ઓછો-વત્તો કરતો હશે, પાપો પણ એમના ભુવનમાં હશે, પણ પાપની કબુલાત હશે, સરળતા હશે, તો એ વ્યક્તિ આપણને ગમશે.

ઉગ્રમાં ઉગ્ર આરાધનાઓ, તપસ્યાઓ જેના ભુવનમાં હશે પણ, સરળતા નહી હોય તો એ આપણને નહિ ગમે, ને ગમવા ન ગમવાનો સવાલ નથી, આપણે સમજીએ છીએ, કે એ વ્યક્તિ છે ને એ વ્યક્તિ હકીકતમાં બહુ પાછળ છે.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ એ આપણને કહેવા માંગે છે, સરળતા એ તમારું ખરું મુલ્ય છે. જ્યારે તમે સરળતા ગુમાવી છો, ત્યારે તમે તમારી કિંમત ગુમાવો છો. જો તમે જ્યારે સરળતા ગુમાવો છો ત્યારે તમારી કિંમત ફુટી કોડી ની પણ નથી રહેતી.

મોહવિલય ઉધાનની અંદર, પ્રતિબોધક આચાર્ય, જ્ઞાનના ધણી, અદ્‌ભુત જ્ઞાન શક્તિ, અતિન્દ્રિય જ્ઞાનના સ્વામી, સંસારના ગુઢ રહસ્યો ને, મોક્ષમાર્ગના ગુઢ રહસ્યો ને, છતા કરી રહ્યા છે. આખી સભા વિસ્મય સાથે સાંભળી રહી છે, અને આચાર્ય ભગવંત એમની દેશના ને આગળ વધારે છે.

यत्तावदिदमज्ञानं, युष्मद्देहाद्विनिर्गतम् ।

જે આ બાળક તમારા શરીરમાંથી નીકળ્યું,

एतदेव समस्तस्य, दोषवृन्दस्य कारणम् ॥

માત્ર એક ભોગતૃષ્ણા ની વાત નથી, માત્ર આ વૈતરણીની વાત નથી, બધા દોષોનું કંઈ મુળ હોય તો એ આ અજ્ઞાન જ છે. અજ્ઞાન છે તો જ બધા દોષો આવશે, દોષો છે એનો અર્થ અજ્ઞાન છે, અજ્ઞાન ન હોય તો

ગુરુવાર
DATE 10 12 2020

એક પણ દોષની સંભાવના જ નથી,
ઙ્લદેવ સમસ્તસ્ય દોષવૃન્દસ્ય કારણમ્ ।
બધા દોષો નું કંઈ કારણ હોય તો એ અજ્ઞાન સિવાય બીજું કશું જ નથી. એક SOCIETY હતી ને એમાં એક નવું કુટુંબ રહેવા આવ્યું. હજુ તો રહેવા આવ્યું છે ને પહેલો દિવસ થયો છે, ને સાંજના સમયે SOCIETY ના કેટલાક સભ્યો ભેગા મળીને એમના ઘરે જાય છે, બેલ વગાડે છે, ઘરના વડિલ દરવાજો ખોલે છે, આવકાર આપે છે, બેસાડે છે, જરા ક્ષોભ સાથે વડિલ પુછે છે, ચા-પાણી લેશો ?, અને એક સભ્ય છણકો કરીને કહે છે કે અમે કંઈ અહીંયા ચા-પાણી પીવા નથી આવ્યા. વડિલ જરા ક્ષોભ સાથે જોઈ રહ્યા છે. ચહેરા ઉપર થોડી શરમ છે સંકોચ છે. આંખમાં પ્રશ્ન છે કે ભાઈ જે હોય એ બોલો, અને એક પછી એક બધાએ પોતાની રામકહાની શરૂ કરી. હું ગેલેરી માં બેસીને ચા પી રહ્યો હતો તમારા છોકરાએ કપ ઝપાટ મારીને ફોડી નાખ્યો. મારા કપડા બગડ્યા, હું દાઝ્યો, ગેલેરીની દિવાલ નો રંગ હતો એ રંગ બગડ્યો. બીજા ભાઈ એ કીધું તમારા છોકરાએ મારી બાઈકમાં પંચર પાડી દીધું, મારો આખો SCHEDULE ખરાબ થઈ ગયો. ત્રીજા ભાઈએ કહ્યું કે હું ને મારી પત્ની સવારે ચાલવા માટે નીકળ્યા હતા ને તમારા છોકરાએ પાછળ થી આવીને ખેંચી મારી પત્નીનો ચોટલો ખેંચ્યો, ચીસ પડી ગઈ એનાથી. ચોથા ભાઈએ કહ્યું કે તમારા છોકરાએ મારા છોકરાને એવી ઝાપટ મારી કે એના ચશ્મા તૂટી ગયા ને અડધો કલાક સુધી એ રડ્યો છે. પાંચમા ભાઈ એ કહ્યું કે તમારા છોકરાએ મારા ઘરની બેલ સાત વાર વગાડી છે ને ભાગી જઈને મને હેરાન કર્યો છે. એક પછી એક

બધાએ પોતાની કથા-વ્યથા રજૂ કરી. અને કોઈ જ અજુગતું કે નવા-જૂની ના થઈ હોય એ રીતે પેલા ભાઈ સાંભળતા રહ્યા, સાંભળતા રહ્યા, સાંભળતા રહ્યા, હવે બધા અકળાયા કે અમે આટલું બોલ્યા હવે તમે કંઈક બોલો, અને પેલા ભાઈ બહુ ઢીલા સ્વરે એમણે કહ્યું, મારો દીકરો છે ને એ ગાંડો છે. આંધી-રાત્રીએ પુરી રાત્રીએ ત્યારે નીકળી જતો હોય છે ને આવું થતું હોય છે. અમે આપ સર્વેની ક્ષમા માંગીએ છીએ, દય-નો એ ગાંડો છે એટલું સાંભળ્યું ને બધા હંડા-થઈ ગયા. માફી માંગી માંગી ને બધા નીકળી ગયા.

પગલાં ના પત્થરો ની વાત કરશો ક્યાં સુધી,
એ બિચારા નો તો એની રોજ માથાફોડ છે.

કોઈ કવિએ કહ્યું કે પગલાં ના પત્થરોની ચર્ચા ના કરો, એનો વિરોધ ના કરો, એની સામે બબાલ ના કરો. તમને તો રસ્તે જતા એક કાંકરી વાગ્યો છે, એની તો આખી જિંદગી ની માથાફોડ થઈ ગઈ છે. સોસાયટી ના સભ્યો એ વિચાર્યું કે આપણને એ આટલી તકલીફ થઈ તો આમને કેટલી તકલીફ થઈ હશે, કેટલા દુઃખી હશે, ને એનો છોકરો પોતે ય ગાંડો છે; એ કેટલો દુઃખી હશે, એની આપણને કેટલી તકલીફ પડી!

પગલાં ના પત્થરો ની વાત કરશો ક્યાં સુધી,
એ બિચારા ની તો એની રોજ માથાફોડ છે.

કોઈના ઉપર તુટી પડતા પહેલા, કોઈના બરછટ સ્વભાવનો વિરોધ કરતા પહેલા, કોઈનું અજુગતું વર્તન, કોઈનો વિચિત્ર સ્વભાવ, એની સામે પડતા પહેલા

એટલો વિચાર કરજો, કે જે પાગલપણું હોય છે એનાથી જે વ્યક્તિ જેટલી દુઃખી હોય છે, અને હું એનો વિરોધ ક્યાં કરું છું, જે વ્યક્તિ દયાપાત્ર છે, જેનો સ્વભાવ સારો નથી, જેની સમજણ ઓછી છે, જેની બુદ્ધિ ઓછી છે, જેની બુદ્ધિ સ્વચ્છ નથી, જેની બુદ્ધિ સુદ્ધા નથી,

પાગલોના પત્થરની વાત કરશો ક્યાં સુધી,
એ બિચારાને તો એની રોજ મારામારી છે.

Mark કરવા જેવી વસ્તુ આ છે, એ ભાઈ પોતાના દીકરાની, બેલ, કપની, ચોટલાની, ચશ્માની, પંચરની એ વાત રજુ કરવી, આનો બચાવ, આનો બચાવ, તેનો બચાવ, એવું કશું જ નથી કરતા, એ એટલું જ કહે છે, કે એ ગાંડો છે. અને એમાં બધા જ જવાબ આવી જાય છે. સિદ્ધર્ષિ ગણિ-મહારાજ પ્રતિબોધક આચાર્ય ના મુખે આપણને આ જ વાત કહેવા માંગે છે.

एतदेव समस्तस्य दोषवृन्दस्य कारणम् ।

અજ્ઞાન એ જ બધા દોષો નું કારણ છે, અજ્ઞાનથી જ બધા દોષો આવે છે. રાગ અજ્ઞાન થી થાય છે, દ્વેષ અજ્ઞાનથી થાય છે, ઈર્ષ્યા અજ્ઞાનથી થાય છે, નિંદા અજ્ઞાનથી થાય છે. પ્રાણાતિપાત, અદત્તાદાન, મૃષાવાદ, મૈથુન, પરિગ્રહ, જેટલા દોષો ભુવનમાં છે, જેટલા દોષો સંસારમાં છે. એ બધા દોષો નું કોઈ કારણ હોય તો એ અજ્ઞાન સિવાય બીજું કોઈ જ કારણ નથી. અજ્ઞાન ના કારણે જ તે તે દોષો આવતા હોય છે. છોકરો ગાંડો છે પછી આ પાંચ-દસ ઘટનાઓ નહિ, અગણિત ઘટનાઓ એના ભુવનમાં બનશે ને, એનું કારણ એટલું જ હશે કે

એ ગાંડો છે. પછી આમ કેમ થયું, તેમ કેમ થયું આ સવાલો નો કોઈ અવકાશ જ નથી. એ અજ્ઞાન એ ગાંડપણ છે. ગાંડો માણસ, શું ખોટું ના કરે એ જ પ્રશ્ન છે! અજ્ઞાની જીવ એ શું ખોટું ના કરે એ જ પ્રશ્ન છે! ન્યાય સુત્રની અંદર બહુ માર્મિક વાત કરી છે.

तेषां मोहः पापीयान्, नामूढस्येतरोत्पत्तेः।

આખા સંસારને સતાવતા ત્રણ દોષ, રાગ-દ્વેષ અને મોહ. આ ત્રણે ની અંદર વધારે કોઈ ખતરનાક હોય, તો એ મોહ છે. મોહ નો અર્થ છે અજ્ઞાન, પુછ્યું કે શા માટે અજ્ઞાન વધારે ખતરનાક, અને ત્યાં જવાબ આપ્યો કે જે અજ્ઞાની નથી, એને રાગ-દ્વેષ થતા જ નથી, માટે અજ્ઞાન વધારે ખતરનાક છે.

સિધ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે.

अनेन वर्तमानेन शरीरे देहिनो यत:।

પ્રશ્ન પુછ્યો છે સિધ્ધર્ષિ ગણિ મહારાજને કે શા માટે અજ્ઞાન જ બધા દોષો નું કારણ છે? અને સિધ્ધર્ષિગણિ મહારાજ જવાબ આપે છે, જ્યાં સુધી અજ્ઞાન આ શરીરમાં છે, ત્યાં સુધી જીવો,

कार्याकार्यं न जानन्ति गम्यागम्यं च तत्त्वत:॥

નથી તેઓ કાર્ય અકાર્ય ને જાણતા, નથી તેઓ ગમ્ય અગમ્ય ને પણ જાણતા. કાર્ય એટલે કરવા જેવું, અકાર્ય એટલે ન કરવા જેવું, ઉંડો કુવો છે, પચાસો ફુટ ઉંડો કુવો તો એ કુવા ની અંદર ન પડવું જોઈએ, એનાથી દુર રહેવું જોઈએ એ કાર્ય છે, એ કુવાની અંદર પડી જવું એ અકાર્ય છે. છ મહિનાનું બાળક હોય એને કશી જ ખબર પડતી નથી, કે ભાઈ એમાં પડી જવાય કે ન પડી જવાય, હાથે કરીને એ બાળક એમાં પડી જશે, કારણકે એ બાળક કાર્યા-કાર્ય ની સમજતી જ નથી. બરાબર એ જ રીતે, અજ્ઞાની છે એને પણ ખબર નથી પડતી, કે ભાઈ

ગુરૂવાર
DATE 10 12 2020

સંસાર ના કુવામાં પડી જવાય એવું ના જ કરાય. એવી પ્રવૃતિ થી દુર રહેવાય, આવી અજ્ઞાની ને ખબર નથી પડતી. અજ્ઞાની હાથે કરીને એવી પ્રવૃતિ કરે છે, અને સંસારના કુવાની અંદર પડી જાય છે. અજ્ઞાનીને ખબર નથી, ખબર નથી એને આપણે બહુ નાનો દોષ ગણીએ છીએ, આપણે એને ગુણમાં ખતવતા - હોઈએ છીએ, નાના આ તો મને ખબર નહતી ને એટલે કર્યું. આપણે એનો બચાવ કરતા હોઈએ છીએ પણ, ખબર નથી એ દુનિયાનો મોટામાં મોટો દોષ છે.

સાધકોનો પ્રશ્ન :- બધાને જ બધી ખબર હોય એવું તો કેવી રીતે બની શકે સાહેબ ?

પૂજ્ય શ્રી નો ઉત્તર :- બધી જ ખબરનો અર્થ કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાન તમને આજે ના થઈ જાય, એ ગંતવ્ય છે. તમારી સાંસારીક દ્રષ્ટિ એ તમને કહું, તમે કહો કે MASK પહેરવાનું, આવી મને ખબર નથી. તમને હેડ ગાંધી મુક્તિ મળી જાય ? તમે કહો કે ઝેર ન પીવાય ને ઝેરથી મરી જવાય આવી મને ખબર નથી, માટે મેં પીધુ. જેનાથી તમે નુકશાનમાં ના પડો, જેનાથી તમે મરી ના જાય, જેનાથી તમે ગુનામાં ના આવો, જેનાથી તમારો ધંધો ચોપટ ના થઈ જાય એટલી તમને ખબર ન હોવી જોઈએ ! અને ત્યાં તમે દલીલ કરો કે બધાને બધી ખબર હોય એવું જરૂરી નથી, ને એવું કઈ રીતે બને, તો એ બધાનો અર્થ સર્વજ્ઞતા ની વાત નથી, પણ જે પાયાની સમજ, તમારામાં સાંસારીક દ્રષ્ટિ એ હોવી જોઈએ નહી તો તમને સાંસારીક ઘણા બધા નુકશાનો થાય, એ જ રીતે આધ્યાત્મિક અમુક સમજ -

તમારામાં હોવી જોઈએ, અને જો નથી તો તમને ઘણા બધા નુકશાન થવાના છે. ખબર નથી જે ગુણ નથી, ખબર નથી જે નાનો દોષ નથી, ખબર નથી જે બચાવ નથી, ખબર નથી જે મોટો ગુનો છે, ખબર નથી જે મોટો અપરાધ છે. ખબર નથી જે બધાજ અપરાધો નો "બાપ" છે. ખબર નથી તો તમે સો ટકા નુકશાનમાં ઉતરવાના. દુનિયાના ઘણા દેશના કાયદા-શાસ્ત્રો, અને જિનશાસનનું અધ્યાત્મ શાસ્ત્ર, આ-બધા કહે છે.

" IGNORENCE IS NOT AN EXCUSE "

તમે અજ્ઞાની છો, તમારામાં અજ્ઞાન છે, એ તમારો બચાવ નથી, તમે ગુનો કર્યો, અને તમને ખબર ન હતી ને તમે ગુનો કર્યો તો એ તમારે એનું ફળ-ભોગવવું જ પડશે.

જ્ઞાની ભગવંતો કહે છે.

" જ્ઞાન વિના પશુ સારીખા "

જેનામાં જ્ઞાન નથી એ હકીકતમાં માનવ જ નથી, અજ્ઞાની પશુ જ હોય શકે. અજ્ઞાની એ પશુ જ છે.

कार्याकार्यं न जानन्ति गम्यागम्यं च तत्त्वतः ।

અજ્ઞાની નથી કાર્યા-કાર્ય ને સમજતો, અજ્ઞાની નથી ગમ્યા-ગમ્ય ને સમજતો. અજ્ઞાની એ નિશ્ચય દ્રષ્ટિએ જનાવર સમાન હોય છે, કઈ રીતે અજ્ઞાની જનાવર સમાન હોય છે, અજ્ઞાન ના કેવા કરતુત છે, અજ્ઞાનનું કેવું સ્વરૂપ છે, અજ્ઞાનનું આખું CHAPTER (પાઠ) - ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, પ્રતિબોધક આચાર્ય ના મુખે મુકી રહ્યા છે. જો એક અજ્ઞાનનું CHAPTER એ તમે બરાબર સમજ્યા, અને એને એ બરાબર અનુસર્યા, હું તમને GUARANTEE આપું છું. તમારો [ખાત્રી]

ગુરુવાર

DATE 10 12 2020

મોજ નક્કી માત્ર એક જ પદાર્થ, જેના ઉપર, સિદ્ધર્ષિ ગણિ મહારાજ, શ્લોક ના શ્લોક ચલાવી રહ્યા છે, અલગ અલગ ભાષાઓ થી અજ્ઞાન ને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

x x x x

ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

શુક્રવાર

## વ્યાખ્યાન નંબર - 69

DATE 11 12 2020

ગઈકાલના પ્રશ્નમાં વધારે સ્પષ્ટતા કરું પ્રશ્ન છે કે જિનશાસનમાં દરેક ગુણનું ઉત્કૃષ્ટ વર્ણન કરવામાં આવે છે ને એજ રીતે સરળતાના ગુણનું પણ ઉત્કૃષ્ટ વર્ણન થયું તો અમારે શું સમજવાનું કે હકિકતમાં ક્યો ગુણ ઉત્કૃષ્ટ છે ? જવાબ એ છે કે વાત એક અપેક્ષાએ સાચી છે ક્યારે સમભાવનું પરાકાષ્ટાનું વર્ણન મળે, ક્યારે સમર્પણનું પરાકાષ્ટાનું વર્ણન મળે, ક્યારે ક્ષમાનું પરાકાષ્ટાનું વર્ણન મળે, ક્યારે ઉપશમનું પરાકાષ્ટાનું વર્ણન મળે. એક અપેક્ષા એ જોઈએ તો દરેક ગુણ ઉત્કૃષ્ટ છે, એક પણ ગુણનું મુલ્ય બિલકુલ ઓછું નથી. એક અપેક્ષા એ જોઈએ તો તાત્વિક એક ગુણ પણ તમારામાં આવ્યો છે, તો બીજા બધા જ ગુણો ખેંચાઈને આવી જશે. એક અપેક્ષા એ જોઈએ તો પ્રત્યેક પ્રત્યેક ગુણ, આપણને અંતર્મુહુર્ત ની અંદર મોક્ષ આપી શકે એમ છે.

બીજુ અપેક્ષાએ જોઈએ, ક્યારે જીવોની ભૂમિકાનો ભેદ છે ત્યાં તે તે ગુણનું પ્રાધાન્ય થાય છે. સદ્ગુરુનો ગુણ છે કે શિષ્ય ઉપર વાત્સલ્ય ભાવ રાખવો, પણ સદ્ગુરુની જ્યાં સુધી આરાધના કરાવાની ભૂમિકા છે ત્યાં સુધી, સદ્ગુરુનો અંતિમ સમય ચાલતો હોય, અંતિમ મહીના, અંતિમ દિવસો ચાલતા હોય, ત્યાં શાસ્ત્રકારો કહે છે કે: હવે શિષ્ય વાત્સલ્ય એ પણ તમારો ગુણ નથી પણ અવગુણ છે.

ગણવિસર્જન।

અંતિમ આરાધનાનો પહેલો STEP એ છે કે તમે તમારો ગચ્છ છોડો, તમારા ગ્રુપમાંથી નીકળો, બીજા ગ્રુપમાં ભળો, ને ત્યાં આરાધના કરો. કારણકે આ શિષ્યો પ્રત્યેનો મમત્વ ભાવ, એમની સાથે નો વ્યવહાર એ તમારી અંતિમ આરાધનાને બગાડી નાખશે. જિનશાસન સ્યાદ્વાદ મય છે. દરેક ગુણની એમાં મહત્તા છે, અને છતાં પણ સરળતા

શુક્રવાર

DATE 11 12 2020

ગુણ, એ જોવા માટે એક અપેક્ષા એ ઉત્કૃષ્ટ છે, કારણકે એના વગર બીજા ગુણો એ નિષ્ફળ છે. સરળતા ગુણ જોવા માટે ઉત્કૃષ્ટ છે. દીક્ષા પણ લઈ લીધી પણ જો સરળતા નથી, તો એ દીક્ષા પણ નિષ્ફળ છે. અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે.

अहो मोहस्य माहात्म्यं, दीक्षां भागवतीमपि ।

ભાગવતી દીક્ષા સુધ્ધા લઈ લીધી પણ સરળતા ને કેળવી ના શક્યા,

दम्भेन यद् विलुम्पन्ति, कज्जलेनेव रूपकम् ।

બાલીસ જીવો હોય છે. જે દંભ દ્વારા, માયા દ્વારા, કુટિલતા દ્વારા, વક્રતા દ્વારા, મળેલી દીક્ષા ને નિષ્ફળ કરી દેતા હોય છે. અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ સ્પષ્ટ કહે છે,

किं व्रतेन तपोभिर्वा, दम्भश्चेन्न निराकृतः ।

જો હજુ દંભને તમે હટાવ્યો નથી, ખતમ કર્યો નથી દંભને છોડ્યો નથી, તો વ્રતો, તપો, બધું જ નિષ્ફળ છે. જે રીતે જુદી જુદી ભૂમિકા એ મોક્ષ માર્ગે આગળ વધે, જુદી જુદી ભૂમિકા ના તે તે ગુણ હોય પણ, મોક્ષ માર્ગનો જે પાયો છે, એનું નામ છે સરળતા!

સિધ્ધર્ષિ ગણિ મહારાજ અજ્ઞાન વિષેના અદભુત પદાર્થો ને ખોલવા જઈ રહ્યા છે, પણ એ જ સિધ્ધર્ષિ ગણિ મહારાજ એવું પણ કહે છે, જે અજ્ઞાની હશે એ હજુ જ્ઞાન ના માર્ગે આગળ વધશે, એનોય મોક્ષ થાય એવું હજુ શક્ય છે. પણ જે દંભી છે એક સરળ જીવ છે એ ય અજ્ઞાની છે, એક દંભી છે, એ ય અજ્ઞાની છે, સરળ આગળ વધી જશે, દંભી ત્યાં નો ત્યાં રહેશે, દંભી ઓર પાછળ જશે. બાળક બનતા આવડશે, તો સાચા આરાધક બનાશે. આવ્યા પણ એ બુધ્ધિ લાવ્યા, હોંશિયારી લાવ્યા,

આપણી રીતે કરવા ગયા, અંદર કુડ, બહાર કુડ ત્યારે લોકો માની લેશે કે ભાઈ આ સુશ્રાવક છે. લોકો માની લેશે કે આ સુસાધુ છે. નહીં તમારો મોક્ષ - થાય, નહીં મારો મોક્ષ થાય, એ આપણી ભીતર દંભ ધુવતી છે.

અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી - મહારાજ કહે છે,

स्वदोषनिह्नवो लोक - पूजा स्याद् गौरवं यथा ।

દંભ શા માટે કરવો છે ? મારા દોષ છુપાઈ જાય, લોકો મને સારો માને, મહાન માને, મારો સત્કાર કરે, મારું સન્માન કરે,

इयतैव कदर्थ्यन्ते दम्भेन बत बालिशाः ॥

બાલીશ જીવો બસ આટલા જ પાયા (BASE) ઉપર આખી જિંદગી, દંભથી પોતાની મન ને હેરાન કરતા હોય છે. આપણા દોષ બહાર ન થાય એની આપણને વધારે જરૂર છે, કે આપણા આત્માનું કલ્યાણ થાય, એનો મોક્ષ થાય, એની દુર્ગતિ ના થાય એની વધારે જરૂર છે ! ચાર જગમાં આપણે પૂજાતા અને પુછાતા થઈએ, એની - આપણને વધારે જરૂર છે કે આપણો આત્મા ફરી - ફરી નરક નિગોદમાં ના જાય, એની આપણને વધારે જરૂર છે. બહુ મોટું અંદર યુધ્ધ કરવું પડશે, ઝઘડો કરવો પડશે, મનોમંથન કરવું પડશે, આપણે આપણી સાથે લડવું પડશે.

સિધ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે,

कार्याकार्यं न जानन्ति, गम्यागम्यं च तत्त्वतः ।
अन्धा इव कुमार्गेण, प्रवर्तन्ते ततः परम् ॥

જીવ અજ્ઞાનને આધીન થઈ ગયો, અજ્ઞાનને વશ થઈ ગયો, શું કાર્ય, શું અકાર્ય, શું ગમ્ય, શું અગમ્ય ? આનું એને કોઈ જ ભાન નથી રહેતું ને, આંધળો માણસ જેમ ઊંધુ ઘાલીને હાલે રાખે, તેમ અજ્ઞાની જીવ તે - તે પ્રવૃત્તિ માં પ્રવૃત્ત થાય છે. જે પ્રવૃત્તિ એના

આત્મા માટે નુકશાનકારક છે.

જ્ઞાન વિના પશુ સરીખા !

અજ્ઞાની કદી માણસ હોય જ ના શકે. અજ્ઞાની પશુ જ હોય શકે, પશુને કશીજ ખબર નથી, શું ખવાય, શું ન ખવાય, શું પીવાય, શું ન પીવાય ? કોની સાથે ભોગ ભોગવાય, કોની સાથે ન ભોગવાય, અને ભોગની જે ચેષ્ટા ક્યાં કરાય ને ક્યાં ન કરાય, પશુને કશી જ ગતાગમ હોતી નથી. અજ્ઞાની ને પણ કશી જ ગતાગમ હોતી નથી. અજ્ઞાની માનવ હોય તો એ માનવ ના ખોળિયાની અંદર પશુ હોય છે એક વ્યહવાર પશુ હોય છે, જેને શિંગડા હોય, જેને પુંછડી હોય, જેને ચાર પગ હોય, જે આમ તેમ આમ-તેમ ભટક્યા કરે, અશુચિની અંદર પગ માથું નાખે, જે ભોંક્યા કરે, જે ઉંધી ચત્તી ચેષ્ટાઓ કર્યા કરે, એ વ્યહવાર પશુ હોય છે.

બીજો નિશ્ચય પશુ હોય છે, જે બહારથી તો માણસનું ખોળિયું હોય છે, બહારથી તો દેવનું ખોળિયું છે, બહારથી તો એક GENTLEMAN છે બહારથી તો એ પ્રતિષ્ઠિત વ્યક્તિ છે, બહારથી તો એ મનુષ્ય જ છે. પણ અંદરથી પશુ છે એનું નામ નિશ્ચય પશુ ! જિંદગી માં ક્યારે પણ રસ્તા ઉપરથી નીકળ્યા હો ને ભૂંડ દેખાય, કુતરો દેખાય, પશુ દેખાય, બિલાડી દેખાય, ગાય દેખાય, શાંત દ્રષ્ટિ એ એમાની કદી પ્રયાસ કર્યો છે કે, એનું જીવન શું ? એની દ્રષ્ટિ શું ? એના ઉદ્દેશ્ય શું ? એના પ્રાપ્તવ્ય શું, એની ખુશી શું ? એની નાખુશી શું ? આમથી આમ. આમથી આમ જ્યા કરે જ્યાં ત્યાં મોઢું નાખ્યા કરે, ભસ્યા કરે, ભોંક્યા કરે, એનો અર્થ શું ? સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે કે રસ્તાપાનું પશુ પણ તમારા કરતા સારું છે. સિધ્ધર્ષિ ગણિ

મહારાજ કહે છે કે તમને મનુષ્યત્વ મળ્યો, તમને જૈનત્વ મળ્યું, જિનશાસન મળ્યું, જિનવાણી મળી, પણ અંદર કોઈ દિ' કરો કે, તમારા જીવનની અંદર માનવત્વ વધારે છે કે પશુત્વ વધારે છે. પશુની જે ચેષ્ટા છે, તમારી જે ચેષ્ટા છે, એ જ્યાં ને ત્યાં ભટક્યા કરે છે. તમે શું કરો છો ?

સિધ્ધર્ષિ ગણિ મહારાજ આપણ ને એ કહેવા માંગે છે કે નિશ્ચય પશુએ છે જેને મોક્ષ માર્ગ સીવાયની એક પણ પ્રવૃત્તિ કરવા જેવી લાગે છે. કાર્ય લાગે છે,

કાર્યાકાર્યં ન જાનન્તિ।

મોક્ષ યાત્રા સિવાય પણ જેને કંઈ કરવા જેવું લાગે, એ નિશ્ચય પશુ છે. નિશ્ચય પશુ એ છે જેને પોતાની પરણેતર સહિત, દુનિયાની કોઈ પણ વ્યક્તિ ગમ્ય લાગે છે. નિશ્ચય પશુએ છે જેને ભોગ ક્રિયાની અંદર સહેજ પણ સાર્થક્ય લાગે છે. નિશ્ચય પશુએ છે જે અર્થભોગ અને કામ ભોગ માટે જીવનની કિંમતી ક્ષણો માંથી એક ક્ષણ પણ ફાળવી શકે છે ને, એક ક્ષણ ફાળવવી જેને પોસાય છે. નિશ્ચય પશુએ છે જેને શરીરની - અંદર અશુચિ ની સિવાય બીજું કંઈ પણ દેખાય છે. નિશ્ચય પશુએ છે જે એક ક્ષણ માટે પણ વૈરાગ્ય ની બહાર આવી શકે છે. નિશ્ચય પશુએ છે જે નિર્ભોગ ગુણોના ભોગમાંથી એક ક્ષણ પણ બહાર આવી શકે છે. નિશ્ચય પશુએ છે, જે આત્મ પરિણતિ નો મારો, એક ક્ષણ માટે થસ્તો કે વાગોળતો નથી. નિશ્ચય પશુ એ છે, જે પરપરિણતિ ના ઉકરડાની અંદર જમણવાર મનાવે છે. નિશ્ચય પશુએ છે, જેના માટે સજાતીય કે વિજાતીય, એ બંને અજાતિય નથી બની ગયા. જેનું કોઈ જ વજૂદ ના રહે એને અજાતિય કહેવાય. નિશ્ચય પશુ એ છે, જેને ભવમાં ભટક્યા કરવામાં બિલકુલ અજુગતું લાગતું જ નથી. નિશ્ચય પશુએ છે છે વિકથા દ્વારા,

છાપા દ્વારા, ફોગટ વાતો દ્વારા, INTERNET ઉપર, SOCIAL MEDIA ઉપર, એ વિડિયાઓ દ્વારા, અસ્થાને બોલચાલ કરે છે. નિશ્ચય પશુઓ છે, જેનું માત્ર ને માત્ર એ જ ઉદ્દેશ્ય છે. જ્યાં સુધી અજ્ઞાન આપણું તણાયું નથી ત્યાં સુધી આપણે નિશ્ચય પશુ છીએ. જ્યાં કોઈ ક્રિયા સાર્થક નથી એનું નામ નિશ્ચય પશુ. જે, જે કરે એ વિવાદાસ્પદ છે, એનું નામ નિશ્ચય પશુ. અજ્ઞાની માણસ જે શું કરે ને એ વિવાદાસ્પદ ના હોય એ જ મોટો પ્રશ્ન છે.

છગન એકવાર પાગલખાને ગયો ને પાગલખાનાના એક પછી એક રૂમ ને એક પછી એક ખૂણા જોઈ રહ્યો હતો, આગળ વધતો હતો.. વધતો હતો.. વધતો હતો ને પાગલો ભતભતની વિચિત્ર ચેષ્ટાઓ કરે ને લવારા કરે ને, રડે ને માથું કૂટે ને, ભતભતની ચેષ્ટાઓ છગન જોતો જાય ને આગળ વધતો જાય. એક રૂમના બારણા પાસે આવ્યો ને જોયું કે અંદર બેઠેલો વ્યક્તિ, એ બહુ ગંભીર મુદ્રા સાથે, બહુ જ SERIOUSLY કોઈની સાથે વાત કરતો હતો. બધે જ ગાંડપણની ચેષ્ટાઓ જોતો આવ્યો હતો ને આ રૂમમાં પણ ગાંડપણની ચેષ્ટા જોવા મળે એવી છગનને અપેક્ષા હતી. અને છગને જોયું કે આ રૂમમાં બેઠેલી વ્યક્તિ કોઈ ગાંડી નથી લાગતી, એના સ્વરની ગંભીરતા, એની મુખ મુદ્રાની ગંભીરતા, જે વાત કરી રહી એ એની ઢબ, એનો અવાજ, એના પદાર્થ, એ એકદમ-વ્યવસ્થિત છે, ગાંડપણના એક પણ લક્ષણ આ માણસની અંદર નથી ને આ વ્યક્તિ ગાંડી ના હોય શકે. જેની સાથે વાત કરતી હોય એ વ્યક્તિ કદાચ ગાંડી હોય શકે, પણ આવી રીતે જેની સાથે વાત કરાતી હોય એ પણ પાગલ હોય જ ના શકે ને છગનને કશી સમજ પડતી નથી. એ કોની સાથે

વાત કરી છે જે વ્યક્તિ હૈજાની નથી પણ પાગલ સાથે આ રીતે વાત થઈ જ ના શકે. છગને ધ્યાન બરાબર જોયું તો જે વ્યક્તિ છે બોલી રહી હતી એનો UNIFORM હતો ને, જે કપડા જોઈ ને હોસ્પિટલ નો પાગલ પહેરે એ જ પહેર્યા હતા ને છગનને થયું કે સો ટકા - કાંઈક ભુલ થઈ ગઈ છે. આ વ્યક્તિ જે ભુલથી આ કપડા પહેરી લીધા છે ને અહીં બેસીને કોઈની સાથે વાત કરી રહી છે. મારે તપાસ કરવી જોઈએ ને છગન જરા હિંમત કરી ને અંદર ગયો ને છગનને બધી જ વાત નો ખ્યાલ મળી ગયો. જે વ્યક્તિ SERIOUSLY જે વ્યક્તિ સાથે વાત કરી રહી હતી ને, જે વ્યક્તિ ત્યાં ન હતી. જેની બહુ જ SERIOUS MEETING માં SECOND PERSON ની કોઈ જરૂર જ નથી, આનું નામ પાગલ ! પાગલનું બધું વિવાદાસ્પદ હોય છે, પાગલનું બધું જ હાસ્યાસ્પદ હોય છે, પણ આપણને પાગલ ઉપર હસવું આવે છે, પણ હજુ આપણી - અંદર ની આ પશુત્વ ની વૃત્તિ જો ગઈ નથી તો, આપણે પણ હકીકતમાં પાગલ જ છીએ.

અજ્ઞાન નો અર્થ જ મોહ છે, અજ્ઞાનનો અર્થ જ ગાંડપણ છે, અજ્ઞાનનો અર્થ જ પાગલપણું છે, સિદ્ધર્ષિગણિ મહારાજ આગળ વધે છે,

भक्ष्याभक्ष्यं न बुध्यन्ते पेयापेयं च तत्त्वतः।

અજ્ઞાની જીવ હોય છે એની કેવી કરૂણ દશા હોય છે. એનું વર્ણન સિદ્ધર્ષિ ગણિ મહારાજ કરી રહ્યા છે. અજ્ઞાની જીવ નથી સમજી શકતો કે શું ખવાય, શું ના ખવાય ! અજ્ઞાની જીવ નથી સમજી શકતો કે શું પીવાય અને શું ના પીવાય. માંસ કઈ રીતે ખાય શકાય, કઈ રીતે મોઢામાં મુકાય, એ જ્ઞાની એનો પ્રશ્ન છે ! માંસ શા માટે ના ખવાય, આ અજ્ઞાની એનો પ્રશ્ન છે. મુંબઈની અંદર એક પરીવાર છે, પરીવારના શ્રાવિકા, એમનો

વરસીતપ આયંબિલથી થાય, બેસણા ની બદલે આયંબિલ
કરવાના, આગળ પાછળ ઉપવાસ કરવાના, આવા -
પરીવાર ને આવા શ્રાવિકા એમની દીકરી ઘરે પ્રશ્ન
કરે છે, મારો BOY FRIEND એ NON-VEG
જમતો હોય તો, એની બાજુમાં બેસીને હું ઘણા કેમ
ન ખાઈ શકું, ખોટું શું છે આમાં ? એની દલીલ ધાર્યું છે

भक्ष्याभक्ष्यं न बुध्यन्ते पेयापेयं च तत्त्वतः।

NRI જૈનો EUROPE, AMERICA ની અંદર રહેતા હોય
ને એમના PRIMARY SCHOOL માં ભણતા છોકરાઓ
SCHOOL માંથી ઘરે આવીને મમ્મી-પપ્પાને પ્રશ્ન
કરે કે, મમ્મી આપણે MEAT શા માટે ના ખવાય ?
અનાદિકાળના પશુત્વના સંસ્કારો, જે ખાનદાન પરિવાર
અને જૈનત્વ ના કારણે, દેશના ~~[illegible]~~ કારણે કંઈક
ભૂંસાયા હોય અનાદિના સંસ્કારો ને ઉજાગર કરવામાં
MEDIA, શિક્ષણ, માહોલ, વિદેશ બધુ જ કારણ બને
ને અંદર નો સુઈ ગયેલો પશુ, એને ઢંઢોળીને -
જગાડવામાં આવે એવી અજ્ઞાની જીવોની દશા છે.
નિતિ સુત્ર કહે છે,

किं न भक्षन्ति वायसाः।

કાગડાઓ શું નથી ખાતા ? હવે કદાચ બીજું નિતિ
સુત્ર બનાવવું પડશે.

किं न भक्षन्ति मानवाः।

માણસો શું નથી ખાતા. આપણા એક મહાત્માએ
એક બુક બહાર પાડી હતી, ને ત્યાં ઉપર લખ્યું હતું
કે તમારું હૃદય નબળું હોય તો તમે આ નહીં જોતા.
બુક એ ખોલી ને અંદરનું દ્રશ્ય જોઈને ગભરાઈ -
જઈએ આપણે, અપાનની કોઈ હોટલ ને હોટલમાં
SERVE થતી ડીશ, એ ડીશ ને લઈ જઈ રહ્યો છે,
ફોટો પડાયો છે. એ ડીશની અંદર ગર્ભસ્થ કોઈ
બાળક હોય એના પગ, એનું માથુ, એના હાથ, એનું

શુક્રવાર

DATE 11 12 2020

પેટ બધું કાપી કાપી ને રાખેલું છે.

किं न भक्षन्ति मानवाः ।

ઓસ્ટ્રેલિયા ની અંદર એક મોટા માણસનું RECEPTION, ને RECEPTION ની અંદર, એક એક જંગલી પ્રાણીઓનું માંસ પીરસવામાં આવ્યું હતું ને, દરેક નું જુદુ જુદુ COUNTER હતું. ચાઈનાની હોટલો ની અંદર, મરઘા-બતકાને બધા જીવતા હોય, એમાંથી જે પસંદ કરવામાં આવે, ઈટ દઈને એને કાપીને એવો ને એવો પીરસી દેવામાં આવે. ભારતીય NAVY ની અંદર જુવાનો ચિત્ર-વિચિત્ર દરીયાઈ પ્રાણીઓ, દરિયાઈ પશુઓ, એ જળચરો ના માંસ એના સબડકા લેતા હોય છે.

किं न भक्षन्ति मानवाः ।

માણસ શું, શાકાહારી પશુ પણ થૂ.. થૂ.. થૂ.. થૂ.. કરી નાખે, એ વિચાર સુદ્ધા ન કરે, જે ભુલ્યું હોય, તો એ ભાખ્યું જ નાખે, એના જ સબડકા માણસ લે છે, હું તમને કહું, તમારે પણ BREAD BUTTER છોડવા નથી, તમારે પણ છાશવારે હોટલોમાં જવાનું છોડવું નથી ને CHANCE મળે તો FIVE STAR હોટલમાં પણ તમારે પગલા કરવા છે તો એનામાં ને તમારામાં શું ફરક રહ્યો ?, એમણે ય બલ્ગય સ્વીકાર્યું, તમે ય બલગ સ્વીકાર્યું, એમણે DIRECT ઈંડુ સ્વીકાર્યું, તમે કોઈક ઈંડા ની PRODUCT INDIRECTY સ્વીકારી લીધી, એમણે DIRECT પોતે NON VEG સ્વીકાર્યું, ને તમે એ NON VEG જેમાં MIX થયું છે એવી કોઈ ITEM સ્વીકારી, એમણે DIRECT માછલી ને સ્વીકારી, તમે અમુક ITEM ની અંદર માછલી-સ્વીકારી. ફરક શું રહ્યો ?, ફરક ફક્ત નાટક નો રહ્યો એમાં નાટક ન હતું, આપણે નાટક ભજવી લીધું.

भक्ष्याभक्ष्यं न जानन्ति पेयापेयं च तत्त्वतः ।

હું તમને કહું છું મે તમારે સદ્ગતિમા જવુ હોય,

તમારે એ આત્માનું કલ્યાણ કરવું હોય, મળેલા ચૈતન્ય ને એ તમારે નિષ્ફળ ના બનાવવું હોય, અરે ચૈતન્ય ની વાત દુર છે, એ તમારે માનવતા ના સ્તરથી નીચે ના ઉતરવું હોય, એટલું નક્કી કરી લો NO COMPROMISE તમારે કોઈ પણ COMPROMISE કરવું નથી.

રોટલી થી તમે નીચે ઉતર્યા, એ નીચેના વિકલ્પ, કેટલો ઓછો ખરાબ હતો, એ તમારી ભાષામાં સારો હતો, એનું એટલું મહત્વ નથી, મહત્વ એ વાતનું છે કે રોટલી થી તમે નીચે ઉતરી શક્યા, હવે તમે ક્યાં પહોંચશો એનો કોઈ જ ભરોસો નથી. FIVE STAR HOTEL ની અંદર કે NON VEG BAR વાળી હોટલ ની અંદર, તમે જૈન ખાવાનું લો એનું કોઈ ગુમાન કે આશ્વાસન લેવાની જરૂર નથી, તમે એવી જગ્યા એ જઈ શક્યા ને ત્યાં જવા જેટલા તો તમે નીચે ઉતરી શક્યા ને, હવે તમે કેટલા નીચે ઉતરશો, એનો કોઈ જ ભરોસો નથી.

થિયેટરની અંદર તમે કેટલી ઓછી ખરાબ ફિલ્મ જોઈ, તમારી ભાષામાં સભ્ય-ફિલ્મ જોઈ, એનું એટલું મહત્વ નથી, તમે થિયેટરમાં જઈ તો શક્યા ને, હવે તમે કેટલા નીચે ઉતરશો એનો કોઈ જ ભરોસો નથી. સાડીથી નીચેનો STEP કેટલો ઓછો ખરાબ છે, તમારી ભાષામાં કેટલો સારો છે, એ બચાવો માં તમે પડતા નહીં, તમે સાડીથી નીચે ઉતરી શક્યા, હવે તમે કેટલા નીચે ઉતરશો એનો કોઈ જ ભરોસો નથી. બચવું છે તમારે તો તમે નક્કી કરો, NO COMPROMISE! હોશો એ લપસણી ભૂમિ છે, તમે લપસી ને પછી ક્યાં અટક્યા છો, એના બચાવો માં ના રહો.

શુક્રવાર

DATE 11 12 2020

એના આશ્વાસન ના લો, તમે તપસ્યા ત્યાં જ બધી વાત
પૂરી થઈ જાય છે. આજે જ્યાં ખડક્યા છો એ વાતનું
કોઈ જ મુલ્ય નથી, કાલે જ્યાં તમે પહોંચ્યા છો
એની કોઈ જ ભરોસો નથી.

આવું જિનશાસન મળ્યું, આવી જિનવાણી
મળી, આવા જૈનત્વના સંસ્કાર મળ્યા, જૈનત્વનું
ગૌરવ મળ્યું પછી આપણી હાલત આટલી કથળતી કેમ
થઈ રહી છે. તમે નક્કી કરો જ્યાં ઘાસની લોન-
ઉપર પ્રોગ્રામ હોય, એ પ્રોગ્રામમાં હું પહોંચ્યો ને
ENTERENCE GATE થી મેં જોઈ લીધું કે ત્યાં બધા
ઘાસ ઉપર બેઠા છે, ઘાસ ઉપર મારે જવાનું છે,
ભગવાને આવું કરવાની ના પાડી છે, તમે ગેટથી -
જય જિનેન્દ્ર કરીને રવાના થઈ જાવ. હું તમને પુછું છું,
આમા તમારો કોઈ ધંધો ચોપટ થઈ જવાનો છે!
તમે નક્કી કરો દુનિયાને કેટલું નીચે ઉતરવું હોય -
એટલું ઉતરે, મર્યાદા સભર વસ્ત્રોના વિકલ્પથી મારે
એક STEP પણ નીચે ઉતરવું નથી, હું તમને કહું
મે તમે એટલી ખુમારી દાખવો તો વધુમાં વધુ શું
થઈ જવાનું છે! તમે નક્કી કરો કે આજુ-બાજુ
વાળા, સગાવહાલા જેને જવું હોય તો વિદેશ જાય. જ્યાં
દેવ નથી, જ્યાં ગુરુ નથી જ્યાં ધર્મનો કચ્ચરઘાણ થઈ
જવાનો છે, એવી જગ્યાએ હું મરી જાઉં તો એ મારે
પગ મુકવો નથી, આટલું તમે નક્કી ના કરી શકો,
આટલી FEELINGS તમને ના હોય?

તમે નક્કી કરો કે મારા ભગવાની
તિથિ પાળવાની છે, બાર તિથિ, બાર તિથિ નહીં તો
પાંચ તિથિ ATLEAST, હું ચોક્કસ પાળીશ, હું -
ચુસ્તતાથી પાળીશ, હું ગમે તે ભોગે પાળીશ, મારા-
થી શક્ય હશે તો તપ કરીશ, શક્ય હશે તો
પૌષધ કરીશ, શક્ય હશે તો સામાયિક કરીશ, એ નહિ

તો પ્રતિક્રમણ કરીશ, કંઈ ને કંઈ કરીશ, એને FOLLOW કરીશ, મારા ભગવાને કહ્યું છે, આટલી ખુમારી તમે ના લાવી શકો ? તમારી પાસે અમને એ અપેક્ષા હતી, કે તમે આખી જિંદગી દુનિયાની અંદર જિનશાસનનો ઝંડો લઈને ફરો, તમારી પાસે અમને એ અપેક્ષા હતી, કે તમે એક-એક વ્યક્તિ પાંચસો-હજાર જણાને પુસ્ત જૈન બનાવો, તમારી પાસે અમને એ અપેક્ષા હતી, કે તમારું જીવન જ એવું હોય, કે જે જીવન જોઈને શુદ્ધ જૈનાચાર કોને કહેવાય, શુદ્ધ-જૈનત્વ કોને કહેવાય, એ બધાને ખબર પડી જાય. તમારી પાસે અમને એ અપેક્ષા હતી, જૈનત્વની ખુમારી જોઈને કોઈની હિંમત જ ના ચાલે, કે કંદમૂળ, અભક્ષ્ય, રાત્રિભોજન ને ઘાસની લોનના પ્રોગ્રામ માં તમને આમંત્રણ આપી શકે. તમારી પાસે અમને એ અપેક્ષા હતી કે તમારું જીવન જ એટલું ઊંચું હોય, તમારો આખો પરિવાર તમારું જીવન જોઈને સ્તબ્ધ થઈ જાય, અને અમુક [illegible] મર્યાદાઓ તો આપમેળે ગોઠવાઈ જાય. તમારી પાસે અમને એ અપેક્ષા હતી, જમાનો ક્યાં છે એની તમને કોઈ જ પરવાહ ન હોય, જિનશાસન ક્યાં છે, એ જ તમારી દ્રષ્ટિ હોય. હું તમને કહું કે તમે સમજેલા થઈ ને પણ ન સમજેલાની સાથે જ બેસતા હો, તો તમારા સમજવાનો અર્થ જ શું છે ?

સભાનો પ્રશ્ન :- (વ્યવહારથી અને પરિવારના સંતોષ ખાતર મે જોડાવું પડે, તો શું કરવું ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- યોગસારની અંદર પ્રાચીન

પરમર્ષિ એ આ સવાલનો જવાબ આપ્યો છે,
તોષણીયો જગન્નાથ - સ્તોષણીયશ્ચ સદ્ગુરુ: ।
પ્રાચીન પરમર્ષિ કહે છે કે તમારે કોને ખુશ કરવા છે, એ જવાબ તમે આપો. તમારે ભગવાનને ખુશ-કરવા છે કે દુનિયાને ખુશ કરવી છે, મહોપાધ્યાય-યશોવિજયજી મહારાજ મલ્લિનાથ ભગવાનના સ્તવનમાં કહે છે,

હોય શત્રુનો ઉપાય સાહમું કાંઈ ના ચૂઈ રી

યા તમે ભગવાનને ખુશ કરી શકશો, યા તમે દુનિયાને ખુશ કરી શકશો, બંનેને ખુશ કરવું એ શક્ય જ નથી.

મલ્લિનાથ તુજ રીઝ જન રીઝે ન હુઈ રી

દુનિયાને ખુશ કરીશ તો ભગવાન તને હું કદી પણ ખુશ નહીં કરી શકું, ભગવાન પરીવારજનો સામે જોઈશ તો તારી સામેથી મારે મોઢું ફેરવી લેવું પડશે, ભગવાન હું શરીર સામે જોઉં, હું મન સામે જોઉં, હું દોસ્તોની સામે જોઉં, હું રૂપની સામે જોઉં તો તારા-શાસનની આરાધના હું કદી પણ કરી શકવાનો નથી. હું તમને પુછુ છુ કે તમે નક્કી કરો, કે તમારે કોને ખુશ કરવા છે ? યોગસાર કહે છે, એક ભગવાનને ખુશ કરો,

તોષણીયો જગન્નાથ: ।

બે ગુરુને ખુશ કરો,

તોષણીયશ્ચ સદ્ગુરુ: ।

ત્રીજા નંબરની વાત કરે છે,

તોષણીયસ્તથા સ્વાત્મા ।

ને ત્રીજા નંબર ની અંદર તમારા આત્માને ખુશ કરો, જેનાથી તમારો આત્મા દુર્ગતિમાં ના જાય, જેનાથી તમારો આત્મા નરકમાં ના જાય, એવું તમે કામ કરો એ આત્માને ખુશ કરવા બરાબર છે. બીજાને ખુશ

કરીને તમને ફાયદો શું છે ! પ્રવચનમાં જ્યારે જ્યારે
આવા OPTIONS આવે, ત્યાં ધર્મ સચવાય યા
પરીવાર સચવાય, તમે એક પ્રશ્ન તમારી મનને
પુછજો, કાલે ઉઠીને આ પાપ કરીને જ્યારે નરકમાં
જઈશ, જેના માટે પાપ કરું છું, જેની ખુશી માટે
પાપ કરું છું એ મને બચાવવા આવવાના છે કે
નહિ, ને જો એ બચાવવા ના જ આવવાના હોય,
તો એમની ખુશી માટે આવું પગલું ભરવું એ
જરા પણ સમજદારી ભર્યું નથી

હજુ આગળ વધીને હું તમને કહું
તમે કહો કે તમે આ બધું પાટ ઉપરથી બોલો,
શાસ્ત્ર પાઠો છે, એ બધી વાત સારી, અમે
જ્યારે બહાર જઈએ ત્યારે અમે એ નથી કરી શકતા,
અમારાથી શક્ય નથી, આ રીતે સામે પડવું ને
ત્યાં સાથે રહેવું ને એ રીતે સંસાર ચલાવવો,
અમારા માટે અઘરો છે. હું તમને કહું છું,
શ્રાદ્ધ વિધિ ગ્રંથની અંદર શ્રાવકનું પ્રવચન બતાડ્યું
કે જે, કદાચ પરિવાર સાથે વ્યાખ્યાન ના
સાંભળી શકે, પરિવાર ના કદાચ એક-બે સભ્ય
વ્યાખ્યાનમાં આવે કે ન આવે, શ્રાવક વ્યાખ્યાન
સાંભળે, રાતે ઘરમાં ધર્મસભા કરે, અને ઘરના
સભ્યોને, વ્યાખ્યાનની વાતો કરે. હું તમને કહું
છું, જો તમારા પરિવારને વરસોથી આ સંસ્કારો
આપ્યા હોત, તો આજે તમારે આ પ્રશ્ન -
પુછવાની જરૂર ના પડી હોત ! આજની તારીખમાં
એવા દીકરાઓ છે જે મા-બાપને સુધારે છે.
આજની તારીખમાં એવી દીકરી છે, પાઠશાળામાં
સમજીને આવી, રાતે ન જવાય, નરકે જવાય,
ઘરે આવી પપ્પા ને વાત કરી, પપ્પા રાતે ના
જવાય, પપ્પા હસતા... હસતા જોઈ રહ્યા છે,

દીકરો ધ્રુસકે ને ધ્રુસકે રોવા મંડયો ને હવે પપ્પા પીગળ્યા છે, બેટા રડે છે કેમ ? દીકરો કહે છે પપ્પા, મેં પાઠશાળા માં ભણ્યું કે જે રાતે ખાય એ નરકે જાય, પપ્પા તમે નરકે જતા રહેશો તો મારું શું થશે ? ને પપ્પા ની આંખમાં પણ આંસુ આવી ગયા ને રાતે ખાવાની બાધા લઈ લીધી.

શ્રાવક એને કહેવાય કે જે સમજે કે આ પરિવાર છે એ એક સંયોગ છે, હું વડિલ છું ઘરનો, જેમ ઘરનું BUDGET પુરુ કરવાની મારી જવાબદારી છે, એમ ઘરને ધર્મ માર્ગે વાળવાની પણ મારી જવાબદારી છે. પંચસુત્રમાં સ્પષ્ટ કર્યું છે,

एवं खु तप्पालणे वि धम्मो जह अन्नपालणे त्ति ।

તમે ધર્મ દ્રષ્ટિ એ, પરિવાર દ્રષ્ટિ એ, સાધર્મિક દ્રષ્ટિ એ પરીવાર ને જુઓ, જેમ એમનું શરીર પોષો છો, જેમ એમનું શિક્ષણ પોષો છો, જેમ એમના મોજ શોખ પોષો છો, એમ એમનો ધર્મ પોષવાનો પણ ચાલુ કરી દો, તો એમને પોષવું એ પણ સાધર્મિક ભક્તિ છે, એ પણ ધર્મ છે, જેવી રીતે તમે બીજા ને પોષો ને એ ધર્મ છે. આગળ વધીને પંચસુત્ર છેલ્લી વાત કરે છે,

सव्वे जीवा पुढो पुढो ममत्तं बंधकारणं ।

તમે છેલ્લો પ્રયાસ કરો, સાહેબ તમારી બધી વાત સાચી, અમે નથી ફાવ્યા, અમારું નસીબ નથી, આમાં કોને દોષ દેવો, એવી ભવિતવ્યતા, અમે ગમે તેટલું કરીએ, એનું એ જ છે. તો હવે અમારે શું કરવું ? એને પંચસુત્ર એનો જવાબ આપે છે, કે એ તમારા છે, તમે એમના છો, એ તમારો પરિવાર છે, તમે બંધાયેલા છો, આ બધી જ ભ્રમણા કાઢી નાખો,

सव्वे जीवा पुढो पुढो ।

બધા જ જીવો જુદા.. જુદા છે. તમે બજારમાં ગયા છો,

બસો, પાંચસો, હજાર માણસ હતા, ભેગા હતા પણ હકીકતમાં છુટ્ટા જ હતા, કોઈનો કોઈ સાથે કોઈ સંબંધ ન હતો, કદાચ બધા એક જ સમયે બજારમાં આવી ગયા, ભેગા થઈ ગયા, હકીકતમાં જુદા-જુદા છે. બરાબર એ જ રીતે BY CHANCE, SAME TIME, તમે કોઈ ને કોઈ RELATION (સંબંધ) માં આવી ગયા, એક ઘરની અંદર પરિવાર ના સભ્ય તરીકે તમે રહ્યા છો. હકીકતમાં તમે છુટ્ટા- છુટ્ટા છો,

સર્વે જીવા પુઢો પુઢો

બધા જ જીવો છુટ્ટા.. છુટ્ટા છે,

મમત્તં બંધકારણં

એનું મમત્વ રાખીને મારા છે પ્યારા છે, એમને ખુશ કરવા છે, એમનું મન રાખવું છે, આવી-આવી માન્યતા કેળવી ને તમે તમારા આત્માને વધારે બાંધો છો.

ભગવાનના દસ શ્રાવક, એક-બોજ ને બગણ સાઈઠ હજાર શ્રાવકો, એમાં TOP-TEN જેમને કહી શકાય એવા દસ શ્રાવક, કોઈને પત્ની નો સાથ ધર્મમાં મળ્યો છે, કોઈને નથી જ મળ્યો ને એટલું જ નહિ, ભયંકર વિઘ્ન, એવા પણ શ્રાવક TOP 10 ની અંદર હતા. પત્ની મરીને નરકે ગઈ છે શ્રાવક મરીને દેવલોક માં ગયા છે. પત્નીના મોઢા સામે જોયું હોત, તો એ શ્રાવક પણ નરકમાં જાત. ભગવાન ના મોઢા સામે જોયું, શ્રાવક દેવલોકમાં ગયા, એકાવતારી છે, પહેલા દેવ લોકની અંદર ચાર પલ્યોપમનું આયુષ્ય છે. ચ્યવી ને મનુષ્ય થશે, દીક્ષા લેશે, અને મોક્ષે જશે.

★ પરિવારનો અર્થ છે ભવભ્રમણ !
★ પરિવારનો અર્થ છે ભવની વૃદ્ધિ !

★ પરિવારનો અર્થ છે, નરક અને નિગોદ !
તમે કહો સાહેબ અમે સંસારમાં બેઠા છીએ, દીક્ષા અમે નથી લીધી, અને THEORITICAL સમજીએ કે આ બધું ભવભ્રમણ છે, PRACTICALLY શું કરવું ?,
હું કહું છું શક્ય હોય એટલા એમને ધર્મ માર્ગે વાળો તમારી મન પડી દો પરિવારની એક એક સભ્ય ધર્મી બને એના માટે. હું કહું છું તમને મન થાય છોકરાઓને ઉપાશ્રયમાં સામાયિક કરવા મોકલીએ, છોકરાઓને પાઠશાળા મોકલીએ.

અમદાવાદમાં ક્યાં શિબિર થાય છે, મારા છોકરા જવા જ જોઈએ, બહેનોની જે શિબિર હોય, એમાં ઘરના જે શ્રાવિકાઓ હોય, એ એમાં જાય, સાધ્વીજી ભગવંતના વ્યાખ્યાનમાં જાય બાઈઓ હોય, સાધુ ભગવંતના વ્યાખ્યાન હોય, શિબિર હોય, કોઈ અનુષ્ઠાન હોય, કોઈ ધાર્મિક પરીક્ષા હોય, હું તમને પુછુ કે તમારી PRACTICAL EFFORT (કોશીશ) કેટલી ?

રાજનગર (ધર્મનગર) ની અંદર તમે બેઠા હો ને સતત કંઈ ને કંઈ ચાલ્યા જ કરતું હોય. તમે ઈચ્છો તો તમારું ઘર ક્યાંય આગળ આવી ગયું હોય. તમે ઉદાસીન રહ્યા, યા તમે પોતે ધર્મ ના કર્યો, ને યા તમે ધર્મ કર્યો ને એલોકો ક્યાંય પાછળ રહી ગયા, એની સામે તમે જોયું નહિ. હવે તમે કહો કે એનું તો આમ છે ને તેમ છે, જે છે એ તમે જ બનાવેલું છે
પહેલા નંબરની અંદર શક્ય હોય એટલો પરિવારને ધર્મમાં લાવવાનો પ્રયાસ કરો, અને બીજા નંબરની અંદર, એ જો શક્ય ના બને, તો છેલ્લી વાત. તમારા આત્માનું બગાડો નહિ. તમે કોની ખુશી માટે રાતે ખાધું, તમે કોની ખુશી માટે હોટલમાં ગયા, તમે કોની ખુશી માટે થિયેટરમાં ગયા, એ બધું

પરમાધામી ને સમજાવવાનું નથી, તમે ગયા એટલે તમે ગયા, અને આનો એક અપેક્ષા એ અપવાદ હોય શકે, તમે આમ મોટી પાંચ ફૂટ ની છલાંગ લગાવી છે, તમે કદાચ બે-ત્રણ ડગલા પાછળ પણ જઈ શકો, કદાચ એક-બે-ચાર વાર તમારે પરિવારની ખુશી માટે, આવું કાંઈક કરવું એ પડે તો એ પાંચ ફૂટની છલાંગ માટે હોય, તમે કહો કે ભાઈ ચાલો જ્યારે હું આવું છું પછી તમારે દસ દિવસની શિબિરમાં, આઠ દિવસની શિબિરમાં, વ્યાખ્યાન માં એક મહિનો, તમારે આવવું પડશે, તમે તૈયાર છો ની હું આવું, આટલું પણ તમારી કહેવાની તૈયારી નહિ, ને એની સાથે તમારે ય ખાડામાં પડવું છે, એની સાથે તમેય ખાડામાં પડવા આવ, તો તો પછી તમે કઈ રીતે બચો!

સમજેલા પણ એ જ સમજેલાની સાથે જ હોય તો એ સમજણ નો કોઈ અર્થ નથી! એ હકિકતમાં સમજેલા જ ન કહેવાય. તત્વના તમે ગમે તેટલા રસિયા હો, તમારા જીવનની અંદર એ શુદ્ધ વ્યવહાર નું પાલન નથી, અને તમારા મનમાં જિનશાસન નો અવિહડ રાગ નથી, તો તમારો તત્વ નો રસ પણ તાત્વિક નથી. જેને વ્યવહાર નું પાલન નથી કરવું, અને - નિશ્ચય જોઈએ છે, એ વ્યવહાર અને નિશ્ચય બંનેથી ભ્રષ્ટ થાય છે. વ્યવહારના ગ્લાસ ની અંદર નિશ્ચયનું દૂધ રહે છે, જે એમ ને એમ દૂધ પીતા હોય છે, તે હકીકતમાં હવા પીતા હોય છે. જેમના જીવનની અંદર શુદ્ધ વ્યવહાર નું પાલન નથી, એમનામાં નિશ્ચય હોવાની કોઈ જ શક્યતા નથી. જેમના જીવનની અંદર

શુદ્ધ વ્યવહારનું પાલન નથી, એમને ભાવતા ભવની અંદર પણ નિશ્ચય મળે, એવી કોઈ જ શક્યતા નથી.

સવાસો ગાથાના સ્તવન ની અંદર મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

નિશ્ચય વચન અવલંબતા,
નવી જાણે તસ મર્મ,

એ જીવ નિશ્ચય નું અવલંબન તો કરે છે પણ, મર્મ સમજતો નથી.

લોપે જે વ્યવહારને,
છોડે તે જિનધર્મ !

જે વ્યવહારનો લોપ કરે છે, એ જૈન ધર્મ નો લોપ કરે છે, એ જૈન ધર્મનો ત્યાગ કરે છે. જ્યાં વ્યવહાર નથી, જ્યાં તીર્થ નો ઉચ્છેદ છે.

વવહારણઓચ્છેએ તિત્થુચ્છેઓ જઓ(વસ્સં।

એવું જિનઆગમ ની અંદર કહ્યું છે. નિશ્ચયવાદી દલીલ કરે છે કે જો ભરત ચક્રવર્તી ને છ ખંડના સામ્રાજ્ય સાથે, આરીસા ભુવનની અંદર કેવળજ્ઞાન થઈ શકતું હોય તો, તો તમે આટલો બધો વ્યવહાર નો આગ્રહ કેમ કરો છો. ક્યો પૌષધ લીધો, ક્યો લોચ કરાવ્યો, ક્યો વિહાર કર્યો, કઈ દીક્ષા ભરત ચક્રવર્તી એ લીધી, એમના જીવનની અંદર જે આરંભ સમારંભ, જે પરિગ્રહ, એની સાથે જો કેવળજ્ઞાન થઈ શકે તો અમને કેમ ના થઈ શકે ? નિશ્ચયવાદી નો પ્રશ્ન છે ! સવાસો ગાથાની અંદર મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ એનો જવાબ આપે છે.

ચરિત ભણી બહુ લોકમાં ભરતાદિકના જેહ

જેને ગજસુકુમાલ, મેતારજ વગેરે વગેરે મુનિઓ નથી દેખાતા, જે રાજમાર્ગ છે, જેના ઉપર અજબો ના અજબો

મોંઘો ગયા, એ જેમને નથી દેખાતા, આવા RARE EXAMPLE (ક્યારેક બનતા દાખલા) જેમને શોધી કાઢવા છે.

P.T. COLLEGE ના રોડ ઉપરથી એક ભાઈ જતા હતા ને જતા..જતા, પંજનહાર સોનાનો ચેન મળ્યો, જેવું પંજનહાર એ સોનાનો ચેન અને રાતોરાત એ ભાઈ માલામાલ થઈ ગયા. તમારો છોકરો તમને પુછે છે કે એ ભાઈ એ રીતે માલામાલ થઈ ગયા, મારે આ CA ની ENTERENCE આપવી નથી, ધંધો કરવો નથી, નોકરી ગોતવી નથી, હું પણ P.T. COLLEGE ના રોડ ઉપર સવાર થી રાત આગથી પેઆગ-આગથી આમ ચાલ્યા કરું, અને ચેન ગોત્યા કરું, હું તમને પુછુ છું, તમારો શું જવાબ છે?, તમે એને કહેશો કે અલ્યા તું તો અક્કલનો ઓથમીર છે, આખી જિંદગી આમ થી તેમ ફરતો રહીશ. ગાંડો થઈ ગયો છે, પાગલ થઈ ગયો છે, એવું કોઈને મળી ગયું એવું બધાને મળી જતું હશે, સવાસો ગાથા ની સ્તવન ની અંદર, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ આ જ વાત કરે છે કે ભાઈ, RARE CHANCE છે અને એ પુર્વે પૂર્વભવની અંદર પાંચસો-પાંચસો મહાત્મા ની જે વૈયાવચ્ચ કરી, જે ભક્તિ કરી, જે દીર્ઘકાળ સુધી સંયમ પાળ્યું, એ સંયમનાં-બળે, એ LEVEL સુધી પહોંચી શક્યા, ને કેવળજ્ઞાન પામ્યા પછી પણ, સંયમનો વેષ ધારણ કરીને, નિર્વાણ સુધી પૃથ્વી ઉપર વિચર્યા છે, એ તમને કેમ નથી દેખાતું!

નિશ્ચયવાદી જીવો દાખલો લઈ આવે છે કે ભાઈ મરૂદેવા માતા, એમને હાથીની

શુક્રવાર
DATE 11 12 2020

એનાઠી ઉપરથી કેવળજ્ઞાન થઈ ગયું તો એમને ઘરે બેઠા કેમ કેવળજ્ઞાન ના થાય ?, ઉપદેશમાલામાં ધર્મદાસ ગણિ મહારાજ એનો જવાબ આપે છે,

किंपि कहिंपि कयाइ एगे लद्धीहिं केइ वि निभेहिं ।

આવું ક્યાંક RARE, અનંતકાળમાં, અનંતા ભવોમાં, કોઈ-ભવનો આવો INCIDENT બની ગયો, એનો દાખલો ના લેવાય. સોનાનો ચેઈન કોઈને મળી ગયો એની કોઈ જ ના નથી, ત્યારે માલામાલ થવું છે, સંપન્ન થવું છે, ઘર ચલાવવું છે, તો એનો એ રસ્તો નથી, ભરત ચક્રવતીને, મરુદેવા માતાને એવી રીતે કેવળજ્ઞાન-મળી ગયું કોઈ જ ના નથી, ત્યારે મ કેવળજ્ઞાન-જોઈએ છે, તો ત્યારે એમના વાદે ચડવાની કોઈ જ જરૂર નથી.

ચરિત ભણી બહુ લોકમાં ભરતાદિકના જેહ ।
લોપે શુભ વ્યવહારને બોધિ હણે નિજ તેહ ॥

એ પોતાની બોધિને હણે છે, એ બોધિનો ઘાત કરે છે, જે આ રીતે, આવા નિશ્ચય એકાંતનું અવલંબન કરે છે, આ ભવની બોધિને પણ હણે છે પરભવની પણ બોધિ ને હણે છે. ભવોભવ સમ્યક્દર્શન ના મળે, જિનશાસન ના મળે, અનાર્યતા મળે, અને ભવ અનંત સંસારનો યાત્રી થાય, એવા કામ તેઓ હાથે કરીને કરી રહ્યા છે.

અજ્ઞાન બહુ જ ભયંકર છે, સિધ્ધર્ષિ ગણિ મહારાજ, એક પછી એક પદાર્થ દ્વારા અજ્ઞાનનો પર્દાફાશ કરવા જઈ રહ્યા છે. ગદ્‌ગદ્ ભાવે સિધ્ધર્ષિ ગણિ મહારાજ ને સાંભળવા છે. હું તમને કહું, વરસો થી આવનારા વજહીંયા સાંભળનારા હું તમને કહું છું, આપણે રૂપ ભાવે આવીએ, સાંભળીને જૈજૈરોને ઉભા થઈએ, હું તમને કહું PLEASE એટલું નક્કી કરો, હવે એવું નથી કરવું. હવે આત્માનો ઉદ્ધાર કરવો છે,

બસ હવે હૃદયથી સાંભળવું છે, આત્માના પ્રદેશે પ્રદેશથી સાંભળવું છે, ઢંઢોળવો છે મારા આત્માને ને હવે નક્કી કરવું છે હવે પાછા પડવું નથી, હું કહું કે બહારનું બધું સાંભળવાની જરૂર ના પડે. સારો ઘોડો હોય એને માત્ર JOCKEY નો એક ઈશારો કાફી હોય, ઘોડે ને પહેલો આવી ને રહે. જેને ડફણા માર્યા જ કરવા પડે એને ઘોડો ના કહેવાય. આપણે શું છીએ ? આટલી જિનવાણી, કેટકેટલા ગુરુ-ભગવંતો આવ્યા, આપણને કેવું-કેવું તત્ત્વ આપ્યું, હજુ આપણે નહીં સમજીએ તો ક્યા ભવે સમજશું, હૃદયથી સાંભળવું છે, દિલ ખોલી ને સાંભળવું છે. બાળક જેવી સરળતા ની સાથે સાંભળવું છે. આત્માના પ્રદેશે પ્રદેશથી સાંભળવું છે, ને હવે તો આત્માનું કલ્યાણ કરીને જ રહેવું છે, એવા સંકલ્પ સાથે સાંભળવું છે.

એક દસકા પહેલાની વાત કરું, સુરતમાં અમારી સ્થિરતા હતી, વર્તમાન ગચ્છાધિપતિ, પૂજ્ય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ, સુરતના અઠવાલાઈન્સ ઉપાશ્રય ની અંદર, અમને નિશ્રા આપી રહ્યા હતા, બપોરના સમયે કોઈ મહાત્મા મને બોલાવવા આવ્યા, મારી રૂમમાં હું હતો. નીચે બધાને બોલાવે છે ને અમે બધા મહાત્માઓ ભેગા થયા. ભારત ભરના મહાત્માઓની ભક્તિ કરનાર એવો NUMBER ONE પરિવાર, જેતાન પરિવાર, વર્ષોથી જબરજસ્ત વૈયા-વચ્ચ નો અખંડ યજ્ઞ કરી રહેલો એવો આ પરિવાર એમણે અમુક શ્રાવકો ને મોકલ્યા હતા, મહાત્માઓને બધા ભેગા કર્યા, ને એ શ્રાવક વૈયાવચ્ચ રૂપે કંઈક વસ્તુ આપવા માંગતા હતા, એની ભૂમિકા રૂપે અમને બધાને સંબોધવાનું એ ભાઈએ શરૂ કર્યું, અમને કહે કે તમારું શરીર છે ને અત્યારે તૂટીફુટી

ગયું છે. એમ બધા નાના મહાત્માઓ એક બીજાની સામે
જોઈને હસતા હતા, કે આ કઈ જાતની વાત કરે છે.
એટલે જ્યારે તૂટીફૂટી ગયું છે, અને હું આ વસ્તુ
તમને આપું એટલે તમારું શરીર આખું થઈ જાય,
એટલે એમને વધારે હસવું આવ્યું. એ ભાઈ છે ને
ટિટેનિયમ ધાતુ ની જુદી જુદી વસ્તુ લાવ્યા હતા, જે
ધાતુના CONTACT માં શરીર રહેવું જોઈએ, ને જુદી
જુદી રીતે કંઈક ગળામાં પહેરવાનું, કંઈક BRACELET-
જેવું હાથમાં પહેરવાનું અને પેન જેવા આકારનું કંઈક,
જે પેન ના હોય, અંદર આખી નક્કર ધાતુ જ હોય.
પેન પાંચ હજારની હતી ને, એવી બધી વસ્તુઓ વેયા-
વચ્ચ રૂપે વહોરાવવા માટે લાવ્યા હતા, પણ પહેલા-
એમનો ભાવ હતો કે મારે સમજાવવું છે કે શું આપી
રહ્યા છે ને શા માટે આપી રહ્યા છે!

એ ભાઈનું કહેવું હતું MOBILE ના
WAVES, INTERNET ના WAVES, આ બધા
RADIO WAVES, એ WAVES ના કારણે તમારું શરીર
તૂટી ગયું હોય છે ને આના સંપર્કમાં તમે રહો તો
તમારું શરીર STEMINA વાળું થાય અને તમે એની
સામે ટકી શકો. હવે અમારા મગજમાં આ બધું બેસતું
ન હતું. એ લોકો એ એનું બધું LITRATURE ને
કાગળિયા ને બધું કાઢ્યું, અહીંથી નહીં આ બધું
જાપાન થી નીકળ્યું હતું, પણ બધા ફોટા લઈને આવ્યા
હતા કે આ માણસનું શરીર છે જે તૂટી ફૂટી ગયું તો આ
વાપર્યા પછી આખું થઈ ગયું. એટલે હવે એમને
હસવું આવ્યું.

પૂજ્યપાદ રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ,
ત્યારે કદાચ ૮૯ આસપાસની વય એમની હશે,
એમણે પૂજ્યશ્રી ને કહ્યું કે આપ ઊભા થાવ, સાહેબ
ઊભા થયા, સાહેબને કહ્યું હાથ તમારો આમ રાખો,

શુક્રવાર

DATE 11 12 2020

સાહેબ આમ હાથ રાખી ને ઉભા રહ્યા. એ ભાઈએ કહ્યું કે હું આમ ભાર દઉં છું, તમારે નમવાનું નહી, પૂજ્ય શ્રી એ કહ્યું કે ભલે. એણે ભાર-દીધો, વધાર્યો.. વધાર્યો. પૂજ્યશ્રી નમી ગયા. એણે કીધું નમવાનું નહિ, પૂજ્યશ્રી એ કહ્યું ઠીક છે, પૂજ્ય શ્રી ફરી ઉભા રહ્યા, પેલાએ જોરથી દબાવ્યું, પૂજ્ય શ્રી નમી ગયા. હવે અમે કહ્યું કે આ ઉપરે તમે આ રીતે કરો તો નમવાના જ છે ને!

પછી એ ભાઈએ જે જે વસ્તુ હતી ધાતુની, એ પૂજ્યશ્રી ને આપી, એના CONTACT માં પૂજ્ય શ્રી રહ્યા, દસ સેકન્ડ પહેલાનું દ્રશ્ય ને દસ સેકન્ડ પછી નું દ્રશ્ય, એ અમારી આંખો વિશ્વાસ ના કરે. પૂજ્યશ્રીએ આમ હાથ રાખ્યો, પેલા ભાઈએ બધી તાકાત લગાડી, પૂજ્યશ્રી ન ઝુક્યા તે ન જ ઝુક્યા. હજુ આગળ વધીને, આ બાજુ થી ટેબલની SUPPORT લઈને, એક બાજુ એક હાથ ટેબલ પર રાખીને, બીજો હાથ પૂજ્યશ્રી ના હાથ પર રાખીને, અમારી નજર સામે એ ચાલીસ વર્ષની વિશ્વાસપાત્ર ના ભાઈ, એ પોતે આખા આમ લટકી ગયા, એમની પણ HEIGHT BODY વ્યવસ્થિત હતું ને છતાં પણ પૂજ્યશ્રી ના ઝુક્યા!

મારા મગજમાં વાત બેઠી, જે જે મહાત્માની જે જે વસ્તુ લાગતી વળગતી હતી, તે તે વસ્તુ રાખી, વસ્તુ રાખવા માટેની આ પ્રેરણા નથી, મારે જે કહેવી છે એ વાત હવે આવે છે. બે દિવસ પહેલા અહીંયાથી ગુરુદેવ ને વંદન કરવા માટે બહાર નીકળી રહ્યો હતો, ઉપાશ્રયનો છેલ્લો દાદરો ને એનાથી હું આગળ વધવા જઉં ત્યાં મેં જોયું ત્યાં બે જણ ખોદકામ કરી રહ્યા છે, મેં કહ્યું આ શું છે? મને કહે કે આ JIO

ની લાઈન આવી રહી છે. મેં કીધું આ 5જ નું છે.
મને કહે હા, 5જ નું છે. બસ એની આટલી જ
વાત ને મારો મુડ કપાઈ ગયો, કે આ સંઘનું થશે
શું ? તમને ખબર નથી એ JIO નથી મરી છે.
આ બધા જે WAVES હોય છે ને, જેને RADIO
FREQUENCY WAVES કહેવાય, જેનાથી મોબાઈલ વગેરે
ચાલે છે. એને HTZ માં મપાય, એક લાખ HTZ
નું એક MEGA HTZ થાય, એક અબજ HTZ,
એનું એક TITA HTZ થાય, 4જ TECHNOLOGY
સુધી અત્યારે આવેલા છીએ ને એની અંદર સાડા ચાર
થી પાંચ જેટલા TITA HTZ, એનો USE થતો હોય છે.
જેમાં ચકલીઓ ગાયબ થઈ ગઈ, બીજુ કેટલી જીવ-
સૃષ્ટિ ઉપર માઠી અસર પડી, માણસના શરીર પણ
ઘણા તુટ્યા. રોગો ઘણા વધ્યા, BECAUSE એની
અંદર સાડા ચાર ને એનાથી વધુ, જે TITA HTZ નો
એમાં USE થતો હોય છે. હું તમને પુછું કે -
MOBILE માં WIRES હોય કે નથી હોતા, મને તમારો
જવાબ જોઈએ, તમારા ઘરે LANDLINE છે એમાં
વાયર છે. MOBILE માં WIRE હોય ? હું તમને
કહું છું MOBILE માં વાયર હોય છે, માટે જ
MOBILE ચાલે છે, એ વાયર આખી હવા હોય છે,
તમે અંદર વાયરની આવી ગયા, તમારું શરીર -
ભયંકર રીતે તૂટી ગયું છે. દસ વર્ષ પહેલા પણ જે
3જ આવ્યું હતું કે આવવાની વાર હતી, ત્યારે
સમયે શરીર એ આટલા તૂટી જતા હોય, 4જ માં
સાડા ચાર TITA HTZ માં, શરીર કેટલા તુટ્યા હશે,
એની તમે કલ્પના કરો, હજુ આગળ વધીને,
હવે જે આ 5જ TECHNOLOGY આવી, જે આવી
લાઈન 3જ ની નહોતી, 4જ ની નહોતી, 5જ ની
લાઈન શા માટે આવી ? તમે STUDY કરો તો

શુક્રવાર

DATE 11 12 2020

તમને ખબર પડશે, કારણકે એની અંદર સાડા-ચાર TEТА HTZ નહીં, દસ TETA HTZ નહીં, વીસ નહિ, ત્રીસ નહિ, ચાલીસ નહિ, પચાસ નહિ, સાઈઠ TETA HTZ સુધી જ્યારે પહોંચશે, ત્યારે 5G ચાલશે, એના માટે એના TOWERS ક્યાં ને ક્યાં દૂર.. દૂર ને ઉપર ઉપર હોય, આરીતે નહિ ચાલે, એના TOWERS નો SHAPE કબ્બા જેવો હશે, પણ એ જમીન ઉપર હશે, એના બે ટાવર વચ્ચેનું અંતર એકદમ ઓછું હશે. અને પછી એ 5G TECHNOLOGY ચાલશે, , 60 TETA HTZ માં કેટલું નુકશાન થશે.

કોરોના નો પ્રભાવ જ્યારે વેઅમેરિકા પર હાવી હતો, ત્યાંના લોકો એ રસ્તા ઉપરના 5G TOWERS તોડી નાખ્યા હતા. સરકારનો વિરોધ કર્યો હતો આના કારણે અમારા શરીર ખોખલા થઈ ગયા, આના કારણે કોરોનાનો ATTACK અમારા ઉપર વધારે આવ્યો, દુનિયાના ટોપના વૈજ્ઞાનિકો માને છે, 5G TECHNOLOGY થી-માણસમાં કેન્સર નો પ્રસાર વધશે. 5G TECHNO-LOGY જ્યાં જ્યાં આવશે શરીર પુરે પુરું તૂટી જશે, શરીર અંદરથી ખોખલું થઈ જશે. તમે એ આ લાઈન આવવા દીધી, તમે એ આ 5G-TECHNOLOGY સામે અવાજ ન ઉઠાવ્યો, તમે એ કોઈ ન કર્યું. એટલે ગમે તેટલા ફાયદા હોય, ગમે તેટલી ઝડપ વધી જાય, એમને 5G-TECHNOLOGY જોઈતી નથી. આ LEVEL ઉપર એ તમે નથી આવ્યા, સમજુ લો આવતી કાલે ફફાય એવી પરિસ્થિતિ થાય, કે કે કેન્સર જેવા રોગો હશે, કેન્સર જેને ના થયું એને નાની-મોટી બીમારીઓ ચાલતી રહેશે, કોરોના

શુક્રવાર
DATE 11 12 2020

સામે ભારત ટકી ગયું, બહુ મોટું REASON કે હજુ સુધી 5G TECHNOLOGY આવી નથી, બહાર વાયરસો ની મોટી વણઝાર છે, વેક્સિન એના ધંધા આજી વિંદગી ચાલવાના છે, એક પછી એક વાયરસ ચાલતો જ રહેવાનો છે, બધામાં ટકી ગયેલા આપણે 5G - TECHNOLOGY આવી ગઈ પછી આપણે ટકી શકીએ એ બહુ અઘરી વાત થઈ જશે.

હિંસા પારાવાર છે, માણસ જ નહિ કેટકેટલી જીવ સૃષ્ટિ એના પર એના દુષ્પ્રભાવ પડવાના છે. કેટકેટલી જીવસૃષ્ટિ, એનાથી રીબાવાની છે, યા મરી જવાની છે, ભાવહિંસા ની વાત કરું, આજી - દુનિયાનું મોટામાં મોટું કોઈ પાપ હોય તો એ આ મોબાઈલ અને ઈંટરનેટ છે, ભયાનક માં ભયાનક પાપો એના આલંબને થઈ રહ્યા છે. આજની - પરિસ્થિતિ પણ શું છે એ તમે બધા સારી રીતે જાણો જ છો. આ પરિસ્થિતિ ને હજુ બગાડવા દેવી, જીંદગી ની મુડીને હોસ્પિટલમાં પધરાવી દેવી, બગાડો ઉપડી જવું, પત્ની ને વિધવા કરવી, બાળકોને અનાથ કરવા, નાની મોટી બીમારીઓ ચાલ્યા કરે ને દવા એના ખર્ચા કર્યા કરવા. આર્થિક રીતે પાયમાલ થવું, પારિવારીક રીતે પાયમાલ થવું, ધાર્મિક રીતે / આત્મીક રીતે પણ પાયમાલ થવું. બધી જ રીતે ફના થઈ જવું. 5G વગર તમારા ક્યા કામ અટકે છે એ પ્રશ્ન તમને પુછો, અને 5G છે એ આવી જશે પછી તમારા ક્યા કામ થશે, એ તમારા આત્મા ને પુછો, બહુ જ ગંભીરતાથી વિચાર કરો, કોરોના, વાયરસ, 5G, હોસ્પિટલો, મરણ, મોંઘવારી, દવાઓ આ બધું જ અંદરથી - જોડાયેલું છે. એમાણી તો અબજો રૂપિયા એનાથી કમાઈ જશે, ગુગલ એની રોકડી કરી લેશે, IPO ખુલશે, તમે મરશો, આવી મુર્ખામી કરવાની તમારે

કોઈ ફરક નથી. ગાંડા ની જેમ, આંધળા ની જેમ એવા કરવાની બદલે, એ તમે સામે જવાબ ઉઠાવ્યો નથી, તો આપની હાલ બહુ જ ભયાનક આવશે, બધી રીતે ભયાનક આવશે. ખાસ હાથ જોડીને તમને વિનંતી, આવી ઉદાસીનતા ના રાખો. જિંદગી નો જુગાર ખેલવા જેવો નથી. અતિ મોંઘો માનવભવ અને દુર્લભ જિનશાસન આ રીતે ગુમાવી દેવા જેવું નથી. મહાનુભાવો આ માનવભવ અને જિનશાસન ની આરાધના દ્વારા સાર્થક કરી શકીએ, માટેની આ વાત છે. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

---

ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો - પ્રવચનધારા - અંતર્ગત

રવિવાર

વ્યાખ્યાન નંબર - (- 7) DATE 13 12 2020

શતવર્ષાયુ ગચ્છાધિપતિ શ્રી દૌલતસાગરસૂરીશ્વરજી મ.સા. ના ગુણાનુવાદ

સદ્ગુરુના ચરણોમાં શિષ્ય બેઠા છે. હાથો જોડેલા છે. પાંપણો ઝુકી છે. આંખો થોડી ભીની છે. રોમે રોમે સમર્પણની સંવેદના છે. જેને સુવર્ણ સિધ્ધિ કહેવાય છે એ શું હોય છે, એ સદ્ગુરુનું સાન્નિધ્ય હોય છે. ખુદ એ એક પ્રકારનું તાંબું છે. ગુરુનું સાન્નિધ્ય એ રસવેધ છે. આત્માનું પરમાત્મા થવું, એ સુવર્ણસિધ્ધિ હોય છે.

ષોડશક પ્રકરણમાં પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

ભાવરસેન્દ્રાત્તુ તતો મહોદયા - જ્જીવતામ્રરૂપસ્ય।

ભાવરસેન્દ્ર, રસેન્દ્ર નો અર્થ છે પારો ને પારાનો ઉપયોગ, સુવર્ણ સિધ્ધિ માટે કરવામાં આવે છે. હરીભદ્રસૂરી મહારાજ વાત કરે છે, ભાવરસેન્દ્ર ની !! એ ભાવ રસેન્દ્ર એ આત્મા ના અનાદિના ઇતિહાસમાં ન આવ્યો હતો એવો, મહોદય લાવે છે. તામ્ર સ્વરૂપ જે ખુદ એ સુવર્ણ સ્વરૂપ બને છે.

પ્રાયેણ ભવતિ પરમા પ્રતિબદ્ધા સિદ્ધકાઞ્ચનતા।

સિધ્ધ કાંચન રૂપી સિધ્ધિ કરનાર રસવેધ એટલે સદ્ગુરુનું સાન્નિધ્ય ! આજે એવા જ એક સદ્ગુરુ, પરમ પૂજ્ય ગચ્છાધિપતિ શ્રી દૌલતસાગર સૂરીશ્વરજી મહારાજ, એમના પવિત્ર જીવનના, સો વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે, એમનું ભાવ સાન્નિધ્ય માણવાની એક ઝંખના છે. સદ્ગુરુના ભૌતિક શરીરની નજીક જઈએ એ એમનું દ્રવ્ય - સાન્નિધ્ય હોય છે. એમના વચન, એમની આજ્ઞા, એમનું જીવન, એમનો જીવન સંદેશ, એમનું કરુણ, એની નજીક જઈએ, એ ભાવ સાન્નિધ્ય હોય છે. સાન્નિધ્ય ની અંદર શબ્દ છે, સન્નિધિ, મૂળ શબ્દ સન્નિધિ એમાંથી સાન્નિધ્ય શબ્દ બન્યો છે. સન્નિધિ નો અર્થ છે ~~[illegible]~~ હાજર રહેનારો અથવા સુંદર રહેનારો. પૂજ્યશ્રીના નામમાં જ રહેનારો છે.

પૂજ્ય શ્રીના સંદેશામાં જન્મનો છે.
પૂજ્ય શ્રીના ભાવ સાનિધ્યમાં જન્મનો છે.
સદ્ગુરૂ સ્વયં એક અદ્દભુત જન્મનો હોય છે.
વિશ્વનું કોઈ સર્વોત્કૃષ્ટ તત્વ હોય તો એ છે સદ્ગુરૂ.
પૂજ્ય શ્રીના પ્રવચનના સાત સંદેશ, અને એ સાત સંદેશ દ્વારા, પૂજ્યશ્રીના ભાવ સાનિધ્યને માણવાનો પ્રયાસ આજે આપણે કરવો છે. પૂજ્યશ્રીના પ્રવચનને સો વર્ષ પૂરા થયા, વર્તમાન સમગ્ર - જિનશાસનમાં, સો વર્ષની ઉંમર સુધી પહોંચનાર - ગચ્છાધિપતિ, વર્તમાન તમામે તમામ ગચ્છાધિપતિ ઓમાં ઉંમરમાં સૌથી વરિષ્ઠ ગચ્છાધિપતિ કોઈ હોય તો એ પૂજ્યશ્રી! એમના પ્રવચનના સાત સંદેશ, એમાં પહેલો સંદેશ

" તું તને ધો. "

પૂજ્યશ્રી આખી જિંદગી આગમના સાગરમાં મરજીવા બન્યા. અને આગમના સાગરમાંથી રત્નો કાઢતા જ રહ્યા, કાઢતા જ રહ્યા, કાઢતા જ રહ્યા, અને એમાંથી પૂજ્ય શ્રીને એક રત્ન એવું મળ્યું.

अज्झत्थं सुद्धमेसए ।

પરમ પાવન શ્રી આચારાંગ સૂત્રનું આ એક રત્ન. તુ શુધ્ધ અધ્યાત્મની એષણા કરતો રહેજે. માણસ બધું જ ધુએ છે, ઘર ધુએ છે, કપડા ધુએ છે, શરીર ધુએ છે, ઘસી-ઘસીને ધુએ છે. શુધ્ધ - અધ્યાત્મ, નિર્મળ આત્મ તત્વ, અપ્રક્ષાલિત આત્મ-તત્વ, વિશુધ્ધ આત્મ તત્વ, એના પ્રત્યે માણસ ઉપેક્ષા સેવતો હોય છે. આચારાંગ સૂત્ર કહે છે,

अज्झत्थं सुद्धमेसए

તુ શુધ્ધ અધ્યાત્મની એષણા કરજે, પૂજ્ય શ્રી ગોચરી ગયા હોય કે ના ગયા હોય, આગળના વર્ષોમાં જવાનું બન્યું હોય, પાછળના વર્ષોમાં જવાનું

ના બન્યું હોય, ગોચરી જવું એટલે એષણા સમિતિ નું પાલન કર્યું, બે પ્રકારની એષણા સમિતિ છે. પિંડ-શુધ્ધિ, પાન-પાણી ની શુધ્ધિ, ૪૨ દોષ રહિત ગોચરી, એની શુધ્ધિ મળવવી. એ વ્યવહાર એષણા સમિતિ છે.

પોતાની મનને ધોવી, શુધ્ધ આત્મ તત્વ ની શોધ કરવી, એને ગવેષણા કરવી, એની એષણા કરવી. આ નિશ્ચય એષણા સમિતિ છે. પૂજ્ય શ્રી ગોચરી ન ગયા હોય ત્યારે પણ, આ નૈશ્ચયિક - એષણા સમિતિ, નું અતિશુધ્ધ પાલન પૂજ્ય શ્રી એ કર્યું છે.

ગઈ કાલે સંઘના એક યુવાન મળવા આવ્યા હતા ને, મને વાત કરી કે ગયું ચોમાસું આ સંઘની અંદર હતું. સાહેબની પાસે જ્યારે પણ ગયા છીએ, સાહેબ આગમમાં જ હોય... આગમમાં જ હોય.... આગમમાં જ હોય ને આપણી સાથે વાત કરે તો એક વાક્ય અવશ્ય આવે કે મારે આગમ મંદિર બંધાવવું છે. એક યુવનની અંદર પૂજ્ય શ્રી એ સાત-સાત આગમ મંદિર બનાવ્યા તો હવે, તે આ ઉંમરે આપણને કહેતાં હોય કે, આગમ મંદિર બનાવવું છે, આપણે સમજી ના શકીએ. સાહેબ હવે આ વયે કે જ્ઞાનીઓ જ એમની વાત કરે છે.

લોકોત્તરાણાં ચેતાંસિ કો હિ વિજ્ઞાતુમર્હતિ।

લોકોત્તર મહાપુરૂષો ના મન ને કળવા માટે પણ, આપણો પનો ટુંકો પડે, આપણી બુધ્ધિ નાની પડે, કુંઠિત પડે. પૂજ્યશ્રી ની આંતરિક ભાવના એવી છે કે, મારે મારા આત્મા ના પ્રદેશો- પ્રદેશો, એક આગમ મંદિર બંધાવવું છે. મારે આત્મા ના પ્રદેશો- પ્રદેશો પીસ્તાલીસે આગમો ભરવા છે. આગમના અમૃતના છાંટણા મારે મારા આત્મા ના પ્રદેશો પ્રદેશો કરવા છે, અને એના દ્વારા મારે મારા આત્માને ધોઈ નાખવો છે. પૂજ્યશ્રી ને

કહેવાનું મન થાય કે, આપે તો આપના આત્માને ધોઈ જ નાખ્યો છે, પણ આપના પ્રવચન દ્વારા, આપના પ્રવચન આલંબન દ્વારા, આપે અમને જે સંદેશ આપ્યો છે, નું તને ધોઈ નાખ.

પૂજ્ય શ્રીનો ત્રીજો પ્રવચન સંદેશ,

" નું તને રોક "

આગમ એક LINK છે ને આગમમાં આગળ વધવા મંડીએ એટલે, નવા નવા રત્નો મળતા જ જાય... મળતા જ જાય... મળતા જ જાય....

ત્રીજા નંબરનું આગમ સૂત્ર કૃતાંગ સૂત્ર ને પૂજ્યશ્રી એ એમાંથી એક સંદેશ મળ્યો, એક રત્ન મળ્યું,

विहरेज्ज समाहिइंदिए

ઈન્દ્રિયો ને સમાહિત પણે રાખીને નું વિચરણ કરજે, ઈન્દ્રિઓ ખુલ્લી હશે, ઈન્દ્રિયો બેરોકટોક હશે, બેલગામ હશે, તો હોનારતો સર્જાશે. ઈન્દ્રિયો ધ્યાન થઈ જશે, તો આત્મા સુરક્ષિત થઈ જશે. ઈન્દ્રિયો બેલગામ થઈ જશે, તો આત્માનું હિત જોખમમાં આવી જશે.

" નું તને રોક "

જ્ઞાની ભગવંતો કહે છે,

[विहरेज्ज समाहिइंदिए] आपदां कथितः पन्था इन्द्रियाणामसंयमः।

તમે ઈન્દ્રિયો નો સંયમ નહિ કરો, તો એ આપત્તિ નો માર્ગ છે. તમે ઈન્દ્રિયો નો સંયમ કરશો, એ સંપત્તિ નો માર્ગ છે.

तज्जयः सम्पदां मार्गो, येनेष्टं तेन गम्यताम् ॥

હું તમને પ્રશ્ન કરું, રવિવાર નો આજનો દિવસ છે, બપોર- સાંજ નો સમય હોય, આપણે તમે બેઠા હો, શું કરવાનું ? હું તમને પૂછું છું ? આમ- તેમ ડાફોળિયા મારવાના, બાય બાવીઓ

જવાનું, આત્માને રુંધવાનો, કોઈની ટીકા- ટીપ્પણ કરવાની, કોઈની નિંદા કરવાની, કોઈની કુથલી કરવાની, પચ્ચીસ, પચાસ, સાઈઠ, સિત્તેર વર્ષની જીંદગી આપી ગઈ, હું તમને પુછુ કે સવાર થી સાંજ સુધી, આજે તો મારી ઈન્દ્રિયો ને બેલગામ નહીં જ થવા દઉં, ગમે તેવું દ્રશ્ય હોય મારી આંખ સંયમમાં રહેશે, ગમે તેવા શબ્દો મારા કાન સંયમમાં રહેશે, ગમે તેવા ભોજન હોય આજે મારી જીભડી ને હું વશમાં રાખીશ. હું તમને કહું કે પચ્ચીસ- પચાસ વર્ષની જિંદગીની અંદર આવો એકાદ દિવસ ગયો ? એક દિવસ સુધ્ધા નહિ!

ગઈકાલે પૂજ્યશ્રીનું CALENDAR મેં જોયું ને CALENDAR ના પાના ઉથલાવતા, એક પાનું આવ્યું, પૂજ્યશ્રીનો એમાં ફોટો ને એ ફોટાની અંદર, પૂજ્યશ્રી પોતે સંથારામાં સુતેલા છે એના સુના વગર ટેકો અધ્ધર એક ફૂટ, માથું પૂજ્યશ્રી એ ઉંચુ કર્યું છે હાથમાં પુસ્તક છે ને, દ્રષ્ટિ એની અંદર પરોવાયેલી છે. આવા મહાપુરુષો હોય એની સામે ઈન્દ્રિયો માથું ઉંચકી શકે એ વાતમાં કોઈ માલ નથી. આવા મહાપુરુષો હોય એમની સામે તો ઈન્દ્રિયો પણ, માથું ઉંચું કરીને નહીં પણ નમો માથું ઢાંકીને, લાજ કાઢીને, હાથ જોડીને એમની જીવન ભર દાસી બની રહે!

પૂજ્ય શ્રી એ માત્ર આગમો ને વાંચ્યા નથી, માત્ર યાદ રાખ્યા નથી, એને પચાવ્યા છે ને જીવનમાં જીવંત બનાવ્યા છે.

विहरेज्ज समाहिइन्दिए अत्तहियं खु दुहेण लब्भइ।

સુત્ર કૃતાંગ આગમ કહે છે, તું સમાહિત પણે ઈન્દ્રિયોને રાખીને વિચરજે, આત્મહિત એ બહુ જ મુશ્કેલીથી મળે છે. આત્મહિત દુર્લભ છે, અનંતકાળમાં દુર્લભ છે.

પૂજ્ય શ્રીનો ત્રીજો જીવન સંદેશ છે.

રવિવાર
DATE 13 12 2020

" તું તને જો "

આપણે આખી દુનિયાને જોઈ લઈએ છીએ, આપણે આપણી જાત ને જોઈ શકતા નથી. આપણે આપણા આત્માને જોઈ શકતા નથી. પૂજ્યશ્રીને આગમનું ચિંતન કરતા, જે મોતું રત્ન મળ્યું, પરમ પાવન - સ્થાનાંગ સૂત્ર, પીસ્તાલીસ આગમમાં ત્રીજું આગમ, અને એની અંદર પૂજ્ય શ્રીને, અદ્ભુત પદાર્થ મળ્યો,

એગે આયા

આત્મા એક છે, ને એક ને પણ આપણે સમજ્યા નથી. એક નો અર્થ છે અદ્વિતીય, એકનો અર્થ છે અજોડ, એક નો અર્થ છે શ્રેષ્ઠ, એક નો અર્થ છે ઉત્કૃષ્ટ, એક નો અર્થ છે સર્વોત્કૃષ્ટ. ને જો સર્વોત્કૃષ્ટ મળી જ ગયું છે તો બીજે-ત્રીજે ફાંફા મારવાની જરૂર શું છે ?, આપણે બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠાને જોઈએ છીએ, આપણે પહેલાને જોતા નથી. આપણે એકને જોતા નથી ને માટે - આપણું ઠેકાણું પડતું નથી.

એગે આયા

વિશેષ આવશ્યક ભાષ્ય આગમ કહે છે,

જો એગં જાણઇ સો સવ્વં જાણઇ।

જે એક ને જાણે છે તે સર્વને જાણે છે.
જે સર્વને જાણે છે તે એકને જાણે છે.

ભગવદ્ ગીતા કહે છે,

भिद्यते हृदयग्रन्थि - छिद्यन्ते सर्वसंशयाः।

હૃદય ગ્રંથિ ભેદાઈ જાય છે, સર્વ સંશયો છેદાઈ જાય છે.

क्षीयन्ते चास्य कर्माणि।

એના બધા કર્મોનો પણ ક્ષય થઈ જાય છે.

પ્રશ્ન કયો ક્યારે આવું થાય છે ?, અને ભગવદ્ ગીતા જવાબ આપે છે,

તસ્મિન્ દૃષ્ટે પરાવરે ।

જ્યારે એક ને જોઈ લીધો ત્યારે આ બધા ચમત્કારો સહજ પણે થઈ જાય છે. પૂજ્યશ્રીની નજર દુનિયા ઉપર નથી, પૂજ્યશ્રી ની નજર આ એક ઉપર છે.

જન્મે જૈન નહિ એવા પરિવારની અંદર, પૂજ્યશ્રીનો જન્મ થયો. જૈન શેઠ ની ત્યાં નોકરી મળી, મહાત્માનો પરિચય મળ્યો, નવકાર મળ્યો, નવકારશી મળી, ચોવિયાર મળ્યા, સામાયિક મળ્યું, પ્રતિક્રમણ મળ્યું. હું તમને પુછુ છુ કે જૈનનું ઘર એને કહેવાય કે જે એમને ત્યાં કામ કરતા હોય ને એ ય ચુસ્ત જૈન થઈ જાય, દીક્ષા સુધી પહોંચી જાય. હું તમને કહું કે તમારા સગા છોકરામાં જૈનત્વ ના આવે, આ દોષ કોનો, આ એનો દોષ કે તમારા પોતાનો દોષ ?

એટલે મારે તમને કહેવું પડે કે આ હવે TECHNOLOGY ની સામે પડો, આ સંસ્કારો ને ખલાસ કરી નાખશે, યુવાધન ને ખલાસ કરી નાખશે, શરીર ને ખલાસ કરી નાખશે. તમે એની જે લઈને કલાકો સુધી માથું ઘાલીને બેઠા હો, તમે તમારા પરિવાર ને સમાજ ને, SOCIETY ને, સંઘને શું બચાવશો ? એક પટેલનો છોકરો પોતાને ત્યાં નોકરી કરતો હોય ને જૈનત્વ ના સંસ્કાર, સહજ એનામાં વણાતા જાય.. વણાતા જાય.. વણાતા જાય. વૈરાગ્ય એનો ડુસકે ને ભુસકે વધતો જાય, એટલો વધે એ વ્યક્તિ પોતે ઉત્કંઠિત થઈ જાય, ચારે સંયમ લેવું છે. હું તમને કહું આ આપણા માટે કેટલી બધી વિચારપ્રેરક વસ્તુ, આપણા માટે આ કેટલી શરમજનક વસ્તુ, ક્યાં આપણે ને ક્યાં એ જૈનત્વ ના સંસ્કાર ! એક આપણને FORMULA નથી મળી, એક સુત્ર નથી મળ્યું, ને માટે આપણી ધંગધડા વગરની

જીંદગી જઈ રહી છે. બહુ સરસ મજાની વાત પૂજ્યશ્રી ની છે.

॥ તું તને જો ॥

બહુ જ SIMPLE કોઈ આંટીઘુંટી નથી, કોઈ વક્રતા નથી, કોઈ અઘરી વસ્તુ નથી. બહુ સીધી-સાદી વાત છે. ગાંધીજી કહેતા કે ગામની ગલીની ગતાગમ નથી, અને ENGLAND ની નદીઓના નામો શીખી ગયા છે. આપણને આપણી ખબર નથી, આપણે આપણાને જોતા નથી, આપણે કોણ છીએ એ ખબર નથી, આપણે ક્યાંથી આવ્યા, આપણે ક્યાં જશું, આપણું શું થશે, કોઈ ફીકર જ નહિ.

પૂજ્યશ્રીને દુનિયા ન હતી જોવી, પોતાના-આત્માને જોવો હતો, એક ને જોવો હતો ને વૈરાગ્ય-કુદકે ને ભુસકે વધી રહ્યો છે, ઘરમાંથી સખત-વિરોધ છે ને એક દિવસ ઘરમાંથી ભાગી ગયા. જૈનપુર ગામ છે ત્યાંથી ધણોજ આવે છે, ત્યાંથી મહેસાણા જવું છે તપાસ કરીને ખબર પડી કે ટ્રેન તો હમણાં જ ગઈ. હવે સ્ટેશન ઉપર બીજી ટ્રેનની રાહ જોઈ ને બેઠા ન રહેવાય. પેલા આવીને પાછા લઈ જાય. પૂજ્યશ્રી, એક ને જોયો છે, દુનિયાને જોવી નથી, પાટા ઉપર ચાલવા લાગ્યા.. ચાલવા લાગ્યા... પાટા ઉપર ચાલતા.. ચાલતા મહેસાણા પહોંચ્યા, મહેસાણા ગામમાં ગયા, ઉપાશ્રયમાં ગયા, ત્યાં લબ્ધિસાગરજી મહારાજ, ધર્મસાગરજી મહારાજ, વગેરે મહાત્માઓ હતા. વાત કરી મારે દીક્ષા લેવી છે. કેવા એ મહાત્માઓ હશે, એક વ્યક્તિ સામેથી આવી છે, દીક્ષાના ઉલ્લાસથી આવી છે દીક્ષા લેવા તૈયાર છે, ઓગણીસ વર્ષનો નવયુવાન-હોય, યોગ્યતા હોય, એના મોઢા ઉપર તેજ

રવિવાર

DATE 13 12 2020

દેવાનું હોય, એમ થાય કે મારું નામ ઉજળું કરશે, મારો શિષ્ય બનશે, મારી સેવા કરશે, મહાત્માને આવો એક વિચાર સુદ્ધા આવ્યો નથી. મહાત્માઓએ - શ્રાવકોને બોલાવ્યા, એમને વાત કરી, આ છોકરાને અમદાવાદ તમારે ગુરુદેવ પાસે લઈ જવાનો છે. શું જિનશાસનની નિસ્પૃહતા, શું જિનશાસનનું સમર્પણ, શું જિનશાસનની ગુરુભક્તિ, શું જિનશાસનનું ઔચિત્ય, મહેસાણાથી શ્રાવકો લઈને નીકળ્યા છે, અમદાવાદ પહોંચવાનું છે. રસ્તો કપાતો જાય છે ને શંકર નામનો એ બાળક એના હૈયાની અંદર સંયમનો ઉલ્લાસ ઉછળી રહ્યો, ઉછળી રહ્યો છે, ઉછળી રહ્યો છે. પૂજ્યશ્રીનું વચન આપણને કહે છે,

"તું તને જો."

આ મહિનાના ઘરના BUDGET નું શું થશે એની તમને ચિંતા છે. દીકરીના લગ્ન આવશે, દસ વરસ પછી એની તમને ચિંતા છે. દીકરાનું ઠેકાણું કઈ રીતે પાડવું એની તમને ચિંતા છે. આ ગાડી કઈ રીતે થાય, ઘર કઈ રીતે મોટું થાય, એની તમને ચિંતા છે. ઘરડે ઘડપણે કઈ રીતે જીવશું એની તમને ચિંતા છે. અમારા ગયા પછી ઘરનું શું થશે, પાછળ વાળાનું શું થશે, એની તમને ચિંતા છે. પણ, તમારા ગયા પછી તમારું શું થશે, આની તમને ચિંતા નથી.

પૂજ્યશ્રી આપણને બહુ પ્રેમથી, માથે વાત્સલ્ય ભર્યો હાથ ફેરવીને, આપણને આટલી જ વાત કરે છે,

"તું તને જો."

ત્રિશષ્ટિ શલાકા પુરુષ ચરિત્રની અંદર, કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના શબ્દો છે,

स्वार्थभ्रंशो हि मूर्खता ।

તમે બધું SETTLEMENT કર્યું, તમે બુદ્ધિના બેતાજ

classmate

બાદશાહ છો, તમારી પાસે આમ બહુ જ STRONG MATHS છે, પાક્કું ગણિત છે, ને જેમ તમે આમ ધંધામાં આગળ વધતા ગયા, સમાજમાં આગળ વધતા ગયા, પરિવારમાં જે રીતે તમે મોભી બની ગયા, ને જે રીતે તમે બધું SETTLEMENT કર્યું, ને તમારું નાનું-મોટું સામ્રાજ્ય વિસ્તારીને તમે બધું જ કર્યું. સમાજમાં તમે પુછાતા થયા, પાંચ જણની અંદર તમારું મહત્ત્વ વધ્યું, બધું જ કર્યું, પણ તમારા આત્માનું ન કર્યું, કલિકાલ-સર્વજ્ઞ સ્પષ્ટ કહે છે, તમે PLANNING નથી કર્યું, તમે SETTING નથી કર્યું, તમે સર્જન નથી કર્યું, તમે મૂર્ખતા કરી છે.

स्वार्थभ्रंशो हि मूर्खता ।

SETTING કરવું હોય તો એવું કરો કે આત્માનું કલ્યાણ થઈ જાય, SETTING કરવું હોય તો એવું કરો કે આત્માને ફરી નરક અને નિગોદમાં ના જવું પડે, SETTING કરવું હોય તો એવું કરો કે જલ્દીથી ક્ષપક શ્રેણિ આવે, જલ્દીથી કેવળજ્ઞાન આવે, ને જલ્દીથી આત્માનો મોક્ષ થઈ જાય. આ ભયાનક ભવભ્રમણ માંથી આત્માનો છુટકારો થઈ જાય, આવું કશું જ જો આપણે નથી કર્યું, તો બીજું ગમે તેટલું કરીએ એનો અર્થ શું છે! પૂજ્યશ્રી કહે છે,

"તુ તને જો"

જો તે તને જોઈ લીધો તો બીજું કશું જોવાનું બાકી નથી, ને જો તે તને જ નથી જોયો, તો બીજું કશું જોવાનો કોઈ અર્થ જ નથી.

અમદાવાદ નજીક આવી રહ્યું છે--- આવી રહ્યું છે--- આવી રહ્યું છે, શ્રાવકો એ શંકર નામના નવયુવાનને, ગુરુદેવના ઉપાશ્રય

રવિવાર

DATE 13 12 2020

સુધી મુકી ગય છે. પૂજ્ય સાગરજી મહારાજ આદિ-ઠાણા ત્યાં બિરાજમાન છે. પહોંચતા.. પહોંચતા રાત થઈ ગઈ છે. મહાત્માઓ લગભગ સંથારી ગયા છે ગુરૂદેવ પાસે એ શંકર પહોંચે છે, ગુરૂદેવના ચરણોમાં માથું ઢાળી દે છે, દડ..દડ..દડ..દડ અશ્રુધારા - ગુરૂદેવના ચરણોનો અભિષેક કરે છે, અને ગુરૂદેવને આગ્રહ ભરી વિનંતી કરે છે. ગુરૂદેવ મારે આજે જ દીક્ષા લેવી છે.

આજે એટલે ? આજે ? તમારો પ્રશ્ન છે સાહેબ શા માટે અમે ઢીલા પડીએ છીએ, વળી ઉભા થયા, વળી પાણીમાં બેસી ગયા, વળી અમે તપસ્યા ને, વળી નીચે પટકાયા, સાહેબ આવું શા માટે ? શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

મા(વરણ્હં પડિક્ખેહ ।

સવારે તમને વૈરાગ્ય થયો હોય તો સંસાર છોડવામાં તમે બપોર સુધીનો પણ વિલંબ ના કરતા.

યદહરેવ વિરજેત્ તદહરેવ પ્રવ્રજેત્ ।

જે દિવસે વૈરાગ્ય થયો એ દિવસે સંસારનો તમે ત્યાગ કરી દેજો, તો તમારું કામ થશે. એ દિવસે જ નહિ, અમે આગળની વાત કરીએ છીએ, સવારે વૈરાગ્ય થયો હોય તો બપોર સુધીનો તમે વિલંબ નહી કરતા. તો મ બપોર સુધીનો વિલંબ તમે કર્યો ને, બપોરે તમે ત્યાગ કરી શકશો કે નહિ કરી શકો એ લાખ રૂપિયાનો પ્રશ્ન છે. કારણ પુછ્યું શા માટે આવું ? અને શાસ્ત્રકાર ભગવંતો જવાબ આપે છે,

બહુવિગ્ઘો उ मुहुत्तो

એક મુહુર્ત ની અંદર, અડતાલીસ મીનિટ ની અંદર વિઘ્નોની વણઝાર આવી ને ઉભી રહી શકે છે.

श्रेयांसि बहुविघ्नानि

જે સારા કામો હોય, જે કલ્યાણના કામો હોય, ધર્મના કામો

હોય એમાં નો ઘણા વિઘ્નો આવે

અશ્રેયસિ પ્રવૃત્તાનાં ક્વાપિ યાન્તિ વિનાયકા:।

જે માણસ પાપ કરવા જાય ને વિઘ્નો ક્યાં રફુચક્કર થઈ ગયા હોય ને પાપ થઈ જાય, જરૂર પણ ના પડે. આપણે મન ને આપણે પુછીએ કે આપણને ખરી-વૈરાગ્ય કદી સ્પર્શ્યો છે કે નહિ ? સંસાર અસહ્ય થઈ જાય, સંસાર UNBEARABLE થઈ જાય, ચાલે જ નહિ, ફાવે જ નહિ, રહી ન શકાય, ધ્રુસકે ધ્રુસકે રડી પડાય, જેને કોઈ કારણો ના સમજાય, જેને કોઈ જવાબદારી ના સમજાય, જેને આ આખો સંસાર સપના જેવો લાગે, વાદળા જેવો લાગે, નાટક જેવો લાગે ને માણસને એમ થયા કરે કે જેક લુસકો મારું ને સંસારમાંથી નીકળી જાઉં, એનું નામ વૈરાગ્ય !

જેને સમજાવી શકાય છે એ વૈરાગ્ય હોતો નથી, જેને રોકી શકાય છે એ વૈરાગ્ય હોતો નથી, જે મોળો પડી જાય, જે મંદ પડી જાય, જે ધીમો પડી જાય, એ વૈરાગ્ય હોતો નથી. જે POSTPOND કરવાનું ACCEPT કરી શકે એ વૈરાગ્ય હોતો નથી. જેને કશું જ ન સમજાય બસ મને આ આપો સંયમ જોઈએ, એનું નામ વૈરાગ્ય ! પૂર્વના મહાપુરુષો ની આખી PANEL (હારમાળા) જોઈએ, આજના જેવા મહોત્સવો, વરઘોડાઓ, બહુમાન સમારંભો વગેરે વગેરે, એ મહાપુરુષોના પ્રાય: થયા નથી. અને એમણે જે દીક્ષા પાળી, એમે અમારી સામે જોઈએ, અમારા મહોત્સવો થયા, વર્સીદાન ના વરઘોડાઓ થયા, કેટકેટલા બહુમાન સમારંભો, બાહ્યદ્રષ્ટિ એ જોઈએ જબરજસ્ત શાસન પ્રભાવના, છતાંય એમની સામે અમને અમારી જાત વામણી લાગે, એનું કારણ અમને એવું લાગે,

એમણે દીક્ષા ભાગીને લીધી, ભલે વરઘોડા વગર લીધી. બહુમાન સમારંભ વગર લીધી, ભલે કોઈ મહોત્સવ-મહોત્સવ એમની દીક્ષામાં થયો નથી, થઈ ભાગીને-દીક્ષા, એમનો જે વૈરાગ્ય હતો ને એ જ મોટામાં મોટો મહોત્સવ હતો.

શાહીબાગની અંદર એક ભાઈ મને મળ્યા ને મને વાત કરી, પરીવારની એક દીકરીએ ભાગીને-દીક્ષા લીધી ને ભડક્યા બધા. એક દિવસે લગ્ન હતા પરિવારમાં, ને ભાગીને દીક્ષા લીધી એવા સમાચાર મળ્યા, એવા ભડક્યા ... એવા ભડક્યા, ઉપાશ્રયે જઈને પાછા લઈ આવીએ. એ શ્રાવકે મને વાત કરી કે મેં બધાને સમજાવ્યા કે આમાં કંઈ ખોટું નથી થયું, તમે જુઓ કેટલા કેટલા સમુદાયોના વરિષ્ઠ પૂર્વજો, જે પૂર્વના ગચ્છાધિપતિઓ, એ બધાએ ભાગીને-દીક્ષા લીધી છે. મને કહે કે મેં આટલું કીધું ને બધા પરિવારજનો શાંત થઈ ગયા.

આપણે આપણી જાતને પૂછીએ આખી જિંદગીમાં, આપણને આવા વૈરાગ્યનો સ્પર્શ પણ થયો છે ખરો? બધી જ આરાધના જિનશાસન-કહે છે "સંવેગ" માટે છે. સંવેગ રંગશાળા ગ્રંથની અંદર કહ્યું, તમે તપ કરો, તમે જપ કરો, તમે દીક્ષા એ લો, તમે કષ્ટો એ સહન કરો, પણ અંદર એ વૈરાગ્યરસ તમને ઉછળતો નથી.

विहलेणा किमिमिणा कट्ठाणुट्ठाणेण ।

તો પછી આ નિષ્ફળ અનુષ્ઠાનોનો મતલબ શું છે? તમારી બધી જ ચર્યા નિષ્ફળ છે. જયવીયરાય સૂત્રની અંદર ભગવાન પાસે પહેલી જ પ્રાર્થના કરી છે,

"ભવનિવ્વેઓ"

ભગવાન પહેલા નંબરમાં મને વૈરાગ્ય આપો, વૈરાગ્ય મળશે તો મારી મોક્ષ યાત્રા ખરા અર્થમાં શરૂ થશે.

એક નાનું બાળક છે, પાઠશાળા આવે છે, GIFT (ભેટ) મળે છે માટે આવે છે. પાઠશાળા, સૂત્ર, જિનવાણી ને બધામાં એને કંઈ ગતાગમ પડતી નથી, એ તો બધું GIFT માટે કરશે. હું કહું છું માફ છે, બાળક છે ! આપણે બાળક માંથી કિશોર થયા, યુવાન થયા, પ્રૌઢ થયા, વૃદ્ધ થયા, આપણે ક્યાં સુધી GIFT ને જોઈશું, આપણે ક્યાં સુધી બાહ્ય પદાર્થો ને જોઈશું, આપણે આત્માને ક્યારે જોઈશું.

"તુ તને જો"

બસ, આટલું જ કરવાનું છે મોક્ષ માટે, આપણે આપણને જોઈએ એટલે, સદ્ગતિ અને મોક્ષ નક્કી છે. આપણી નજર આપણા ઉપર થી હટી ગઈ, એટલે આપણી દુર્ગતિ નક્કી છે. આપણે રાજા છીએ, આપણે સ્વતંત્ર છીએ, આપણે આઝાદ છીએ, જે કરવું હોય તે અત્યારે તો કરી શકીએ છીએ પણ આ જિંદગી જો એમ ને એમ બાહ્ય પદાર્થોને જોવામાં વિતી ગઈ, તો પછી આપણા હાથમાંથી બાજી જતી રહેવાની

રાતે પ્રાયઃ નવ-દસ વાગ્યા નો સમય છે. ઉત્કૃષ્ટ વૈરાગ્ય સાથે નવયુવાન વિનંતી કરે છે, ગુરુદેવ મને હમણાં દીક્ષા જોઈએ છે. આજે જોઈએ છે. પૂજ્ય સાગરજી મહારાજ, આગમો ના પારગામી, શાસ્ત્રોના પારગામી, ગીતાર્થ - મહાપુરુષ, અને એ મહાપુરુષે, યોગ્યતા જોઈ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બધું જ જોયું, અને એ સમયે એ નવયુવાનને, રાતે દીક્ષા આપી. જિન-શાસનની અંદર ત્રણ મહાપુરુષો ની દીક્ષા રાતે, સંભળાય છે, પહેલા નંબરમાં, અવન્તિ સુકુમાલ જેણે નલિની ગુલ્મ વિમાનનું વર્ણન સાંભળ્યું,

સ્વાધ્યાય સાંભળ્યો, હવે તો કોઈ ધર્મ નથી પામ્યા, નીચે પોતાના મકાનની અંદર આચાર્ય આર્ય સુહસ્તિગીરી ઉતર્યા છે, સ્વાધ્યાય એમનો ચાલી રહ્યો છે, આગમમાં નલિનીગુલ્મ વિમાનનું વર્ણન ચાલી રહ્યું છે, કાનમાં પડ્યું છે, સાંભળતા સાંભળતા જાતિસ્મરણ જ્ઞાન થયું છે, ઉતર્યા છે નીચે સદ્ગુરુને વિનંતી કરી છે, આ શાનું વર્ણન ?, નલિનીગુલ્મનું, હું ત્યાંથી જ આવ્યો છું, કઈ રીતે ત્યાં પાછા જવાય ?, સંયમ લો તો જવાય, મને હમણાં જ સંયમ આપો.

જે મનુષ્યત્વ ના ભોગો, હું તમને કહું છું, અવન્તિ સુકુમાલ પાસે જે સુખ-ભોગો હતા, જે વિષયો હતા, જે પત્નીઓ હતી, એની COMPARE માં આપણી પાસે કશું હોતું નથી ને એનેય આપણે છોડી શકતા નથી ને, એ અવંતિ સુકુમાલ, એ દેવલોક ના જે સુખભોગો એ દેખાયા છે, અને અહીંયા ના બધા જ ભોગસુખો એમને ફીક્કા લાગે, અહીંની અપ્સરા જેવી પત્નીઓ વાંદરી ને ચૂડેલ જેવી લાગે, અહીંનો ભોજનો એમને કચરો ને ઉકરડો લાગે, અહીંનો મોટો મહેલ નો એ મહેલ પણ એમને ઝૂંપડા જેવો લાગે, અને સંયમ વગર આ બધું જ ફોગટ છે એ એવું લાગે, રાતે ને રાતે અવન્તિ સુકુમાલે દીક્ષા લીધી છે.

રાતે ને રાતે ઉપમિતિ ભવ પ્રપંચ કથાના કર્તા સિધ્ધર્ષિગણિ મહારાજ રાતે ને રાતે દીક્ષા લીધી છે. અને મારી નજરમાં ત્રીજા મહાપુરુષ, એટલે પૂજ્ય શ્રી, અમદાવાદ ની અંદર પૂજ્ય સાગરજી મહારાજના વરદ હસ્તે દીક્ષા પૂજ્યશ્રીને મળી. સાગરજી મહારાજે જીવનમાં અનેકાનેક દીક્ષાઓ આપી, એમાં અંતિમ દીક્ષા કોઈને આપી હોય, તો એ પૂજ્યશ્રીને !

"તુ તને મેં".

હજુ પરિવારનું ઠેકાણું પાડવાનું બાકી છે માટે સંસારમાં
બેઠા છીએ, વાત ખોટી છે. દીક્ષા લેવાપણું કામ નહી,
બહુ અઘરી છે. માટે સંસારમાં બેઠા છીએ, વાત ખોટી
છે. હજુ બધા રજા નથી આપતા, માટે સંસારમાં બેઠા
છીએ, વાત ખોટી છે. હજુ આત્મ શૌર્ય ઉઘડી નથી,
હજુ જીભ હેવાય છે, હજુ મને હું જ હેવાતો નથી,
માટે સંસારમાં બેઠો છું, આ વાત સાચી છે.

આત્મ શૌર્યનો ઉઘાડ પૂજ્યશ્રીમાં થયો,
અને જેના કારણે બીજું કશું જ જોયા વગર, એક
ઝટકો માર્યો છે, એક મહાપરાક્રમ કર્યું છે. પરાકાષ્ઠાનો
વૈરાગ્ય, હું મુમુક્ષુઓ હિતશીક્ષા માંગે એમને કહેતો
હોઉં છું તમારું મુહૂર્ત નીકળી જાય પછી જો તમને મન
થાય, કે મારે અહીંયા ફરવા જવું છે ને અહીંયા જવું
છે તો, તમને સાચી દીક્ષા નહી મળે. તમને મન
થાય, મારા DRESS નો કલર આવો હોવો જોઈએ ને
આવો હોવો જોઈએ, તો તમારી દીક્ષા ખોટી. તમને
એમ થાય મારો મહોત્સવ આવો__આવો__આવો આવો
થવો જોઈએ, એક મુમુક્ષુ તરીકે તમને તો એટલીજ
ભાવના હોય મને બસ "સંયમ" મળે ગુરુદેવ ભલે
મને એક રૂમમાં દીક્ષા આપી દે, ગુરુદેવ ભલે મને
ખાનગીમાં આપી દે, ગુરુદેવ મને હમણાં આપી દે,
કોઈ ન મળે, કોઈ તિલક ના થાય, કોઈ બહુમાન ના
થાય, કોઈ વરઘોડા ના નીકળે ન જ નીકળવો જોઈએ
એવી વાત નથી પણ, એ તો BOX છે,
મારા ઘરેણા તો ઓઘો છે, સંયમ છે, ગુરુદેવના
હસ્તે દીક્ષા મળી જાય, વહેલમાં વહેલી મળી જાય,
એનાથી વધુ મને કંઈ જોઈતું નથી. ત્યારે તમારી
દીક્ષા સાચી ! દીક્ષાર્થી મોંઘા મોંઘા ભારે કપડા
પહેરે પણ જરા પણ એમણે ક્યા કપડા પહેર્યા છે
એની એમને કંઈ પડી ના હોય, એ તો સ્વજનોનો

આગ્રહ, એક ઔચિત્ય, એક દાક્ષિણ્ય અને એક વિનય
કોઈ પોતે કપડા પહેરી લે, કોઈ જવડાવે એ જાઈ લે,
અલક્ષ્ય નું નામો નિશાન ના હોય ને, લક્ષ્ય ની અંદર પણ
કોઈ રાગ-દ્વેષ ના હોય, સાચા દીક્ષાથી તો એ જેની -
અંતર ધારા, સતત સાચા સંયમની દીશામાં આગળ ને
આગળ વધતી જ હોય.

પરાકાષ્ઠાના વૈરાગ્ય સાથે પૂજ્યશ્રીએ દીક્ષા
લીધી, અમદાવાદથી વિહાર કરીને વહેલાલ પહોંચ્યા ને,
ત્યાં સમાચાર આવ્યા કે પરેલો આવી રહ્યા છે, ભયંકર
તોફાન કરવાના, કદાચ જેથી ને પાછા લઈ જાય, આવી
પણ પરિસ્થિતિ થાય, સાંજ પડે સમાચાર આવ્યા છે.
ગીતાર્થ પુરુષ સાગરજી મહારાજ વિચાર કરે છે દ્રવ્ય,
ક્ષેત્ર, કાળ, ભાવનો. નુતન દીક્ષીત પૂજ્ય દૌલતસાગરજી
મહારાજ, એમને બોલાવ્યા છે, ને કીધું છે કે તમારે
હમણાં જ વિહાર કરવાનો છે. ગુરુ આજ્ઞાથી પૂજ્યશ્રીએ
વિહાર કર્યો, એક જ રાતની અંદર, પુરા પચાસ કી.મી.
નું અંતર કાપ્યું, વહેલાલ-થી છેક કપડવંજ પૂજ્યશ્રી
પહોંચ્યા, પરેલો આવ્યા, એમને એમ જાણી ગયા,
પૂજ્યશ્રી બચી ગયા. પૂજ્યશ્રી આટલું સત્વ દાખવી
શક્યા, આટલું પરાક્રમ કરી શક્યા, પચાસ કીલોમીટરનો
સળંગ વિહાર. સંયમની રક્ષા માટે, મળેલા સંયમની
સુરક્ષા માટે, સંયમની સંવેદના સાથે, કારણ એ જ હતું,
એમની દ્રષ્ટિ આત્મા ઉપર ઠરી ગઈ હતી.

"તું તને જો !"

સાથે સાથે હેને તુલના કરવી છે, આપણે છે ને, ગુણાનુ-
વાદો ઘણા સાંભળીએ છીએ, કેવા-કેવા જિનશાસનના
મહાપુરુષો, કેવું-કેવું એમનું જીવન, કેવા એમના
ગુણો, કેવી એમની સાધના, એ સારું હતું. પછી શું ?,
તમને શું ફાયદો ?, દુનિયામાં બધી તમે તમારો -
ફાયદો જુઓ, વળતર જુઓ, મળશે શું એ જોવો, પછી

INVESTMENT કરો હું તમને કહું તમારી આ કોઈ દ્રષ્ટિ જ નહી ? બધે હોશિયાર બનનારા, બધે કંઈને કંઈ મલાઈ લઈ લેનારા, અને અહીંયા પીતમે એમ-ને એમ મજો એ કેટલી દુઃખદ વાત છે, સાથે-સાથે તુલના કરવી છે, પૂજ્યશ્રી ક્યાં ને આપણે ક્યાં?

પૂજ્ય શ્રીનો ચોથો પ્રવચન સંદેશ છે,

"તુ તને બચાવ !"

પીસ્તાલીસ આગમોમાં ચોથું આગમ સુત્ર સમવાયાંગ સુત્ર એનું નામ છે ને એનો એક પદાર્થ,

ણાણવિરાહણા દંસણવિરાહણા ચરિત્તવિરાહણા

ત્રણ પ્રકારની વિરાધના છે, જ્ઞાન વિરાધના,
દર્શન વિરાધના,
ચારિત્ર વિરાધના.

વિરાધના શબ્દ એનો બહુ જ સીધો અર્થ લઈએ તો એ છે બગાડવું. એમને વિરાધ્યા એટલે એમનું બગાડ્યું સમવાયાંગ આગમ સુત્ર કહે છે કે, તમારું ત્રણ રીતે જ બગડી શકે એમ છે. તમારું ત્રણ રીતે જ નુકશાન છે, તમે ત્રણ રીતે જ ખાડામાં ઉતરી શકો,
એ તમારું જ્ઞાન બગાડે છે,
એ તમારું દર્શન બગાડે છે
એ તમારું ચારિત્ર બગાડે છે.

આખી દુનિયાના જુદા-જુદા બાહ્ય પદાર્થોને આપણે બચાવવા છે આપણા આત્માને - બચાવવો નથી ને માટે, રત્નત્રયી પ્રત્યે જે ઉપાદેય દ્રષ્ટિ, જે અહોભાવ ની દ્રષ્ટિ, જે મારાપણા ની દ્રષ્ટિ, એને સાચવવાની તમન્ના, એ આપણને - સ્પર્શતી નથી. દીકરાને જરાક તાવ આવ્યો ને કોરોના ની શંકા પડે છે, ને આપણે ઉંચાનીચા થઈ જઈએ છીએ, જ્ઞાની ભગવંતો કહે છે કે તારા આત્મા ને અનાદિ નો કોરોના નો વાયરસ વળ્યો છે,

તારી રત્નત્રયી લુંટાઈ ગઈ છે, આની કદી પણ તને ચિંતા સ્પર્શી જરી ? બીજુ, ત્રીજુ સાચવવાની બધીજ મથામણમાં આપણું પહેલુ ડુબી ગયુ છે, ને એ પહેલું ડુબી ગયનો બીજું, ત્રીજુ બચી જો ગયું હોય તો એનો કોઈ અર્થ નથી. આટલી SIMPLE (સરળ) વાત આપણને સમજતી નથી.

છગન રસ્તા ઉપરથી જતો હતો ને નજીકમાં તળાવ હતું ને તળાવના આરે મગન બેઠો હતો. છગનની દષ્ટ તો મગન ઉપર નજર પડીને, તળાવમાંથી અવાજ આવ્યો, કોઈ ડુબતું હતું, બે હાથ બહાર કાઢયા ને માથું બહાર-કાઢયું, બચાવો.. બચાવો ને છગને બુમ પાડી મગન ચાલ્યા બચાવ એને, પેલો ડુબી રહ્યો છે, એ જોઈયા BOARD છે, જે ડુબતા ને બચાવે એને પાંચસો રૂપીયા ઈનામ ! છગનને થયું હમણાં મગન દોડશે ત્યાં તો મગનો ઠંડે કલેજે જવાબ આપ્યો, કે છગન થોડો. આગળ જાવને આ બોર્ડ માં લખ્યું છે કે જે મડદું કાઢી આપે ને એને હજાર રૂપિયા ઈનામ છે. હજુ થોડી ધીરજ કરો હજુ લાભ વધશે. પહેલું જ ડુબી ગયું હશે. મગનને લાગે છે પેલો ડુબી રહ્યો છે. આપણને લાગે છે ધર્મ ડુબી રહ્યો છે, શાસન ડુબી રહ્યું છે,.. હું તો સલામત છું.

પૂજ્ય શ્રી આપણને કહેવા માંગે છે, તુ પોતે જ ડુબી રહ્યો છે. તુ તને બચાવ ! દસ વૈકાલિક આગમ ના શબ્દો છે,

अप्पा खलु सयय रक्खियव्वो।

બીજું કશું તારે કરવાનું નથી, તારે સતત ને સતત એક જ કામ કરવાનું છે, એનું નામ છે "આત્મરક્ષા"

अरक्खिओ जाइपहं उवेइ।

એનું નહી રક્ષે આત્માને, તો એ જન્મ-મરણના પંથે જશે.

રવિવાર

DATE 13 12 2020

सुरक्खिओ सव्वदुहाण मुंचइ ।

અને એ આત્માની સુરક્ષા તે કરી, તો એ સર્વ-દુઃખથી મુક્ત થઈ જશે. પૂજ્યશ્રીએ પોતાના આત્માને તો બચાવ્યો, પૂજ્યશ્રીનું વતન મહેસાણા પાસે કેતપુર ગામ, આ કેતપુર ગામની અંદર, પૂજ્યશ્રી એ ધર્મના બીજ વાવ્યા એટલું જ નહિ, પૂજ્યશ્રી એ ધર્મનું સિંચન કર્યું, પૂજ્યશ્રી એ ધર્મ સંસ્કારો નો ઉછેર કર્યો, પૂજ્યશ્રી એ ગામની અંદર શિખરબંધી જિનાલય બંધાવ્યું, અને પૂજ્યશ્રીએ એવો કમાલ કર્યો, કે આજની તારીખમાં ચારસો-ચારસો પટેલ, એ ભગવાનની ઉપાસના કરી રહ્યા છે.

પૂજ્યશ્રીનો પાંચમો પ્રવચન સંદેશ છે,

તું તને જો !

પીસ્તાલીસ આગમમાં પાંચમા નંબરનું આગમ, પરમ પાવન શ્રી ભગવતી સુત્ર ! અને એ ભગવતી સુત્રની અંદર, આ બેઠક બેઠવાની-FORMULA (ચાવી) આપેલી છે,

उड्ढं जाणू अहो सिरे ।

ગૌતમસ્વામી, ભગવાનની બહુ દુર નહિ, બહુ-નજીક નહી, એવી જગ્યાએ બેઠા છે. કઈ રીતે બેઠા છે. તેનું શબ્દ ચિત્ર પરમ પાવન ભગવતી સુત્રની અંદર દોરેલું છે. પૂજ્યશ્રી ના મનુ એ ઉંચા છે. ઉભડક બેઠા છે, અભયદેવસૂરીશ્વરજી મહારાજ, વૃત્તિની અંદર સ્પષ્ટતા કરે છે,

औपग्रहीकनिषद्याऽभावात् ।

જેને બેસવાનું આસન કહેવાય એવું આસન, ગૌતમસ્વામી એ રાખ્યું જ નથી, જમીન ઉપર પલાઠી મારીને ગૌતમસ્વામી કદી બેઠા જ નથી.

उड्ढं जाणू

ટીંચણ ઉંચા, માથુ નીચે,

अहो सिरे

ભગવતી સુત્ર શબ્દ ચિત્રમાં વર્ણવાય છે,

झाणकोट्ठोवगए

આ તો ધ્યાન એ એક કોઠાર છે, કોઠી છે ને એની અંદર ગૌતમસ્વામી ગરકાવ થઈ ગયા છે.

હું તને જો !

સદ્ગુરુ પાસે એક જિજ્ઞાસુ આવે છે ને પ્રશ્ન કરે છે કે ભગવાન કઈ રીતે મળી શકે. સદ્ગુરુ એ ગૂઢ-રહસ્યભર્યું સ્મિત કર્યું, જિજ્ઞાસુની જિજ્ઞાસા વધી રહી છે, મીટ માંડી રહ્યો છે સદ્ગુરુની સામે અને, અને સદ્ગુરુ સ્મિત કરીને કહે છે, પ્રશ્ન જ ખોટો છે. જિજ્ઞાસુ હજુ મુંઝાઈ જાય છે કે ભગવાન કઈ રીતે મળે આટલો સારો પ્રશ્ન, મારો પ્રશ્ન જ ખોટો, કશું સમજાતું નથી. પૂછવો કઈ રીતે એય નથી સમજાતું, ને સદ્ગુરુ ફરી એ જ સ્મિત સાથે જવાબ આપે છે, ખરો પ્રશ્ન તો એ છે, કે મારે ખોવાવું કઈ રીતે ? જો હું ખોવાઈ જાય તો ભગવાન મળી જ જવાના છે. હું જ સાબુત છે, હું જ ખોવાતું નથી, તો ભગવાન નથી જ મળવાના. તો ખરો પ્રશ્ન એ જ કહેવાય, કે મારે ખોવાવું કઈ રીતે ? એક કવિએ જરૂ મજાની વાત કરી છે.

બેખુદી છા જાયે ઐસી,
ખુદ સે મિટ જાયે ખુદી.
ઉસકો જીને કા તરીકા અપને કો જો આને કા હૈ.

જે ખોવાઈ જાય છે, એમને એ મળે છે, જે ખોવાતા નથી, એ વધુમાં વધુ વાતો કરતા રહે છે કે, ભગવાન કઈ રીતે મળે ! પૂજ્યશ્રી એ એક ભવનની અંદર સર્વ આગમોનું વાંચન પાંત્રીસ વાર કરેલું છે. ખોવાવાનું આનાથી મોટું ઉદાહરણ બીજું કયું હોઈ શકે !

પૂજ્યશ્રી જોવાયા છે, આગમના શબ્દે શબ્દની - અંદર, ભગવાનની ભાવ સૃષ્ટિ ની અંદર, - અધ્યાત્મ ના અમૃત ની અંદર, આત્મ સાધના ની અંદર, પૂજ્યશ્રી જોવાયા છે.

પૂજ્ય સાગરજી મહારાજે દીક્ષા તો - આપી, માત્ર દીક્ષા નથી આપી, અનેકાનેક રીતે પૂજ્યશ્રીનું ઘડતર કર્યું છે. પૂજ્યશ્રીનું જીવન જ ઉત્તમ ઘડતર કરવા માટે એક આલંબન સમાન હતું. દીક્ષા પછી નવ વર્ષ સુધી આંતરે આંતરે પૂજ્યશ્રી, પૂજ્ય સાગરજી મહારાજની સાથે રહ્યા, સવાર થી સાંજ સુધી, એમની આગમ મગનતા, એમનું આગમ સંશોધન, એમની આગમ ભક્તિ, એમનું અપ્રમત્ત જીવન, એમને પૂજ્યશ્રીએ સગી આંખે નીહાળ્યું, એમણે જરૂર અનુભવ્યું કે ગુરુદેવ જોવાઈ ગયા છે.

સાગરજી મહારાજના છેલ્લા પંદર દિવસ, અને એ પંદર દિવસની એમની સાધના, પૂજ્યશ્રી જોતા રહ્યા, અને મંત્રમુગ્ધ થતા રહ્યા. સાગારિક પચ્ચક્ખાણ જે સાગરજી મહારાજ લેતા રહ્યા હતા, સમસ્ત વિકલ્પથી પર થઈને આત્માની અંદર પૂજ્યશ્રી ઉતરી ગયા હતા. દિવસ - રાત ધ્યાનમાં મગ્ન રહેતા હતા. આખી જિંદગી ઘુંટેલા આગમો, સમાધી સૂત્રો, સમાધી પદો, ભીતરમાં ઉતારી દેનારી ગાથાઓ, એનો સાગરજી મહારાજ સ્વાધ્યાય કરી રહ્યા હતા. શરીર ઉપર માખી કે મચ્છર બેસે, પૂજ્ય સાગરજી મહારાજ એમને ઉડાવતા ન હતા, આજુબાજુમાં શિષ્યો નું ધ્યાન જાય, શિષ્યો ઉડાવી દે, એ વાત જુદી. બાકી સાગરજી મહારાજને, પોતાના દેહની કશી પડી નહતી. અનિમેષ નયને પૂજ્યશ્રી, ગુરુદેવની

જોયા કરતા હતા, ને એમને પ્રતીત થતું હતું કે ગુરુદેવનું રોમ-રોમ, ગુરુદેવનો એક-એક શ્વાસ, ગુરુદેવનું - આખું ય આભા મંડળ, એ સંદેશ આપી રહ્યું છે,

" તું તને જો ! "

આપણે બાહ્ય પદાર્થો ને સાચવવામાં પડ્યા છીએ, જ્યાં સુધી આપણી મત જિનશાસનમાં જોડાઈ નથી ગઈ, - જિનઆજ્ઞામાં વિલીન નથી થઈ ગઈ, ત્યાં સુધી આપણું ઠેકાણું પડવાનું નથી. પૂજ્યશ્રી એ સાગરજી મહારાજ ના, એ સમસ્ત વારસાને લીધો, લીધો એટલું જ નહિ, સંભાળ્યો, સંભાળ્યો એટલું જ નહિ, એ વારસાને વધાર્યો, નજર સામે આપણે આજે જોઈ શકીએ છીએ, અનેકાનેક - આગમ મંદિરોની રચના, સતત ને સતત આગમમાં - મગ્નતા, આત્મદ્રષ્ટિ, આત્મસાધના, આગમ ને મનમાં જીવંત બનાવવું, આ ગુરુદેવમાં પ્રત્યક્ષ દેખાયું.

પૂજ્યશ્રીનો છઠ્ઠો જીવન સંદેશ છે,

" તું તને મેળવ ! "

જે પોતાને જોઈ જાણે છે એ જ પોતાને મેળવે છે. જોયા વગર મેળવવું શક્ય જ નથી, પોતાને મેળવવું એટલે ગુણ સમૃદ્ધિને મેળવવી. દસ વૈકાલિક આગમ ની બહુ સરસ મજાની પંક્તિ છે,

गुणेहि साहू अगुणेहिऽसाहू

જો ગુણો છે તો સાધુતા છે, જો ગુણો નથી તો સાધુતા નથી. પૂજ્યશ્રીની ગુણ સમૃદ્ધિ નો પ્રત્યક્ષ અનુભવ, અમને શંખેશ્વર તીર્થમાં થયો. પૂજ્યશ્રી આગમ મંદિરમાં બિરાજ-માન હતા, ગુરુદેવની નિશ્રામાં અમે એ તીર્થના પ્રાંગણમાં ઉપાશ્રય છે, ત્યાં અમે હતા. અવાર-નવાર ગુરુદેવનું અને પૂજ્યશ્રીનું મિલન થાય. એક દિવસ પૂજ્યશ્રી જિનાલયે પધાર્યા છે, દાદા ની ભક્તિ કરી છે, બહાર નીકળ્યા છે, બહુ નાની ઘટના પણ હું જીવન ભર ભૂલી નહીં શકું એવી ઘટના. એ ઉપાશ્રય છે ને પ્રાંગણમાં જે

રવિવાર

DATE 13 12 2020

આમ લાંબો છે. અને એનો એક છેડો દાદાના-જિનાલયની એકદમ નજીક આવે, તો એ છેડે એક રેમ્પ છે ને ત્યાં એક બારી છે ને એ બારી પાસે ગુરુદેવ ની પાટ, તો ત્યાં ગુરુદેવ બીરાજમાન અને પૂજ્યશ્રી, દાદાના જિનાલયના પ્રવેશદ્વારની બહાર નીકળ્યા, આમ ફરીને રેમ્પ પાસે આવ્યા, એ-બારી પાસે નજર કરી, પૂજ્યશ્રી ને ખબર, અહીંયા ગુરુદેવ બેસે છે.

પૂજ્યશ્રી બારી પાસે આવ્યા, બારીની નજીક આવ્યા, ગુરુદેવનું મોઢું અંદર ની તરફ છે, એ બાજુ ગુરુદેવ ની પીઠ આવે, અને પૂજ્યશ્રીએ બહાર ઉભા રહીને, એ ત્રણ-ચાર દાદરા જેટલી ઉંચાઈ પર છે ઉપાશ્રય, ત્યાં બારીમાં જોઈને ગુરુ-દેવ ને કહે, શાતામાં છો ને! બહુ અધરી વસ્તુ છે આ. પૂજ્યશ્રી ગુરુદેવ કરતા ઉંમરમાં ૧૧ વર્ષ મોટા, પૂજ્યશ્રી ગુરુદેવ કરતા, દીક્ષા પર્યાયમાં ૧૧ વર્ષ મોટા, ને પોતે મોટા થઈને, ગચ્છાધિપતિ થઈને, વરિષ્ઠ થઈને, વડિલ થઈને, આમ નીચે ઉભા રહીને, આમ લૌકિક દ્રષ્ટિ એ આપણી સાંસારિક દ્રષ્ટિએ જોઈએ ને તો આત્ર નજર એ બા કરવાની હોય, આમ સીધું નીકળી જવાનું હોય. તમે નીચા ને અમે ઉંચા, કોઈ બોલ્યા વગર ત્યાંથી સીધુ નીકળી જવાનું હોય એ લૌકિક ગણિત કહે. પણ લોકોત્તર મહાપુરુષો ને કોઈ લૌકિક ગણિત સમ્ભવ જ નહિ.

સરળતા ની પરાકાષ્ટા ન મળે, ગુણોની ઉઘાડ ન મળે, ત્યાં સુધી આવા બે શબ્દો બોલવા શક્ય નથી, મારા જેવાને લાગે કદાચ હું આજી પુરતી જેટલા પ્રવચનો કરીશ, ગમે તેટલા ઉંચા પદાર્થો આપીશ, એ પૂજ્યશ્રીના

બે શબ્દો, શાતામાં છોને, જે બધાથી થઈ જાય. ગુરુદેવે સાંભળ્યું, પાછળ જોયું, ગુરુદેવ SPRING ની જેમ ઊભા થઈ ગયા, પાટ ઉપરથી ઊતરી ગયા, હાથ જોડાઈ ગયા, સાહેબ મત્થએણ વંદામિ, સાહેબ અંદર પધારો! સાહેબે સ્મિત કરીને કહ્યું કે પછી ક્યારેક આવશું ને, સાહેબ ત્યાંથી નીકળી ગયા.

"તું તને મેળવ!"

આપણી દ્રષ્ટિ પૈસા ઉપર છે, માન-પાન ઉપર છે, નામના ઉપર છે, આપણી દ્રષ્ટિ ગુણો ઉપર નથી. પૈસા મળ્યાને મળ્યું લાગે છે. પૂજ્ય શ્રીનો સંદેશ છે તારે ખરું મેળવવું હોય તો, તું ગુણોને મેળવ, આત્મગુણોને મેળવ, તારા સ્વરૂપને મેળવ, જેને એને મેળવીશ તો તને ખરા અર્થમાં તારું સ્વરૂપ મળશે, ખરી સંપત્તિ મળશે. પૂજ્ય શ્રીના પ્રવચનના ૬ સંદેશ થયા. સાતમો સંદેશ બાકી છે. સમય પૂરો થયો છે. આજે આટલું રાખીએ.

* * * * *

ઉપમિતિ ભવ પ્રપંચ કથા - મંગળવાર
પ્રસ્તાવ ત્રીજો

## વ્યાખ્યાન નંબર- ૯૮

DATE 15 12 2020

પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથાની અંદર, પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, અંતરંગ વિશ્વના અદ્ભુત સમીકરણો ને રજૂ કરી રહ્યા છે.

स्वकार्ये भोगतृष्णाऽपि यतोऽज्ञानमपेक्षते ।

આજ ધારામાં આગળ વધતાં પહેલા, પરમ પૂજ્ય ગચ્છાધિપતિશ્રી, શતવર્ષાયુ દોલતસાગરસૂરીશ્વરજી મહારાજા, એમના છ પુનિત સંદેશ જોયા, આજે સાતમો પુનિત સંદેશ જોવો છે.

"તું તારામાં ઠર."

આપણને જોયા, આપણને ધોયા, આપણને જગાડ્યાં, હવે કરવાનું શું ? એ છેલ્લી વાત છે.

"તું તારામાં ઠર."

પોતાનામાં ઠરવું કઈ રીતે, પોતાનામાં ઠરવાનો ઉપાય છે ચારિત્ર. પોતાનામાં ઠરવાનું આલંબન છે ચારિત્ર. ચારિત્રનો નૈશ્ચયિક અર્થ ઠરવું જ થાય છે. જ્ઞાનસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે.

चारित्रं स्थिरतारूपं - अत: सिद्धेष्वपि - इष्यते ।

સ્થિરતા સ્વરૂપ જે ચારિત્ર એ સિદ્ધોની અંદર પણ મનાયું છે. પૂજ્ય શ્રીનો સાતમો પુનિત સંદેશ !

"તું તારામાં ઠર."

પૂજ્ય શ્રી માત્ર દ્રવ્ય આગમોમાં જોવાયા એવું નથી, પૂજ્ય શ્રી ભાવ આગમમાં પણ જોવાયા. ચારિત્ર એ નૈશ્ચયિક આગમ હોય છે, ચારિત્ર એ ભાવ આગમ હોય છે. એક જીવનની અંદર પૂજ્યશ્રીએ બે થી ત્રણ લાખ કિલોમીટરનો વિહાર કર્યો છે. શિખરજી સુધી પૂજ્યશ્રી કોઈ માણસ રાખ્યા વગર ગયા છે. વિહારની અંદર ગામમાં સ્થાન ન મળે, પૂજ્યશ્રીએ રેલ્વે સ્ટેશનમાં સંથારો કર્યો છે. વિહારમાં સ્થાન ન મળ્યું, પૂજ્યશ્રીએ ઝાડ નીચે સંથારો કર્યો છે.

વિહારમાં સ્થાન ન મળ્યું, પૂજ્યશ્રીએ સ્મશાનની અંદર પણ સંથારો કર્યો છે. ક્યારેક કંઈક એવી જરૂર ઉભી થઈ પોતાના હાથે પોતાના માથે પોતુ મુકીને પણ પૂજ્યશ્રીએ વિહાર કર્યો છે. પૂજ્યશ્રીની આ વિશેષતા છે આ ઉંમરે પણ સ્વાવલંબન. પરાધીનતા નહી સ્વાધીનતા. પોતાનું પડિલેહણ જાતે કરવું, વગેરે વગેરે પૂજ્યશ્રીની વિશેષતા. હવે કહાય - આ બાહ્ય આચારો પાળવા સહેલા છે. બહુ જ જરૂરી - વસ્તુ છે, આંતર પરિણતિ કેળવવી. આચાર ભલે મારા ગમે તેટલા ઉંચા હોય પણ હું બીજાની નિંદા કરતો હોઉં ને તો, મને ખબર નથી કે નિંદા પણ અનાચાર છે ને, બીજા અનાચાર કરતા મોટો અનાચાર છે

પ્રભુ ને તપ ફાવે છે, પ્રભુને જ્ઞાન ફાવે છે, પ્રભુને ઉગ્ર સંયમ ફાવે છે પણ, પ્રભુને ગુણાનુરાગ કેળવવો, બીજાનું જરાક એવું નહિ, વિચારવું નહિ, બોલવું નહિ, આ ફાવતું નથી. અને છેવટે ઘણું બધુ કરીને પણ પ્રભુનો મોક્ષ થતો નથી. પૂજ્યશ્રીની આ વિશેષતા, કોઈની નિંદા કરવી નહી, કોઈની નિંદા સાંભળવી નહી, તમે ગયા પૂજ્યશ્રી પાસે, કોઈની નિંદા ચાલુ કરી, તમને ખ્યાલ આવી જશે, સાહેબ ને ગમ્યું નથી. તમારે તમારું વક્તવ્ય આટોપી લેવું પડશે.

સાત-સાત પ્રભુ સંદેશ દ્વારા, એક પ્રભુ આગમ જાણનારા, પ્રભુ શાસ્ત્ર જાણનારા, પ્રભુ પ્રેરણા મૂર્તિ જાણનારા, એવા પૂજ્યશ્રીને એમના પ્રભુમના સો વર્ષની - પૂર્ણાહુતિ એ, આપણે બધા ખુબ ખુબ શુભેચ્છાઓ, ખુબ - ખુબ અભિનંદન, ખુબ ખુબ વંદન, પાઠવીએ. અને - એની સાથે-સાથે, એવી ભગવાનને પ્રાર્થના કરીએ, ખુબ જ દીર્ઘ અને આવું નિરોગી દીર્ઘાયુ, પૂજ્યશ્રી ને મળે. શાસનની અનેક ~~વિવિધ~~ વીધ આરાધના, અને અનેક વીધ પ્રભાવના, પૂજ્યશ્રીના વરદ હસ્તે થાય. એવી પરમાત્માને પ્રાર્થના સાથે, પૂજ્યશ્રીના ચરણોમાં કોટી- કોટી વંદન!

મંગળવાર
DATE 15 12 2020

स्वकार्ये भोगतृष्णाऽपि यतोऽज्ञानमपेक्षते ।

ભોગ-તૃષ્ણા ગમે તેટલી ભેંશાવર હોય, મજબુત હોય, ગમે તેટલી એની પાસે શક્તિ હોય, જ્યાં સુધી અજ્ઞાન નથી ત્યાં સુધી ભોગ-તૃષ્ણા કશું જ કરી શકે એમ નથી. તરસ ગમે તેટલી લાગી હોય પણ ખબર પડી હોય કે આ પાણી નથી, આ ઝેર છે, પછી એની ઈચ્છા કઈ રીતે જાગશે ?

ભોગ-તૃષ્ણા ગમે તેટલી હોય જ્યારે, ખબર પડી ગઈ કે આ કોઈ આભાસ નથી, આ કાદવ છે, પછી ભોગ-તૃષ્ણા કઈ રીતે જાગશે ? આપણને ભોગ-તૃષ્ણા એટલા માટે જાગે છે કે કારણકે આપણે વસ્તુ ને જોઈ જ નથી, આપણે એને બરાબર જોઈ લઈએ પછી ભોગ-તૃષ્ણા-જાગવાનો કોઈ સવાલ જ નથી. જે ગમે છે એના હાડપિંજર ને જુઓ, ભોગ-તૃષ્ણા જતી રહેશે, જે ગમે છે એની ત્વચા રહિત સ્થિતિ ને જુઓ, ભોગ-તૃષ્ણા ઊભી પુંછડી એ ભાગશે. જે ગમે છે એના શરીર ના છિદ્રો માંથી નીકળતા અત્યંત દુર્ગંધી, જુગુપ્સનીય પદાર્થો ને જુઓ, ભોગ-તૃષ્ણાને ભાગે જ છુટકો થશે.

स्वकार्ये भोगतृष्णाऽपि यतोऽज्ञानमपेक्षते ।

અજ્ઞાન એ જ ભોગ તૃષ્ણાનું જીવન છે. જ્યારે જ્ઞાન નો ઉદય થાય છે, ત્યારે ભોગ-તૃષ્ણાનો અસ્ત થઈ જાય છે.

જ્ઞાનનો જન્મ એ જ ભોગ-તૃષ્ણા નું મૃત્યુ છે.

જ્ઞાન જનમે એટલે કમ સે કમ ભોગતૃષ્ણા BRAIN DEAD થઈ જાય છે એ કદાચ જીવતી પણ હોય, તો પણ એ કશું જ કરી શકતી નથી.

મંગળવાર

DATE 15 12 2020

स्वकार्ये भोगतृष्णाऽपि यतोऽज्ञानमपेक्षते ।

જ્ઞાન પ્રગટે છે, સંસારનો પડદો ઉંચકાય છે. અને સ્થુલભદ્ર-સ્વામીની ભોગ-તૃષ્ણા જનમ થઈ જાય છે. જ્ઞાન પ્રગટે છે, સંસારનો પડદો ઉંચકાય છે, અને કામ ગજેન્દ્ર ની કામ OFF થઈ જાય છે. જ્ઞાન પ્રગટે છે, સંસારનો પડદો ઉંચકાય છે, અને અષાઢાભૂતિપ પાછા માર્ગે આવી જાય છે.

સિધ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે,

अज्ञानविरहेणैव भोगतृष्णा निवर्तते ।

ભોગ-તૃષ્ણા કઈ રીતે દુર કરવી, અમે નથી કરી શકતા, અમને બહુ જ સતાવે છે, અમે જેનાથી પીછો છોડાવવાનો પ્રયાસ કરીએ, તે એ વધારે અમારી પાછળ પડે છે, અમને ઝપટમાં લઈ લે છે, અમને બાનમાં લઈ લે છે, અમને સકંજામાં લઈ લે છે, અમે છુટી શકતા નથી. સિધ્ધર્ષિ ગણિ મહારાજ, SIMPLE FORMULA (સહેલો ઉપાય) ભોગતૃષ્ણાથી મુક્ત થવાની આપી રહ્યા છે, अज्ञानविरहेणैव भोगतृष्णा निवर्तते ।कथञ्चित् सम्प्रवृत्ताऽपि झटित्येव निवर्तते ।

બસ તમે અજ્ઞાન છોડી દો, તમારી ભોગતૃષ્ણા જતી રહેશે. તમે કહો કે અમે આટલા જ્ઞાનમાં આવ્યા. અમે સાંભળીએ છીએ, અમે વાંચીએ છીએ, અમે ભણીએ છીએ, ભણીએ છીએ, ગોખીએ સુધ્ધાં છીએ, તો એ અમારી ભોગ-તૃષ્ણા જતી નથી. સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

कथञ्चित् सम्प्रवृत्ताऽपि झटित्येव निवर्तते ।

જ્યાં સુધી મોહનીય નો ક્ષય નથી થયો, કેવળજ્ઞાન નથી મળ્યું, વિતરાગ દશા નથી મળી, શક્ય છે કે ક્યારેક ભોગ-તૃષ્ણા જાગી પણ જાય. પણ જો તમે અજ્ઞાન છોડી દીધું છે, જો તમે જ્ઞાનમાં આવી ગયા છો, જો ભગવાનના વચનનું તમે અવલંબન કર્યું છે, કાલે કદાચિત, કોઈ રીતે ભોગતૃષ્ણા પ્રવૃત્ત પણ થઈ ગઈ,

classmate

મંગળવાર

DATE 15 12 2020

કેટલાય ભણી પણ ગયા, તમે જ્ઞાનનું શિક્ષણ લીધું, તમે અજ્ઞાન છોડ્યું, એક સેકન્ડ ની અંદર યોગ-તૃષ્ણા સમાપ્ત થઈ જશે.

એક ગામ હતું, ગામનો છોકરો કાશી ભણવા ગયો. વરસો બાદ વર્ષે પાછો આવ્યો, ગામ વાળા એ લોકો મળીને સામૈયું કર્યું, બધા લોકો - પધા, ગામના ચોતરે ને સારી બેઠક ઉપર એને બેસાડ્યો, ને ગામના જે મુખ્ય વડીલો હતા એમણે પુછ્યું, કે ભાઈ તમે શું ભણ્યા! છોકરાએ - જવાબ આપ્યો

सर्वत्सर्वमहं वेद्मि।

સંસ્કૃતમાં જવાબ આપ્યો એટલે એનો પ્રભાવ તો જબરદસ્ત પડ્યો, પણ સંસ્કૃતમાં શું બોલ્યો એ ખબર ના પડી. ગામના એક ભાઈને ઓછું-તુચ્છું સંસ્કૃત આવડતું હતું, બધા એ એમના મોઢા સામે જોયું, એટલે એમણે એમની રીતે જવાબ આપ્યો, બધું ભણ્યો. આખા ગામ વાળા એ એનો જયજયકાર કર્યો, આખા ગામમાં એના માન-પાન-સન્માન વધી ગયા, બધા સવાલો પુછે એના જવાબો એ આપતો જાય ને આખા ગામની અંદર એનું નામ થઈ ગયું ને એટલું જ નહિ, ગામ વાળા બીજે જાય, ત્રીજે જાય ચોથે જાય, અલગઅલગ ગામો ની અંદર જાય, બહારગામ જવાનું થાય, બધે એની કિર્તી આમ વિસ્તરી ગઈ, વિસ્તરતી ગઈ, ને બધા વાત કરે કે અમારા ગામનો છોકરો ને કાશી જઈને ભણી આવ્યો ને બધુ ભણ્યો ... બધુ ભણ્યો ... બધુ ભણ્યો, એની કિર્તી વિસ્તરતી ગઈ, વિસ્તરતી ગઈ, વિસ્તરતી ગઈ, દુર દુર સુધી પહોંચી ને એક પંડિત હતા, એ ગામે પહોંચી ગયા, તપાસ કરી, ક્યાં છે, મારે અમુક પ્રશ્નો

પુછવા છે. ગામવાળા હોડિયા પેલા પાસે, કોઈ હલે નહિ, ચલે નહિ, જવાબ આપે નહિ, વાત મોલીઓ પાસે ગઈ ને પંડિત કહે નક્કી કરો ક્યાં બેસવું છે, મારે પ્રશ્નો પુછવા છે, મોલીઓ હોડિયા ને બધી વાત કરી કે પંડિતજી ને અમુક પ્રશ્નો પુછવા છે, ક્યાં ગોઠવવું, છોકરાએ કહી દીધું મારે ભણવું સુધ્ધા નથી. મોલીઓએ કહ્યું કે તમે આ રીતે કરશો, આ રીતે જવાબ આપશો તો ગામનું નામ જશે ને છોકરાએ કહ્યું કે મનીશ ને તો નાક જશે. મોલીઓ એ કહ્યું કે તમે બધું ભણી ગયા છો, પછી તમે આવી રીતે વાત કરો એ ઉચિત નથી. છોકરાએ કહ્યું કે તે દિવસે તમે જે અર્થ કર્યો તે, એ અર્થ ખોટો હતો, જે પેલા ભાઈએ અર્થ કર્યો એ ખોટો હતો, તમે જે સમજ્યા એ ખોટું હતું, મેં ગડબડી વાત કરી હતી.

तावत्सर्वमहं वेद्मि ।

ત્યાં સુધી હું બધું જ ભણું છું. બધુ ભણ્યો એ એનો અર્થ નહતો. એનો અર્થ એ હતો કે હું ત્યાં સુધી બધું ભણું છું. ત્યાં સુધી હું બધું ભણેલો છું, એમ કહેવાય. બાકી નું વાક્ય હું પુરુ કરું છું.

यावत्कोऽपि न पृच्छति ।

જ્યાં સુધી કોઈ પુછે નહિ, ત્યાં સુધી મને બધું આવડે છે. હવે નાકે પાણી આવી ગયું, હવે બસ ઇજ્જતનાં ફૂરચાં થવાની તૈયારીમાં છે. એ સમયે છોકરાએ પર્દાફાશ કર્યો કે જ્યાં સુધી કોઈ પુછે નહીં ત્યાં સુધી જ બધું આવડે છે. કોઈ પુછે તો હું ઢબુનો "ઢ" છું. ત્યાં વરસ, દોઢ વરસ કઈ રીતે કાઢયું એ મને જ ખબર છે, એ લોકો એ મને પછી આમ શીતસરની વિદાય આપવી પડી, તો હું પાછો આવ્યો, તો હું અહીંયા કઈ રીતે કહી શકું કે ત્યાં ફતેહ કરીને આવ્યો છું. છોકરાની સ્પષ્ટ વાત છે કે જ્યાં સુધી મને કોઈ પુછે નહિ હું બધું ભણું છું. હું ત્યાં સુધી બધું ભણું છું. જ્યાં સુધી મને કોઈ પુછે નહિ.

સંસાર પણ આપણી પાસે આવી નિખાલસ કબુલાત કરે છે. બીજા શબ્દોમાં કહીએ, તો જબરદસ્ત કબુલાત કરે છે. ત્યાં સુધી જ હું રૂપાળો છું, જ્યાં સુધી મને બરાબર જોયો નથી.

કોઈ પ્રશ્ન પુછે તો એ છોકરાની જે મહાનતા હતી, એ મહાનતા એ જ ક્ષણે સમાપ્ત થઈ જાય. કોઈ બરાબર જોઈ લે તો સંસારનું જે રૂપાળાપણું, એ બધી જ કથાની પોલ ખુલી જાય. એ છોકરો મહાન હતો જ નહિ, ગામને ભ્રમણા થઈ ગઈ હતી, કે એ મહાન છે. સંસાર રૂપાળો હોતો જ નથી. આપણને ભ્રમણા થઈ જાય છે કે સંસાર રૂપાળો છે. છોકરાને મહાન કહેવો એ મહાન શબ્દનું પણ અપમાન હતું. સંસારને "રૂપાળો" કહેવો એ "રૂપાળા" શબ્દનું પણ અપમાન છે.

ભ્રમણાથી કદી મહાન થવાતું નથી.

ભ્રમણાથી કદી "રૂપાળા" પણ થવાતું નથી. મહાનતાથી જ મહાન થવાય છે. રૂપ થી જ રૂપાળા થવાય છે. ભ્રમણાથી કશું પણ થઈ શકતું નથી. જે સમજદાર હોય છે એની કદી અવિષય માં તૃષ્ણા પ્રવર્તતી નથી. અગ્નિની જ્વાળા પીવાની જેને ઈચ્છા થાય, એને સમજદાર કઈ રીતે કહી શકાય. જેને ઝાંઝવાંના જળ પીવાની ઈચ્છા થાય, એને સમજદાર કઈ રીતે કહી-શકાય.

છગન અને મગન ફરવા ગયા હતા ને ફરીને ઘરે પાછા આવ્યા ને છગન ઘરનું તાળુ ખોલવા જાય.. ખોલવા જાય.. ખોલવા જાય, મગનએ કંટાળ્યો તાળુ ખુલે જ નહી. મગને જોયું ને કહ્યું કે આ તું શું કરી રહ્યો છે, બીડીથી તાળુ ખોલવાનો પ્રયાસ કરી રહ્યો છે. છગન કહે શું વાત કરે છે, હા ઓ

તારા હાથમાં બીડી છે. ભગાને જોયું તો બીડી જ હતી.
ભગાને કહ્યું આ શું કર્યું, તું બીડીથી તાળું ખોલે છે. ભગાન
કહે આને તો બહુ ગજબ થઈ ગયો, આ બીડી થી હું
તાળું ખોલું છું ને એટલે હું રસ્તામાં ચાવી પી ગયો !
શું પીવાય, શું ના પીવાય ?, શું પી શકાય એવું છે ?
શું પી શકાય એવું નથી ?, ક્યાં આટલો પણ બોધ નથી,
ત્યાં અવિષયની તૃષ્ણા હોય છે.

જે વિષય જ નથી, જે પી શકાય એવું
જ નથી, એની તૃષ્ણા એટલે અવિષય ની તૃષ્ણા.
તૃષ્ણા એટલી ખતરનાક નથી, જેટલું ખતરનાક છે અજ્ઞાન.
સિધ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે,

सर्वज्ञः सर्वदर्शी च, निर्मलोऽयं स्वरूपतः ।

આત્મા સર્વજ્ઞ છે, આત્મા સર્વ દર્શી છે, આત્મા સ્વરૂપથી
નિર્મળ છે.

अज्ञानमलिनो ह्यात्मा, पाषाणान्न विशिष्यते ॥

અને છતાં ય આત્મા અજ્ઞાનથી મલિન થાય છે, ને
પછી પત્થર અને આત્મામાં બિલકુલ DIFFERENCE -
(ફરક) હોતો નથી, એ પત્થર જ બની જાય છે. આવી
હોનારત અજ્ઞાન દ્વારા થાય છે. ક્યારેક એવું બનતું
હોય છે, બહુ ચિંતન કરીને, મહેનત અને પરિશ્રમ -
કરીને, મેં કોઈ નોટ લખી હોય, એ નોટ આગળની
પ્રક્રિયામાં જાય ને ક્યાંક ખોવાઈ જાય ! એકઠવાડિયું, દસ
દિવસ, પંદર દિવસ, મહિનાની મારી મહેનત, માનસિક
વ્યાયામ કરીને લખેલું ચિંતન, નોટ ખોવાઈ ગઈ હોય,
મને એ એંધાણ મળે, ખબર મળે, કે ભાઈ એ નોટ
ગઈ. હું એમ વિચારું છું કે નોટ ખોવાઈ ગઈ છે.
હું તો નથી ખોવાયો, મેં જ ચિંતન કર્યું હતું, મેં જ
વિચાર્યું હતું, મેં જ લખ્યુ હતું, અને હું છું તો
નોટ બીજી બની જશે, મારે ચિંતા કરવાની - હાયવોય -
કરવાની કોઈ જરૂર નથી. હોનારત એ નથી કે નોટ

જોવાઈ જાય, હોનારત એ છે કે જ્યાં "હું" જોવાઈ જાઉં. જે હોનારતની અંદર હું જ જોવાઈ જાઉં, એવી હોનારતનું નામ છે, અજ્ઞાન !

અજ્ઞાન આપણું ઘર નથી લુંટતો, અજ્ઞાન આપણું ધન નથી લુંટતો, અજ્ઞાન આપણને પોતાને જ લુંટી જાય છે.

વિશ્વનો મોટામાં મોટો ચોર હોય તો એ અજ્ઞાન છે.

આપણને લુંટવાની ખરી પ્રક્રિયા અજ્ઞાન જ છે, અજ્ઞાન જ આપણને લુંટી શકે, અજ્ઞાન વગર એ આપણને લુંટવા શક્ય જ નથી કારણકે, અજ્ઞાન આપણી પાસેથી આપણું સ્વરૂપ જ લુંટી જાય છે, આપણી જાતને જ લુંટી જાય છે. જ્યાં આપણું, આપણાપણું જ ના રહ્યું, જ્યાં તમારું તમારાપણું જ ના રહ્યું, જ્યાં તમે, તમે જ ના રહ્યા, જ્યાં તમે કાંઈક બીજું જ થઈ ગયા. આનાથી મોટી લુંટ બીજી કઈ હોય શકે.

ધનની લુંટ એ તમારી લુંટ નથી,
ઘરેણાની લુંટ એ તમારી લુંટ નથી,
ઘરની લુંટ એ તમારી લુંટ નથી,

તમારા કપડા, લત્તા, ઘરવખરી ચોરાઈ જાય, એ પણ તમારી ચોરી નથી. તમારી ચોરી ખરી એ છે, જ્યાં તમે જ ચોરાઈ ગયા, તમે જ લુંટાઈ ગયા, અને આ ચોરી "અજ્ઞાન" જ કરી શકે છે. કોઈ એકલો માણસ ઘરની અંદર રહેતો હોય ને એ "OFF" થઈ જાય, એના ઘરે પછી રોકડ રકમને, ઘરેણા વગેરે વસ્તુઓ ચોરાઈ પણ જાય, તો એ આ રીતે થઈ થઈ ને કેટલી ચોરી થઈ શકે. પાલીતાણા ની અંદર, એવું સાંભળ્યું છે, કોઈ સ્થિરવાસ વાળા મહાત્મા હોય, એકલા હોય, વયોવૃધ્ધ

હોય, એમનો કાળધર્મ થાય. એમની પાલખી નીકળી જાય. પછી શું થાય ? એમનું જે સ્થાન, ઉપાશ્રય હોય, એનું તાળુ તોડીને, ત્યાંના માયાચારી તત્વો, પોતાનું તાળુ લગાડી દે ! આનાથી મોટી ચોરી, આનાથી મોટી લૂંટ બીજુ કઈ હોય શકે, અંદર થી કોઈક કપડા લઈ ગયા, બીજુ-ત્રીજુ વસ્તુ લઈ ગયા, એ વાત જુદી છે. તાળુ જ બદલી દીધું, આખું મકાન જ લઈ લીધું. - આનાથી મોટી લૂંટ બીજુ કઈ હોય શકે ?

અજ્ઞાન એ સૌથી મોટું માયાચાર-તત્વ છે. જે સર્વજ્ઞ આત્માને તદ્દન અજ્ઞ બનાવી દે છે. જે સર્વદર્શી આત્માને સાવ જ આંધળો બનાવી દે છે. જે નિર્મળ આત્માને ગંદો, ગોબરો-બનાવી દે છે. જે ધબકતી ચેતના, એને સાવ જ પત્થર બનાવી દે છે.

सर्वज्ञः सर्वदर्शी च, निर्मलोऽयं स्वरूपतः ।
अज्ञानमलिनो ह्यात्मा, पाषाणान्न विशिष्यते ॥

પછી એ આત્મા છે કે પત્થર છે, કોઈ ફરક જ ના રહે. DIFFERENCE જ ના રહે. એક મડદું હોય ને એક ઊંઘતો માણસ હોય, એ બે વચ્ચે આમ જોઈએ તો કોઈ જ તફાવત ના લાગે. DOCTOR ને પણ બે મિનિટ CHECK કરવું પડે, કે ભાઈ એ ઊંઘે છે કે મરી ગયો છે. આમ જોઈએ તો કોઈ જ ફરક નથી, આમ જોઈએ તો આસમાન-જમીનનો ફરક છે. એકમાં દીસીપ્લાઈ હોય છે, બીજામાં દીસીપ્લાઈ ગયા હોય છે. જ્ઞાની અને અજ્ઞાનીમાં આમ જોઈએ તો કોઈ જ ફરક નથી. છતાં પણ આમ જોઈએ, તો બહુ મોટો ફરક હોય છે. એકની અંદર ધબકતી ચેતના હોય છે, બીજાની અંદર પત્થર હોય છે. એકની અંદર આત્મા હોય છે, બીજાની અંદર આત્મા ગયો હોય છે. ઈષ્ટોપદેશ ગ્રંથની અંદર પૂજ્યપાદ સ્વામી કહે છે.

मोहेन ह्यावृतं ज्ञानं स्वभावं लभते न हि ।

જ્ઞાન જ્યારે મોહથી આવરાય ગયું, પછી એ જ્ઞાન પોતાનો સ્વભાવ પામતું નથી. રત્ન હતું, તેજસ્વી છે, દૈદીપ્યમાન છે, અંધારા રૂમમાં મુક્યો, ઝળહળા થઈ જાય આખો ઓરડો, એવું રત્ન છે, પણ એને ઢાંકી દીધું. હવે એ ઓરડો અંધારો જ રહેશે, એ રત્નનો જે સ્વભાવ હતો ઓરડાને અજવાળવાનો, એ સ્વભાવ ઢંકાઈ ગયો, હવે અજવાળા નહી થાય.

मोहेन ह्यावृतं ज्ञानं स्वभावं लभते न हि ।

જ્ઞાન એ એક કિંમતી રત્ન છે જે લોકાલોક માં અજવાળા કરી દે. એ જ્ઞાન મોહના આવરણથી આવરાઈ ગયું, જ્ઞાન ઉપર અજ્ઞાનનું આવરણ આવી ગયું. હવે એ જ્ઞાન પોતાના સ્વભાવ મુજબ કામ નહીં કરી શકે.

मत्तः पुमान् पदार्थानां यथा मदनकोद्रवैः ।

એક ધાન્ય આવે મદન કોદ્રવ, કોદ્રવ એટલે કોદરી. ધાન જેવો પદાર્થ આવે જેની ઘણી બધી જાત આવે. જેમાંથી એક જાત છે મદન કોદ્રવ. મદનનો અર્થ છે નશીલો પદાર્થ. એવા નશા વાળા કોદ્રવ હોય અને એને ખાવામાં આવે, એટલે માણસને નશો થાય. અને પછી સામે શું છે, શું નથી, એની પાસે આંખ છે, મન છે, બુદ્ધિ છે, જ્ઞાન છે પણ એ બધું આવરાય ગયું, એટલે હવે એ પદાર્થ ને ઓળખી નહીં શકે.

જ્યારે સ્વભાવ જતો રહે, ત્યારે જ્ઞાન-જ્ઞાન જ નથી રહેતું. જ્ઞાન સ્વભાવ ન પામે- એટલે એનું સ્વરૂપ ના પામે, જ્ઞાન સ્વભાવ જ ન પામે એટલે, જ્ઞાન- જ્ઞાન સ્વરૂપ જ ન રહે. અને જ્યારે જ્ઞાન- જ્ઞાન સ્વરૂપ જ ના રહે, ત્યારે એ જાણી કઈ રીતે શકે, ત્યારે જ્ઞપ્તિ ક્રિયા કઈ

રીતે કરી શકે. સ્વભાવ પ્રાપ્તિથી જ કોઈ પણ વસ્તુની સ્વરૂપની સિદ્ધિ થતી હોય છે. દાર્શનિક શાસ્ત્રો સ્વભાવની વ્યાખ્યા કરે છે.

स्वो भावः स्वभावः।

જે પોતાનો ભાવ, જે પોતાની સત્તા, જે પોતાનું અસ્તિત્વ, જે પોતાનું સ્વરૂપ, જે પોતાનું EXISTANCE, એનું જ નામ સ્વભાવ.

स्वो भावः स्वभावः।

અને જ્યારે સ્વભાવ જતો રહ્યો એટલે પોતે જ જતા રહ્યા. હાથીનું હાથીપણું ગયું, એટલે હાથી ગયો, ઘડાનું ઘડાપણું જતું રહ્યું, એટલે ઘડો ગયો. વસ્તુનું વસ્તુ તત્વ જતું રહ્યું, વસ્તુનો સ્વભાવ જતો રહ્યો, એટલે વસ્તુ ગઈ.

सर्वज्ञः सर्वदर्शी च निर्मलोऽयं स्वरूपतः।

સિધ્ધર્ષિ ગણિ મહારાજ, અંતરની વેદનાને ઠાલવી રહ્યા છે. અજ્ઞાન કેવી હોનારત સર્જે છે, અજ્ઞાન કેવું ધનોતપનોત કાઢે છે. અજ્ઞાન આત્માનું સ્વાસ્થ્ય લુંટી જાય છે, ને અજ્ઞાન આત્માને પોતાને જ લુંટી જાય છે, અજ્ઞાન ખરો તમારો શત્રુ છે. અજ્ઞાન તમારું જડેજડ કાસળ કાઢી નાખે છે. અજ્ઞાન તમને ખલાસ કરી દે છે, અને તમે કશું જ સમજી શકતા નથી. મૃત્યુનો ખરો અર્થ છે સ્વભાવ વિગમ. સ્વભાવ ગયો એટલે વસ્તુ ગઈ. દુધ ફાટી ગયું એટલે દુધ ગયું, કેરી બગડી ગઈ એટલે કેરી ગઈ, ફુલ કરમાઈ ગયું એટલે ફુલ ગયું, ઘર ખંડેર થઈ ગયું એટલે ઘર ગયું. PERFUME હતું, સુગંધી હતું, પણ એ બગડી ગયું, એ ગંધાવા લાગ્યું, હવે જે છે એ PERFUME નથી, જે દેખાય છે એ નથી, જે દેખાય છે એ PERFUME નથી. સ્વભાવ ગયો એટલે વસ્તુ ગઈ! બહુ મનોમંથન કરીએ કે આપણે કંઈ ને કંઈ મેળવવાની લ્હાયમાં આખી જિંદગી દોડતા રહ્યા હોએ, હકીકતમાં બહારથી કંઈ જ મેળવવાની જરૂર નથી, જે બહારનું છે

એ પ્રગટ કરવાની જરૂર છે, સાચવવાની જરૂર છે એના બાધક પરીબળો, એનાથી ડરવાની જરૂર છે. પણ આપણને આવું કશું જ સુઝતું નથી.
અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

अजीवा जन्मिन: शुद्ध - भावप्राणव्यपेक्षया ।

સંસારના બધા જ જીવો, સ્યાદવાદ દર્શનની દ્રષ્ટિએ, એક અપેક્ષા એ બધા જ જડ છે પત્થર છે. કઈ અપેક્ષાએ ? મહોપાધ્યાયજી સામે આપણને પ્રશ્ન કરે છે કે, ભાઈ તમે જેને ખરેખર પત્થર માનો છો, તમે જેને પત્થર કહો છો એ કઈ અપેક્ષા એ પત્થર છે ? આપણે જવાબ આપીએ કે એનામાં ચેતના નથી, સંવેદના નથી, પ્રાણ નથી, જીવ નથી, એની અપેક્ષા એ અમે એને જડ કહીએ છીએ અને પત્થર કહીએ છીએ. તો મહોપાધ્યાયજી આપણને જવાબ આપે છે કે, જે સિધ્ધ જીવો પાસે ભાવપ્રાણ છે, જે અનંત જ્ઞાન છે, જે અનંત દર્શન છે, જે અનંત ચારિત્ર છે, જે અનંત સુખ છે, જે અનંત વીર્ય છે એ અનંતાનંત ગુણો ની અપેક્ષા એ એ ભાવપ્રાણો ની અપેક્ષાએ, તમે પણ પત્થર જ છો.

अजीवा जन्मिन: शुद्ध - भावप्राणव्यपेक्षया ।

શુધ્ધ ભાવ પ્રાણની અપેક્ષાએ જોઈએ તો સંસારી બધા જ જીવો, એ પત્થર છે, એ જડ છે, એ અજીવ છે.

सिद्धाश्च निर्मलज्ञाना, द्रव्यप्राणव्यपेक्षया ॥

નિર્મળ જ્ઞાન ના ધારક એવા જે સિધ્ધ ના જીવો હોય, એ દ્રવ્ય પ્રાણની અપેક્ષા એ, એ પોતે પત્થર હોય છે, જડ હોય છે, અજીવ હોય છે. દ્રવ્ય પ્રાણ જોઈએ તો પુદગલના આધારે હોય છે. કર્મના વિભાવના આધારે હોય છે, અને એ દ્રવ્ય પ્રાણની

પ્રાણ જ ના ગણીએ, તો આખા વિશ્વમાં માત્ર સિદ્ધ ભગવંતોનું ધ્રુવત્વ સિદ્ધ થાય ! સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને બહુ પ્રેમથી કહેવા માંગે છે.

"તું તને ઓળખ" !

તું તને સમજ્યો નથી, તે તને ઓળખ્યો નથી, તને પોતાની જ ઓળખાણ નથી, સ્વ અને પરનો વિવેક નથી, ભેદ નથી, આખી જિંદગી તુ પૈસા પાછળ, પરિવાર પાછળ, શરીર પાછળ ઘસી નાખે છે. તારા અજ્ઞાનનો ખતમ કરવાનું હતું એની જગ્યાએ અજ્ઞાનને વધારવાનું કામ કરે છે. અને આ બધુ કરીને છેવટે તું ભવભ્રમણ ની વાટે ચડી જાય છે. અનંતકાળમાં તો જે ભુલ કરી, એ જ ભુલને તું ફરીથી શા માટે કરે છે?

એક પુદ્ગલ દ્રવ્ય નો કાળ હોય છે જેને સમય કહેવાય છે. આપણે કહીએ છીએ કે એનો કાળ આવ્યો. કાળ આવીને એને ઉપાડી ગયો. પુદ્ગલ-દ્રવ્યનો કાળ સમય હોય છે. જે એને જીર્ણ-શીર્ણ કરી નાખે છે, જતે દાડે નવી વસ્તુ જુની થાય છે. બંગલા-માંથી ખંડેર થાય છે. કપડામાંથી મસોતુ થાય છે. કાચની વસ્તુઓ હોય એમાંથી ટુકડા થાય છે. પુદ્ગલ દ્રવ્યનો-કાળ સમય છે. જે એને જીર્ણશીર્ણ કરી નાખે જે એને ગળાવી-પડાવી-સડાવી નાખે. આત્મ દ્રવ્યનો કાળ કયો? સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને જવાબ આપે છે. આત્મ-દ્રવ્યનો કોઈ કાળ હોય, તો એ અજ્ઞાન છે. જે આત્માને ખલાસ કરી નાખે છે. જે આત્માનું આત્માપણું ખતમ કરી નાખે છે. વૈદિક પરંપરાનો એક શ્લોક છે.

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ, નૈનં દહતિ પાવકઃ।

આત્મા એ એવું તત્વ છે, જેને શસ્ત્રો આગ ગમે તેટલી મથામણ કરે તો પણ એને છેદી ના શકે. આત્મા એ એવું તત્વ છે જેને દુનિયાની કોઈ આગ બાળી ના શકે. આત્મા એ એવું તત્વ છે.

મંગળવાર

DATE 15 12 2020

न चैनं क्लेदयन्त्यापः ।

જેને પાણી પલાળી ના શકે.

न शोषयति मारुतः ॥

જેને પવન શોષવી ના શકે. જિનશાસન કહે છે કે આનું એક સમાંતર સત્ય આ પણ છે. તમે કહ્યું એ પણ સત્ય છે. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ. પર્યાયાર્થિક નય એની અપેક્ષાનું સત્ય કહું છું. આત્મા બળતો નથી, મરતો નથી, પલળતો નથી, છેદાતો નથી. આ સત્યની સામેનું સમાંતર સત્ય એ છે કે અજ્ઞાન એવું શસ્ત્ર છે જે આત્માનું ખૂન કરી દે છે. અજ્ઞાન એ એવી એક આગ છે. જે આત્માનો ભસ્મીભુત કરી દે છે. અજ્ઞાન એ એવું પાણી છે જે આત્માને સાવ ડુબાડી દે છે. અજ્ઞાન એ એવો પવન છે, જે આત્માને સુકો ભઠ્ઠ કરી દે છે.

[થિયેટરની ટીકીટનું મુલ્ય અસો-ત્રણસો રૂપિયા નથી હતું, આત્મા હોય છે. છાપાની કિંમત બે-ચાર રૂપિયા નથી હોતી, એ આત્મા હોય છે. SMART PHONE પચાસ હજાર-લાખ રૂપિયામાં નથી પડતો, આત્મામાં પડતો હોય છે. પંચાતનું મુલ્ય અડધો એક કલાક નથી હોતો, આત્મા હોય છે. WORLD-TOUR પચાસ લાખમાં નથી પડતી હોતી, આત્મામાં પડતી હોય છે. બંગલો પાંચ કરોડમાં નથી પડતો હોતો, આત્મામાં પડતો હોય છે. RESORT ની સફર પચીસ હજારમાં નથી પતી હોતી, આત્મામાં પતી હોય છે.

જે જે પરિબળો આપણને અજ્ઞાનમાં લઈ જાય છે, તે તે પરિબળો ને પામવા માટે આપણે જે કિંમત ચુકવીએ છીએ, એનું નામ છે આત્મા! મનને વહેંચીને, જલસો કરવાની આ

મુર્છાગી હોય છે.

સાધ્વીઓનો પ્રશ્ન :- આપે કહ્યું કે સાંસારીક પ્રવૃત્તિઓ કરતા-કરતા, અજ્ઞાનને વધારવાનું કામ કરીએ છીએ, તો એ શું સત્ય નથી કે અજ્ઞાન વધતું ના હોય, સાંસારિક પ્રવૃત્તિ ચાલુ હોય, સાથે જિનવાણી પણ હૈયામાં હોય, એવું શક્ય છે ?

પૂજ્ય શ્રી નો ઉત્તર :- પુષ્પમાલા ગ્રંથની અંદર મલધારી હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજએ આ સવાલ નો જવાબ આપ્યો છે. પ્રશ્નનું હાર્દ એ છે કે નિમિત્ત છે ને છતા પણ, નિમિત્ત ની અસર નથી એવું શા માટે ના હોય શકે ! તમે કહો કે તમે થિયેટરમાં આત્માની કિંમતે જાવ છો, RESORT માં જાવ આત્માની કિંમતે, WORLD-TOUR આત્માની કિંમતે, એ બની શકે કે અમારો આત્મા સાબુત હોય, અમારા આત્માને કંઈ જ નુકશાન ન થયું હોય, અમારો આત્મા એવો ને એવો હોય, જિનવચનની પરિણતિ અમારા મનની અંદર હોય, ને થિયેટરની અંદર અમે બેઠા હોઈએ, જો આરીસા ભુવનની અંદર ભરત ચક્રવર્તીને કેવળજ્ઞાન થઈ શકે, થિયેટરની અંદર ચાલો અમને કેવળજ્ઞાન ના થાય, શુભ ભાવ આવે, એવું કેમ ના થઈ શકે ! પ્રશ્નનો હાર્દ આ છે ને તમે એનો જવાબ સમજો, પુષ્પમાલા ગ્રંથની અંદર મલધારી હેમચંદ્રસૂરીશ્વરજી આનો જવાબ આપે છે.

अणुमित्तो वि ण कस्सइ बंधो परवत्थुपच्चया भणिओ ।

એક અપેક્ષા એ તમારી વાત અમે માની લઈએ, કે પર વસ્તુથી એક નાનો પણ કર્મ બંધ જીવને થતો નથી. એક વસ્તુ આવી ને એ વસ્તુના કારણે જો દુર્ભાવ જાગે, વિભાવ જાગે, પાપબંધ થાય, કર્મબંધ થાય, તો કેવળજ્ઞાની

ની નજીક પણ વસ્તુ તો હોય શકે છે એમને કોઈ જ કર્મ બંધ થતો નથી ! એક અપેક્ષા એ માની-લઈએ કે કર્મ બંધનું કારણ, નિમિત્ત નથી, વસ્તુ નથી, વાતાવરણ નથી, ઉપાદાન એ જ કર્મ બંધનું કારણ છે.

પત્થરની નજીક પણ કોઈ વસ્તુ હોય છે ને પત્થર ને કોઈ કર્મ બંધ થતો નથી. સિદ્ધ ભગવંતો ચૌદ રાજલોક ને પ્રત્યેક સમયે જોઈ રહ્યા છે, કોઈ જ કર્મબંધ થતો નથી. કેવળજ્ઞાની ની નજીક ગમે તેવા દ્રશ્યો હોય, ગમે તેવી ઘટનાઓ હોય, કેવળજ્ઞાનીને કોઈ જ કર્મ બંધ થતો નથી. બરાબર એ જ રીતે એક સાધક છે, સાધક સ્વભાવમાં છે, ઉપાદાન-શુદ્ધ છે, ઉપયોગમાં જિનવચન છે, જિનશાસન-ની મર્યાદાની અંદર વસે છે, એમને બહાર ગમે તેવું વાતાવરણ હોય, કોઈ જ કર્મ બંધ થવાનો નથી, એ નિશ્ચિત છે.

મલધારી હેમચંદ્રસૂરી મહારાજ ને પુછ્યું કે આવું બધું પહેલા કહેવું હતું ને અમે ડરીડરીને રહીએ, પાપથી દુર રહીએ ને આના થી દુર રહીએ, પહેલાથી કહી દીધું હોત તો અમે બિનધાસ્ત વર્તન ! ત્યારે મલધારી હેમચંદ્રસૂરી મહારાજ કહે છે, હરગીઝ બિનધાસ્ત તમે વર્તના નહી,

'तह वि य जयंति मुणिणो परिणामविसोहिमिच्छंता ।

એક અપેક્ષા એ છે કે બધું ઉપાદાન થી જ થાય છે, નિમિત્ત અકિંચિતકર છે, નિમિત્તથી એની અસર થાય ને ન પણ થાય, પણ જ્યાં થાય ને ન પણ થાય હોય, એને ULTIMATE REASON ના કહી શકાય. જેનાથી DEFINITELY કાર્ય થાય, એને ULTIMATE REASON કહેવાય, ને એનું નામ છે ઉપાદાન, અને નિમિત્ત એ

મંગળવાર

DATE 15 12 2020

ULTIMATE REASON નથી તો એનાથી ગભરાવાની કોઈ જરૂર નથી, એ એક અપેક્ષા જ છે. એ અપેક્ષા ગૌણ છે, એ અપેક્ષા નિશ્ચય નય ની છે. એ અપેક્ષા એક નય વિશેષ ની છે. POINT OF VIEW વિશેષની છે. એને બાજુ ઉપર રાખો. સમજવા પુરતું સમજી જવું થઈ ગયું, વ્યવહારમાં શું લાવવાનો તો વ્યવહારનય લાવવાનો.

તહ વિ ય જયંતિ મુણિણો પરિણામવિસોહિમિચ્છંતા।

મુનીઓને પરિણામ ની વિશુદ્ધિ જોઈએ, અને એના કારણે મુનીઓ હોય, શ્રાવકો હોય, સાધક હોય, આત્માર્થી હોય, ભવભીરૂ હોય, તેઓ પોતે સારા વાતાવરણમાં રહેવાની યતના અચુક કરે! એક અપેક્ષા કહે છે, નિમિત્ત - નિમિત્ત જ છે. ઉપાદાનથી જ કામ થાય. અને બીજુ અપેક્ષા કહે છે કે ભાઈ, ઉપાદાન ભાવુક છે, ઉપાદાના જડ નથી. ઉપાદાન વાતાવરણને નિમિત્તને પ્રાય: કરીને આધિન હોય છે ને પ્રાય: કરીને વાતાવરણની એના ઉપર અસર થાય. મલધારી હેમચંદ્ર સૂરી મહારાજ કહે છે,

જો પુણ હિંસાયયણેસુ વટ્ટઇ તસ્સ ણુ પરિણામો।
દુટ્ઠો ણ ય તં લિંગં, હોઇ વિસુદ્ધસ્સ જોગસ્સ॥

જેને થિયેટરમાં જવું છે, RESORT માં જવું છે, WORLD TOUR માં જવું છે, જેને ન જવાની જગ્યાએ જવું છે, જ્યાં આત્માની પરિણતિ બગડે ત્યાં જવું છે, ત્યાંનું વાતાવરણ તો અશુધ્ધ છે જ, એનું ઉપાદાન પણ અશુધ્ધ છે, એનો ભાવ પણ અશુધ્ધ છે. જે આવી પ્રવૃત્તિ કરે એનો કદી શુધ્ધ ભાવ હોય જ ના શકે! આત્મા ની તમને ચિંતા હોય, તમે નક્કી કરો, જ્યાં આત્માના પરિણામ બગડે ત્યાં મારે જવું નથી. ઈન્દ્રિય - પરાજય શતક સ્પષ્ટ કહે છે,

સવિડં ઉબ્ભડરૂવા દિટ્ઠા મોહેઇ જા મણં ઇત્થી।

જેના DRESS ના ઠેકાણા નથી ને જેનો ઉઘાડ વેષ છે, એવી સ્ત્રીનું દર્શન આત્મા ને મોહ પમાડે,

આયહિયં ચિંતંતા દૂરયરેણં પરિહરંતિ

જેમના હૃદયની અંદર આત્મહિતનું ચિંતન છે. તેઓ એ સ્ત્રીને દૂરથી જ છોડી દે છે દૂરથી જ સલામ કરી દે છે, એનાથી સો યોજન રહેવામાં જ સલામતી સમજે છે. આત્માનું હિત હશે તો સહજ દૂર રહેવાશે, ખબર છે લપસણી ભૂમિ છે ખબર છે એમાં આત્માનું હિત નથી, ખબર છે આમાં રાગ-દ્વેષ છે, ખબર છે આમાં LIMIT રહેવાની નથી, ખબર છે આમાં ઉત્તરોત્તર આપણી લપસતા જશું, ક્યાંય નીચે પહોંચી જશું. એને એવી જગ્યાએ પણ બિનધાસ્ત આપણે જવું છે. એવા નિમિત્તોનું સેવન કરવું છે. એવા દ્રશ્યો જોવા છે. એવું સાંભળવું છે, એવી જગ્યાએ ખાસ આપણે PICNIC લઈને જવું છે, હજુ વિદેશમાં જવાના આપણને અરિતા છે, આનો અર્થ એ જ છે કે આપણને આપણા આત્માની બિલકુલ પડી નથી.

મલધારી હેમચંદ્ર સૂરી મહારાજ કહે છે,

ણ ય તં કિંચં હોઇ વિસુદ્ધસ્સ જોગસ્સ

જ્યાં સત્ પ્રવૃત્તિ છે, ત્યાં જ શુભ અધ્યવસાય છે. જ્યાં શુભ અધ્યવસાય જરૂર છે, ત્યાં સત્ પ્રવૃત્તિ જ શક્ય છે. પ્રવૃત્તિ વિપરીત છે, ને દાવો કરવો છે કે મારા ભાવ તો ઘણા સારા છે ત્યાં સત્ પ્રવૃત્તિ પણ નથી, ત્યાં શુભ ભાવ પણ નથી, ત્યાં નર્યો દંભ છે. આત્માર્થી એને કહેવાય કે જે આ SMART-PHONE થી ગભરાય જેને એમાં નાગણ લાગે, એમાં સાપ લાગે, એમાં અજગર લાગે, એમાં રાક્ષસ લાગે, ખાઈ જશે, મારી ડોળિયો કરી જશે, મારા જ્ઞાનનો, મારી પરિણતિનો

મારી વિશુદ્ધિનો, મારા અધ્યવસાયનો. 'આત્માથી' -
એને કહેવાય, T.V. નું નામ પડે ને ગભરાય જાય,
'આત્માથી' એને કહેવાય બધા વિદેશ ફરવા જવાની વાત
કરતા હોય ને, ભાગી જાય ને ઉપધાન લઈને બેસી જાય.
'આત્માથી' એને કહેવાય, હોટલનો PLAN બનતો હોય
ને સવારથી આયંબિલનું પચ્ચક્ખાણ લઈ લે. 'આત્માથી'
એને કહેવાય જેને ખબર છે આ મિત્રો વહેલા-મોડા-
મને પાડે એમ છે, એમની વાત એવી છે જોઈયા જઈ
ને જલસા કરીએ, જે મિત્ર સાથે જ ક્લેશ કર્યા વગર
ના રહી શકે એ 'આત્માથી' કહેવાય. આત્મા ને
પાડનારા બધા જ નિમિત્તો પ્રત્યે કોમળ ભાવ રાખવો,
SOFT ભાવ રાખવો, એમના પ્રત્યે મધુર દ્રષ્ટિ રાખવી.
એમને પોતાના માનવા એ નિમિત્તો નું સેવન કરવું,
આ 'આત્માથી' નું લક્ષણ જ નથી.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, બહુ પ્રેમથી -
આપણા માથે હાથ ફેરવી ને આપણને અંતરંગ વિશ્વનો
સાક્ષાત્કાર કરાવી રહ્યા છે. આજે સમય થયો છે,
આજે આટલું રાખીએ.

---

classmate

## ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

બુધવાર

## વ્યાખ્યાન નંબર - ૮૮

DATE 16 12 2020

પરમ કારૂણિક શ્રી સિધ્ધર્ષિ ગણિ મહારાજ - પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથમાં - ત્રીજા પ્રસ્તાવ ની અંદર, એક ઘટનાનો ચિતાર રજુ કરી છે.

મોહવિલય ઉદ્યાન છે, પ્રતિબોધક - આચાર્ય છે, અતિન્દ્રિય જ્ઞાન ના સ્વામી છે, વિરાટ પર્ષદાની સમક્ષ, અજ્ઞાન નું સ્વરૂપ છતું કરી રહ્યા છે.

सर्वज्ञः सर्वदर्शी च, निर्मलोऽयं स्वरूपतः।

આત્મા સર્વજ્ઞ છે, આત્મા સર્વદર્શી છે, આત્મા - સ્વરૂપ થી તદ્દન નિર્મળ છે.

अज्ञानमलिनो ह्यात्मा, पाषाणान्न विशिष्यते ॥

પણ જો આત્મા અજ્ઞાનથી મલિન થાય એટલે, પત્થર અને આત્મા જો બે માં કોઈ જ ભેદ રહેતો નથી. બિંદુ નું આત્મા વિલોપન બે રીતે થતું હોય છે. એક બાષ્પીભવન દ્વારા, બીજું સાગરમાં - ભળવા દ્વારા ! આત્મા નું આત્મ વિલોપન બે રીતે થતું હોય છે,

" એક અજ્ઞાન દ્વારા,
બીજું પરમાત્મા બનવા દ્વારા "

બિંદુ સાગરમાં ભળી જાય એટલે જો સાગર જ થઈ જાય છે, આત્મા, પરમાત્મામાં ભળી જાય, એટલે આત્મા પરમાત્મા જ થઈ જાય છે. બાષ્પીભવન એ બિંદુ નું ખરું મૃત્યુ હોય છે. અજ્ઞાન એ આત્માનું ખરું મૃત્યુ હોય છે.

બાષ્પ એ બિંદુ નું મડદું હોય છે. અજ્ઞાની એ આત્મા નું મડદું હોય છે. સિધ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે,

બુધવાર

DATE 16 12 2020

या: काश्चिदेव मर्त्येषु , निर्वाणे च विभूतयः।
સમગ્ર મનુષ્ય લોકની અંદર, સમગ્ર મનુષ્યોમાં જે-જે સમૃધ્ધિઓ હોય, અરે માત્ર મનુષ્યલોકની જ નહિ, આગળ વધીને દેવલોકની, આગળ વધી ને મોક્ષ ની, જેટલી સમૃધ્ધિઓ છે.

अज्ञानेनैव ता: सर्वा, हता: सन्मार्गशोधिना।
એ બધી જ સમૃધ્ધિઓ ને રોકી લેવાનું કામ, એ બધી જ સમૃધ્ધિઓ ને લુંટી લેવાનું કામ, એ બધી જ સમૃધ્ધિઓને આંચકી લેવાનું કામ, કોઈ કરતું હોય તો એનું નામ છે અજ્ઞાન! મનુષ્યલોકની સમૃધ્ધિઓ છે રાજાપણું, મહારાજાપણું, ચક્રવર્તીપણું, શ્રેષ્ઠીપણું, મહાશ્રેષ્ઠીપણું, મહામહા શ્રેષ્ઠીપણું, વગેરે વગેરે જે મનુષ્યલોકની સમૃધ્ધિઓ છે. મનુષ્યલોકની અંતરંગ સમૃધ્ધિઓ પણ છે. જેનું નામ છે, અપુનર્બંધત્વ, માર્ગાનુસારીતા, જેનું નામ છે સમ્યક્દર્શન, જેનું નામ છે દેશવિરતી ને સર્વવિરતી, જેનું નામ છે ગુણશ્રેણી, જેનું નામ છે ઉપશમ શ્રેણી, જેનું નામ છે ક્ષપકશ્રેણી, જેનું નામ છે વિતરાગતા, જેનું નામ છે તીર્થંકરપણું, જેનું નામ છે ગણધરપણું, જેનું નામ છે વાસુદેવપણું, જેનું નામ છે બળદેવપણું, જેનું નામ છે વિશિષ્ટ લબ્ધિ સંપન્ન પણું, જેનું નામ છે વિશિષ્ટ જ્ઞાની પણું જેનું નામ છે વિશિષ્ટ- વિશિષ્ટ ગુણોના સ્વામીપણું, એ આંતર સમૃધ્ધિઓ ને પણ કોઈ લુંટી લેનાર હોય તો એનું નામ માત્ર ને માત્ર અજ્ઞાન છે.

अज्ञानेनैव ता: सर्वा, हता: सन्मार्गशोधिना।
અજ્ઞાન શું કરે છે? આત્મા જે જે માર્ગે સમૃધ્ધ થઈ શકતો હોય, શ્રીમંત થઈ શકતો હોય, બાહ્ય અને આંતર સમૃધ્ધિનો સ્વામી બની શકતો હોય, એ બધા જ રસ્તાને અજ્ઞાન રોકી લે છે. આત્મા અનંત કાળે મનુષ્યલોકમાં આવે, મનુષ્યપણું પામે, સંજ્ઞી પંચેન્દ્રિય નો ભવ જીવને અનંત પુણ્ય થી મળ્યો હોય,

એ ભવ જેવો હોય જેમાં એક PLATFORM મળ્યું, એક CHANCE મળ્યો, એ ભવની અંદર આત્મા ચાહે તો માલામાલ બની શકે અને અજ્ઞાન પહેલેથી ALERT થઈ જાય છે, એના રસ્તામાં ટાંગ અડાડે છે. અને એનો રસ્તો રોકી લે છે. જે જે માર્ગે આત્મા સમૃદ્ધ થઈ શકે તે તે રસ્તો રોકીને આત્મા કઈ રીતે ભીખારી બની શકે, એની પુરેપુરી સગવડ કરનાર - કોઈ હોય તો એનું નામ છે "અજ્ઞાન" !!

અજ્ઞાન T.V અને મોબાઈલ દ્વારા - આત્માનો વ્યાખ્યાન શ્રવણનો રસ્તો રોકી લે છે અજ્ઞાન અકડતા દ્વારા આત્માનો વિનયનો રસ્તો રોકી લે છે. અજ્ઞાન સ્વચ્છંદતા દ્વારા આત્માની સમર્પણનો રસ્તો રોકી લે છે. અજ્ઞાન વાતો અને વિકથા દ્વારા આજ્ઞા નો રસ્તો રોકી દે છે. અજ્ઞાન સ્વાદલંપટતા અને સુખશીલતા દ્વારા તપનો રસ્તો રોકી દે છે. અજ્ઞાન ધનાર્જન ના લોભમાં પાડે છે અને જ્ઞાનાર્જન નો રસ્તો રોકી લે છે. અજ્ઞાન પારીવારીક પળોજણમાં પાડે છે ને, દીક્ષા નો રસ્તો રોકી દે છે. અજ્ઞાન શું કરે છે, તો પુત્ર અને પૌત્રના મોહમાં પાડે છે, પૂજન અને એનો સામાયિક અને પ્રતિક્રમણ નો રસ્તો રોકી લે છે. અજ્ઞાન એને ક્રોધમાં પાડે છે, અને એનો ક્ષમાનો રસ્તો રોકી લે છે, અભિમાનમાં પાડે છે એનો નમ્રતા નો રસ્તો રોકી લે છે. અજ્ઞાન માયામાં પાડે છે સરળતા નો રસ્તો રોકી લે છે અજ્ઞાન લોભમાં પાડે છે, સંતોષનો રસ્તો રોકી લે છે. અજ્ઞાન વિષયની લંપટતા માં પાડે છે બ્રહ્મચર્ય નો રસ્તો રોકી દે છે. અજ્ઞાન બહિર્મુખતા માં પાડે છે એની અંતર્મુખતા નો રસ્તો રોકી દે છે. અજ્ઞાન દેહાધ્યાસમાં પાડે છે, અજ્ઞાન મરણ સમાધિ સુદ્ધાનો રસ્તો રોકી

બુધવાર

DATE 16 12 2020

૯ ૭.

યા: काश्चिदेव मर्त्येषु निर्वांणो च विभूतयः।

મનુષ્યલોકની કે દેવલોકની જેટલી સમૃદ્ધિઓ જેટલા - માલા-માલ થવાના રસ્તા, જેટલા ન્યાલ થઈ જવાના રસ્તા, એ દરેક દરેક રસ્તાઓને કોઈ રોકી દેનાર હોય તો એનું નામ છે અજ્ઞાન !

સિદ્ધર્ષિગણિ મહારાજ આપણને ઘણા પ્રેમથી કહે છે, કે તારા ખરા દુશ્મનને ઓળખ ! જેનાથી ભાગી છુટવાનું છે એની પાછળ તું પડ્યો છે. એને - એટલા ભય, એની પાછળ દોડે, મારું મારું થાય, આનાથી મને સુખ મળશે એવું લાગે. દરેક દરેક પરીબળ એ - અજ્ઞાનનો જ એક પ્રકાર છે. જે જ તારી સમૃદ્ધિને રોકી લે છે. ભોગવૈધ તને ભિખારી બનાવી રહ્યા છે, ને તું એની પાછળ દોડે છે.

અજ્ઞાને આખા વિશ્વની અંદર એક માયાજાળ પાથરી છે જેટલા સાચા રસ્તા હતા એ બધા સાચા રસ્તા બંધ કરી દીધા. ખોટા રસ્તે સાચા રસ્તાનું BOARD લગાડી દીધું અને એ રસ્તાને એવો મોહક અને આકર્ષક બનાવી દીધો, કે આગળ જતા અંગારા આવે છે એની ઉપર ચાલવું પડશે, પછડાવું પડશે, પટકાવું પડશે, સુવુ પડશે અંગારામાં, જીવતા શેકાવું પડશે, એવા રસ્તે આગળના ભાગે એણે ફુલો બીછાવી દીધા છે એવો માહોલ ખડો કર્યો ને આત્માને ભરમાવ્યો ચાલ આં જ સાચો રસ્તો છે, ચાલ.. ચાલ આ જ સાચો રસ્તો છે, આત્મા બિચારો એમાં ભોળવાઈને ચાલે જાય છે, અને ડગલે ને પગલે BOARD આવે કે ભાઈ સાચો રસ્તો તો આ જ છે ક્યાંય ભોળવાઈ નહી જતા, આત્માની આજુબાજુ એવો ગણગણાટ સર્જ્યો, કે સાવધાની હોં ભાઈ, સાચો રસ્તો તો આ જ છે. આત્માને પણ થાય હા.. હા સાચો રસ્તો તો આ જ છે.

આત્મા થરાક આગળ વધે સામેથી કોઈક મળે
અને કહે કે ભાઈ સાચવજો હું જોતા રસ્તાની
માયાજાળ માં ફસાતા નહી, સાચો રસ્તો તો આ જ
છે. આત્માનો વિશ્વાસ ડ્રેઠ થતો ભય... ડ્રેઠ-
થતો ભય, અને હજુ આગળ વધતા પાછળથી એ
કોઈ જણે હાથ મુકી, ને કહે કે ભાઈ સાચો રસ્તો
તો આ જ છે, વૈજાગનેમ ક્યાંય હોરવાઈ જતા નહિ,
આ જ રસ્તે ચાલતા રહેજો, અને આત્મા બિચારો
સમજુ ભય, બરોબર આ જ સાચો રસ્તો, ખોટાને
સાચું માની લે, સાચા ને ખોટું માની લે, અને
આખી જિંદગી બિચારો આત્મા ચાલતો રહે ચાલતો
રહે ને, છેલ્લે પરીણામ એ જ આવે, જે આવી શકે.

એક બ્રાહ્મણ હતો, એક બકરો લઈને
બિચારો જઈ રહ્યો હતો બીજા ગામે જવું છે,
જણે બકરો લીધો છે, બ્રાહ્મણ ચાલી રહ્યો છે
ચાર ચોર હતા ને ચોર જ નહિ માત્ર, ધુર્ત પણ હતા
ને રસ્તામાં એને જોયો ને નક્કી કર્યું કે આ
બકરો આપણે પડાવી લેવો છે ને કઈ રીતે પડાવવો
મારામારી... મારામારી જેવું કાંઈ કરવું નથી, વળી
આગળ ફરીયાદ કરે ને તકલીફ થાય. ચારે ધુર્તોએ
PLAN બનાવ્યો. બ્રાહ્મણ આગળ ચાલ્યો ને પહેલો
ધુર્ત મળ્યો ને, બ્રાહ્મણ ને જોઈને સીધું બોલ્યો
આ શું છે બ્રાહ્મણ અને કુતરું! બ્રાહ્મણ બિચારો
ચમક્યો કે આ શું બોલે છે, પેલો તો પાસ થઈ
ગયો પણ મનમાં શંકા-કુશંકા થવા લાગી બકરાની
સામે જુએ છે, છે તો બકરું જ! ગડમથલ કરતો
બ્રાહ્મણ આગળ ચાલે છે, અને બીજો ધુર્ત સામે
મળ્યો અને ગાલ ઉપર આમ આમ હાથ કર્યો
ને બોલ્યો કે હાય હાય કેવો જમાનો આવ્યો છે,
બ્રાહ્મણો કુતરા રાખે. બ્રાહ્મણ બિચારો આગળનો

વધ્યો પણ થાક આજી બદલાઈ ગઈ છે. ગડમથલ.. ગડમથલ.. ગડમથલ.. એટલી ગડમથલ થાય, ઘડી ઘડી બકરાની સામે જુએ, આ લાગે છે તો બકરું પણ કંઈક મારી ભૂલ થતી લાગે છે ને ગડમથલ વધી.. વધી.. વધી ને એટલી વધી, ત્યાં તો સામેથી ત્રીજો ધુર્ત મળ્યો, શ્રેષ્ટ.. શ્રેષ્ટ.. શ્રેષ્ટ બધું જ શ્રેષ્ટ, બ્રાહ્મણો કુતરા રાખે, બધું જ શ્રેષ્ટ, ધુર્ત તો આગળ નીકળી ગયા ને, બ્રાહ્મણે સીધો બકરાને ખભ્ભા નીચે ઉતાર્યો ને એના કાન પકડ્યા ને એના મોઢાને ધારી ધારીને જોવા લાગ્યો ને એના મોઢામાં કુતરાનું મોઢું જોવાનો પ્રયાસ કરવા લાગ્યો, ને એને ભ્રમ થવા લાગ્યો કે આ દેખાય છે તો બકરું પણ આ કુતરું જ હોઈ શકે ત્યાં તો ચોથો ધુર્ત આવ્યો, ને કહે બ્રાહ્મણ ને કુતરું, હમણાં જ આજી નાતમાં કરી દઉં છું, નાત બહાર કરી દેશે તને. ને બ્રાહ્મણ એ બકરાને છોડી ને સીધો ત્યાંથી ભાગ્યો ને ધુર્તોનું કામ થઈ ગયું ! કુતરા કોણ રાખે (!) કુતરા છે ને એ ચંડાળ રાખે. હવે તમારી વાત કરવા જેવી નથી, થોડી આડીવાત થઈ જશે. પણ ઉચ્ચવર્ણ વાળા, સારી જાતિના લોકો આ દેશના રીવાજ પ્રમાણે સંસ્કાર પ્રમાણે, કદી પણ કુતરા રાખે નહિ ચંડાળો કુતરા રાખે. તમે ગ્રંથોને ચાણક્ય નિતિ વગેરે ગ્રંથોની અંદર ચંડાળ અને કુતરાની વાત આવશે.

ધુર્ત ના ચાર પ્રકાર હતા, અજ્ઞાનના અસંખ્ય પ્રકાર હોય છે. ધુર્તોએ ફરાવી.. ફરાવી.. ફરાવી.. ફરાવી ને મનમાં એક જ વાત ઘુસાડવાનો પ્રયાસ કર્યો, તો જે ઉપાડ્યું છે, જે રાખ્યું છે એ પ્રાણી બકરો નહીં પણ કુતરો છે, વાત સાવ ખોટી હતી, પણ વારંવાર.. વારંવાર.. વારંવાર.. એની એ વાત એ બ્રાહ્મણ ને કહેવામાં આવી, એના કારણે બ્રાહ્મણ ને એમ થઈ ગયું કે ખરેખર મારી ભ્રાન્તિ જ છે,

નજર સામે દેખાય છે એ બકરું છે, પણ બ્રાહ્મણે
માની લીધું કે આ કુતરું છે

"અજ્ઞાન એ મહાધુર્ત છે,

"અજ્ઞાન એ મહાચોર છે.

આત્માની બધી જ સમૃદ્ધિ એને લુંટવી છે, અને લુંટવા માટે અજ્ઞાન એના અસંખ્ય પ્રકારો દ્વારા, ફરાવી-ફેરાવીને આત્માને છેવટે એ જ વાત - ઠસાવવા પ્રયત્ન કરે છે, કે ધર્મના ભગવાને કહેલા, આત્મ કલ્યાણના બધા જ રસ્તા ખોટા છે. અને આ રસ્તા જે હું બતાડી રહ્યો છું, એ આકર્ષક લાગે છે, મોહક લાગે છે એ જ રસ્તા - સાચા છે. અજ્ઞાને આ ભળ બિછાવવા, વાત - સમજાવવા અસંખ્ય પ્રકારોથી, કમર કસી છે.

[V.V.IMP]

T.V. પણ એક અજ્ઞાનનો પ્રકાર છે.
મોબાઈલ પણ એક અજ્ઞાનનો પ્રકાર છે.
SOCIAL MEDIA પણ એક અજ્ઞાનનો પ્રકાર છે.
SCHOOL પણ એક અજ્ઞાનનો પ્રકાર છે.
COLLEGE પણ એક અજ્ઞાનનો પ્રકાર છે.
છાપા પણ એક અજ્ઞાનનો પ્રકાર છે.
લૌકિક MAGAZINES પણ એક અજ્ઞાનનો પ્રકાર છે.
સગાવહાલા એ પણ એક અજ્ઞાનનો પ્રકાર છે.
આડોશી-પાડોશી એ પણ એક અજ્ઞાનનો પ્રકાર છે.
માણસ બહાર જઈને જે BILLBOARD જુએ, અહિંતહિં મોટે, HOARDINGS જુએ એ પણ અજ્ઞાનનો પ્રકાર છે.

સભ્યોનો પ્રશ્ન :- અમે તો અત્યાર સુધી એમ સમજતા હતા કે સ્કુલનું જ્ઞાન તો ભણાવાય, આપ કહો છો એનો અજ્ઞાન છે, તે સાચું

બુધવાર

DATE 16 12 2020

શીખ કયું ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- જ્ઞાન કોને કહેવાય આ પ્રશ્ન છે ને આ પ્રશ્નનો શાસ્ત્રમાં જવાબ આપ્યો છે.

સા વિદ્યા યા વિમુક્તયે ।

જે જ્ઞાન તમારા આત્માને જન્મ-મરણની જંજાળમાંથી છોડાવી દે, જે તમારા આત્માનો મોક્ષ કરાવી દે, જે તમારા આત્માને દોષોથી મુક્ત કરે, જે તમારા આત્માને રાગ-દ્વેષથી મુક્ત કરે, જે તમારા આત્માને કર્મોથી મુક્ત કરે, એનું નામ જ્ઞાન કહેવાય. એ સિવાયનું બધું જ અજ્ઞાન કહેવાય. તમે આને જ્ઞાન માનો છો ને, ઘણા ને એવું પણ હોય કે ભાઈ જ્ઞાન જાતુ એટલે, સ્કુલ કોલેજ ને એ બધું, આપણી EDUCATION માં આપયું, આપણે જ્ઞાનમાં આપયું, - KNOWLEDGE IS WEALTH, હું તમને કહું છું આ બધું ઘોર અજ્ઞાન છે.

સભાનો પ્રશ્ન :- એ આ બધું ખોટું છે, છતાંય ગમે છે ને સાચું લાગે છે એનું કારણ શું ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- એ એટલે આમાં છે ને, બીજું કશું નથી, બકરી લઈને આપણે નીકળ્યા હતા, ધુતો મળતા ગયા... મળતા ગયા... મળતા ગયા... અને જે આપણી આજુબાજુ બેઠેલે છે એ લોકો ને પણ એ જ ધુતો મળ્યા છે ને, બધા કહે છે કુતરુ છે, કુતરુ છે, તો આપણે ય કહીએ છીએ કુતરુ છે. બકરી કહેરૂપી છે ને કુતરી રૂપાળી છે, બકરી નકામી છે ને કુતરી કામની છે, એવું પણ નથી. એક સામુહિક HYPNOTISM (સંમોહન) અજ્ઞાન એ કર્યું છે. ને તમે બધા HYPNOTISE (સંમોહિત) થઈ ગયા છો અને સંમોહિત થવાથી એ તમને જે શીખવાડે, એ તમે કરતા થવ છો. એ કરવા જેવું છે

કે નથી કરવા જેવું, હિતનું છે કે અહિતનું છે,
સારુ છે ખરાબ છે, તમને ફાયદો છે કે નુકશાન
છે, એ જોવાની તમારી પાસે ક્ષમતા જ નથી રહી
કારણકે તમે ઉપલો માળ ભાડે આપી દીધો છે.
તમારી પાસે તમારું મગજ હોય, તમારી પાસે સમજણ-
શક્તિ હોય, તમારી પાસે તમારી વિવેક શક્તિ હોય
કે, કે ભાઈ ખરેખર હકીકતમાં શું કરવા જેવું છે
ને શું નથી કરવા જેવું, શું કામનું છે ને શું નથી
કામનું તો એમાં તમે બધું સમજુ શકો છો,
અને સમજુ શકો છો. તમે કહો કે સાહેબ તમારી
વાત સાચી પણ હવે બધું એવું જ છે, સાહેબ અમે
સમજુએ છીએ છતાં પણ કરવુ પડે છે, હું તમને
કહું છું, હજુ તમે ક્યાં અંદરથી સમજ્યા છો ?

SCHOOL વાળા સ્કુલ એક મહિના માટે
બંધ કરી દે, તો તમે સામે પડો, તમે વિરોધ કરો,
અમે FEES ભરી છે, તમે ચળવળ ઉપાડો કે
તમારે ONLINE તો ભણાવવું જ પડશે, હું તમને
કહું કે પાઠશાળાઓ બંધ હોય, કઈ વ્યક્તિ એ
વિરોધ કર્યો ? પાઠશાળા વગર બિલકુલ ચાલશે નહિ,
અમારો છોકરો ૪-૬ કલાક સ્કુલનું ભણે ના ભણે,
એ હજુ કદાચ ચાલશે, પણ એ પાઠશાળા ના ગયો
હોય, સંસ્કાર ન પામ્યો હોય, સમ્યક્જ્ઞાન એનો ન
પામ્યો હોય, આવું હરગીઝ ના ચાલે, LOCKDOWN
હોય, કોરોના હોય, વાયરસ હોય, ગમે તે હોય, જે
કરવું હોય એ કરો અમને પાઠશાળા ચાલુ જોઈએ,
પાઠશાળા બંધ હોય એ ચાલે જ નહિ. પાઠશાળા
કમિટિ ના સભ્યના ઘરે જઈને એને કહો જે કરવું
હોય તે કરો, કાંઈ અટકતું હોય તો હું ઉભો
છું, પાઠશાળા કોઈ પણ રીતે ચાલુ થવી જોઈએ,
ભલે તમે GATHERING વગર ચાલુ કરો, તમે

બીજા રસ્તા કાઢો, નવા નવા રસ્તા કાઢો, જે કરવું હોય તે કરો, પાઠશાળા ચાલુ થવી જોઈએ, હું તમને પૂછુ છુ કે આવી એક વ્યક્તિ ખરી ? ખરી સમસ્યા એ નથી કે રૂમ બંધ હોય છે, ખરી સમસ્યા એ છે કે આપણું હૃદય બંધ હોય છે. દહેરાસર બંધ હોય એ ખરી સમસ્યા નથી, આપણા સમજણના દરવાજા બંધ હોય તે, એ આપણી ખરી સમસ્યા છે. પાઠશાળા ખુલની છે કે નહિ એ ખરો પ્રશ્ન છે જ નહિ, આપણા હૃદયની અંદર શાસન ખુલતું છે કે નહિ, જ્ઞાન ખુલતું છે કે નહિ, એ જ આપણી ખરી સમસ્યા છે.

હું તમને કહું છું કે આખા સંઘની અંદર એક છાતી આપણી પાસે ના હોય તો આપણને બીજું કશું જ જોઈતું નથી, બસ એક છાતી જોઈએ છે, જે કૂદી પડે. એક હૃદય જોઈએ છે, જે રડી પડે. કૂદી પડવા માટેની છાતી એ આપણી પાસે નથી, ને રડી પડવા માટેનું હૃદય પણ આપણી પાસે નથી. જે કૂદીએ નથી પડતો ને રડીએ નથી પડતો, એનું પડવાનું જ બાકી રહે છે! શાસન માટે, સંઘ માટે, લોકો માટે આ બધું કરવાનું હું તમને કહું છું, તમારી સમજણ હજુ એ અધુરી છે, તમે આ નથી કર્યું તો તમારા આત્માનું સત્યાનાશ-બોલાવાનું, માટે આ કરવાનું છે, એ પહેલા નંબરની-વસ્તુ છે.

* શાસન બચાવવું એટલે મન બચાવવી!
* સંઘ બચાવવો એટલે મન બચાવવી!
* ધર્મ બચાવવો એટલે મન બચાવવી!

શાસ્ત્રકારો સ્પષ્ટ કહે છે,

धर्म एव हतो हन्ति, धर्मो रक्षति रक्षितः।

અવજ્ઞા કરાયેલો ધર્મ, હણાયેલો ધર્મ જ હણી નાખે છે. અને રક્ષાયેલો ધર્મ જ તમારી રક્ષા કરે છે. LOCK DOWN પછી બધું ખુલવાનું ચાલુ થયું, હું તમને પૂછુ

જિનાલયનો નંબર પહેલો હોવો જોઈએ કે છેલ્લો હોવો
જોઈએ, હું તમને પુછુ છું ? જરૂરી વસ્તુ હોય
એનો ક્રમાંક પહેલો આવે, જરૂરી વસ્તુમાં સ્કૂલ આવે,
બજાર આવે, ઓફિસ આવે, દુકાન આવે પરંતુ
PRIORITY કોની ? હું તમને કહું કે બધુ જ ચાલુ
થઈ જાય, જિનાલયનો નંબર છેલ્લો પણ ના હોય
એનો અર્થ એટલો જ છે કે આપણે કશું સમજ્યા
જ નથી !

શા માટે તમે આટલા બધા શુસ્ક, શા
માટે આટલા બધા ઢીલા ? શા માટે આટલા બધા
પ્રમાદમાં ? આટલું બધું સાંભળી, સમજુ આટલું
બધું પામીને આટલી બધી આરાધના ને તપસ્યા
કરીને, વર્ષોથી શાસનની અગ્રીમ હરોળના સભ્યો
કહેવાતા તમે, તમે આટલા બધા ઢીલા ? ઉકળી
ના જાય લોહી, આગ લાગવા લાગી જાય ? હૃદય
ચિરાઈ ના જાય, નહિ જ ચાલે, આવુ નહીં કઈ રીતે
ચાલે, હજુ પાઠશાળાઓ ચાલુ નથી થઈ કઈ રીતે
ચાલે ? હું કહું આટલો તમારો ઉકળાટ, ભલે
તમારું કાંઈ ચાલે કે ના ચાલે, કરવું ના કરવું,
કોઈ વાદ વિવાદ કરવાની વાત નથી કરતો, તમે કદાચ
ન જ કરી શકો, પણ તમારો એક દિવસ ના હોય
જ્યારે તમારી રાતની ઊંઘ હરામ ના થઈ હોય, આંખ
માંથી દડદડ આંસુ ના સરી પડ્યા હોય, હું તમને
કહું કોઈને દોષ દેવો, ટ્રસ્ટી આમ છે ને, પેલા
આમ છે ને, કોઈના ઉપર માછલા ધોવાની જરૂર
નથી. હું તમને પુછુ છુ, તમારી જાતને પુછો,
શાસનની સંવેદના તમારા હૃદયમાં કેટલી છે ?
આપણે કરવું એ નથી, કરવાની ઈચ્છા એ નથી,
ન થાય તો વાંધો એ નથી, અને કશું ન થાય
એનો કોઈ અફસોસ એ નથી, હું તમને કહું છું,

બુધવાર

DATE 16 12 2020

## આપણે સાચા જૈન ખરા ?

આપણે કોને છેતરી રહ્યા છીએ, દેવને છેતરી રહ્યા છીએ, ગુરૂને છેતરી રહ્યા છીએ, કે શાસનને છેતરી રહ્યા છીએ, સંઘને છેતરી રહ્યા છીએ, કે આપણા આત્માને છેતરી રહ્યા છીએ ? ધર્મનું પહેલું પગથિયું સંવેદના છે ને એ સંવેદના ના ક્ષેત્રે આપણે ભિખારી છીએ ને આપણે બિલકુલ માનવાની જરૂર નથી કે આપણે ધર્મી છીએ, શ્રાવક છીએ, આરાધક છીએ, તપસ્વી છીએ, હૃદયમાં ભીનાશ નથી, કુણાશ નથી, શાસનનો પ્રેમ નથી, શાસનમાટે ની દાઝ નથી, શાસનનો અવિહડ રાગ નથી, સમજી લો કે ધર્મનું પહેલું પગથિયું પણ આપણે ચડ્યા નથી.

अज्ञानेनैव ताः सर्वा हताः सन्मार्गरोधिना।

એક કસાઈ હોય છે જે આડેધડ જીવોને કાપે છે, માછી-માર હોય જે માછલા ઓને પકડે, POULTARY FARM ચલાવતો માણસ હોય, એ વૈજ્ઞાનિક કે ડૉક્ટર હોય જે પ્રયોગશાળાની અંદર પશુઓ પર ક્રૂર પ્રયોગ કરતો હોય, હું તમને કહું કે એક અપેક્ષા એ એના કરતા વધારે દયાપાત્ર આપણે છીએ, એ કશું સમજ્યો નથી ને એને સંવેદના નથી, આપણે આટલું સમજ્યા ને આપણને સંવેદના નથી, એક જીવ કપાતો હોય એ આપણા માટે દયનીય દ્રશ્ય લાગે, હું તમને કહું, સીધો સવાલ એક પુછુ તમને ! કતલખાનું ચાલુ હોય એ મોટી હોનારત, કે દહેરાસરને - પાઠશાળા બંધ હોય એ મોટી હોનારત ? હું તમને પુછુ છું ? મારો સવાલ સમજ્ય છે ? COMPARATIVE કહું છું, બંને ખરાબ છે, કતલખાનું ખુલ્લુ એ નથી રાખવું, દહેરાસર બંધ એ નથી રાખવું, એ માંથી મોટી હોનારત કઈ છે ? એક બકરો બિચારો કપાઈ ગયો, ગળુ એનું કપાઈ ગયું, લોહીની ફુવારો ઉડ્યો, તરફડીને એ મરી ગયો,

આ મોટી હોનારત છે કે તમારી છોકરી ચોપીસ - કલાક ની અંદર એક કલાક એ સમ્યગ્જ્ઞાન ભણવા નથી ગયો, આ મોટી હોનારત છે હું તમને પુછુ છું ! હજુ આપણે કશુ સમજ્યા જ નથી !

હોનારત - હોનારત લાગતી નથી, આપણે સળગી જતા નથી, આપણે શી પડતા નથી, આપણને કોઈ વાંધો આવતો નથી, આપણે બધા મરી મરીને આપણી ધુનમાં ધુવે રાખીએ છીએ. એ જ આપણી સૌથી મોટી કમનસીબી છે.

अज्ञानेनैव ताः सर्वा हता: सन्मार्गरोधिना ।

સન્માર્ગ ને રોકી દેનાર, સન્માર્ગને રૂંધી દેનાર, આત્મા ને અવળે રસ્તે ચડાવી દેનાર, આત્માને હેરાન પરેશાન કરી દેનાર, આત્માને અનંત-ભવ ભ્રમણના માર્ગે ધક્કો મારી દેનાર કોઈ હોય તો એ અજ્ઞાન સિવાય બીજું કોઈ જ નથી. ષોડશક પ્રકરણમાં હરીભદ્ર સૂરી મહારાજ કહે છે, કે ત્રણ પ્રકારના વિઘ્ન હોય છે.

मार्ग इह कण्टकज्वर - मोहजयसम: प्रवृत्तिफल: ।

રસ્તાની અંદર પહેલું વિઘ્ન આવે કાંટો વાગી ગયો જઘન્ય વિઘ્ન, પહેલા નંબર નું વિઘ્ન માણસ એક પગે ઉભો રહેશે, બીજા હાથેથી એ પગને ઉંચો કરશે, કાંટો કાઢીને આગળ ચાલવા માંડશે. જઘન્ય વિઘ્ન કાંટો વાગવો !

મધ્યમ વિઘ્ન, માણસ જઈ રહ્યો હતો, તાવ આવી ગયો, વચ્ચે પ્યાઉ, વિશ્રામશાળા, ધર્મશાળા જેવું હતું, ત્રણ ચાર દિવસ એણે આરામ કર્યો, પછી આગળ વધ્યો. તાવ આવી ગયો મધ્યમ વિઘ્ન !

અને આગળ વધીને ઉત્કૃષ્ટ વિઘ્ન,

બુધવાર

DATE 16 12 2020

એ કયું વિઘ્ન છે ? ને હરીભદ્રસૂરી મહારાજ કહે છે.

મોહજયસમ:

એ દિશા જ ભુલી ગયો, એ ફંટાઈ ગયો, એ બીજા રસ્તે ચડી ગયો, આ એનું ઉત્કૃષ્ટ વિઘ્ન ! કાંટો- કાંટા તરીકે સમજાય છે, વિઘ્ન તરીકે સમજાય છે તાવ આવી ગયો વિઘ્ન તરીકે સમજાય છે, રસ્તો તો ખ્યાલ છે ને આ રસ્તે જ આગળ વધવાનું છે, આની સ્પષ્ટ-સમજ સાથે, ઉપાઉની આગળ પાછળ વિશ્રામ લઈને આગળ વધે છે પણ જ્યારે દિશા ભુલી ગયો, રસ્તો ભુલી ગયો, અવળે રસ્તે ફંટાઈ ગયો. એ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વિઘ્ન છે ને માણસને એ ય ખબર નથી પડતી, કે આ વિઘ્ન આવ્યું, હું ફંટાઈ ગયો છું, ને મારે જ્યાં જવું હતું એની બદલે હું બીજે કયાંય જઈ રહ્યો છું !

સિધ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે.

અજ્ઞાનં નરકો ઘોર - સ્તમોરૂપતયા મતમ્ ।

અજ્ઞાન એ ઘોર નરક છે, કારણકે નરકની અંદર-અંધારું હોય છે ને અજ્ઞાનમાં પણ અંધારું હોય છે. નરક પણ અંધકારમય, અજ્ઞાન પણ અંધકાર મય, નરક એ પાપ નો એક પરિપાક હોય છે. તમો નો અર્થ જે થાય એક અંધકાર થાય ને બીજું પાપ થાય. અજ્ઞાન પણ નરક છે કારણકે એ પાપમય હોય છે, પાપના પરિપાક મય હોય છે, અને નરકની અંદર અંધારુ હોય છે, અજ્ઞાની અંદર પણ અંધારુ હોય છે, માટે અજ્ઞાન એ ઘોર નરક છે.

અજ્ઞાનં નરકો ઘોર:

જ્યાં હેરાન પરેશાન થઈ જવાય એને મ નરક કહેવાય, તો અજ્ઞાનમાં એ જ તો થાય છે જ્યાં પળે પળે મૃત્યુ કરતા પણ વધારે પીડા છે એને મ નરક કહેવાય તો, અજ્ઞાનમાં બીજું શું હોય છે !

★ નરક ની અંદર શરીર કપાય છે,
★ અજ્ઞાનની અંદર આત્મા કપાય છે!

નરક ની અંદર સમ્યક્દર્શન હોય શકે છે. અજ્ઞાનમાં સમ્યક્દર્શન હોઈ નથી શકતું. નરક-માંથી જીવ મરીને એટલે, સીધે-સીધો DIRECTLY નરક ની અંદર, VERY NEXT ભવ એનો થાય જ નહી. એક વ્યવસ્થા છે શાશ્વતી, નરક માંથી-મરીને નરકમાં ઉત્પન્ન ના થાય. દેવ તરીકે મરીને દેવ તરીકે ઉત્પન્ન ના થાય.

આ અજ્ઞાન છે જે સાનુબંધ નરક છે. અજ્ઞાની અહીંયા પણ નરકમાં હોય છે ને મરી ને પણ નરકમાં જાય છે. નરકની અંદર - સહનશીલતા હજુ હોય શકે છે. અજ્ઞાનની અંદર કોઈ સહનશીલતા હોતી નથી, નરકની અંદર અસીપત્ર વન હોય છે. અજ્ઞાન પણ એક પ્રકારનું અસીપત્ર વન છે જેમાં કષાયના પાંદડાઓ આત્માની પરિણતિના અંતર કાઢી નાખે છે. નરકની અંદર કૂટ શાલ્મલી-વૃક્ષ હોય છે, એવા તીક્ષ્ણ કાંટા, ઝેર પાયેલા-કાંટા, ચડાવે પરમાધામી એના ઉપર ને બીચારો જીવ જે કાંટાઓથી વિંધાય જાય. અજ્ઞાન પણ એક કૂટ-શાલ્મલી વૃક્ષ છે જેના ઉપર ચડેલો જીવ, જે પાપના કાંટાઓથી વિંધાય જાય છે. અજ્ઞાન પણ એક પ્રકારનું નરક હોય છે. નરકની અંદર વૈતરણી નદી હોય છે જે નદીનું જે ભયાનક પાણી ને જીવને જે ત્રાસ થાય. અજ્ઞાન પણ એક પ્રકારની વૈતરણી નદી છે, જેની અંદર તૃષ્ણાનું પાણી વહી રહ્યું છે જેમ-જેમ જીવ એને પીવે ને ત્રાહિમામ પોકારી જાય, બીચારો જીવ! નરકની અંદર મહા વીંછી વાગુરા હોય છે. અને એની અંદર ફસાયેલો જીવ જે કલ્પના

પામે. અજ્ઞાન પણ એક પ્રકારની મોહ મહા વીંછી વાઘુરા છે, જેની અંદર ઉછળતા મોહ ના મોજાઓ, જીવને ઉછાળી-ઉછાળી ને પટકે છે. નરકની અંદર તાતત્રપુ પાણી હોય છે. ઉકળતા સીસાનો રસ, પરાણે એ જીવને પીવડાવવામાં આવે, ને અજ્ઞાનની અંદર પણ, એ જીવને જે કષાયોનો રસ પીવડાવવામાં આવે, એ કષાયોના રસથી આત્માના ગુણો નું જે ગળુ હોય, એ ગલાસ થઈ જાય. નરકની અંદર પરમાધામી હોય જે વિવિધ યાતનાઓ આપે, અજ્ઞાન ખુદ પરમાધામી છે, જે જીવ ને ત્રાસ ગુજારવામાં, જીવને હેરાન કરવામાં, કશું જ બાકી રાખતો નથી. નરકની અંદર કુંભીપાક હોય છે, જેની અંદર જીવને જીવતો ભુંજી નાખવામાં આવે, અજ્ઞાન પણ એક પ્રકારનો કુંભીપાક છે જેની અંદર, આત્મ કલ્યાણ ના બીજે જે છે એ બધા બળી જાય છે. જે-જે.. જે-જે નરકની યાતનાઓ છે, શાંત ચિત્તે વિચાર કરવાનો પ્રયાસ કરીએ. સિધ્ધર્ષિ ગણિ મહારાજ ના જે શબ્દો છે.

અજ્ઞાનં નરકો ઘોર:।

આપણને સાક્ષાત્કાર થયા વગર રહે નહિ, નરકની અંદર મોટું એવું યંત્ર હોય, જેમ શેરડી માંથી રસ કાઢવાનું યંત્ર આવેલા હોય, બહુ મોટું-મોટું યંત્ર, નાખી દે અંદર નારક ને ને પીલી નાખે એ બિચારાને, અજ્ઞાન પણ એક પ્રકારનું યંત્ર છે, જેની અંદર જીવને ધકેલી દેવામાં આવે, અને એનું આત્મ વીર્ય એની અંદર નીચોવાઈ જાય, જીવ માયકાંગલો થઈ જાય, જીવ કાયર થઈ જાય, મોક્ષમાર્ગે એક પગલું પણ ના ભરી શકે, અજ્ઞાન એ જ સાચે નરક છે, કારણકે નરકનો સુત્રધાર, નરકનું અસ્તિત્વ, ને નરકની યાત્રા એ બધું અજ્ઞાન થી જ થાય છે. જેનાથી જીવ નો કચ્ચરઘાણ નીકળી જાય, એ જો નરક છે તો-અજ્ઞાન નરક શા માટે નહિ ?, જેનાથી જીવ જીવતો છુંદાઈ જાય, પીલાય જાય, ટીપાઈ જાય, પીસાઈ જાય, જેની ચટણી

થઈ ભય, એને એ નરક કહેવાય તો અજ્ઞાન તો આજ કામ કરે છે. જે જે કામ નરકથી થાય છે, એ બધું જ કામ અજ્ઞાનથી પણ થાય છે, કારણકે ખુદ નરક પણ અજ્ઞાનથી થાય છે.

अज्ञानं नरको घोर - स्तमोरूपतया मतम्।

સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે, નરક તો માત્ર નરક છે, અજ્ઞાન એ ઘોર નરક છે, ભયંકર નરક છે, ખતરનાક નરક છે, તમે એ નરકથી ડરતા હો તો તમે અજ્ઞાનથી ડરો, તમે એ અજ્ઞાનના પનારે પડ્યા તો તમે સો ટકા નરકમાં જવાના. નરકથી બચવું છે તો અજ્ઞાનથી બચીને રહો", નરકના દરવાજા બંધ કરી દેવા, LOCK કરી દેવા માટે, આની સીવાય બીજો કોઈ જ રસ્તો નથી! નરક તો નરકમાં જ નરક બતાડે છે. અજ્ઞાન અહીં પણ નરક બતાડે છે.

"આખી દુનિયાના જેટલા કતલખાના છે એનું ખરું કોઈ POWER-HOUSE હોય તો એ અજ્ઞાન છે."

"આખી દુનિયાની જેટલી મચ્છીમારી થાય છે, એની ખરી મળ હોય તો અજ્ઞાન છે."

"આખી દુનિયાના જેટલા POULTARY FARMS છે, એનું ખરું પાંજરું કોઈ હોય તો એ અજ્ઞાન છે."

"આખી દુનિયાની અંદર ક્રુર SCIENTISTS ઓ પ્રયોગશાળાની અંદર ક્રુર પ્રયોગ કરે, એ પશુ પ્રયોગો ના જે સાધનો છે, એ સાધનોનું સાધન કોઈ હોય, તો એ અજ્ઞાન છે."

બુધવાર

DATE 16 12 2020

"આખી દુનિયાની જેટલી હત્યાઓ થાય છે, એનું જડું હથિયાર અજ્ઞાન છે."

"આખી દુનિયાની અંદર જેટલી હિંસા થાય છે, એ હિંસાની સમગ્રનું જડું કારણ કોઈ હોય તો એ અજ્ઞાન છે."

"આખી દુનિયાના વિવિધ પ્રયોગોમાં જડું જે કંઈ હોય છે, એનું નામ અજ્ઞાન છે."

"આખી દુનિયાના ACCIDENTS એની અંદર જે જડી દુર્ઘટના હોય છે, એ અજ્ઞાન હોય છે."

"આખી દુનિયાની ઘર-કંકાસ, એનું કોઈ ચાલકબળ કોઈ હોય તો એ અજ્ઞાન હોય છે."

"આખી દુનિયાની અંદર જેટલા રોગો છે, એનો જડો વાયરસ/INFECTION કોઈ હોય તો એનું નામ અજ્ઞાન છે."

अज्ञानं नरको घोर - स्तमोरूपतया मतः।

અજ્ઞાન માત્ર મનુષ્યલોકમાં જ નહિ, અજ્ઞાન દેવલોકમાં પણ નરક ઊભી કરે છે. કાર્તિકી અનુપ્રેક્ષા નામનો ગ્રંથ કહે છે,

सारीरियदुक्खादो माणसदुक्खं हवेदि अदिपउरं।

બે પ્રકારના દુઃખ હોય છે, એક શારીરિક દુખ ને બીજું માનસિક દુઃખ, શારીરિક દુઃખ કરતા પણ માનસિક દુઃખ જે હોય છે ને, એનો ત્રાસ અનેક ગણો હોય છે.

माणसदुक्खजुदस्स हु विसया वि दुहावहा हुंति॥

જે માનસિક દુઃખથી ઘેરાયેલો હોય ને, એને તો વિષયો પણ ત્રાસ રૂપ થઈ જાય, અત્યાચાર રૂપ થઈ જાય. દેવલોકની અંદરના જે ગમે તેવા લાગતા હોય, ગમે તેવી અપ્સરાઓ

હોય, ગમે તેવા રત્નો હોય, ગમે તેટલી દિવ્ય-શક્તિઓ હોય કે માનસિક દુ:ખ, અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,
मदमोहविषादमत्सर - ज्वरबाधाविधुरा सुरा अपि ।
દેવલોકમાં પણ મદ છે, મોહ છે, વિષાદ છે, જ્વર છે, ઈર્ષ્યા છે, ત્રાસ છે, સંતાપ છે, યુદ્ધો છે,
विषमिश्रितपायसान्नवत्, सुखमेतेष्वपि नेति रम्यताम् ॥
દૂધપાક નો ગમે તેવો મોટો તપેલો હોય, અંદર બદામ નાખી, કેસર નાખ્યું, પીસ્તા નાખ્યા, કઢાયેલું આખું દુધ છે ને દૂધપાક બરાબર ઉકાળ્યો છે, એમાં માત્ર એક વાટકી ઝેર નાખી દીવામાં આવ્યું હવે દૂધપાક પીવા લાયક નથી રહે, એ દૂધપાક હવે તુષ્ટિ નહી આપે, પુષ્ટિ નહી આપે, પ્રસન્નતા નહી આપે, જીવ લઈ લેશે, માણસ ને ત્રાસ આપશે, માણસને કાળી યાતના આપશે માણસ ને રીબાવી- રીબાવી ને મારશે. દેવલોક નો અર્થ આ વિષ મિશ્રિત દૂધપાકથી વધુ બીજો કશો જ નથી.

**સભાનો પ્રશ્ન :-** જૈન તો સાહેબ અગાધ મોટો દરીયો છે, એમાં કાંઈ ગાથાઓ કરવાથી જ્ઞાન આવી જશે, એમાં જે વ્યવહાર કુશળતા, વિનય, વિવેક, ધર્મ, અધર્મ અને ધર્મ-ધર્મ આ ત્રણે વિવેકમાં કોણ ક્યાંથી ક્યાં પહોંચે, પહોંચવાની કઈ કથાઓ હોય બધી ?

**પૂજ્ય શ્રી નો ઉત્તર :-** સંત કબીરે બહુ મજાની વાત આ પ્રશ્નના સંદર્ભમાં કરી છે.
કામ ક્રોધ મદ લોભકી, જબ લગ ઘરમે ખાણ"
જ્યાં સુધી ભીતર કામ વાસના છે, જ્યાં સુધી મદ છે.

જ્યાં સુધી લોભ છે, વિનય, વિવેકની વાત કરી જ્યાં - અભિમાન છે ત્યાં વિનય/વિવેક ટકય જ નથી. અને જ્યાં સુધી આ બધા દોષો અંદર છે.

" તબ લગ પંડિત મુરખ હી, કબીર એક સમાન "

જ્યાં સુધી દોષો ગયા નથી, ત્યાં સુધી અભણ શું, ને પંડિત શું ? એ બંને સમાન જ છે.

- જ્ઞાન એને કહેવાય જે પરિણતિ લાવે.
- જ્ઞાન એને કહેવાય જે તમને સંવેદનાથી તરબતર બનાવે.
- જ્ઞાન એને કહેવાય, દેવ ગુરુને ભેગાની સાથે આંખમાંથી અશ્રુ વહેવા લાગે
- જ્ઞાન એને કહેવાય, પ્રવચનનો એક પદાર્થ હાથે એવો હાડોહાડ લાગી જાય, ઊભો થઈ જાય, સાહેબ આપે આ સમજાવ્યું, સાહેબ હવે આજથી આ બધું બંધ.
- જ્ઞાન એને કહેવાય જે તમારા રોમે રોમ ઊભા કરી દે.
- જ્ઞાન એને કહેવાય, ભાન મારી દે મોહરાજાને, અજ્ઞાન વિચારોને ઊભી પુંછડી એ ભાગી જવું પડે.
- જ્ઞાન એને કહેવાય, જ્યાં દેવ, ગુરુ અને સંઘ પ્રત્યે સંપૂર્ણ સમર્પણ ભાવ આવે.
- જ્ઞાન એને કહેવાય જે તમને પ્રત્યેક, પ્રત્યેક અસત્ પ્રવૃત્તિ થી પાછા વાળે.
- જ્ઞાન એને કહેવાય જે તમને શૂરવીર બનાવે.
- જ્ઞાન એને કહેવાય જે તમને પરાક્રમ કરાવે.
- જ્ઞાન એને કહેવાય કે જે તમને મોક્ષ માર્ગે જતા - કોઈના થી રોકાયા - રોકાય નહી, એવી દશાનું અર્પણ કરે.
- જ્ઞાન એને કહેવાય જેનાથી નિશ્ચિત કલ્યાણ થાય.

શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

તજ્જ્ઞાનમેવ ન ભવતિ યસ્મિન્ સતિ વિભાતિ રાગાદિગણઃ ।
જેની હાજરી હોવા છતાં તમે રાગથી પીડાતા હો, તમે દ્વેષથી

પીડાતા હો, તમે પરિવારની ઝંઝાળો લઈને બેઠા હો.
તમે કષાયોની અંદર રગદોળાતા હો, તમે અઢારે
પાપસ્થાનકોના કતલખાના ચલાવતા હો, તમે
તમારા આત્માનું ધનોત-પનોત કાઢતા હો.

तज्ज्ञानमेव न भवति।

એને જ્ઞાન જ ન કહેવાય, કે જે હોવા છતા તમારી
આ દશા થતી હોય,

तमसः कुतोऽस्ति शक्तिः? दिनकरकिरणाग्रतः स्थातुम्।

એ સુરજ ઉગી જ ગયો છે, ને સુરજ આકાશમાં આવી
જ ગયો છે, અને તમે કહો કે સુરજ ઉગી તો
ગયો છે, પણ અંધારું ઘણું છે. રાત જેવું છે, કશું
દેખાતું નથી, શાસ્ત્રકાર ભગવંતો કહે છે આવી
બેહુદી વાત કરવાનું બંધ કરો. યા કહો કે સુરજ
ઉગ્યો જ નથી, યા કહો કે અજવાળુ પથરાઈ
ગયું છે. સુરજ ઉગી ગયો છે ને હજુ અડધી રાત
જેવું અંધારું છે. આવી વાત અમને સમજાતી નથી.
જ્ઞાન એને કહેવાય જે તમારા જીવનમાં ઉગે, ને
અજ્ઞાનના ને, પાપોના ને, સંસારના ને, મોહમાયાના,
બધા જ અંધારા દૂર કરી દે.

દેવલોકની અંદર પણ અજ્ઞાન, નરકનો
આખો માહોલ ખડો કરે છે, પ્રત્યેક સમયે અસંખ્ય
દેવોના યુદ્ધો ચાલુ હોય છે. આ યુદ્ધો નો જડ
વિવાદ, એમનું અજ્ઞાન હોય છે. કોઈ બીજા દેવો
પોતાના રત્નો ચોરી જાય ને, અપ્સરા ઓ ચોરી
જાય ને, પેલો દેવ બિચારો બેબાકળો થઈ જાય,
આ બધી ચોરીના મુળમાં કોઈ હોય તો એ જ્ઞાનની
ચોરી હોય છે.

દેવને દેખાય કે બસ હવે મારું
મૃત્યુ નજીક છે ને આમ પાગલ કુતરાની જેમ
આમ થી આમ ભાગવડી બનીને બિચારો ભટકવા

બુધવાર
DATE 16 12 2020

લાગે. ધ્રુસકે ને ધ્રુસકે રડે ને માથા પછાડે, આ બધી જ મૃત્યુ ની પીડાનું મુળ એમના જ્ઞાનનું મૃત્યુ હોય છે.
નિગોદ ના અનંતાનંત જીવો જન્મ- મરણ ... જન્મ - મરણ ... જન્મ- મરણ એની જે યાતનાઓ ભોગવી રહ્યા છે, એ બધી જ યાતનાઓના હાર્દ તરીકે કંઈ હોય તો એ અજ્ઞાન સિવાય બીજું કશું જ નથી.

બૃહદ સંગ્રહણી ની અંદર સ્પષ્ટ કહ્યું છે,
जया मोहोदओ तिव्वो , अण्णाणं खु महब्भयं ।
તીવ્ર મોહોદય થાય, ~~[illegible]~~ મહાભયંકર એવું અજ્ઞાન ક્યારે જાગૃત થઈ જાય, પ્રગટ થઈ જાય,
पेलवं वेयणीयं तु , तया एगिंदियत्तणं ॥
ત્યારે જીવ બિચારો એકેન્દ્રિય ની જેલની જેલની અંદર પુરાઈ જાય.
સિદ્ધર્ષિ ગણિ મહારાજ ઉપમિતિ માં કહેવા માંગે છે કે, ક્યાં સુધી તમે મુર્ખા બનતા રહેશો, ક્યાં- સુધી તમે તમારી જાતને છેતરતા રહેશો. ક્યાં સુધી તમે અજ્ઞાન માં રગદોળાતા રહેશો,
अज्ञानं नरको घोरः।
નરકનો જીવ પળે પળે ઈચ્છે છે ક્યારે ~~[illegible]~~ નરક માંથી નીકળું, ક્યારે છુટું, તમે અજ્ઞાનની નરકમાં પુરાયેલા છો તમને ઈચ્છા સુધ્ધા નથી, કે હું ક્યારે છુટું?
એક માણસ હતો, પડોશી ઉપર બહુ દ્વેષ એને, બસ એને કાંઈક બતાડી દેવું છે, એનું ખરાબ કરવું છે, એને હેરાન કરવો છે, આવી ભાવના પણ કોઈ કરી ના શકે. એણે એક યુક્તિ કરી, પોતાના છોકરાને છ ને ઘણી બધી ગાળો શીખવાડી એને છોકરાને બરાબર TRAINNING આપી કે તારે શું કરવાનું, એના ઘર પાસેથી તુ આવતો જતો હોય ને ત્યારે, એમના ઘરમાં જોઈને બે-ચાર ગાળો એમને આપી

બુધવાર

DATE 16 12 2020

દેવાની. એના છોકરા સાથે તું રમતી હોય ને
રમતા રમતા ઝઘડી પડવાનું, પછી એને ગાળાગાળી
કરીને ગાળો સંભળાવી દેવાની. રસ્તામાં ક્યાંયપણ
તને એ પરિવાર ના સભ્યો મળી જાય, ત્યારે જોર
ગાળની ~~[illegible]~~ સંભળાવી જ દેવાની. છોકરાને -
બરાબર TRAINNING આપી, ને છોકરાએ એનો
અમલ કરવાનો ચાલુ કર્યો ને, એના જે પરીણામ
આવ્યા કે એ વારંવાર પડોશીનો માર ખાતો થઈ
ગયો, અને જીભ નંબરની અંદર, એ ઘરમાં પણ
ગાળાગાળી ને ઝઘડા-ઝઘડી કરતો થઈ ગયો

તમારી દલીલ એ છે કે સાહેબ તમારી
બધી વાત સાચી, સ્કુલ એ અજ્ઞાન છે,
કોલેજ એ અજ્ઞાન છે,
ટ્યુશન એ અજ્ઞાન છે,
ક્લાસ એ અજ્ઞાન છે
અમે એને આ સ્કુલ, કોલેજ વગેરે માં મોકલીએ -
છીએ ત્યાં અજ્ઞાન ને જ ભણાવવામાં આવે છે,
સાહેબ બધી વાત સાચી અમે ય સમજુએ છીએ,
અમારે ફક્ત DEGREE માટે આ બધું કરાવવું
પડે છે, બાકી અમે ય ઇચ્છતા નથી કે છોકરો -
અમારો એ રસ્તે જાય, અમે ઇચ્છીએ છીએ એ
સન્માર્ગે આવે, અમે ઇચ્છીએ છીએ એ જ્ઞાન
પામે, અમે ઇચ્છીએ છીએ એ સંસ્કારી બને,
મિથ્યાત્વ થી મુક્ત બને, સમ્યક્ત્વ થી વાસિત બને,
એ સારો જૈન બને, એ સુશ્રાવક બને, અમેય
ઇચ્છીએ છીએ પણ સાહેબ આ તો માત્ર ને માત્ર
DEGREE માટે થઈ ને, અમારે એને આ
NURSERY, SCHOOL, COLLEGE, UNIVERSITY,
આ બધા રસ્તે એને મોકલવો પડે છે, બાકી
અમે તો એને ઇચ્છતા જ નથી. હું તમને કહું

છું કે તમારી સ્થિતિ પણ એ છોકરાના પપ્પા જેવી જ છે. પડોશી ને સંભળાવવા માટે ગાળો શીખનાર એ બાળક, એ ગાળો ને પડોશી પુરતી સિમિત કેમ રાખી શકતો નથી. એ મે ગાળો શીખી ગયો ને ગાળો બોલવા લાગ્યો, તો પછી એ પડોશી સુધી જ એ ગાળો ને સિમિત રાખે, એ શક્ય નથી.

બરાબર એ જ રીતે, મિથ્યાત્વ ને શીખનાર તમારો બાળક, એ મિથ્યાત્વ ને DEGREE સુધી સિમિત રાખે એ પણ શક્ય નથી. એને ટેવ પડી ગઈ હવે એ ગમે ત્યાં ગાળો બોલશે, એની મમ્મી ને આપશે, પપ્પા ને, ભાઈને, બહેનને આપશે, એ મને મળી જશે તો કદાચ મને ય ગાળ આપી દેશે, એ જેવી રીતે સિમિત રાખવું એ શક્ય જ નથી. બરાબર એ જ રીતે, મિથ્યાત્વ ના રંગે એ બાળક રંગાયો, બાળપણથી એ મિથ્યાત્વ લેતો ગયો.. લેતો ગયો.. લેતો ગયો.. લેતો ગયો.. હવે તમે કહો કે ખરું તો આ છે, દહેરાસર સાચું, જિનશાસન સાચુ, દેવ-ગુરુ-ધર્મ સાચા, મોક્ષ માર્ગે જવાનું છે, દીકરો તમારી મશ્કરી ઉડાડશે, એ બિલકુલ તમારું માનશે નહિ, કારણકે એનું મિથ્યાત્વ એ DEGREE સુધી રાખવું એ શક્ય જ નથી..

તમારા દીકરા માટે ફરીયાદ કરવાનો તમને કોઈ જ અધિકાર નથી, એને કંઈ ખબર પડતી નથી. એને ઈચ્છા ન હતી ત્યારે ધક્કો મારી ને તમે એને NURSERY માં મોકલ્યો હતો, એની બિલકુલ ઈચ્છા ન હતી ત્યારે તમે એને મારમારી ને, HOME WORK કરાવી ને, એની પાછળ રાતો ના ઉજાગરા કરી ને, એને EDUCATION અપાવવા માટે, તમે આકાશ-પાતાળ એક કર્યા હતા ને હવે જ્યારે એ દીકરો, જ્યારે પોતે મિથ્યાત્વથી વાસિત થઈ ગયો, હવે તમે ફરીયાદ કરો અહીંયા આવતો નથી, કાંઈ કરતો નથી, ધ્યાન નથી,

તેમ નથી, હું તમને કહું છું, ફરીયાદ કરવાનો તમને કોઈ જ અધિકાર નથી. ગાળો બોલનાર, અસત્ય બોલનાર, ઝઘડા-ઝઘડી કરનાર, એ બાળક માટે જેમ એના મા-બાપ જ પોતે જવાબદાર હતા, બરાબર એ જ રીતે મિથ્યાત્વ નું શિક્ષણ લઈને અજ્ઞાનથી વાસિત થઈને, પાપો કરીને, જિનશાસન થી દુર થઈને, દુર્ગતિ ની વાટે ચડી જનાર આવા દીકરા માટે તમે પોતે જ જવાબદાર છો.

**સભાનો પ્રશ્ન** :- સાહેબ, એના ભવિષ્ય ની ચિંતા ના કરવી જોઈએ ?

**પૂજ્ય શ્રીનો ઉત્તર** :- હું તમને એક સવાલ પુછું કે એના ભવિષ્ય ની ચિંતા ના કરવી જોઈએ. તમે હજુ કશું સમજ્યા જ નથી. શાંતિથી હું તમને કહું ધર્મ, સ્વર્ગ, મોક્ષ, જિનશાસન, સંઘ, આત્મા, આ બધા પદાર્થો ને થોડી વાર માટે બાજુમાં રાખીને વિચાર કરો ને, તો જે એને SCHOOL કે COLLEGE માં મુકવા જેવો નથી. તમે એ બરાબર એના ભવિષ્યની ચિંતા કરવા માંગતા હો, તમે જુઓ કયું EDUCATION છે, કયા વિષયો છે, કેટલો બોજો છે, કેટલું TENSION છે, ને પછી એને એનું વળતર શું મળે છે ? એનું વળતર એને.

TENSION રૂપે મળે,
DEPRESSION રૂપે મળે,
એની કલ્પના શક્તિ,
એની મગજ શક્તિ,
એની શારીરિક શક્તિ,

આ બધાનું ધોવાણ થઈ જાય એ રૂપે એનું વળતર મળે છે. તમે તો EXAM અપાવવા માટે અડધા અડધા થઈ ગયા, એનું વજન ઓછું થઈ ગયું, એના

બુધવાર

DATE 16 12 2020

ઉમેદવાર થઈ ગયા, એના પૈસા ના નંબર વધી ગયા, અને એટલે S.S.C. માં સારા માર્ક્સ લાવ્યા, S.S.C. ની કોઈ VALUE નથી રહી, B. COM ની કોઈ VALUE નથી, C.A. ઘણા છે, એમ ને એમ ફરે છે, હજુ આગળ વધીને તમને કહું, ENGINEERING ની હજારો- હજારોની VACANCIES છે, કંપનીઓમાં એની સામે ENGINEERING પાસ કરેલા લાખો STUDENTS એમને એમ બેકાર બેઠા છે ઘરમાં, COMPANY ઓ કહે છે કે આ જે તમે શીખ્યાને એ અમને કામ લાગે એમ નથી, અમારી પાસે VACCENCY તો છે પણ આ છોકરાઓ અમારા કામના નથી.

સાવ જ ખોટા ઢાંચાની અંદર, હું તમને કહું માત્ર ધાર્મિક જ નહીં વ્યવસાયિક રીતે પણ, ધાર્મિક રીતે પણ, સાંસારીક રીતે પણ, સાવ જ ખોટા ઢાંચામાં તમે ફસાયા છો, તમારી બીજનો ધંધો છે, સારો BUSINESS છે, દીકરો પાંચમાંથી ઉઠી જાય ને ધંધે બેસી જાય, સોળ વર્ષની ઉંમરે એ પોતે જાતે ધંધો કરતો થઈ જાય, લાખોની કમાણી કરતો થઈ જાય, એની બદલે આપણે ટાલ પડી જાય, પચ્ચીસ, છવ્વીસ, સત્યાવીસ, ત્રીસ સુધી, એનું EDUCATION ને TRIAL ને આ ને તે ને ... નોકરીની શોધ ને એ બિચારો બેકાર બેઠો હોય પાંત્રીસ- પાંત્રીસ વર્ષ સુધી બાપ નું ખાય ને હજુ એનું ઠેકાણું પડ્યું ના હોય, એના લેવલ ની કદાચ સારી JOB મળી પણ ગઈ, એક માણસ, DOUBLE પગાર ને ત્રણ ગણું કામ, નીચોવી નાખે માણસને, અને ચાલીસ- પીસ્તાલીસ ની ઉંમર સુધીમાં, માણસ ઘરડો થઈ જાય ને ભાતભાતની શરીર ની પીડાઓ, ચ્ચોજની પીડાઓ, એને એટલો નીચોવી નાખ્યો હોય, બાકીની જીંદગી MEDICAL માં કમાયેલા પૈસા આપી દેવા માટે વીતાવી પડે, પાંચ સીટ હોય છે ને એના પાંચ લાખ ઉમેદવાર હોય છે, હું તમને

કહું કે બાકીના નું શું થશે એનો વિચાર કોણે કર્યો છે
હું તમને કહું આ DEGREE છે એ પણ એક
અતનો જુગાર છે જ્યારે C.A. માં બે/ત્રણ ટકા
RESULT આપવામાં આવે હું તમે કહું છું કે આ
જુગાર નહીં તો બીજું શું છે ? તમારી છોકરો ગમે
તેટલું સારું ભણ્યો હોય, ગમે તેટલું સારું PERFO-
RMANCE પણ આપે પેપર સારું લખે ગમે તેટલું
પણ એ પાસ થાય કે ના થાય એ એના હાથની-
વાત ના હોય આટલા ટકા RESULT આપવાનું છે,
સો-બસો માંથી એકાદ પાસ થાય, પાંચસો માંથી
બે-ચાર જણા પાસ થાય કે ના થાય, હું તમને
કહું કે આને શિક્ષણ કહેવાય કે જુગાર કહેવાય ?
એક ડૉક્ટર થતા-થતા દોઢ થી બે-
કરોડ રૂપિયા વપરાય ગયા હોય ને એ ડૉક્ટર-
એની સીટ પર આવીને તમને સામે કરશે કે તમને
માંદા ને માંદા રહો ને એ તમને નીચોવતા ને
ખંખેરતા રહે એ જ એમની ઈચ્છા હશે. છોકરાની
ભવિષ્યની તમારે એ ચિંતા કરવી હોય ને હું તમને
કહું છું, સંસારીક દ્રષ્ટિ એ પણ SCHOOL અને
COLLEGE તદ્દન નકામા છે એમાં કશું શીખવા
જ નથી મળતું, EDUCATION જ નથી મળતું,
એ વાત ખોટી છે, એમાં પણ ઘણું શીખવા મળતું
હોય છે, EDUCATION એ શીખવા જેવું નથી
હોતું, જીવન ઉપયોગી નથી હતું,
ત્યાંથી ગાળો શીખીને આવે છે,
ત્યાંથી જૂઠ શીખીને આવે છે,
ત્યાંથી ગુસ્સો શીખીને આવે છે
ત્યાંથી ઉદ્ધતાઈ શીખીને આવે છે
ત્યાંથી મા-બાપની સામે પડવાનું શીખી આવે છે
ત્યાંથી એ ગંદી કુટેવો શીખી ને આવે છે,

બુધવાર

DATE 16 12 2020

ત્યાંથી એ કે શીખીને આવે છે એ અમે આ પાટ પરથી બોલી પણ ના શકીએ, એટલી હદનું એ શીખી જાવે છે. હું તમને કહું છું આના માટે તમે પૈસાનું પાણી કરો છો. ધર્મની આડે અત્યારે કોઈ પણ દાન કરવી હોય તો પહેલા અત્યારે તમારા પુત્ર સામે નજર કરવી પડે, એવી સ્થિતિ થઈ ગઈ.

પૂર્વના કાળની અંદર, કોઈ બિચારો અભાગ્યો હોય, કુટલો ભાગ્યનો હોય, સવારથી રાત સુધી મહેનત કરવી પડે ને પછી એનું ઘર ચાલે, કોઈ સો બે, બસો બે, પાંચસો બે, હજારે એક હોય, આજે તમારા બધાની અભાગ્યા જેવી સ્થિતિ થઈ ગઈ. એ સ્થિતિને તમે જોઈ છે ! હજુ તમને ખાવાપીવાની ચિંતા નથી, તમને બે ચિંતા છે, એક EDUCATION અને બીજું - MEDICAL. બંને ભુત છે, બંને ખોટા છે, બંને તમને બેવકૂફ બનાવી રહ્યા છે, અને એના માટે જીંદગીના ૫૦-૬૦ વર્ષ તમે ગધેડા બનીને ગધ્ધા-મજુરી કરી રહ્યા છો.

છોકરાને આટલું EDUCATION અપાવવું જ પડશે, હું તમને કહું છું કે મુંઈ છોકરાઓના જન્મ થતા બંધ થઈ ગયા, છોકરાઓને મોતના ઘાટ ઉતારતા ચાલુ થઈ ગયા, કારણકે આટલો ખર્ચો છે, કારણકે - આટલી ADMISSION FEE છે. હું તમને કહું શા માટે છે, એના કારણો તમે જુઓ, હાથે કરીને મુર્ખા તમે બની રહ્યા છો, હાથે કરીને પગ ઉપર કુહાડી તમે મારી રહ્યા છો. હાથે કરીને ખર્ચા વધારી રહ્યા છો. હાથે કરીને ખોટી ખોટી ચિકિત્સા પદ્ધતિઓ, ખોટી ખોટી શિક્ષણ-પદ્ધતિઓ, એમાં તમે ફસાઈ રહ્યા છો ને એમના ખીસ્સા ભરવા, લાખ્ખો રૂપિયા ભેગા કરવા, કાળા-ધોળા કરવા, સાચા-ખોટા કરવા, ધર્મને નેવે મુકવો, દિવસ-રાત ચિંતામાં રહેવું, TENSION માં રહેવું, કઈ રીતે પહોંચી

વળવું, આ બધી ગુલામી કરીને છેલ્લે બધો ભાર-ધર્મ ઉપર, છેલ્લે આત્મા ઉપર, છેલ્લે પરલોક ઉપર, છેલ્લે સદ્ગતિ ઉપર, છેલ્લે મોક્ષ ઉપર, આવી ગુલામી આપણે ક્યાં સુધી કરતા રહીશું, એનું આત્મ-ચિંતન કરવાની આપણને જરૂર છે.

અજ્ઞાનના સંદર્ભમાં સિધ્ધર્ષિ ગણિ-મહારાજ એક પછી એક અદ્ભુત વાત કરી રહ્યા છે સ્કુલ અને કોલેજની પણ કેટલીક વાતો છે જ્ઞાન અને અજ્ઞાન ની પણ કેટલીક વાતો છે, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

× × × ×

ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

ગુરૂવાર

વ્યાખ્યાન નંબર - 100 - પ્રથમ DATE 17 12 2020

ગાઈડાઅનો પ્રશ્ન ચાલુ છે, કે સાહેબ તમારી જે વાત છે એ સાચે પુરી તરવા જેવી છે. પ્રશ્નનું હાર્દ એ છે કે આદર્શ ગમે તેટલો ઉંચો હોય, પણ એ જો અશક્ય હોય, એ બહુ જ અઘરો હોય, થઈ શકે એમ જ ના હોય, તો એવા આદર્શનો મતલબ શું છે! SCHOOL માટે તમે કહો, COLLEGE માટે તમે કહો, DEGREE માટે તમે કહો, આજની EDUCATION SYSTEM માટે તમે કહો, તમારી વાત સાચી એ હશે પણ એ શક્ય જ નથી, જ્યારે આખું ગામ આમ દોડી રહ્યું છે, ત્યારે અમે એકલા કઈ રીતે પડીએ, અમે જુદા કઈ રીતે પડીએ, અમે કઈ રીતે સામે પુર તરીએ (?) એ અમારાથી શક્ય નથી એ પ્રશ્નનું હાર્દ છે ને એનો જવાબ એ છે, બધા ની સાથે જો તમારે રહેવું હોય તો બધાની જે ગતિ થશે, એ જ તમારી થશે, એ તમને મંજુર છે (?)

જવાબમાં આગળ હું વધુ, દસવૈકાલિક આગમ કહે છે,

अणुसोओ संसारो पडिसोओ तस्स उत्तारो ।

બધા કરે એમ કરવું, બધા તણાય એમ તણાવું, જે દિશામાં પ્રવાહ વહી રહ્યો છે, એ જ દિશામાં આપણે તણાતા જવું, આનું નામ, સંસાર, આનું નામ ભવભ્રમણ, આનું નામ લોક સંજ્ઞા, અને પ્રવાહથી ઉંધી દિશામાં તરવુ, આનું નામ પ્રતિશોધ,

આનું નામ મોક્ષ,

આનું નામ મોક્ષમાર્ગ,

આનું નામ મોક્ષનો ઉપાય!

અઘરું છે, પણ આ ન કરીએ, એ વધારે અઘરું છે. બહુ સરસ મજાની વાત યોગસાર ગ્રંથની અંદર, પ્રાચીન-પરમર્ષિ કહે છે,

तत्पुनर्मोक्षदो धर्मः, शीकाइत्रवहनात्मकः ।

આખી દુનિયા વિષય લંપટ હોય, વિષયોની પાછળ પાગલ

ગુરુવાર
DATE 17 12 2020

બની હોય, વિજાતીય ની પાછળ પાગલ બની હોય, અનાચાર ની પાછળ પાગલ બની હોય, પાપોની પાછળ પાગલ બની હોય, અને એની સામે શીલોને ધારણ કરવા, નિર્મળ શીલ ધારણ કરવું, સદાચારી બનવું, દેશવિરત અને સર્વવિરત બનવું, સાચા-શ્રાવક અને સાચા સાધુ બનવું, આ હકીકતમાં સામે પુરે તરવાની જ વાત છે.

प्रतिश्रोतष्कवान् सद्भिः, सत्त्वसारैकमानसैः।

અને જેના મનની અંદર SOLID સત્વ છે, એ જ આ કામ કરી શકે, એ જ પ્રતિશ્રોત ગમન કરી શકે, એ જ સામે પુરે તરી શકે, એ જ સાચો ધર્મ કરી શકે, એ સામે પુરે તરીને, સત્વ દાખવીને, ધર્મનું આચરણ કરીને, એ જ વ્યક્તિ મોક્ષે જઈ શકે.

યોગસારમાં પ્રાચીન પરમર્ષિ કહે છે,

न हि धर्माधिकारोऽस्ति हीनसत्त्वस्य देहिनः।

જેનું સત્વ હીન છે, જેનું સત્વ નબળું છે, જેનું મન નબળુ છે, જેને એવો વીર્યોલ્લાસ નથી કે મારે કરવું જ છે, એ ધર્મનું આચરણ કરી શકે એ તો શક્ય નથી, એ ધર્મનો અધિકારી સુધ્ધા નથી. કંદમુળ ની બાધા અમારી પાસે કોઈ માંગવા આવ્યું છે અમને ખબર છે બિચારો ભાવથી માંગે છે, સાચા દિલથી માંગે છે પણ એની ક્ષમતા નથી એની તેવડ નથી, ચાર મિત્રો જ્યારે કંદમુળ ખાઈ રહ્યા હોય ને એને કહે ચાર તું ના ખાય એ તો ના ચાલે ને અમારી સાથે રહીને અમારાથી જુદો પડે. ત્યારે ખાવું પડશે ને પેલો ફટ દઈને ખાવાનું ચાલુ કરી દે ને શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે એવા જીવને અમારે કંદમુળની બાધા પણ ન આપવી જોઈએ.

સભાનો પ્રશ્ન :- અમે આપની પાસે બાધા લેવા આવીએ, તો આપને કઈ રીતે ખબર પડે કે આ વ્યક્તિ નિ:સ્ત્વ છે ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- જુઓ, અમને ખબર છે ગીતાર્થ - ગુરુભગવંત હોય એ પરીક્ષા પણ કરે, એવે પણ ખરા, ચર્ચા પણ વાંચે, અને ખબર પડે કે આ બાધા કોને આપવા જેવી છે, કોને નથી આપવા જેવી એક નાનકડી બાધાથી માંડીને, આગળ વધીને દીક્ષા સુધીની બાધા જે છે એ આપનારની પણ ફરજ હોય છે કે યોગ્યતા જોઈને આપવી. યોગ્યતા જ્યાં જોવાતી નથી, સત્વ જ્યાં જોવાતું નથી, જ્યાં શક્યતા જોવાતી નથી ત્યાં અમે બાધા નથી આપતા, બાધાનો ભંગ ખાળીએ છીએ.

બાધા માત્ર લેવાથી કલ્યાણ નથી થતું, દીક્ષા માત્ર લેવાથી કલ્યાણ નથી થતું, સારી રીતે પાળવાથી કલ્યાણ થાય છે. બહુ સરસ મજાની વાત - શાસ્ત્રકાર ભગવંતો, આ બાધા ના સંદર્ભમાં, વ્રત ના - સંદર્ભમાં, મહાવ્રતના સંદર્ભમાં કહે છે,

વયભંગે ગુરુદોસો થેવસ્સ વિ પાલણા ગુણકરી ૩ ।

વ્રતનો ભંગ કરવામાં આવે એ બહુ મોટો દોષ છે, ને થોડા પણ વ્રત ની તમે પાલના કરો ને, એનો તમને લાભ થશે, એનાથી તમારા આત્માનું હિત થશે.

ગુરુલાઘવં ચ ણેયં ધમ્મમ્મિ અઓ ૩ આગારા ।।

ગુરુ અને લાઘવ નો વિચાર કરવો જોઈએ, શાસ્ત્રકાર - ભગવંતો કહે છે, માટે ધર્મની અંદર, પચ્ચક્ખાણની અંદર કાઉસગ્ગ ની અંદર, આગારો મૂકવામાં આવ્યા. એક નવકારનો પણ કાઉસગ્ગ કરો એની અંદર પણ આગારો આપણે સંખ્યા બંધ બોલી દઈએ, ખાસીએણં, જંભાઈએણં ભાઈ એક નવકારનો કાઉસગ્ગ ત્રણ સેકન્ડ નો કાઉસગ્ગ અને એની અંદર બારસા બધા આગાર, કારણકે એમાં પણ છીંક આવી શકે છે, એની શક્યતા છે, જેમાં

સત્ય નો વિષય નથી, જેમાં શક્યતા નો વિષય નથી,
છીંક આવી ગઈ, ઉધરસ આવી ગઈ, બગાસું આવી
ગયું, કંઈક પણ એવી એવી કુદરતી પ્રક્રિયા,
IN BETWEEN (વચ્ચે) થઈ શકે છે ને એના
થી કાઉસગ્ગ ભાંગે નહિ, એના માટે પહેલાથી
આગારો મુકયા ! મરણ નો આગાર મુકયો નથી,
અવાજ આવ્યો મોટો તમે કાઉસગ્ગ તોડી નાખો,
આવો આગાર કોઈ મુકયો નથી, કારણકે આ
સત્ય નો વિષય છે

મહસત્વી ધ્રુવ હોય છે. જે ધર્મનો -
અધિકારી નથી થઈ શકતો, કારણકે નાનો પણ
નિયમ એ બરાબર પાળી શકતો નથી, હવે તમે
પુછો, કે એના કરતા બધાએ બાધા લેવી જ નહીં,
તો હું તમને કહું છું કે તમે કંઈ કરો જ
નહિ, એનું જોખમ વધારે છે ! તમે ઘરની
બહાર નીકળો, કોઈ ગાય તમને ઉડાડી દેશે,
કોઈ BIKE અથડાઈ જશે, કોઈ ગાંડો યુવાન
એની CAR એકસો વીસની ઝડપે લઈ જતો હશે
જે તમને અડફેટ માં લઈ લેશે, કંઈપણ બની શકે
છે, એ તમે બહાર ગયા, પણ તમે એ બહાર જ
નહી નીકળો તો ઘરમાં ભુખે મરવું પડશે, નીકળવામાં
જોખમ છે, ન નીકળવામાં વધારે જોખમ છે

ધ્રુવની યોગ્યતા, ધ્રુવનું સત્વ, એ
જ્યારે ઉલ્લસિત થાય છે, ત્યારે નાનો પણ-
નિયમ લેવાની એને ભાવ જાગે છે સદ્ગુરુ એની
પાત્રતા ને વિકસાવે છે... વિકસાવે છે. એક
વ્યક્તિ આવી, સાહેબ મારે દીક્ષા લેવી છે, તો અમે
ફટ દઈને આપી દઈએ એને ? પહેલા અમે-
જોઈએ કે એની TRAINNING લેવાની પણ
યોગ્યતા છે કે નહિ, એ યોગ્યતા છે તો અમે

એને TRAINNING CAMP માં ENTRY આપીએ, કે રહો સાથેને PRACTICE કરો, થોડા દિવસ ગયા એ પૌષધ કરે, અષ્ટપ્રવચન માતાનું પાલન કરે, સમર્પિત બને, તપસ્વી બને, એ જ્ઞાની બને, એ ધીમે-ધીમે-ધીમે આગળ વધે, છ મહિના, બાર મહિના, બે વર્ષ, અમને લાગે કે PERFECT એ દીક્ષા લેવા માટે તૈયાર થઈ ગયો છે, અને પછી એને દીક્ષા આપીએ.

કંદમુળ ની બાધા લેવા કોઈ વ્યક્તિ આવી છે, એને અમે કહીએ, કે ભાઈ બરાબર પાળશો કે નહિ ? ચહેરાથી ખ્યાલ આવતો હોય, ઉલ્લાસથી ખ્યાલ આવતો હોય, તરત અમે એને આપી દઈએ એવું પણ બને. અમને જો DOUBTFUL (શંકાસ્પદ) લાગે તો અમે એનું સત્વ ચકાસીએ, એનો ભાવ ચકાસીએ, એની પરિસ્થિતિ ચકાસીએ, હવે આગળ વધીને આ-જીવનની માંગતો હોય, અમે કહીએ પહેલા પંદર દિવસની લો, સોળમા દિવસે અમારી પાસે આવજો.

SCHOOL માં દીકરાને ના મુકવો એ સામે પુરે તરવા જેવું છે, એ વાત સાચી છે અઘરું છે વાત સાચી છે, પણ આવું ન કરવું એ વધારે અઘરું છે. વ્યવહાર નય કહે છે કે કોઈપણ ધર્મ કરવો, એ સામે પુરે તરવા જેવું છે. નિશ્ચય નય કહે છે કોઈ પણ ધર્મ ન કરવો, એ સામે પુરે તરવા જેવું છે. વ્યવહાર દ્રષ્ટિ એ SCHOOL માં છોકરાને ન મુકવો એ, પ્રતિશ્રોત ગમન છે. નિશ્ચય દ્રષ્ટિ એ SCHOOL માં છોકરાને મુકવો એ પ્રતિશ્રોત ગમન છે. વ્યવહાર દ્રષ્ટિએ તમે એને બધાથી જુદો પાડ્યો, અલગ પાડ્યો, તમે સત્વ દાખવ્યું, આ તમે સામે પુરે તર્યા, બહુ અઘરી વસ્તુ કરી. નિશ્ચય દ્રષ્ટિ એ તમે એને આ પ્રવાહ માં મુકી દીધો, એને અજ્ઞાન માં મુક્યો, મિથ્યાત્વ માં મુક્યો, મોહ માં મુક્યો, કામમાં મુક્યો, ક્રોધમાં મુક્યો,

કુટેવોમાં મુક્યો, ગાળોમાં મુક્યો, તમે એની જિંદગી બગાડી, તમે તમારી જિંદગી બગાડી, તમે એના ભવો ભવ બગાડયા, તમે એના ભવોભવ બગાડયા, તમે એ સારું પુરું કર્યાં તો તમે બહુ જ જબરી વસ્તુ કરી.

કોરોનાને લીધે

**સભાનો પ્રશ્ન :-** ભગવંત અત્યારે તો ઘરે બેસી બધાં ભણે છે ને ત્યાંનું તો કોઈ વાતાવરણ મળવાનું નથી જેનાથી એ બગડે તો ઘરે બેસી ને ભણવામાં શું પ્રોબ્લેમ છે?

**પૂજ્યશ્રી નો ઉત્તર :-** ખરો પ્રશ્ન છે ને સ્કુલમાં જઈને સ્કુલનું ભણવું કે, ઘરે બેસીને સ્કુલ નું ભણવું એ નથી ખરો-પ્રશ્ન શું ભણવું એનો છે! આપણે ત્યાં પચાસ-સો વર્ષ જુની વ્યવસ્થાની અંદર ચાર-પાંચ ધોરણ થી વધારે ભણવાની જરૂર ન હતી. આજે તમે જેને સ્કુલ કહો છો એ જુના જમાનામાં પાઠશાળા કહેવાતી. ગુરૂદેવ શ્રી ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજ, મનસુખભાઈ ની પાઠશાળામાં અમદાવાદમાં કાળુશીની પોળમાં રહેતા અને પાઠશાળામાં ભણતા! કોઈ RARE વધારે ભણી શકે એ વસ્તુ જુદી છે. તમે જે રીતે રિવાજ પાડ્યો, તમે જે રીતે ફરજીયાત બનાવ્યું તમે જે એને IMPORTANCE આપ્યું તમે જે રીતે એની પાછળ પાગલ બન્યા, તમે જે રીતે એની પાછળ લાખોને કરોડો રૂપિયા લુટાવતા થયા, તમે જે રીતે ઉજાગરા કરતા થયા, તમે જે રીતે એની પાછળ ગાંડા બનીને નાચતા થયા. નાનો ચાર વર્ષનો છોકરો હોય ને HOME WORK કરવા માટે મમ્મી-પપ્પાની ભયંકર માર ખાતો હોય.

ધ્રુસકે ને ધ્રુસકે રડતો હોય, કાચી ઉંઘમાંથી ઉઠતો હોય, એને પરાણે નાસ્તો કરીને બસમાં ધકેલી દેવાનો હોય, આવી રીત જે સમયે ન હતી, અને એના કારણે માનસિક ઘડતર, પણ બાળકોનું વધારે સારું થતું હતું.

તમે એને કચડી રહ્યા છો, ચુંથી રહ્યા છો, તમે એને હેરાન કરી રહ્યા છો, એના મગજ ઉપર તાણ લાવી રહ્યા છો, એના ઉપર બોજ નાખી રહ્યા છો. આ બધી એના વિકાસની રીત નથી, લૌકિક રીતે પણ, સાંસારીક રીતે પણ, એનું ભવિષ્ય બગાડવાની આ બધી રીત છે. જે DEGREE છે એ કોઈ સહેલાઈથી મળે છે. જેમાં એટલા ખર્ચા નથી, જેમાં એટલી માનસિક તાણ નથી, ઉજાગરા નથી, એ DEGREE ની કોઈ આને VALUE નથી, ત્યાં સુધી એ પહોંચતા જે તમારા લાખો ના ધુમાડા થઈ જાય છે. જે DEGREE ની VALUE છે એ જે મોંઘી છે, તો તમારે તમારી મુડી લુટાવવી પડે, દેવુ કરવું પડે, ઉજાગરા કરાવવા પડે, ઉજાગર કરવા પડે, એના પર એટલું - બધું PRESSURE લાવવું પડે કે એ પણ ગાંડો થઈ જાય, એટલી હદે, દિવસમાં પંદર -- સત્તર -- અઢાર- અઢાર કલાક એને ભણવું પડે ને એ બધું કર્યા પછી પણ પાસ - થાય કે નહિ, માથે લટકતી તલવાર ! કશીજ ખબર નહિ.

એક યુવાન મારી પાસે આવ્યા હતા ને મને વાત કરી કે હું IT ENGINEER થયો છું, ને લોકો મને કહે છે કે તુ IT ENGINEER થયો તુ IT ENGINEER હોય એવું અમને લાગતું નથી, તારી બુધ્ધિ એવી કામ નથી કરતી, તારું મગજ કામ નથી કરતું, તું IT ENGINEER થઈને આટલી SKILL તારામાં ના હોય, એને યુવાન મારી પાસે હૃદય ખોલી ને વાત કરતો હતો કે સાહેબજી, હું એટલી ગંભીર પરિસ્થિતિ, એટલું બધું PRESSURE, એટલો બધો ખર્ચો, ઘરવાળાઓનું દબાણ,

હું આમ ગાંડો થઈ થઈ ને ભણ્યો છું ને માંડ-માંડ હું પાસ થયો છું અને એ રીતે પાસ થવામાં મારું મગજ મેં ખલાસ કરી દીધું હવે કોઈ DECISION POWER (નિર્ણય શક્તિ) મારામાં રહી નથી હું RIGHT DECISION નથી લઈ શકતો કોઈ પણ વાત હોય હું PUZZLE માં મુકાઈ જઉં છું શું કરવું શું નહિ, આજે આવી મારી દશા છે હું - તમને પુછુ કે તમે એને ભણાવી-ભણાવી ને ઉડાડ્યું શું ?

તમે કહો કે સાહેબ બધાને કાંઈ આવુ થતું નથી, અમારો છોકરો તો પાસ પણ થઈ ગયો, સારો DECISION POWER પણ છે MIND પણ FAST ચાલે છે, શહેરમાં સારી COMPANY ની - અંદર એને JOB મળી છે હું તમને કહું કે તમે એને ભણાવવા માટે આખી જિંદગી બગાડી ને, બાકી ની આખી જીંદગી એને ઉંચી COMPANY ની અંદર JOB અપાવીને, એ માણસ આખી જીંદગી એ COMPANY નો ગુલામ બનશે, COMPANY એને નીચોવી નાખશે, તેલ કાઢી નાખશે પગાર થોડો મોટો આપશે, પણ ઘણું મોટું કામ એની પાસેથી લેશે, એને વિદેશ મોકલશે, એને ગમે ત્યારે બોલાવશે એને શનિવારે બોલાવશે, રવિવારે બોલાવશે, OVER TIME કરાવશે, એના પર એટલો કામનો બોજો નાખવામાં આવશે જેટલું કામ વધુ એની પાસેથી લઈ શકાય, એટલું વધુ કામ લેવામાં આવશે પાંત્રીસ-ચાલીસની વતા એ ઘરડો થઈ જશે શરીરથી ખલાસ થઈ જશે, હું તમને કહું તમે તમારા - દીકરા ને ભણાવી-ગણાવી ને ઉડાડ્યું શું ? જેની પાસે તમારી માટે સમય રહેવાનો નથી, પોતાની પત્ની માટે સમય રહેવાનો નથી, દીકરાઓ માટે

સમય રહેવાનો નથી, પોતાના માટે સમય રહેવાનો નથી,
ધર્મ માટે સમય રહેવાનો નથી, આત્મા માટે સમય -
રહેવાનો નથી, પરલોક માટે સમય રહેવાનો નથી, શરીર
સુધ્ધા માટે સમય રહેવાનો નથી ને, શરીરને ખલાસ
કરીને પણ એની COMPANY ની ગુલામી કરવી
પડશે, તો તમે એને ભણાવી - ગણાવીને ઉકાળ્યું શું ?

તમે કહેશો કે આવી JOB અમારે અમારા
દીકરાને નથી અપાવવી એને ધંધે લગાડી દઈશું. ધંધો
અમારો છે, સારામાં સારો ચાલે છે, એના પર દીકરો બેસી
જશે, અમારો દીકરો ગુલામ નહીં બને, તો સાહેબ
તમારે આ બધી ચિંતા કરવાની જરૂર નથી, હું તમને
કહું છું કે એને એ ધંધે બેસાડવો જ છે તો એની
જિંદગી ના વીસ અમુલ્ય વર્ષો, લાખો ને કરોડો રૂપિયા,
આટલો બધો STRESS, આટલા બધા બીનજરૂરી -
વિષયોના બોજ, ને આટલા બધા થોથાઓને ગોખી-
મારવાની હાડમારી, તમારે તમારા દીકરાને કરવવાની જરૂર
શું હતી ?

તમે હાઉ ઉભો કર્યો DEGREE નો ને ધંધો
તૈયાર હોવા છતાં, એને પરણવા માટે પણ DEGREE
લેવી પડે ત્યારે હું તમને કહું છું, તમે મહામુર્ખામી
કરો છો. જેની જીંદગીના અમુલ્ય વર્ષો જતા રહ્યા, જે
પાઠશાળા ન જઈ શક્યો, જે સંસ્કારો ના પામી શક્યો, જે
ધર્મના પામી શક્યો, હું તમને કહું સામાજિક દ્રષ્ટિએ
હું શાસ્ત્રની વાત નથી કરતો, હું ધર્મની વાત નથી
કરતો, ૨૫-૩૦ વર્ષે પરણવું એટલે અડધા ઘરડા ને
પરણવું. જે સ્કુલ અને કૉલેજની અંદર એના જબરજસ્ત
ઘડતર ના વર્ષો હતા, જે આખી જિંદગી ના પાયાભુત
વર્ષો હતા, એણે વેડફી નાખ્યા, એની સાથે તમારી
દીકરીને પરણાવો, તો તમને મળવાનું શું છે ને તમારી
દીકરીને શું મળવાનું છે ? વીસ-વીસ, બાવીસ-

ગુરુવાર

DATE 17 12 2020

બાવીસ ને ચોવીસ- ચોવીસ વર્ષ સુધી પેલો ભણ્યા જ કરે... ભણ્યા જ કરે... ભણ્યા જ કરે, પછી એ આપડો JOB ગોતે, હું તમે કહું સામાજીક ક્રાઈટએ હું શાસ્ત્રની વાત નથી કરતો, હું ધર્મની વાત નથી કરતો, પચીસ-ત્રીસ વર્ષે પરણવું, એટલે અડધા ઘરડાને પરણવું.

યૌવનનો સમય ૧૫થી ૨૫ વર્ષનો હોય છે એ વિતી ગયો હોય, બરોબર હું સામાજીક-ક્રાઈટએ પણ તમારી પરિસ્થિતિ જોઉં ને, તમારી બુદ્ધિનું બારમું થઈ ગયું હોય, ખસી ગયું હોય, મગજ ના SCREW ઢીલા થઈ ગયા હોય, નિતિશાસ્ત્રો કહે છે, માર્ગાનુસારીના બતાડનારા શાસ્ત્રો જેમાં ધર્મની વાત ના આવે જેમાં લોક નિતિ આવે એની અંદર લખ્યું છે,

દ્વાદશવર્ષીયા સ્ત્રી ષોડશવર્ષ: પુરુષ: પ્રાપ્તવ્યવહારૌ।

બાર વરસની દીકરી, બાર વર્ષની કન્યા, અને સોળ વર્ષનો કિશોર, એ પ્રાપ્ત વ્યવહાર છે, એને લગ્ન લાયક કહેવાય હું તમને કહું છું, બાર વર્ષે સમજણી થયેલી દીકરી, એ વર્ષો સુધી પરણી ના હોય, એનામાં સમજણ આવી ગઈ છે, એના વિવાહ થયા નથી, એ ગમે તેવા કપડા પહેરે છે, ગમે તેવી ચોપડી વાંચે છે, ગમે તેવા PHONE ના દ્રશ્યો જુએ છે, ગમે તેવું એનું મિત્ર વર્તુળ છે, એમાં પાછા BOY-FRIENDS છે, એમાં પાછું CO-EDUCATION છે, એમાં પાછું બહારનું ખરાબ વાતાવરણ છે, એમાં પાછું ખરાબ MEDIA છે, એ બાર ~~વર્ષ~~ વર્ષથી માંડીને તેર વર્ષની થઈ, ચૌદ, પંદર, સોળ, સત્તર, અઢાર એ પછી કોલેજમાં જાય, ત્યાંનો માહોલ ઓર ગંદો હોય, ગંદી બધાની નજર હોય, ગંદા બધાના ભાવો હોય,

એ ઓગણીસ ની થઈ, વીસ ની થઈ, એકવીસ, બાવીસ, ત્રેવીસ, ચોવીસ, એણે કોઈ DEGREE લીધી, હવે તો એણે JOB કરવી જ પડે, વળી એ JOB કરે છે, ત્યાં તો પાછો એવો કોઈ માહોલ છે, એ વળી બાર દસ-વીસ હજાર કમાતી થાય, તમારી પાછી છાતી ગજ ગજ ફૂલે, એ પછી પચ્ચીસ, છવ્વીસ, સત્યાવીસ, અઠ્યાવીસ વર્ષે પરણે, હું તમને કહું કે તમારામાં ધર્મદ્રષ્ટિ/મોક્ષદ્રષ્ટિ નથી, તમારામાં સંસ્કારદ્રષ્ટિ તો નથી, તમારામાં સંસાર દ્રષ્ટિ પણ નથી, તમારામાં સમાજ દ્રષ્ટિ પણ નથી, તમારી પાસે દ્રષ્ટિ જ નથી, તમે આંધળા જેવું કામ કરો છો, તમારામાં COMMON SENSE સુધ્ધા નથી, એક મજાક અને મશ્કરી જેવું તમારું સમાજ જીવન ચાલી રહ્યું છે

ગમે તેવો શોખીન અને રંગીન પણ છોકરો હોય, એની આશા છે કે મારી પત્ની ચોક્ખી હોવી જોઈએ, એ બાર વર્ષની સમજણી થયેલી ૨૫-૩૦ વર્ષે પરણતી હોય, એ આવા માહોલમાંથી આવતી હોય, અને તમે ચોક્ખાઈની આશા રાખો છો ? જે છોકરીની વાત છે, એ જ છોકરાની વાત છે, હું તમને કહું, મજાક જેવા તમારા લગ્ન છે.
મશ્કરી જેવો તમારો સંસાર છે,
ગુલામી ભરી તમારી સમાજ દ્રષ્ટિ છે અને બધા એ જ પ્રવાહમાં તણાતા જાવ છો, હું તમને કહું છું, સામે પુર તરવાની તમે વાત કરો છો ને, સામે પુર તરવાની ખરી રીત આ જ છે, જે તમે કરી લીધી છે. આટલું COMMON SENSE તમારામાં ના હોય ?

વિહારમાં હું ચાલતો હતો, પંદર-સત્તર વર્ષ પહેલાની વાત, એક ગામની અંદર હું ENTER થઈ રહ્યો હતો, કોઈ ભાઈ એ ગામના, ને હજુ ગામ આવી રહ્યું હતું ને, આટલો એકાદ કિલોમીટર નો

રસ્તો મારી સાથે ચાલતા હતા. હું એ વર્ષો પહેલા-
ની વાત યાદ કરું. એ ભાઈ મને એના ગ્રામ્ય-
જીવનની વાતો કરી રહ્યા હતા, હું સાંભળી રહ્યો
હતો, અને કહે કે જ્યારે ત્યાંની બહુ નાની ઉંમરમાં
લગ્ન થઈ જાય, મેં કીધું કેમ એવું ? મને કહે
પછી તો મોટા થઈ જાય.

ગામડાની માણસ, નાનો માણસ, ભોળો
માણસ, એણે એક જ એ નાનકડા વાક્યમાં વાત
કહીને, તમને એ અભણ લાગે, ઠોઠ લાગે,
પણ એના કરતા પણ ઠોઠ એના કરતા પણ
અભણ, એના કરતા પણ "ઠ" તમે છો. જેમને
આટલી SIMPLE વાત સમજાઈ નથી. પરણાવવા
માટેની મારી વાત નથી, આ જીવન છે. એ
સાધના માટે છે પરણવા માટે નથી. તમારા
દીકરાઓ ન પરણીને, બ્રહ્મચારી રહેતા હોય ને
તમારી દીકરીઓ ન પરણી ને સુશીલ રહેતી-
હોય ને તો આ બધી વાત કરવાની અમને કોઈ
જરૂર જ નથી હોતી. પરણ્યા પહેલા કેટલી વાર
પરણી જતા હોય છે, કેટલી વાર અંગત જીવન
બરબાદ થઈ જતા હોય છે, કેટલી કુટેવો, કેટલી બદી-
ઓ, કેટલી બરબાદીઓ એમના જીવનમાં આવી
જતી હોય છે, જે લગ્ન પછીના જીવનને પણ
અસર કરે આખી જિંદગી બેહાલ-બેહાલ થઈ જાય,
એવો તમે ઢાંચો બનાવ્યો, એ ઢાંચો એના
મૂળમાં છે મોટી ઉંમરે લગ્ન, એના મૂળમાં છે
મોટી ઉંમરે SET થતા છોકરા, જ્યાં સુધી
SET ના થયો હોય એના મૂળમાં છે DEGREE,
એના મૂળમાં છે આજનું શિક્ષણ, એના મૂળમાં
છે તમારી અંધાપો, એના મૂળમાં છે તમારી
ગેરસમજ, કે આ બહુ જ જરૂરી વસ્તુ છે.

નહિન ખોરા હોયાની અંદર તમારું સામાજીક જીવન - પારિવારિક જીવન ફસાઈ ગયું છે, જેના લીધે કેટકેટલા ભયંકર પાપો નો જન્મ થાય છે, એની તમને ખબર નથી. જેના લીધે કેટકેટલા શારીરિક અને માનસિક રોગો પ્રગટે છે, એની તમને ખબર નથી. જેના લીધે કેવી રીતે પરિવારો આખા DISTURB થઈ જાય છે, એની તમને ખબર નથી.

પચ્ચીસ.. પચ્ચીસ ને ત્રીસ.. ત્રીસ વર્ષના છોકરો થઈને હજુ બાપ કમાઈ જાતો હોય, હજુ નોકરી શોધતો હોય, હજુ TRIALS આપતો હોય, બાપને વિચારોને ટાલ પડવા માંડી, રોગો આવવા લાગ્યા, બાપને ઘડપણ આવવા લાગ્યું. બાપ આટલા વર્ષો થી ઘરનો ભાર વેંઢારે. પૂર્વ કાળની અંદર પંદર-સોળ વર્ષનો દીકરો પાપા હવે તમારી મહેનત ઓછી કરી નાખો, હવે તમારો શ્રમ ઓછો કરી નાખો, હવે હું મોટો થઈ ગયો છું, હવે હું ધંધે બેસતો થઈ ગયો છું, આપ નિરાંતે આવજો, ન આવવું હોય તો નહીં આવતા. હું તમને કહું 50.. 50 ને 70.. 70 વર્ષ થવા છતાં, તમે FREE નથી થઈ શકતા, હેરાન ને પરેશાન તમે થઈ જાઓ, ગધ્ધા-વૈંતરાનો તમારો - અંત જ ન આવે, એનું કારણ આજનો ખોટો હોયો છે.

ભણતરનું ભણવાનું, ભણીને DEGREE લેવાની, લઈને JOB ગોતવાની, હું તમને કહું છું, મોટી DEGREE લીધા પછી, બાપના ધંધે બેસવાનું કોઈને ગમવાનું નથી, અને એના લીધે બેકારી વધી રહી છે. પહેલા આ બધું હતું જ નહિ, ઉપ કોમ હતી, એમના રોજગાર નક્કી હતા, જેના માટે તૈયાર બજારો હતી, ત્યાં દુકાન ખોલી બેસી જવાનું હતું. આનુવાંશિક - સંસ્કારો એને બાપ-દાદા ઓથી જ લોહી માં મળી ગયા

હોય, બાળપણની ઝેહર પપ્પાને જોઈ જોઈને કેળવ્યું આવડી ગયું હોય, બાકી પપ્પા શીખવાડે છે, થોડું કરતા-કરતા શીખી જાય, એનાથી વધારે જરૂર જીવન જીવવા માટે હોતી નથી, આજે હોંશો તમારી-ગેરસમજે એ તોડી નાંખ્યો, ઘરે ઘરે TENSION,
ઘરે ઘરે ત્રાસ,
ઘરે ઘરે તકલીફ,
ઘરે ઘરે ઝઘડા,

અને આનો અંત ના આવે એવા હોયા માં નંખી જતા રહ્યા, આનું કારણ તમારી ગેરસમજ સીવાય બીજું કશું જ નથી.

**સભાનો પ્રશ્ન :-** આનો કોઈ વિકલ્પ આપ શ્રી એ વિચાર્યો છે ?

**પૂજ્યશ્રીનો ઉત્તર :-** સ્કુલનો શો વિકલ્પ છે એ તમે મને ના પુછો ! તમને જરૂર હશે ને એ દિવસે તમારા ઘરથી WALKING DISTANCE માં એ વિકલ્પ તમને મળી જશે, અને તમને જરૂર ના હોય, તો મારા જેવા હજાર મહાત્મા માથા પછાડશે ને તો પણ કશું જ થવાનું નથી. તમને જોઈતું જ નથી, તમને સુઝ જ નથી, તમને જરૂર જ નથી લાગતી, મને પુછવાની કે હું ગોતીને કોઈ વિકલ્પ લઈ આવું, આની જરૂર શું છે ?

હું તમને પુછુ FACTORY શેનાથી ચાલે ? ELECTRICITY થી ચાલે, LABOR થી ચાલે, MACHINE થી ચાલે, જગ્યાથી ચાલે ? હું કહું છું તમે ગમે તેટલા જવાબો આપો એ બધા જવાબો પછીના છે, પહેલો જવાબ એ છે, FACTORY DEMAND થી ચાલે ! DEMAND છે તો FACTORY

ચાલશે, DEMAND નથી તો FACTORY નહી ચાલે, હું તમને કહું છું તમારી જેની જેની DEMAND છે, એનું PRODUCTION પોતાની મેળે થઈ રહ્યું છે, તમારે કશું કરવાની જરૂર નથી, માત્ર તમારી આંખોમાં અંજન-કરવાનું છે, અંધાપો દુર કરવાનો છે ગેરસમજ દુર કરવાની છે, તમારી બધી ભ્રમણાઓનો ભાંગીને ભુક્કો કરવાનો છે, પછી જે કરવાનું છે એ તો તમે જ કરી દેશો.

સાધુ બોલો, હું તમને પુછુ છું, તમારો છોકરો સંસ્કૃત પાઠશાળામાં ન ભણતો હોય, એના માટે તમને કદી શરમ આવી ખરી ? તમારો છોકરો તપોવનમાં ન ભણતો હોય એના માટે તમને નાલેશી FEEL થઈ ખરી ? INTERNATIONAL SCHOOL ની અંદર તમારો છોકરો ભણે છે એ તમને છુપાવવા જેવી વાત લાગી કે, આમ તમે બહુ મોટું સુકૃત કરી દીધું એના જેવી વાત લાગી. હું તમને પુછુ છું ? અને આ પ્રશ્નોનો કોઈ સંતોષકારક જવાબ તમારી પાસે ના હોય તો, તો તમે સમજી લો કે તમારા દીકરાના ખરા પરમાધામી તમે જ છો. નરકના પરમાધામી તો એમને એમ વગોવાઈ રહ્યા છે.

અજ્ઞાનં નરકો ઘોરઃ।

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, અમે આપણને કહેવા માંગે છે, જે દિવસે તમે તમારા છોકરાને સ્કુલમાં મોકલ્યો હતો, એ દિવસે તમે એને નરકમાં મુક્યો હતો તમારા છોકરાને તમે અજ્ઞાન આપો કે તમારા છોકરાને તમે નરક આપો, હકીકતમાં એ બેમાં કોઈ ફરક જ નથી.

અજ્ઞાનં નરકો ઘોરઃ।

છગન અને મગન એના છોકરાઓ ને લઈ ને - SWIMMING POOL માં ગયા, ત્યાં બેને તરતા હતાને

જરા બહાર નીકળ્યા ને આગળ ગયા, ત્યાં ઊંડું પાણી હતું ને છગનના છોકરા એ મગનનાં છોકરાને ધક્કો મારી દીધો, પેલો બિચારો ડુબવા લાગ્યો, તરતા આવડે નહિ, લોકોએ માંડ માંડ એને બચાવ્યો બહાર કાઢ્યો, અંદરથી પાણી બહાર કાઢ્યું, જરા-સ્વસ્થ થયો, બધા ગુસ્સે થયા પેલા પર કેમ આ છોકરાને ધક્કો મારી દીધો. મગનનો છોકરો પણ માંડ-માંડ સ્વસ્થ થયો છે ને મગન પણ ગુસ્સે થયો છે કેમ મારા છોકરાને પાણીમાં ધક્કો માર્યો? છગનનો છોકરો કહે કે મેં કાંઈ એને ડુબાડ્યો નથી, તો ડુબાડ્યો એમ નજરની સામે જોયું તો જ એને ડુબાડ્યો છે. છગનનો છોકરો કહે મેં નથી ડુબાડ્યો, પાણી એ ડુબાડ્યો છે.

હું તમને કહું કે છોકરાની દલીલ ચોક્કસ છે. એણે જે ધક્કો માર્યો છે તો ડુબાડનાર વ્યક્તિ એ જ છે. આપણે કહીએ કે છગનના-છોકરા પાસે ડુબાડી શકે એવું કોઈ પ્રવાહી નથી, છગનનો છોકરો ડુબાડે એ શક્ય જ નથી પાણી જ ડુબાડી શકે. એની સામેનો જવાબ એ છે, કે જે ધક્કો પાણીમાં એણે માર્યો છે તો, હકીકતમાં એણે જ ડુબાડ્યો છે.

તમારા છોકરાને નરકની અંદર જે તમે ધક્કો મારી રહ્યા છો, તો એના જરા-પરમાધામી તમે જ છો.

અજ્ઞાને નરકો ઘોરઃ।

★ સ્વયના અને સંતાનના શરીર જીવનની ચિંતા કરીએ, તો એનું શરીર અને આત્મા બંને સીદાવાના છે.

★ સ્વયના અને સંતાનના, જે આત્માના જીવનની ચિંતા કરીએ, તો એનું શરીર અને આત્મા, આપણું શરીર અને આત્મા, બંને સચવાઈ જવાના છે.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

અજ્ઞાન નરકો ઘોર:।

અજ્ઞાન એ ઘોર નરક છે, કારણકે એ અંધકારમય છે કારણકે એની અંદર અંધારુ છે, કારણકે એની અંદર દિશા નથી. કારણકે એની અંદર મોહ છે, કારણકે એની અંદર કશી જ ખબર નથી પડતી. અજ્ઞાન એ જ નરક છે, કારણકે નરક ની બધી જ યાતના, એ અજ્ઞાન-દ્વારા જ મળે છે.

*** કાલનો હજુ એક પ્રશ્ન મારી પાસે આવ્યો છે, સાહેબ આપ કહો છો એ બધું સમજાય છે, અમે ક્યાં અટકીએ છીએ અમે કેમ નથી કરી શકતા! એવું શું છે કે જેના કારણે અમે આનાથી આગળ નથી વધી શકતા, આપ કહો છો એ અમે ઘણું-પહેલાથી સમજીએ છીએ, ઘણું આપના કહેવાથી પણ સમજ્યા અમે કેમ અટકી જઈએ છીએ? અમે કેમ નથી કરી શકતા?

મારો જવાબ એ છે, તમે ક્યાં-અટકો છો એનું નામ છે "સ્વચ્છંદતા"! તમારે તમારી લગામ, તમારા હાથમાં રાખવી છે. એ તમારી ખરી તકલીફ છે, તમારી પાસે સમર્પણ નથી, સદ્ગુરુ-પ્રત્યે સંપૂર્ણ પણે શરણાગતિ નથી. સાહેબ હું કરી શકું છું, હું કહું છું, આ પણ ખામી છે. સાહેબ અમે અટકી જઈએ છીએ અમે નથી કરી શકતા, આ પણ ખામી છે. સાહેબ અમે શું કરીએ, આપ કહો એમ કરીએ, એમાં જ પરિપૂર્ણતા છે.

આપણે આવવું છે, આપણે સાંભળવું છે, આપણે સમજવું છે, આપણે ભણવું છે, આપણને તત્વ ગમે છે, તત્વ એવું ભણતું હોય, તો આપણે સવારે વહેલા ઉઠીને દૂર સુધી આવીને તત્વ સાંભળવા તૈયાર છીએ, હું કહું છું તમે ઘણા આગળ આવી

ગયા, હવે અહીંયા અટકી ના ભવ, હવે એનાથી આગળ વધો, તત્ત્વ ને સમર્પિત થઈ ભવ ! તમારા વિચારો થી, તમારા પોતાના CONTROL થી, તમારા ~~તમા~~ તમારા પોતાને અનુશાસિત કરવાના પ્રયાસોથી તમારો મોક્ષ થવાનો નથી.

તમારી LIMIT જ્યાં સુધી હતી, ત્યાં સુધી તમે તમારી મતે આવી ગયા, સારુ કર્યું. હવે તમારે ત્યાં અટકી ના રહેવું હોય, તમે નક્કી કરો, હવે સદ્ગુરુ ને આપણો હાથ આપી દેવો, હું તમને કહું છું, વિચાર કરીને સદ્ગુરુ કરજો, પરીક્ષા કરીને સદ્ગુરુ કરજો, કર્યા પછી વિચારો બિલકુલ ના કરતા. આપ કહો એ અમારે કરવું, આપ કહો તો આ સેકંડનું સંસાર છોડી અમારે નીકળી જવું, તૈયાર છીએ. આપ કહો કે તમારા માટે દીક્ષા નથી, આપ દેશવિરતિ ની આરાધના કરો, તહત્તિ છે. આપ કહો હમણાં છોકરાને સ્કુલમાં રહેવા દો, હું કહીશ તમને આ વરસ પુરું કરવા દો જેમ આપ કહો. આપ કહો આજે ને હમણાં એને ઉઠાડી મુકો, એમને તહત્તિ છે. હું તમને કહું છું. જ્યાં સુધી તમારી આ ભૂમિકા નથી આવી, ત્યાં સુધી તમારું ઠેકાણું પડવાનું નથી.

સાહેબ શું કરીએ તો આમ છે ને તેમ છે ને, લોકોનું આમ છે, સગાનું આમ છે, ઓલા પડોસી આમ કહેતા હતા, ઓલાનું આમ હતું, ફલાણાનું આ હતું, ઢીંકણાનું આ હતું, પૈસા નું આમ છે, હું તમને કહું છું જ્યાં સુધી ઓલું ને પેલું છે, ત્યાં સુધી તમે આગળ વધી શકવાના નથી. ઓલુ અને પેલું નું સ્થાન ધર્મ લઈ લેશે, પછી તમારા આત્માનું કલ્યાણ થશે.

સ્કુલ / કોલેજ ના સંદર્ભમાં એટલી વાત કહું, ધર્મ, આત્મા, પરલોક, મોક્ષ, કશું જ તમે માનવ તૈયાર ન હો, અથવા જે વ્યક્તિ માનતી જ નથી, એણે પણ એના છોકરાને, આવા અનાચારો ના અડ્ડાની અંદર, હરગીઝ મુકવા ના જ જોઈએ.

અમદાવાદના જ એક સુશ્રાવક, દીપકભાઈ બારડોલી એમનું નામ, UNIVERSITY ની અંદર FIRST RANK એમનો આવ્યો, એનું કંઈ CERTIFICATE બહુમાન, એવો કોઈક PROGRAM હતો એ નિમિત્તે, દીપકભાઈને ત્યાં બોલાવવામાં આવ્યા, CERTIFICATE, બહુમાન, MEDAL વગેરે જે કંઈપણ હતું એ એમને આપવામાં આવ્યું, એમને કહેવાયું કે તમારે પણ કંઈ બોલવું હોય તો બોલો, એમણે જવાબ આપ્યો કે હું બોલીશ ને તો તમને નહીં ફાવે, એ કહે કે એમાં અમને કંઈ ન ફાવવાનો પ્રશ્ન નથી, તમે બોલો કે કઈ રીતે તમારું ભણવાનું રહ્યું, તમારો EXPERIENCE રહ્યો, તમે કઈ રીતે આટલા સારા માર્કસ લાવ્યા, 1st RANK લાવ્યા, એમણે કહ્યું કે હું કહું મને વાંધો નથી પણ તમને નહીં ફાવે, એમણે કહ્યું કે કેમ નહિ ફાવે, ને પ્રશ્ન કરનાર ને એમણે કહ્યું કે હું એમ કહેવાનો છું કે, હું એક પણ દિવસ કોલેજમાં ગયો નથી, માટે મારો પહેલો નંબર આવ્યો છે હવે તમે કહો તો હું બોલું ! એમણે કહ્યું કે રહેવા દો કંઈ બોલવું નથી.

બે દિવસ પહેલા મારી પાસે એક યુવાન આવ્યો ને મને વાત કરી કે, મારું 10th નું RESULT BEST હતું, 12th નું RESULT BEST હતું COLLEGE માં હું ગયો, COLLEGE માં રે મારા પાપો શરૂ થયા ને એ પાપો ના કારણે, બહુ જ મારું ભણવાનું બગડ્યું, ને બહુ જ મારું CAREER બગડી ગયું,

અત્યારે હું એટલી મુંઝવણમાં છું અત્યારે લાગે છે કે ખરેખર મારી જિંદગી ગઈ, જિંદગી માં હું કરી શું ? હું તમને પુછુ છું તમે કયા ઢાંચા ને આટલો પ્રેમ કરો છો, ચાહો છો, એમી પાછળ દોડો છો, એમાં છે શું ?

સ્કુલમાં સારા MARKS લાવવા હોય તો SCHOOL માં જ જવું જરૂરી હોય છે. કોલેજમાં જે ભણાવવામાં આવે છે, એનાથી જે DEGREE લેવાની, એ સારી રીતે ભણયું હોય ને એ DEGREE માં આગળનો RANK લાવવો હોય તો કોલેજમાં જ જવું જરૂરી હોય છે. તમે જ્યારે પોતે બોલો છો, તમારા છોકરા સમજે છે સ્કુલમાં નામ રાખવા જવાનું છે બાકી TUTION માં ભણી લેવાનું છે. તો એ સ્કુલનું આટલું IMPORTANCE રાખવું, એ સ્કુલમાં ADMISSION માટે NURSERY માં ADMISSION માટે, એક.. દોઢ.. બે ને પાંચ-પાંચ લાખના DONATION આપીને ADMISSION લેવા ને એ ADMISSION લેવા માટે વર્ષોથી ચિંતામાં રહેવું, એ બધું પાર પડે તો છોકરાને જન્મ આપવો, એવી વ્યવસ્થા થાય તો તમે જન્મ આપો, હું તમને કહું આટલી હદ સુધી ને આટલા અત્યાચાર સુધી, આટલા પાપ સુધી તમે પહોંચો, એના મુળમાં ગાંડપણ સિવાય, ગેરસમજ સિવાય, ભ્રમણા સિવાય બીજું છે શું ?

વિકલ્પો READY (તૈયાર) હોય છે, FOR EXAMPLE, કોરોના ની દવા, આર્યુવેદિકમાં છે, હોમિયોપેથી માં છે, ગમે તેટલા તમારી સામે દાખલા હોય, તમને વિશ્વાસ બેસતો નથી, તમારે HOSPITAL માં ADMIT થવું છે, પચ્ચીસ.. પચાસ હજાર, લાખ રૂપિયાનું પાણી કરવું

ગુરૂવાર
DATE 17 12 2020

છે. હાનિકારક હવાઓ પણ લેવી છે. ATTACK આવે ને તમે ઉપડી જાવ, એવી શક્યતા નજર સામે દેખાય, - હોસ્પિટલ માં લઈ ગયા પછી, જેમ ને જેમ પાછા આવતા નથી એ નજર સામે દેખાય, એમને એવું FUNDING મળે છે કોરોનાથી કેટલા મરે, અને HOSPITAL ને FUND મળે છે. જ્યારે આવી પરિસ્થિતિ છે, જ્યાં બધું જ DOUBTFUL છે, છતાં તમારો વિશ્વાસ નથી, બસ HOSPITAL માં ADMIT થઈ જઈએ, એટલે પછી આપણે SAFE.

હું તમને કહું છું કે આ SCHOOL અને COLLEGE પણ એક જાતની HOSPITAL જ છે, ત્યાં જે ધંધો છે, અહીંયા જે ધંધો છે, ત્યાં જંજેરી છે અહીંયા જંજેરી છે. ત્યાં તમારા માટે એમને કોઈ હિતચિંતા નથી, અહીંયા કોઈ હિતચિંતા નથી. એ HOSPITAL માં જઈને શરીરને જે નુકશાની ઓ થાય, દવાથી જે શરીર જલાસ થઈ જાય, લોહી જાડુ થઈ જાય, જાત જાતના REACTION આવી જાય, અરે મારી નાખે હાથી કરીને, અંદર ના અવયવો ચોરી લે, ત્યાં સુધી ના ચોરટા ઓ ત્યાં બેઠા હોય ને, છડેચોક મરે પતું હોય, આટલા આટલા કૌભાંડો DOCTORS દ્વારા થઈ રહ્યા છે, હું તમને કહું છતાં પણ આપણને હજુ એક વાર થાય કે જે જ સાચું છે. એ જ રીતે SCHOOL અને COLLEGE ની અંદર ચાલતા કૌભાંડો, એની અંદર ચાલતી બદીઓ, એની અંદર ચાલતા જુગારો, એની અંદર ચાલતી નીચોવવાની ચાલાકીઓ, એની અંદરની કુટનીતીઓ, કુનીતીઓ, અંદરનું આખું તંત્ર જ્યારે સડેલું હોય, જ્યારે UNO નો પણ TEXT BOOKS ઉપર HALT હોય, વિદેશી નો HALT હોય, સરકાર ઉપર પણ દબાણ હોય, હરગીઝ ન લગાવાય એવું જેહ્વામ લગાવાતું હોય, હું તમને કહું એમાં

જે ભણાવવામાં આવતું હોય એમાં કેટકેટલું તો જુઠું-
હોય, ખોટો ઈતિહાસ, જુઠું ભૂગોળ, જુઠું વિજ્ઞાન,
SCIENCE ક્યાંય આગળ વધી ગયું હોય ને
પચાસ વર્ષ જુના પાઠો ભણાવાના હોય. ભારતનો
આઝાદીનો ઈતિહાસ MAJORITY ભારતીયો ને
ખબર નથી, ભારત કઈ રીતે આઝાદ થયું,
કોને HERO બનાવવામાં આવ્યા, ને જેમને HERO
બનાવવામાં આવ્યા, એમણે હકીકતમાં દેશને -
આબાદ કર્યો કે દેશને બરબાદ કર્યો, એય લાખ-
રૂપિયાનો પ્રશ્ન છે.

POLITICAL PARTIES અને વિદેશો
ના હાથની નીચે, બધા પાઠ્ય પુસ્તકો તૈયાર થતા
હોય, અને હું તમને કહું છું કે આ બધી
પરિસ્થિતિ એવા છતાં, તમને લાગે કે આના વગર
છોકરાનો વિકાસ નથી, આનાથી વધારે મુર્ખામી
બીજુ કઈ હોય શકે !

ALGEBRA અને GEOMATRY હું તમને
કહું છું, HI-FI ને WI-FI ભણાવવામાં આવે,
જે આ ભવમાં તો નહિ, ક્યા ભવમાં કામ લાગશે
એ મોટો પ્રશ્ન છે, હરગીઝ એને કામ
આવવાનું નથી એ સો ટકાની ગેરંટી છે ને
એવા બોજ એના માથે નાખવા, એને પોતાની
ભાષા ન આવડે, એને મા-બાપ નો વિનય ના
આવડે, એનામાં COMMON SENSE ના હોય,
એનામાં પાયાના સંસ્કાર ન હોય, ધંધો કઈ
રીતે કરવો એની કશી જ ગતાગમ આમાંથી પડી
શકે એમ નથી, જીવન વ્યવહાર, વ્યવહાર
કુશળતા, કશું જ શીખવા મળે એમ નથી
એના માટે લાખો ને કરોડો રૂપિયાનું પાણી
કરવું, આનાથી વધારે મોટી મુર્ખામી બીજુ કઈ

હોય શકે કે આ તો લૌકિક દ્રષ્ટિની વાત છે, લોકોત્તર દ્રષ્ટિએ તમને કહું, સાચા મા-બાપ એ છે, જેની ભાવના એટલી જ હોય કે, હું તો સંસારમાં પડ્યો, મારો દીકરો સંસારમાં ન જ પડવો જોઈએ. શ્રેષ્ઠ માં શ્રેષ્ઠ તત્વજ્ઞાન, શ્રેષ્ઠ માં શ્રેષ્ઠ શાસ્ત્રોનું જ્ઞાન, એને આપવાનો પ્રયાસ કરે એ સાચા મા-બાપ !

સારુ એવી પ્રેરણા કરે બેટા, સંયમ જ લેવા જેવું છે, બેટા સંસારમાં અમે દુઃખી થયા, અમારો આ ભવ પણ બગડ્યો, અમારા ભવોભવ પણ બગડ્યા, બેટા અઢાર પાપસ્થાનકો ના કતલખાના અહીંયા ચલાવવાના, - જેની અંદર તમારા માટે કોઈજ પ્રેમ નથી, કોઈ હોટિયો જેવું ને શાપ થાય, એવા સગા ને વ્હાલા માટે જિંદગી આખી હોમી નાખવાની, બેટા ગધેડા ની જેમ સંસાર નો બોજો વેંઢારવા માટે અમે તને જન્મ નથી આપ્યો. બેટા તું જિનશાસનનો અણગાર બને, બેટા તું તારું કલ્યાણ કરે, અને દુનિયાનું કલ્યાણ કરે, એના માટે તને જન્મ આપ્યો છે. બેટા તારે આ સંસારની ગટરમાં, તારે આ પુરમાં તણાવાનું નથી, બેટા તું હંસલો છે, હંસ એને કહેવાય જે સાગર પુરે તરે, હંસ એને કહેવાય જે મોતી નો ચારો ચરે, આ કાગડા બનીને વિષ્ટા ચુંથવાના કામ તારે કરવાના નથી. આને કહેવાય જિન-શાસનના સાચા મા-બાપ !

સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

अज्ञानं नरको घोरः

અજ્ઞાન એ જ ઘોર નરક છે. એ જીવને અહીંયા એ દુઃખી કરે છે, પરલોકમાં એ દુઃખી કરે છે અને ભવોભવ દીકરાં ને દુઃખી કરે છે, સિદ્ધર્ષિ ગણિ મહારાજ અજ્ઞાનના સંદર્ભમાં અદ્ભુત પદાર્થો ને ખોલવા જઈ રહ્યા છે, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

× × × × ×